# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભા ગુરુવાર તા. ૧૫-૩-૨૦૦૧ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એન. એલ. વેદે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યનું નામ | તા. ૧૫-૩-૨૦૦૧ |
|---|---|---|
| ૧. | ડૉ. એન. એલ. વેદ, કુલપતિશ્રી | હાજર |
| ૨. | પ્રો. એન. એમ. પરીખ | ગેરહાજર |
| ૩. | પ્રો. કે. જી. મહેતા | હાજર |
| ૪. | પ્રિ. ડી. એમ. શીખ | હાજર |
| ૫. | ડૉ. જશવંતલાલ એન. પંડ્યા | હાજર |
| ૬. | શ્રી મુનીન્દ્ર આર. જોષી | હાજર |
| ૭. | પ્રિ. એચ. એમ. દેસાઈ | ગેરહાજર |
| ૮. | ડૉ. સી. એ. દેસાઈ | હાજર |
| ૯. | ડૉ. એન. જે. ચિનોય | હાજર |
| ૧૦. | પ્રો. વાય. ડી. વ્યાસ | ગેરહાજર |
| ૧૧. | ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ | હાજર |
| ૧૨. | પ્રો. વી. પી. ભારદ્વાજ | હાજર |
| ૧૩. | ડૉ. એમ. એન. દેસાઈ | હાજર |
| ૧૪. | શ્રી ડી. એન. પંચાસરા | હાજર |
| ૧૫. | પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર |
| ૧૬. | પ્રો. એ. કે. ગોઠી | હાજર |
| ૧૭. | પ્રો. એમ. ટી. દેસાઈ | ગેરહાજર |
| ૧૮. | શ્રી જી. ટી. જાની | હાજર |
| ૧૯. | ડૉ. ભારતીબહેન કે. શેલત | હાજર |
| ૨૦. | ડૉ. વી. બી. ગોહેલ | હાજર |
| ૨૧. | ડૉ. વાય. કે. અગ્રવાલ | હાજર |
| ૨૨. | પ્રો. યુ. એમ. રાવલ | હાજર |
| ૨૩. | ડૉ. એસ. આર. દવે | હાજર |
| ૨૪. | ડૉ. આઈ. એચ. શેઠ | હાજર |
| ૨૫. | પ્રો. એસ. બી. વોરા | હાજર |
| ૨૬. | શ્રી આર. એચ. વ્યાસ | હાજર |
| ૨૭. | પ્રિ. બી. એમ. મોદી | હાજર |
| ૨૮. | પ્રિ. એસ. એસ. સિંઘવી | ગેરહાજર |
| ૨૯. | ડૉ. કેતન દેસાઈ | હાજર |
| ૩૦. | પ્રિ. વી. એચ. દિક્ષિત | ગેરહાજર |
| ૩૧. | શ્રી જી. એન. પટેલ | ગેરહાજર |
| ૩૨. | શ્રી એ. બી. પટેલ | હાજર |
| ૩૩. | ડૉ. ચંદ્રકાન્ત એચ. મહેતા | હાજર |
| ૩૪. | ડૉ. જે. બી. શાહ | હાજર |
| ૩૫. | શ્રીમતી મીરાબહેન ડી. મેનન | હાજર |
| ૩૬. | પ્રો. એન. કે. પાઠક | ગેરહાજર. |

**૧. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૧૨-૨૦૦૦ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.**

તા. ૧૦-૧૨-૨૦૦૦ના રોજ મળેલી ઍકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાવધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) પાનાં ક્રમાંક ૩, બાબત ક્રમાંક ૨માં "આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત નીડ કમિટીને રિફર કરવી"ના બદલે "રદ" વાંચવું.

(૨) પાનાં ક્રમાંક ૪, બાબત ક્રમાંક ૬ની પાંચમી લીટીમાં "સદરહુ સમિતિને રિફર બૅક કરવી" તેના બદલે "પુનઃવિચારણા માટે મોકલવી" વાંચવું.

**૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :**

૨ (૧). તા. ૨૬-૧-૨૦૦૧ના રોજ કચ્છ અને અમદાવાદ જિલ્લા સહિત અન્ય જિલ્લાઓમાં આવેલ વિનાશક ભૂકંપને કારણે સને ૨૦૦૦-૨૦૦૧નાં શૈક્ષણિક વર્ષના બીજા સત્રનાં શૈક્ષણિક કાર્યને ગંભીર અસર પડેલી છે. તે તેમજ વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ માનનીય કુલપતિશ્રીએ સને ૨૦૦૦-૨૦૦૧ના શૈક્ષણિક વર્ષ પૂરતા જ પ્રોફેશનલ કોર્સીસ જેવાં કે, તબીબી, ઇજનેરી, નર્સિંગ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, આર્કિટેક્ટ, એમ.બી.એ., એમ.સી.એ., બી.બી.એ., બી.સી.એ. સિવાયની વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને કાયદાશાસ્ત્ર વિદ્યાશાખાની તમામ પરીક્ષાઓમાં આંતરિક ગુણાંકન પદ્ધતિ રદ કરી તેને બદલે ૧૦૦ ગુણનાં ધોરણે જનરલ ઓપ્શનથી પરીક્ષાઓ યોજવાનું તેમજ ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ મંજૂર કર્યાનું તેમજ તદઅનુસાર સંબંધિત સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કર્યાનું;

(સૂચિત ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સનો પાઠ અને પરિપત્ર **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે)

૨ (૨). તા. ૨૦-૨-૨૦૦૧ની તબીબી વિદ્યાશાખાની સભાએ કરેલ ભલામણો સ્વીકાર્યાનું તેમજ તે અંગેની જાણ સંલગ્ન મેડિકલ કૉલેજોને પરિપત્રિત કર્યાનું;

(તા. ૨૦-૨-૨૦૦૧ની તબીબી વિદ્યાશાખાની ભલામણો **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.)

૨ (૩). શૈક્ષણિક વર્ષ ૨૦૦૦-૨૦૦૧ દરમિયાન લેવાનાર એજ્યુકેશન ફેકલ્ટીની બી.એડ. ભાગ-૧ (થિયરી) અને ભાગ-૨ (પ્રેક્ટિકલ) પરીક્ષાઓ માટે પ્રાશ્નિક/પરીક્ષકની નિમણૂક અંગે ગુજરાત યુનિવર્સિટી એક્ટની કલમ ૪૬-એ મુજબની સમિતિએ કરેલ ભલામણ મંજૂર રાખ્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૨(૧)થી ૨(૩) સુધીનાં કાર્યોની નોંધ લેવી.

**૩. એફ. ડી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન, ૨૦૦૧-૨૦૦૨ માટે ફર્સ્ટ બી.કૉમ. અને સેકન્ડ બી.કૉમ.નું ચાલુ અને થર્ડ બી.કૉમ.નું નવું જોડાણ મેળવવાની અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે એફ. ડી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૨૦૦૧ સુધીમાં કરે તો તેને તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું ફર્સ્ટ બી.કૉમ. અને સેકન્ડ બી.કૉમ.નું ચાલુ તેમજ થર્ડ બી.કૉમ.નું નવું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૧) (અ) ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે.
(બ) મહેકમના સંદર્ભમાં બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂકો કરવામાં આવે;

(૨) સદરહુ વિષયના પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે તેમજ સંદર્ભગ્રંથ માટે રૂ. ૧૦,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે.

(૫) યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ડ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી, તેવું પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમનાં સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી, તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

(૬) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવાનો રહેશે.

(નોંધ : સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

**૪. શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદને જૂન, ૨૦૦૧-૨૦૦૨ માટે બી.કૉમ. (મુખ્ય)માં એડ. એકાઉન્ટિંગ એન્ડ ઓડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં ઍડ. સ્ટેટ./એસ.પી.ના વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદને નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૨૦૦૧ સુધીમાં કરે તો તેને તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું બી.કૉમ. (મુખ્ય)માં એડ. એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં એડ. સ્ટેટ./એસ.પી.ના વિષયો શીખવવા માટેનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૧) (અ) ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે.

(બ) મહેકમના સંદર્ભમાં બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂકો કરવામાં આવે;

(૨) સદરહુ વિષયના પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે તેમજ સંદર્ભગ્રંથ માટે રૂ. ૧૦,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે.

(૫) યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ડ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી, તેવું પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમનાં સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી, તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

(૬) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવાનો રહેશે.

(નોંધ : સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.)

**૫. જી. એલ. એસ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, એલિસબ્રિજ, અમદાવાદ દ્વારા જૂન, ૨૦૦૧-૨૦૦૨ માટે પ્રથમ, દ્વિતીય વર્ષનું ચાલુ તથા તૃતીય વર્ષ બેચલર ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન (બી.સી.એ.)ના વધારાના અભ્યાસક્રમના જોડાણ અરજી અંગે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના આવેલ હેવાલ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે જી. એલ. એસ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, એલિસબ્રિજ, અમદાવાદને નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૨૦૦૧ સુધીમાં કરે તો તેને તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું પ્રથમ, દ્વિતીય વર્ષનું ચાલુ તથા તૃતીય વર્ષ બેચલર ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન (બી.સી.એ.)ના વધારાના અભ્યાસક્રમનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બી.સી.એ. જોડાણની શરતો**

૧. સંસ્થા સ્વતંત્ર એકમ તરીકે રહેશે, કોઈ કૉલેજના ભાગ કે વિભાગ તરીકે નહીં, તેમજ પૂરા સમયની રહેશે. ગત વર્ષ પ્રમાણે પ્રથમ વર્ષ બી.સી.એ.માં ૬૦નું એક એવાં વધુમાં વધુ બે ડિવિઝન રાખી શકાશે.

૨. કાર્યભાર મુજબ યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવામાં આવે.

૩. લાયકાત ધરાવતા ડાયરેક્ટરશ્રીની નિમણૂક જો બાકી હોય તો કરવામાં આવે.

૪. જરૂર મુજબ બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવામાં આવે.

૫. અભ્યાસક્રમને લગતાં પુસ્તકો, જર્નલ્સ, કૉમ્પ્યુટર્સ, ઓવરહેડ પ્રોજેક્ટર, વિડિયો/મલ્ટી મીડિયા પ્રોજેક્ટર, વી.સી.આર., ટી.વી. તથા શૈક્ષણિક કેસેટ જેવાં સાધનો વસાવવામાં આવે. પુસ્તકો, જર્નલ્સ માટે રૂપિયા ૨૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાનો રહેશે. કૉમ્પ્યુટર સગવડના સંદર્ભમાં સંસ્થા પાસે અભ્યાસક્રમને અનુરૂપ હાર્ડવેર/સોફ્ટવેર વગેરેની સગવડવાળાં ૩૦ કૉમ્પ્યુટર ઉપલબ્ધ હોવાં જોઈએ. કૉમ્પ્યુટરની લેબોરેટરીમાં ઓછામાં ઓછાં બે ઈન્ટરનેટ જોડાણો ઉપલબ્ધ કરવાનાં રહેશે.

૬. સંસ્થાના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ભૌતિક સુવિધાઓની જોગવાઈ કરવામાં આવે.

૭. અભ્યાસક્રમના શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રાખવામાં આવે.

૮. આ અભ્યાસક્રમ ગ્રાન્ટ સિવાયનો સ્વનિર્ભર ધોરણનો હોઈ જે કોઈ ખર્ચ કરવો પડે તે ખર્ચની બાંહેધરી સંસ્થાએ આપવાની રહેશે, તેમ જ તેના પ્રવર્તમાન નીતિનિયમોમાં હવે પછી જે કોઈ ફેરફાર થાય તેનું પાલન કરવાની બાંહેધરી આપવાની રહેશે.

૯. યુનિવર્સિટી સૂચવે તે રીતે પ્રોવિડન્ટ ફંડ તથા ગ્રેચ્યુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

**વિશેષ નોંધ.**–બી.સી.એ.ના અભ્યાસક્રમ માટે બે ડિવિઝન હોય તો નીચે પ્રમાણેની લઘુતમ વ્યવસ્થા કરવી :

(શૈક્ષણિક સ્ટાફ ત્રણ વર્ષ માટે)

| *ક્રમ હોદ્દો* | *જગ્યા* | *રકમ* |
|---|---|---|
| ૧. ડાયરેક્ટર | ૧ | લઘુતમ કુલ વેતન (માનદ) દર માસે રૂ. ૨૧,૦૦૦ |
| ૨. લેક્ચરર | પ્રથમ વર્ષે ૨<br>બીજા વર્ષે કુલ ૪ (૨+૨)<br>ત્રીજા વર્ષે કુલ ૬ (૪+૨) | ધારાધોરણ અનુસાર વ્યાખ્યાતાનું માન્ય પગારધોરણ |
| ૩. પ્રોગ્રામર-કમ-લેક્ચરર | પ્રથમ વર્ષે ૧, બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧ + ૧) | માન્ય પગારધોરણ |
| ૪. કૉમ્પ્યુટર ઓપરેટર | પ્રથમ વર્ષે ૧<br>બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧+૧) | માન્ય પગારધોરણ |
| ૫. વિઝિટિંગ ફેકલ્ટી | | રૂ. ૧૫૦ (વ્યાખ્યાન, સેશનદીઠ) |
| ૬. ટી.એ., ડી.એ. વિઝિટિંગ ફેકલ્ટી | | નિયમ પ્રમાણે. |

૭. નીમવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફ, બિનશૈક્ષણિક સ્ટાફને દર માસે ચૂકવવાની રકમ (પગાર ભથ્થાં પેટે) બૅન્ક મારફતે ચૂકવવાની રહેશે.

૮. આ અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે લાંબો સમય ચાલુ રહેશે કે કેમ તે ખાસ સમિતિ સામાન્ય રીતે ચોથા વર્ષે સમીક્ષા કરશે અને જો ચાલુ રહેવાની સંભાવના લાગશે તો ડાયરેક્ટર સહિતનો શૈક્ષણિક સ્ટાફ મુદતી સેવાને બદલે નિયમિત સેવાને ધોરણે રાખવાનો રહેશે.

૧૦. શિક્ષક, બિનશિક્ષકવર્ગનાં ઇન્ટર્વ્યૂ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મુજબ યુનિવર્સિટી સૂચવે તે સ્થળે રાખવાનાં રહેશે.

૧૧. (અ) બી.સી.એ.ના વર્ગમાં નિયત વિદ્યાર્થી સંખ્યામાં પ્રવેશ આપી શકાશે. (૧) ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૭,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૧૨,૦૦૦ (બાર હજાર), (૨) ૪૦ ટકા વિદ્યાર્થીઓની પેમેન્ટ સીટ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૨૦,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) અને (૩) ૧૦ ટકા બેઠકો ઉપર એન.આર.આઈ. અને એન.આર.આઈ. સ્પોન્સર/ઈન્ડિયન સિટિઝન વિદ્યાર્થીઓની વાર્ષિક ફી ડોલર ૩,૦૦૦ (ત્રણ હજાર ડોલર)ની સમકક્ષ થનાર રકમ જેટલી રહેશે.

(બ) પ્રત્યક્ષ તાલીમ માટે કે નિદર્શન માટે અન્યત્ર જવાનું થાય ત્યારે તે અંગેનું ખર્ચ વિદ્યાર્થી ભોગવશે.

(ક) સદર ફીનાં ધોરણોની સામાન્ય રીતે ૩ વર્ષ બાદ સમીક્ષા હાથ ધરવામાં આવશે.

૧૨. પ્રથમ વર્ષ કક્ષાએ પ્રવેશ કેન્દ્રીય પદ્ધતિથી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે. પ્રવેશ માટે આવેલ અરજીઓમાંથી મેરિટ યાદી તૈયાર કરાશે. પ્રવેશ યાદીમાંથી પ્રથમ બિનઅનામત બેઠકો ગુણાનુક્રમ પ્રમાણે ભરાશે. તેમાં જો અનામત વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હશે, તો તેવા પ્રવેશાર્થીઓનો પ્રવેશ અનામત બેઠક પર ગણાશે નહીં. બિનઅનામત બેઠકો પર પ્રવેશ અપાઈ જાય બાદ બાકી રહેલી ગુણાનુક્રમ યાદીમાંથી ગુણાનુક્રમે જે તે અનામત કક્ષાના પ્રવેશાર્થીઓની તેમની અનામત બેઠકોની સંખ્યાની મર્યાદામાં પ્રવેશ અપાશે.

૧૩. **અનામત બેઠકોની ફાળવણી :** અનામત બેઠકોની ફાળવણી રાજ્ય સરકારના વખતોવખતના નિયમો અનુસાર રહેશે.

૧૪. સંસ્થાની કુલ પ્રવેશ બેઠકો પૈકી વધુમાં વધુ ૧૦ ટકા બેઠકો એન.આર.આઈ. ઉમેદવારો/એન.આર.આઈ. સ્પોન્સર્ડ ઇન્ડિયન સિટીઝન ઉમેદવારોમાંથી ભરવાની રહેશે. આ બેઠકો પાત્રતા ધરાવતા અરજદારો પૈકીના જ ભરી શકાશે. આ પૈકી કોઈ બેઠક ખાલી રહેતી હોય તો તે ખુલ્લી બેઠક તરીકે ભરી શકાશે.

૧૫. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને એસ.ઈ.બી.સી. માટેની અનામત બેઠકો ઉપર જે તે જાતિના વિદ્યાર્થીઓને ગુણાનુક્રમ યાદી પૈકીના ઉમેદવારોને પ્રવેશ અપાઈ ગયા બાદ કોઈ પણ પ્રવેશાર્થી ગુણાનુક્રમ યાદી પર બાકી રહેતો ન હોય અને કોઈ બેઠકો ખાલી રહેતી હોય તો એ બેઠકો યાદીમાંના બિનઅનામત પ્રવેશાર્થીઓ વડે ગુણાનુક્રમે ભરવામાં આવશે.

૧૬. પ્રવેશ સંબંધી કોઈ વિવાદ હશે, તો તે અંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને સૌને બંધનકર્તા રહેશે.

૧૭. આ નિયમો બીજા કોઈ હુકમો ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(**નોંધ** : સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

**૬. શ્રી ચિમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, અમદાવાદને પ્રથમ અને દ્વિતીય વર્ષ બેચલર ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશનનું ચાલુ અને તૃતીય વર્ષ બેચલર ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશનનું વધારાનું જૂન, ૨૦૦૧-૨૦૦૨ માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના આવેલ હેવાલ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ચિમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, અમદાવાદને નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૨૦૦૧ સુધીમાં કરે તો તેને તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બેચલર ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશનનું ચાલુ તથા તૃતીય વર્ષ બેચેલર ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશનનું વધારાનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બી.સી.એ. જોડાણની શરતો**

૧. સંસ્થા સ્વતંત્ર એકમ તરીકે રહેશે, કોઈ કૉલેજના ભાગ કે વિભાગ તરીકે નહીં, તેમજ પૂરા સમયની રહેશે. ગત વર્ષ પ્રમાણે પ્રથમ વર્ષ બી.સી.એ.માં ૬૦નું એક એવાં વધુમાં વધુ બે ડિવિઝન રાખી શકાશે.

૨. કાર્યભાર મુજબ યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવામાં આવે.

૩. લાયકાત ધરાવતા ડાયરેક્ટરશ્રીની નિમણૂક જો બાકી હોય તો કરવામાં આવે.

૪. જરૂર મુજબ બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવામાં આવે.

૫. અભ્યાસક્રમને લગતાં પુસ્તકો, જર્નલ્સ, કૉમ્પ્યુટર્સ, ઓવરહેડ પ્રોજેક્ટર, વિડિયો/મલ્ટી મીડિયા પ્રોજેક્ટર, વી.સી.આર., ટી.વી. તથા શૈક્ષણિક કેસેટ જેવાં સાધનો વસાવવામાં આવે. પુસ્તકો, જર્નલ્સ માટે રૂપિયા ૨૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાનો રહેશે. કૉમ્પ્યુટર સગવડના સંદર્ભમાં સંસ્થા પાસે અભ્યાસક્રમને અનુરૂપ હાર્ડવેર/સૉફ્ટવેર વગેરેની સગવડવાળાં ૩૦ કૉમ્પ્યુટર ઉપલબ્ધ હોવાં જોઈએ. કૉમ્પ્યુટરની લેબોરેટરીમાં ઓછામાં ઓછાં બે ઈન્ટરનેટ જોડાણો ઉપલબ્ધ કરવાનાં રહેશે.

૬. સંસ્થાના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ભૌતિક સુવિધાઓની જોગવાઈ કરવામાં આવે.

૭. અભ્યાસક્રમના શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રાખવામાં આવે.

૮. આ અભ્યાસક્રમ ગ્રાન્ટ સિવાયનો સ્વનિર્ભર ધોરણનો હોઈ જે કોઈ ખર્ચ કરવો પડે તે ખર્ચના બાંહેધરી સંસ્થાએ આપવાની રહેશે, તેમ જ તેના પ્રવર્તમાન નીતિનિયમોમાં હવે પછી જે કોઈ ફેરફાર થાય તેનું પાલન કરવાની બાંહેધરી આપવાની રહેશે.

૯. યુનિવર્સિટી સૂચવે તે રીતે પ્રૉવિડન્ટ ફંડ તથા ગ્રૅચ્યુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

**વિશેષ નોંધ.**–બી.સી.એ.ના અભ્યાસક્રમ માટે બે ડિવિઝન હોય તો **નીચે પ્રમાણેની લઘુતમ વ્યવસ્થા કરવી** :

(શૈક્ષણિક સ્ટાફ ત્રણ વર્ષ માટે)

| ક્રમ હોદ્દો | જગ્યા | રકમ |
|---|---|---|
| ૧. ડાયરેક્ટર | ૧ | લઘુતમ કુલ વેતન (માનદ) દર માસે રૂ. ૨૧,૦૦૦ |
| ૨. લેક્ચરર | પ્રથમ વર્ષે ૨<br>બીજા વર્ષે કુલ ૪ (૨+૨)<br>ત્રીજા વર્ષે કુલ ૬ (૪+૨) | ધારાધોરણ અનુસાર વ્યાખ્યાતાનું માન્ય પગારધોરણ |
| ૩. પ્રોગ્રામર-કમ-લેકચરર | પ્રથમ વર્ષે ૧, બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧ + ૧) | માન્ય પગારધોરણ |
| ૪. કૉમ્પ્યુટર ઓપરેટર | પ્રથમ વર્ષે ૧<br>બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧+૧) | માન્ય પગારધોરણ |
| ૫. વિઝિટિંગ ફેકલ્ટી | | રૂ. ૧૫૦ (વ્યાખ્યાન, સેશનદીઠ) |
| ૬. ટી.એ., ડી.એ. વિઝિટિંગ ફેકલ્ટી | | નિયમ પ્રમાણે. |

૭. નીમવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફ, બિનશૈક્ષણિક સ્ટાફને દર માસે ચૂકવવાની રકમ (પગાર ભથ્થાં પેટે) બૅન્ક મારફતે ચૂકવવાની રહેશે.

૮. આ અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે લાંબો સમય ચાલુ રહેશે કે કેમ તે ખાસ સમિતિ સામાન્ય રીતે ચોથા વર્ષે સમીક્ષા કરશે અને જો ચાલુ રહેવાની સંભાવના લાગશે તો ડાયરેક્ટર સહિતનો શૈક્ષણિક સ્ટાફ મુદ્દતી સેવાને બદલે નિયમિત સેવાને ધોરણે રાખવાનો રહેશે.

૧૦. શિક્ષક, બિનશિક્ષકવર્ગનાં ઇન્ટર્વ્યૂ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મુજબ યુનિવર્સિટી સૂચવે તે સ્થળે રાખવાનાં રહેશે.

૧૧. (અ) બી.સી.એ.ના વર્ગમાં નિયત વિદ્યાર્થી સંખ્યામાં પ્રવેશ આપી શકાશે. (૧) ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૭,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૧૨,૦૦૦ (બાર હજાર), (૨) ૪૦ ટકા વિદ્યાર્થીઓની પેમેન્ટ સીટ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૨૦,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) અને (૩) ૧૦ ટકા બેઠકો ઉપર એન.આર.આઈ. અને એન.આર.આઈ. સ્પોન્સર/ઈન્ડિયન સિટિઝન વિદ્યાર્થીઓની વાર્ષિક ફી ડૉલર ૩,૦૦૦ (ત્રણ હજાર ડૉલર)ની સમકક્ષ થનાર રકમ જેટલી રહેશે.

(બ) પ્રત્યક્ષ તાલીમ માટે કે નિદર્શન માટે અન્યત્ર જવાનું થાય ત્યારે તે અંગેનું ખર્ચ વિદ્યાર્થી ભોગવશે.

(ક) સદર ફીનાં ધોરણોની સામાન્ય રીતે ૩ વર્ષ બાદ સમીક્ષા હાથ ધરવામાં આવશે.

૧૨. પ્રથમ વર્ષ કક્ષાએ પ્રવેશ કેન્દ્રીય પદ્ધતિથી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે. પ્રવેશ માટે આવેલ અરજીઓમાંથી મેરિટ યાદી તૈયાર કરાશે. પ્રવેશ યાદીમાંથી પ્રથમ બિનઅનામત બેઠકો ગુણાનુક્રમ પ્રમાણે ભરાશે. તેમાં જો અનામત વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હશે, તો તેવા પ્રવેશાર્થીઓનો પ્રવેશ અનામત બેઠક પર ગણાશે નહીં. બિનઅનામત બેઠકો પર પ્રવેશ અપાઈ જાય બાદ બાકી રહેલી ગુણાનુક્રમ યાદીમાંથી ગુણાનુક્રમે જે તે અનામત કક્ષાના પ્રવેશાર્થીઓની તેમની અનામત બેઠકોની સંખ્યાની મર્યાદામાં પ્રવેશ અપાશે.

૧૩. **અનામત બેઠકોની ફાળવણી** : અનામત બેઠકોની ફાળવણી રાજ્ય સરકારના વખતોવખતના નિયમો અનુસાર રહેશે.

૧૪. સંસ્થાની કુલ પ્રવેશ બેઠકો પૈકી વધુમાં વધુ ૧૦ ટકા બેઠકો એન.આર.આઈ. ઉમેદવારો/એન.આર.આઈ. સ્પોન્સર્ડ ઇન્ડિયન સીટીઝન ઉમેદવારોમાંથી ભરવાની રહેશે. આ બેઠકો પાત્રતા ધરાવતા અરજદારો પૈકીના જ ભરી શકાશે. આ પૈકી કોઈ બેઠક ખાલી રહેતી હોય તો તે ખુલ્લી બેઠક તરીકે ભરી શકાશે.

૧૫. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને એસ.ઈ.બી.સી. માટેની અનામત બેઠકો ઉપર જે તે જાતિના વિદ્યાર્થીઓને ગુણાનુક્રમ યાદી પૈકીના ઉમેદવારોને પ્રવેશ અપાઈ ગયા બાદ કોઈ પણ પ્રવેશાર્થી ગુણાનુક્રમ યાદી પર બાકી રહેતો ન હોય અને કોઈ બેઠકો ખાલી રહેતી હોય તો એ બેઠકો યાદીમાંના બિનઅનામત પ્રવેશાર્થીઓ વડે ગુણાનુક્રમે ભરવામાં આવશે.

૧૬. પ્રવેશ સંબંધી કોઈ વિવાદ હશે, તો તે અંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને સૌને બંધનકર્તા રહેશે.

૧૭. આ નિયમો બીજા કોઈ હુકમો ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(નોંધ : સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

**૭. નવગુજરાત કૉલેજ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, નવગુજરાત કેમ્પસ, અમદાવાદ દ્વારા જૂન, ૨૦૦૧-૨૦૦૨ માટે પ્રથમ, દ્વિતીય વર્ષ બેચલર ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન (બી.સી.એ.) ચાલુ તથા તૃતીય વર્ષ બેચલર ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન (બી.સી.એ.)ના વધારાના અભ્યાસક્રમો અંગેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો આવેલ હેવાલ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત કૉલેજ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, નવગુજરાત કેમ્પસ, અમદાવાદને નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૨૦૦૧ સુધીમાં કરે તો તેને તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું પ્રથમ, દ્વિતીય વર્ષનું ચાલુ તથા તૃતીય વર્ષ બેચલર ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન (બી.સી.એ.)ના વધારાના અભ્યાસક્રમનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બી.સી.એ. જોડાણની શરતો**

૧. સંસ્થા સ્વતંત્ર એકમ તરીકે રહેશે, કોઈ કૉલેજના ભાગ કે વિભાગ તરીકે નહીં, તેમજ પૂરા સમયની રહેશે. ગત વર્ષ પ્રમાણે પ્રથમ વર્ષ બી.સી.એ.માં ૬૦નું એક એવાં વધુમાં વધુ બે ડિવિઝન રાખી શકાશે.

૨. કાર્યભાર મુજબ યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવામાં આવે.

૩. લાયકાત ધરાવતા ડાયરેક્ટરશ્રીની નિમણૂક જો બાકી હોય તો કરવામાં આવે.

૪. જરૂર મુજબ બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવામાં આવે.

૫. અભ્યાસક્રમને લગતાં પુસ્તકો, જર્નલ્સ, કૉમ્પ્યુટર્સ, ઓવરહેડ પ્રોજેક્ટર, વિડિયો/મલ્ટી મીડિયા પ્રોજેક્ટર, વી.સી.આર., ટી.વી. તથા શૈક્ષણિક કેસેટ જેવાં સાધનો વસાવવામાં આવે. પુસ્તકો, જર્નલ્સ માટે રૂપિયા

૨૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાનો રહેશે. કૉમ્પ્યુટર સગવડના સંદર્ભમાં સંસ્થા પાસે અભ્યાસક્રમને અનુરૂપ હાર્ડવેર/સૉફ્ટવેર વગેરેની સગવડવાળાં ૩૦ કૉમ્પ્યુટર ઉપલબ્ધ હોવાં જોઈએ. કૉમ્પ્યુટરની લેબોરેટરીમાં ઓછામાં ઓછાં બે ઈન્ટરનેટ જોડાણો ઉપલબ્ધ કરવાનાં રહેશે.

૬. સંસ્થાના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ભૌતિક સુવિધાઓની જોગવાઈ કરવામાં આવે.

૭. અભ્યાસક્રમના શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રાખવામાં આવે.

૮. આ અભ્યાસક્રમ ગ્રાન્ટ સિવાયનો સ્વનિર્ભર ધોરણનો હોઈ જે કોઈ ખર્ચ કરવો પડે તે ખર્ચના બાંહેધરી સંસ્થાએ આપવાની રહેશે, તેમ જ તેના પ્રવર્તમાન નીતિનિયમોમાં હવે પછી જે કોઈ ફેરફાર થાય તેનું પાલન કરવાની બાંહેધરી આપવાની રહેશે.

૯. યુનિવર્સિટી સૂચવે તે રીતે પ્રૉવિડન્ટ ફંડ તથા ગ્રૅચ્યુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

**વિશેષ નોંધ.**—બી.સી.એ.ના અભ્યાસક્રમ માટે બે ડિવિઝન હોય તો નીચે પ્રમાણેની લઘુતમ વ્યવસ્થા કરવી :

(શૈક્ષણિક સ્ટાફ ત્રણ વર્ષ માટે)

| *ક્રમ હોદ્દો* | *જગ્યા* | *રકમ* |
|---|---|---|
| ૧. ડાયરેક્ટર | ૧ | લઘુતમ કુલ વેતન (માનદ) દર માસે રૂ. ૨૧,૦૦૦ |
| ૨. લેક્ચરર | પ્રથમ વર્ષે ૨<br>બીજા વર્ષે કુલ ૪ (૨+૨)<br>ત્રીજા વર્ષે કુલ ૬ (૪+૨) | ધારાધોરણ અનુસાર વ્યાખ્યાતાનું માન્ય પગારધોરણ |
| ૩. પ્રોગ્રામર-કમ-લેક્ચરર | પ્રથમ વર્ષે ૧, બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧ + ૧) | માન્ય પગારધોરણ |
| ૪. કૉમ્પ્યુટર ઓપરેટર | પ્રથમ વર્ષે ૧<br>બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧+૧) | માન્ય પગારધોરણ |
| ૫. વિઝિટિંગ ફેકલ્ટી | | રૂ. ૧૫૦ (વ્યાખ્યાન, સેશનદીઠ) |
| ૬. ટી.એ., ડી.એ. વિઝિટિંગ ફેકલ્ટી | | નિયમ પ્રમાણે. |

૭. નીમવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફ, બિનશૈક્ષણિક સ્ટાફને દર માસે ચૂકવવાની રકમ (પગાર ભથ્થાં પેટે) બૅન્ક મારફતે ચૂકવવાની રહેશે.

૮. આ અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે લાંબો સમય ચાલુ રહેશે કે કેમ તે ખાસ સમિતિ સામાન્ય રીતે ચોથા વર્ષે સમીક્ષા કરશે અને જો ચાલુ રહેવાની સંભાવના લાગશે તો ડાયરેક્ટર સહિતનો શૈક્ષણિક સ્ટાફ મુદતી સેવાને બદલે નિયમિત સેવાને ધોરણે રાખવાનો રહેશે.

૧૦. શિક્ષક, બિનશિક્ષકવર્ગનાં ઇન્ટર્વ્યૂ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મુજબ યુનિવર્સિટી સૂચવે તે સ્થળે રાખવાનાં રહેશે.

૧૧. (અ) બી.સી.એ.ના વર્ગમાં નિયત વિદ્યાર્થી સંખ્યામાં પ્રવેશ આપી શકાશે. (૧) ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૭,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૧૨,૦૦૦ (બાર હજાર), (૨) ૪૦ ટકા વિદ્યાર્થીઓની પેમેન્ટ સીટ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૨૦,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) અને (૩) ૧૦ ટકા બેઠકો ઉપર એન.આર.આઈ. અને એન.આર.આઈ. સ્પોન્સર/ઇન્ડિયન સિટિઝન વિદ્યાર્થીઓની વાર્ષિક ફી ડોલર ૩,૦૦૦ (ત્રણ હજાર ડોલર)ની સમકક્ષ થનાર રકમ જેટલી રહેશે.

(બ) પ્રત્યક્ષ તાલીમ માટે કે નિદર્શન માટે અન્યત્ર જવાનું થાય ત્યારે તે અંગેનું ખર્ચ વિદ્યાર્થી ભોગવશે.

(ક) સદર ફીનાં ધોરણોની સામાન્ય રીતે ૩ વર્ષ બાદ સમીક્ષા હાથ ધરવામાં આવશે.

૧૨. પ્રથમ વર્ષ કક્ષાએ પ્રવેશ કેન્દ્રીય પદ્ધતિથી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે. પ્રવેશ માટે આવેલ અરજીઓમાંથી મેરિટ યાદી તૈયાર કરાશે. પ્રવેશ યાદીમાંથી પ્રથમ બિનઅનામત બેઠકો ગુણાનુક્રમ પ્રમાણે ભરાશે. તેમાં જો અનામત વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હશે, તો તેવા પ્રવેશાર્થીઓનો પ્રવેશ અનામત બેઠક પર ગણાશે નહીં. બિનઅનામત બેઠકો પર પ્રવેશ અપાઈ જાય બાદ બાકી રહેલી ગુણાનુક્રમ યાદીમાંથી ગુણાનુક્રમે જે તે અનામત કક્ષાના પ્રવેશાર્થીઓની તેમની અનામત બેઠકોની સંખ્યાની મર્યાદામાં પ્રવેશ અપાશે.

૧૩. **અનામત બેઠકોની ફાળવણી :** અનામત બેઠકોની ફાળવણી રાજ્ય સરકારના વખતોવખતના નિયમો અનુસાર રહેશે.

૧૪. સંસ્થાની કુલ પ્રવેશ બેઠકો પૈકી વધુમાં વધુ ૧૦ ટકા બેઠકો એન.આર.આઈ. ઉમેદવારો/એન.આર.આઈ. સ્પોન્સર્ડ/ઇન્ડિયન સીટીઝન ઉમેદવારોમાંથી ભરવાની રહેશે. આ બેઠકો પાત્રતા ધરાવતા અરજદારો પૈકીના જ ભરી શકાશે. આ પૈકી કોઈ બેઠક ખાલી રહેતી હોય તો તે ખુલ્લી બેઠક તરીકે ભરી શકાશે.

૧૫. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને એસ.ઈ.બી.સી. માટેની અનામત બેઠકો ઉપર જે તે જાતિના વિદ્યાર્થીઓને ગુણાનુક્રમ યાદી પૈકીના ઉમેદવારોને પ્રવેશ અપાઈ ગયા બાદ કોઈ પણ પ્રવેશાર્થી ગુણાનુક્રમ

યાદી પર બાકી રહેતાં ન હોય અને કોઈ બેઠકો ખાલી રહેતી હોય તો એ બેઠકો યાદીમાંના બિનઅનામત પ્રવેશાર્થીઓ વડે ગુણાનુક્રમે ભરવામાં આવશે.

૧૬. પ્રવેશ સંબંધી કોઈ વિવાદ હશે, તો તે અંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને સૌને બંધનકર્તા રહેશે.

૧૭. આ નિયમો બીજા કોઈ હુકમો ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(નોંધ : સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

**૮. એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટના વ્યાખ્યાતા શ્રી પી. કે. પટેલને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવા માટે "ના વાંધા પ્રમાણપત્ર" મંગાવતા ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના તારીખ ૨૩-૧૧-૨૦૦૦ તથા તા. ૧૮-૧૧-૨૦૦૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી પી. કે. પટેલને પીએચ.ડી. પદવીના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવા માટે "ના વાંધા પ્રમાણપત્ર" આપવા અંગેની વિનંતી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૯. ભૌતિકવિજ્ઞાન વિષયની અભ્યાસસમિતિની તા. ૫-૧-૨૦૦૧ની સભામાં ફર્સ્ટ બી.એસસી., સેકન્ડ બી.એસસી., થર્ડ બી.એસસી.ના ભૌતિક વિજ્ઞાન અભ્યાસક્રમમાં સૂચવેલ સુધારાઓ જૂન, ૨૦૦૧થી અમલી કરવા પરત્વે વિદ્યાશાખા વતી ડીનશ્રીએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૫-૧-૨૦૦૧ના રોજ મળેલ ભૌતિકવિજ્ઞાન વિષયની અભ્યાસસમિતિએ સૂચવેલ સુધારાઓ પરત્વે વિદ્યાશાખા વતી ડીનશ્રીએ કરેલ ભલામણો સ્વીકારવી અને જૂન, ૨૦૦૧થી તેનો અમલ કરવો.

(સુધારેલ અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

**૧૦. શૈક્ષણિક વર્ષ ૨૦૦૦-૨૦૦૧ દરમિયાન લેવાનાર વાણિજ્ય, વિનયન, વિજ્ઞાન, મૅનેજમેન્ટ તેમજ ફાર્મસી ફેકલ્ટીની પરીક્ષાઓ માટે પ્રાશ્નિક/પરીક્ષકની નિમણૂક અંગે ગુજરાત યુનિવર્સિટી એક્ટની કલમ ૪૬-એ મુજબની સમિતિએ કરેલ ભલામણ અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૦-૨૦૦૧ દરમિયાન લેવાનાર ઉપરોક્ત પરીક્ષાઓ માટે પ્રાશ્નિક/પરીક્ષકની નિમણૂક અંગે ગુજરાત યુનિવર્સિટી એક્ટની કલમ ૪૬-એ મુજબની સમિતિએ કરેલ ભલામણો પરત્વે હેવાલ આપવા માટેની ચકાસણી સમિતિ પર નીચેના સભ્યશ્રીઓની નિયુક્તિ કરવી અને તે સમિતિના હેવાલ પરત્વે ઘટિત કાર્યવાહી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧. આર્ટ્સ વિદ્યાશાખાના ડીનશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રી
૩. કૉમર્સ વિદ્યાશાખાના ડીનશ્રી
૪. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૫. ડૉ. એમ. એન. દેસાઈ
૬. શ્રી દામુભાઈ પંચાસરા.

**૧૧. ઇતિહાસ વિષયની અભ્યાસસમિતિની તા. ૯-૧-૨૦૦૧ની સભામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય વર્ષ બી.એ. અભ્યાસક્રમના ઇતિહાસ વિષયના પેપરમાં સૂચવેલ સુધારાઓ જૂન, ૨૦૦૧થી અમલી કરવા તેમજ દ્વિતીય વર્ષ બી.એ. ઇતિહાસ વિષયના મુખ્ય અને ગૌણ પેપર-૪માં અર્વાચીન યુરોપનો ઇતિહાસ જે હાલમાં ચાલુ છે તે ઉપરાંત તેના વિકલ્પરૂપે પ્રાચીન ગ્રીસનો ઇતિહાસ (પેપર-૪) જૂન, ૨૦૦૨થી દાખલ કરવા વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૯-૧-૨૦૦૧ના રોજ મળેલ ઇતિહાસ વિષયની અભ્યાસસમિતિએ પ્રથમ, દ્વિતીય, તૃતીય વર્ષ બી.એ. અભ્યાસક્રમના ઇતિહાસ વિષયના પેપરમાં સૂચવેલ સુધારાઓ જૂન, ૨૦૦૧થી અમલ કરવાનું રાખવું. તેમજ દ્વિતીય વર્ષ બી.એ. ઇતિહાસ વિષયના મુખ્ય અને ગૌણ પેપર-૪માં અર્વાચીન યુરોપનો ઇતિહાસ જે હાલમાં ચાલુ છે તે ઉપરાંત તેના વિકલ્પરૂપે પ્રાચીન ગ્રીસનો ઇતિહાસ (પેપર-૪) જૂન, ૨૦૦૨થી દાખલ કરવાનું રાખવું.

(સુધારેલ અભ્યાસક્રમ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

**૧૨. એજ્યુકેશનના ડીનશ્રી અને આચાર્યશ્રીઓની તા. ૭-૩-૨૦૦૧ના રોજ મળેલ સમિતિમાં એપ્રિલ, ૨૦૦૧ની બી.એડ. પરીક્ષામાં આંતરિક પરીક્ષા અંગેની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો.

(નોંધ : સદરહુ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "૧૦"** તરીકે સામેલ છે.)

**૧૩. બી.સી.એ./બી.બી.એ. અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓના ડિરેક્ટરશ્રીઓની તા. ૭-૩-૨૦૦૧ની સમિતિમાં આંતરિક ગુણાંકન કસોટી તેમજ યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષા અંગે થયેલ ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો.

(**નોંધ :** સદરહુ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "૧૧"** તરીકે સામેલ છે.)

**૧૪. યુનિવર્સિટીની બિનશૈક્ષણિક જગ્યાઓના હાલના લાયકાતના ધોરણો જોઈ-તપાસીને સુચિંતિત હેવાલ આપવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિની તા. ૧૪-૩-૨૦૦૧ના રોજ મળેલ સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓના લાયકાતના ધોરણો અંગે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિની તા. ૧૪-૭-૨૦૦૧ની ભલામણોનો સ્વીકાર કરવો.

(**નોંધ :** નિયુક્ત સમિતિનો તા. ૧૪-૧-૨૦૦૧નો હેવાલ **પરિશિષ્ટ "૧૨"** તરીકે સામેલ છે તેમજ બિનશૈક્ષણિક જગ્યાઓના સુધારેલા લાયકાતના ધોરણોની વિગતો **પરિશિષ્ટ "૧૩"** તરીકે સામેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પુરું થયું હતું.

નં. એકે. કાઉ./ ૧૦૪૬૩ /૨૦૦૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૭-૮-૨૦૦૧

**એમ. પી. જડિયા**
કુલસચિવ

## પરિશિષ્ટ "૧"

કામકાજ ક્રમાંક ૨ (૧)

**Transitory Ordinance :**

( 1 ) Notwithstanding anything contained elsewhere in the Ordinances and Regulations it is hereby provided that for the examinations to be held in the calendar year 2001, there shall be no internal evaluation in the Faculties of Arts, Science, Commerce, Law and such other Faculties as may be deemed necessary by the Vice-Chancellor, and the marks earmarked for internal evaluation in each of these examinations shall be transferred to the University Examinations which will, on such transfer being effected, carry for the calendar year 2001, cent percent marks for each of the University examinations concerned in the aforementioned faculties, viz. Arts, Science, Commerce and Law and such other Faculties as may be deemed necessary by the Vice-Chancellor.

( 2 ) It is further provided that notwithstanding anything contained elsewhere in Ordinances and Regulations of the University, the results of the candidates appearing in various University Examinations during the calendar year 2001 shall be declared on the basis of the marks obtained by them in the various University Examinations in the Faculties of Arts, Science, Commerce, Law and such other Faculties as may be deemed necessary by the Vice-Chancellor as per provisions contained in Sub-Clause ( 1 ) above.

The provisions contained in this Transitory Ordinance shall be in force for the calendar year 2001 only.

## પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૨ (૨)

તબીબી વિદ્યાશાખાની એક સભા તા. ૨૦-૨-૨૦૦૧ના રોજ ૪-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

| | |
|---|---|
| ૧. ડૉ. સી. એ. દેસાઈ, ડીનશ્રી | હાજર |
| ૨. ડૉ. કેતન દેસાઈ | હાજર |
| ૩. ડૉ. આર. કે. પટેલ | હાજર |
| ૪. ડૉ. નીતીન વોરા | હાજર |
| ૫. ડૉ. હરેશ ભાલોડિયા | હાજર |
| ૬. ડૉ. એ. આર. એન. શેતલવાડ | હાજર |
| ૭. ડૉ. કિર્તી પટેલ | હાજર |
| ૮. ડૉ. જી. એન. માંકડ | હાજર |
| ૯. ડૉ. એસ. બી. અગ્રવાલ, આમંત્રિત | હાજર |
| ૧૦. ડૉ. મહેશ પટેલ, આમંત્રિત | હાજર. |

સભાનું પ્રમુખસ્થાન ડૉ. સી. એ. દેસાઈ, ડીનશ્રી મેડિકલ ફેકલ્ટીએ સંભાળ્યું હતું. સભામાં પુખ્ત ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબ નિર્ણય લેવામાં આવ્યા :

૧. કેન્દ્ર સરકારના ગેઝેટમાં પ્રકાશિત થયેલ મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના રેગ્યુલેશન્સ "The post-graduate medical education regulations" અને "minimum standard requirements for the medical college regulations"નો સ્વીકાર કર્યો અને તેનો તાત્કાલિક અસરથી અમલ કરવો. (કેન્દ્ર સરકારના સદરહુ રેગ્યુલેશન્સ મેન્ડેટરી છે).

૨. Ordinance MBBS 6 અને O.B. Physio 6(B)માંથી "Not with standing anything contained in O. MBBS 2(7) (a)" તથા Not with standing anything contained in O.B.Physio 2(3) (A)" વાક્ય દૂર કરવું.

૩. પી.જી. મેડિકલ એડમિશનના નિયમમાં નીચે પ્રમાણે સુધારા કરવા :

(ક) નિયમ ૭.૩માં મેરિટ લિસ્ટ ૨.૨, ૨.૩, ૨.૪માં "Candidate under rule 4.2" ઉમેરવું. (પ્રિન્ટિંગ મિસ્ટેક છે.)

(ખ) નિયમ ૩.૧ નીચે પ્રમાણે સુધારવો :

For this purpose selection will be done once in each academic term. First Academic term : 1st May to 31st October

Second Academic term : 1st Nov. to 30th April of next year.

ઉપર પ્રમાણે અન્ય જગ્યાએ જરૂરી આનુષંગિક સુધારા કરવા.

(ગ) નિયમ ૭.૧૧ નીચે પ્રમાણે સુધારવો :

The term will be granted only of those candidates who have joined either on or before the 7th June in the first term or 7th Dec. in the second term. For granting of term candidate shall have attended minimum 80% of the total number of the days in each term.

(ઘ) નિયમ ૯ અને ૧૦ પ્રમાણે દ્વિતીય વર્ષના રોટેશનમાં સુધારા કરવા, નીચેના મેમ્બર્સની કમિટી બનાવી તે જે રિપોર્ટ આપે તે પ્રમાણે સુધારા કરવા :

૧. ડૉ. એસ. બી. અગ્રવાલ, પી.જી. ડાયરેક્ટર, ચેરમેન
૨. ડૉ. શેતલવાડ એ. આર. એન., ડીન, એન. એચ. એલ. મેડિકલ કોલેજ
૩. ડૉ. આર. કે. પટેલ
૪. ડૉ. કિર્તી પટેલ
૫. ડૉ. હરેશ ભાલોડિયા
૬. ડૉ. મહેશ પટેલ.

(ચ) નિયમ ૧૨ રદ કરવો.

૪. પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ/ડેન્ટલ પરીક્ષાઓમાં ટ્રાયલની વ્યાખ્યા પી.જી. મેડિકલ અને ડેન્ટલના એડમિશનના નિયમ ૧.૧ પ્રમાણે કરવી.

૫. અગાઉ મેડિકલ ફેકલ્ટી દ્વારા પસાર કરેલ મેડિકલ અને ડેન્ટલની પોસ્ટ ગ્રેજ્યુએટ પરીક્ષાના ટ્રાયલને લગતા નીચેના ઠરાવનો અમલ કરવો :

**ઠરાવ**

A candidate who fails 4 times in any post graduate examination will have to go back and study for one full year under his/her own teacher. Then only the candidate will be permitted to appear in post graduate examination for maximum 2 trials.

૬. બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓનું વેકેશન, ટર્મ અને યુનિવર્સિટી પરીક્ષામાં બેસવા માટે જરૂરી માપદંડ મેડિકલ અને ફિઝિયોથેરાપીના હાલમાં પ્રવર્તમાન નિયમ પ્રમાણે (O. MBBS-1 અને 3 તથા (O. B.Physio-1 અને 3) ગણવા તથા જર્નલના ૧૦ માર્કસ દૂર કરી ઓરલ/ક્લિનિકલ/પ્રેક્ટિકલ ૧૦૦ માર્કનું ગણવું.

૭. પી.જી. ડેન્ટલ એડમિશનના નિયમમાં નીચે પ્રમાણે સુધારા કરવા બાબત :

(ક) નિયમ ૭.૨ની Printing Mistake નીચે પ્રમાણે સુધારવી :

(a) total of (i), (ii), (iii) and (iv) as modified..............

(ખ) નિયમ ૭.૩માં મેરિટ લિસ્ટ ૨.૨, ૨.૩, ૨.૪માં "candidate under rule 4.2" પ્રિન્ટિંગમાં રહી ગયું છે તે ઉમેરવું.

(ગ) નિયમ ૩.૧ નીચે પ્રમાણે સુધારવો :

For this purpose selection will be done once in each academic term.
First Academic term : 1st Nov to 30th April.
Second Academic term : 1st May to 31st Oct.
Academic year : 1st Nov. to 31st Oct. of next year.

ઉપર પ્રમાણે અન્ય જગ્યાએ જરૂરી આનુષંગિક સુધારા કરવા.

(ધ) નિયમ ૭.૭ પી.જી. મેડિકલના નિયમ ૭.૭ પ્રમાણે સુધારવો.

(ચ) નિયમ ૭.૧૧ નીચે પ્રમાણે સુધારવો :

The term will be granted only of those candidates who have joined either on or before 7th Dec. in the first term or 7th June in second term. For granting of term candidate shall have attended minimum 80% of the total number of the days in each term.

(છ) નિયમ આર. ૭ પી.જી. મેડિકલના નિયમ આર. ૭ પ્રમાણે સુધારવો.

(જ) નિયમ આર. ૯માંથી "and super numerary seats" શબ્દ રદ કરવા. (પ્રિન્ટિંગ મિસ્ટેક છે.)

૮. ફિઝિયોથેરાપીના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અને અનુભવના ધારાધોરણ નક્કી કરવા નીચેના સભ્યોની કમિટી બનાવવી :

૧. ડૉ. પ્રભાકર એમ. એમ.

૨. ડૉ. શેતલવાડ એ. આર. એન.

૩. ડૉ. દિલીપ પટેલ

૪. ડૉ. નીતાબહેન વ્યાસ.

૯. મેડિકલ ફેકલ્ટીમાં પ્રોફેસરનો હોદ્દો ધરાવતા શિક્ષકને પીએચ.ડી. Guide તરીકે માન્યતા આપવી.

નોંધ : કેન્દ્ર સરકારના ગેઝેટમાં પ્રકાશિત થયેલા મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના મેન્ડેટરી રેગ્યુલેશન્સ નીચે પ્રમાણે છે :

**Rules for academic terms, vacation and essentialities for qualifying to apear in University examinations of under graduate students of medical and B.Physiotherapy Courses.**

*** O. M.B.,B.S. - 1 :**

The academic year for undergraduate Medical students shall consist of two terms viz.*

( 1 ) The first term commencing from the 1st September and ending on 28th February and

( 2 ) The second term commencing from the 1st March and ending on 31st August.

To derive maximum advantage out of this revised curriculam the vacation period to student in one academic year should not exceed one month during 4·5 years M.B.,B.S. course (Preferably 15 days summer vacation and 15 days Diwali Vacation).

*** O. B.Physio. - 1 :**

The academic year for undergraduate Physiotherapy students shall consist of two terms viz.*

( 1 ) The first term commencing on the 1st September and ending on the 28th February and

( 2 ) The second term commencing on the 1st March and ending on 31st August.

To derive maximum advantage out of this revised curriculam the vacation period to student in one academic year should not exceed one month during 4 years B.Physiotherapy courses (Preferably 15 days summer vacation and 15 days Diwali Vacation).

*** Ordinance for essentialities for qualifying to appear in University examination :**

Fresh appearing candidates before presenting themselves for the University examination shall have............................ .

( a ) Attended 75% of the total numbers of days in each term

( b ) Attended 75% of the minimum prescribed teaching hours as per ordinance (lectures and practicals including clinics, Seminars, Group discussions, Tutorials, Demonstrations etc.) in concerned and allied subjects.

If a student is found appearing in the University examinations without fulfilling the conditions in above ordinance his/her Universityresult of the concerned subject/subjects should be cancelled.

*** Rules of P.G. Medical Admission 7·7 :**

All the candidates admitted to Post Graduate courses will have to join within 7 days from the date given for joining Postgraduate courses. Any candidate who fails to join within this time will lose his admission.

**O. M.D. 14, O. M.S. 14 of P.G. Medical Admission Modified as follow :**

1·1(d) No student will be admitted to the post graduate course unless he/she has been granted Residency in the said subject for which P.G. Admission is sought.

1·4 Every candidate selected for admission to a post graduate course shall possess recognized M.B.,B.S. Degree or equivalent qualification and should have obtained permanent registration with Medical Council of India or the Gujarat Medical Council within one month from the date of his admission. Failing which the admission of the candidate shall be cancelled.

4·6 The candidate will be given a choice of subject and post graduate teacher according to his merit level. He will have to choose registration with residency out of the available choices in different subjects under particular teacher at his merit level. No student shall be given P.G. Admission without residency (or the higher post).

4·7 deleted.

5·3 deleted.

7·4 These merit list will be placed on the notice board of the university/college. at least 5 days prior to the date of beginning of selection.

**O. 377 of P.G. Dental Admission modified as follows :**

1·4 Every candidate selected for admission to a post graduate course shall possess recognized B.D.S. Degree or equivalent qualification and should have obtained permanent registration with Dental Council of India or the Gujarat Dental Council within one month from the date of his admission. Failing which the admission of the candidate shall be cancelled.

7·4 These merit list will be placed on the notice board of the university/college, at least 5 days prior to the date of beginning of selection.

**O. M.D. 2(b), O. M.S. 2(b) of M.Ch.-D.M. admission modified as follows :**

D.M. (Coctor of Medicine) for which candidates must possess recognise degree of M.D. (or its equivalent recognized degree) in subjects shown against them :

| No. | Super Specialty | Prior requirement | Prior requirement |
|---|---|---|---|
| 1. | Cardiology | : M.D. (Medicine) | M.D. (Pediatric) |
| 2. | Clinical Hematology | : M.D. (Medicine)<br>M.D. (Pediatrics) | M.D. (Pathology)<br>M.D. (Biochemistry) |
| 3. | Clinical Pharmacology | : M.D. (Pharmacology) | |
| 4. | Endocrinology | : M.D. (Medicine)<br>M.D. (Biochemistry) | M.D. (Pediatric) |
| 5. | Immunology | : M.D. (Medicine)<br>M.D. (Microbiology)<br>M.D. (Physiology) | M.D. (Pathology)<br>M.D. (Biochemistry) |
| 6. | Medical Gastroenerology | : M.D. (Medicine) | M.D. (Pediatrics) |
| 7. | Medical Genetics | : M.D. (Medicine)<br>M.S. (Anatomy)<br>M.D. (Biochemistry) | M.D. (Pediatrics)<br>M.D. (Medical Genetics) |
| 8. | Medical Oncology | : M.D. (Medicine)<br>M.S. (Radiotherapy) | M.D. (Pediatrics) |
| 9. | Neonatology | : M.D. (Pediatrics) | |
| 10. | Nephrology | : M.D. (Medicine) | M.D. (Pediatrics) |
| 11. | Neurology | : M.D. (Medicine) | M.D. (Pediatrics) |
| 12. | Neuro Rediology | : M.D. (Radio-Diag.) | |

M.Ch. (Master of Chirurgic) for which candidates must possess recognised degree of M.S. (or its equivalent recognized degree) in subjects shown against them :

| No. | Super Specialty | Prior requirement | Prior requirement |
|---|---|---|---|
| 1. | Cardio vascular and Thoracic Surgery | : M.S. (Surgery) | |
| 2. | Urology | : M.S. (Surgery) | |
| 3. | Neuro Surgery | : M.S. (Surgery) | |
| 4. | Pediatric Surgery | : M.S. (Surgery) | |
| 5. | Plastic and reconstrictive Surgery | : M.S. (Surgery) | |
| 6. | Surgical Gastroenterology | : M.S. (Surgery) | |
| 7. | Surgical Oncology | : M.S. (Surgery)<br>M.S. (Orthopedics) | M.S. (E.N.T.)<br>M.D. (Obst and Gynec) |
| 8. | Endocrine Surgery | : M.S. (General Surgery) | |
| 9. | Gynecological Oncology | : M.D./M.S. (Obst and Gynec)<br>M.S. (General Surgery) | |

The academic term for M.Ch.-M.D. Courses.

First academic term : 1st Nov. to 30th April of next year.

Second academic term : 1st May to 31st October.

**O. 65 (H) modify as follow :**

A teacher to be recognised as guide for the Ph.D. degree shall have (a) not less than fifteen years teaching and research experience after obtaining his Postgraduate qualification and shall also have not loss than ten years postgraduate teaching experience as a faculty member or (b) possess the post of Professor in concerned subject.

**O. 65-M (2) for recognition of teachers as an assistant to post graduate teachers in medical faculty deleted.**

**P.G. Rule No. 1 (d) and (e) modify as follow :**

Number of Postgraduate students to be admitted.

( 1 ) The ratio of recognised postgraduate teacher to number of students to be admitted for the degree and diploma courses shall be 1:1 each for degree and diploma courses. in each unit per year, to the extent that in no circumstances more than 2 students for degree and one for diploma shall be registered in a unit in one academic year.

( 2 ) In case the institution is having only postgraduate diploma courses in any subject then it shall have a Unit of 30 beds with 3 full time teachers. The ratio of number of students and recognised postgraduate teacher shall be 1:1 and in no circumstances more than three students can be admitted in a unit per year.

( 3 ) The requirement of units and beds shall not apply in the case of Postgraduate degree or diploma courses in Basic and para-clinical departments. The ratio of recognised postgraduate teacher to students shall, however, be maintained at 1:1 both at degree as well as diploma level.

( 4 ) The number of students to be admitted in case of postgraduate degree (superspeciality) courses shall be one student per year per recognised postgraduate teacher in a department having minimum of three faculty members (one Professor, one Associate Professor/Reader and one Asstt. Professor/Lecturer) and 20 beds. If the number of Postgraduate teachers in the unit is more than one then the number of students may be increased proportionately but not more than two in a unit per year in any circumstances. For this purpose one student should associate with one postgraduate teacher.

**O-65 (K) for recognition of P.G. Teacher in medical faculty as follow :**

( a ) A clinical department or its unit training candidates for broad or super specialties, shall have a minimum of three full time faculty members belonging to the concerned disciplines of whom one shall be a professor, one Associate Professor/Reader and one Assistant Professor/Lecturer, possessing the qualifications and experience for prescribed by the Medical Council of India.

Provided that the second or subsequent additional unit may be headed by an Associate Professor.

Of these faculty members only those who posses a total of eight years teaching experience, out of which atleast five years teaching experience as Assistant Professor/ Lecturer gained after obtaining postgraduate degree, shall be recognised as Postgraduate Teachers.

( b ) In each department training candidates for super specialities, there shall be a minimum of three faculty members with requisite postgrad u ate qualification and experience - one professor, one associate professor/reader and one assistant professor/lecturer, with at least two ofthem holding the degrees of D.M./M.Ch. in the concerned discipline. Of these faculty members only those who possess eight years teaching experience out of which at least five years teaching experience as assistant professor/lecturer gained after obtaining the higher speciality degree shall be recognised as postgraduate teacher.

Provided that in the case of super speciality courses which are being newly instituted relaxation of qualification and experience of Postgraduate teachers may be granted by the Medical Council of India for sufficient cause.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

સહી

**Dr. C. A. Desai**

(Dean, Medical Faculty)

## પરિશિષ્ટ "૩"

કામકાજ ક્રમાંક ૩

**એફ. ડી. આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે ઉપરોક્ત કૉલેજની આજરોજ તા. ૨૦-૧-૨૦૦૧ના રોજ રૂબરૂ મુલાકાત લીધી હતી. કૉલેજના આચાર્યશ્રી મનસુરી જાતે હાજર રહી સઘળી માહિતી પૂરી પાડી હતી.

કૉલેજ હાલમાં વિનયન વિદ્યાશાખામાં તૃતીય વર્ષ સુધીનું જોડાણ ધરાવે છે.

વાણિજ્ય વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બી.કૉમ. માટેનું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૦૦-૨૦૦૧ (તા. ૧૪-૬-૨૦૦૧ સુધીનું) મળેલ છે. કૉલેજ તે જોડાણ ચાલુ રાખવા અને તા. ૧૫-૬-૨૦૦૧થી (શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી) તૃતીય વર્ષ બી.કૉમ.નું વધારાનું જોડાણ આપવા અરજી કરેલ છે. ત્રણ વર્ષના ડિગ્રી અભ્યાસક્રમના સાતત્યમાં પણ આ જરૂરી બને છે.

(૧) કૉલેજ પાસે પોતાનું પૂરી સગવડોવાળું મકાન ઉપલબ્ધ છે. અનેય ભૌતિક સગવડો પણ પર્યાપ્ત છે.

(૨) કૉલેજ ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી પાસે વાણિજ્ય વિદ્યાશાખામાં નિમણૂકો (વ્યાખ્યાતાઓની) કરવા મંજૂરી માગેલી છે, પરંતુ હજુ સુધી આવી મંજૂરી કૉલેજને મળી નથી. તેથી સંસ્થા એડહોક ધોરણે વ્યવસ્થા ગોઠવી વિદ્યાર્થીઓના અભ્યાસક્રમની કાળજી લેછે.

(૩) ગત બે વર્ષમાં કૉલેજે ગ્રંથાલયમાં રૂ. ૩૨,૦૦૦થી પણ વધુ આવર્તક ખર્ચ કર્યો છે.

અમે નીચેની શરતોએ કૉલેજને પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બી.કૉમ.નું ચાલુ જોડાણ એક વર્ષ લંબાવી આપવા (તા. ૧૪-૬-૨૦૦૨ સુધી) અને તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધી (શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨)નું તૃતીય વર્ષ બી.કૉમ.નું જોડાણ સાતત્ય આપવા ભલામણ કરીએ છીએ.

(૧) કૉલેજ વિદ્યાર્થીઓની અભ્યાસકીય જરૂરિયાત લક્ષમાં રાખી નિયમ મુજબ જરૂરી વ્યાખ્યાતાઓની વ્યવસ્થા નિમણૂક કરે.

(૨) ગ્રંથાલયમાં નિયમાનુસાર આવર્તક ખર્ચ કરવામાં આવે.

સહી

**પ્રિ. ડી. એમ. શીખ**

**પ્રિ. આર. એચ. વ્યાસ**

## પરિશિષ્ટ "૪"

કામકાજ ક્રમાંક ૪

**સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

આજરોજ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીએ નીમેલ નીચેના સભ્યોની એક તપાસસમિતિએ શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલયની સવારે ૧૧-૦૦ વાગ્યે રૂબરૂ મુલાકાત લીધી હતી :

૧. શ્રીમતી એન. જે. ચિનોય

૨. શ્રીમતી સવિતાબહેન ગાંધી

૩. શ્રી બિપીનભાઈ મહેતા

૪. શ્રી અરૂણભાઈ યાદી

સમિતિ કૉલેજના આચાર્યશ્રી ઘનશ્યામભાઈ પટેલ અને ત્યાંના પ્રાધ્યાપકોને મળી હતી. સમગ્ર કૉલેજમાં ફરીને કૉલેજનું અવલોકન કર્યું હતું. આચાર્યશ્રી સાથે વાતચીત અનુસાર સમિતિ નીચેના તારણો પર આવે છે.

૧. સંસ્થામાં કૉમ્પ્યુટર ગૌણ વિષયના વર્ગો લેવાતા નથી, તે માટે અધ્યાપકોની અને પ્રોગ્રામરની કોઈ નિમણૂક થયેલ નથી. સમિતિના આગ્રહથી આચાર્યશ્રી તે વિષય બંધ કરવા યુનિવર્સિટીને વિધિસર અરજી કરી છે જે આ સાથે સામેલ છે.

૨. કૉમ્પ્યુટરો ફાજલ પડ્યા છે જેનો ઉપયોગ કૉલેજના વહીવટી કામ માટે થઈ રહ્યો છે.

૩. કૉલેજમાં કામ કરતા શૈક્ષણિક કર્મચારીઓની યાદી ફાઈલમાં તથા પ્રમાણપત્ર આ સાથે સામેલ છે. સમિતિના તારણ મુજબ એકાઉન્ટન્સીમાં ૪ પ્રાધ્યાપકો છે. આંકડાશાસ્ત્રમાં એક પ્રાધ્યાપક લાંબા રજા પર હોવાથી ત્યાં કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવી છે. કૉમર્સના ૯ (નવ) તાસ માટે વધારાના પ્રાધ્યાપકની માંગણી કૉલેજ સરકાર સમક્ષ કરી છે.

૪. ગ્રંથાલયના પુસ્તકો અને ભંડોળની માહિતી આ સાથે સામેલ કરીએ છીએ છતાં સમિતિની લાગણી એવી બને છે કે વિષયોના પુસ્તકો પર્યાપ્ત સંખ્યામાં નથી. ૧૭૨૬ વિદ્યાર્થી સંખ્યા માટે એકાઉન્ટન્સીના ૨૪૫ અને આંકડાશાસ્ત્રના ૧૧૦ પુસ્તકો ઘણા ઓછા કહેવાય. આ સંખ્યા વધારવાની જરૂર છે.

૫. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓના પગાર, મોંઘવારી ભથ્થું અને ઘરભાડું ચુકવવામાં આવે છે એવું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર સામેલ છે. તેમજ કોઈની લેણી રકમ બાકી નથી એવું પણ પ્રમાણપત્ર સામેલ છે.

૬. સરકારના તમામ ધારાધોરણ મુજબ એસ.સી., એસ.ટી., બક્ષીપંચના નિયમાનુસાર ભરતી કરવાની આચાર્યશ્રીએ ખાતરી આપી છે જે આ સાથે સામેલ છે.

ઉપર જણાવેલ તમામ હકીકતોને ધ્યાનમાં લેતાં અને અન્ય શરતોનું પાલન થાય એ શરતે આ સમિતિ શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદને જૂન, ૨૦૦૧થી કાયમી જોડાણ આપવાની ભલામણ કરે છે.

સહી

**શ્રીમતી એન. જે. ચિનોય**

**શ્રીમતી સવિતાબહેન ગાંધી**

**શ્રી બિપીનભાઈ મહેતા**

**શ્રી અરૂણભાઈ યાદી**

## પરિશિષ્ટ "૫"

કામકાજ ક્રમાંક ૫

**જી. એલ. એસ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, અમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

અમો તા. ૯-૧-૨૦૦૧ના રોજ બપોરે ૩-૦૦ વાગ્યે અમે જી. એલ. એસ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન્સ (બી.સી.એ.)ની મુલાકાત લીધી હતી. સંસ્થાના ડાયરેક્ટર શ્રી આર. પી. સોની અને અધ્યાપકોએ અમને બધું બતાવ્યું હતું અને જરૂરી માહિતી આપી હતી, મુલાકાતને આધારે સમિતિનાં અવલોકનો નીચે પ્રમાણે છે :

૧. પ્રથમ વર્ષ બી.સી.એ.માં કુલ ૧૧૭ અને બીજા વર્ષ બી.સી.એ.માં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. (જુઓ એપેન્ડીક્સ-૧).

૨. બંન્ને વર્ષમાં વિદ્યાર્થીઓને ભણાવવા માટે પાંચ અધ્યાપકોની નિમણુક કરી છે અને ત્રણ કૉમ્પ્યુટર ઑપરેટરોની નિમણૂક કરવામાં આવી છે, જેને ગુજરાત યુનિવર્સિટીની મંજૂરી મળેલી છે. વળી સંસ્થા પાસે ૬૦ (સાઈઠ) પેન્ટિયમનાં કૉમ્પ્યુટરો છે અને બે લેબ. છે. ત્રીજા લેબ.નું ફર્નિચર તૈયાર છે અને નવા શૈક્ષણિક વર્ષમાં બાકીનાં ત્રીસ કૉમ્પ્યુટર માત્ર બી.સી.એ. જ માટે ગોઠવવાની તૈયારી છે, સાથે સાથે તેમની પાસે બે પ્રોજેક્ટર પણ છે. (જુઓ એપેન્ડીક્સ-૨).

૩. સંસ્થામાં સવારના ૮-૩૦થી સાંજે ૬-૩૦ સુધી કૉમ્પ્યુટરના વપરાશની વિદ્યાર્થીઓને સગવડ છે અને સમયપત્રક મુજબ વર્ગો લેવાય છે. (જુઓ એપેન્ડીક્સ-૩).

૪. ગ્રંથાલયમાં કુલ ૬૩૮ પુસ્તકો છે જેની કિંમત રૂ. ૨,૦૩,૧૬૦ છે, આ વરસે સંસ્થાએ રૂ. ૩૭,૬૭૯ની કિંમતના પિરિઓડિકલ્સ મંગાવ્યા છે. (એપેન્ડીક્સ-૪).

આ બધું જોતાં સમિતિ સંસ્થાના પ્રથમ વર્ષ અને બીજા વર્ષ બી.સી.એ.નું ચાલુ જોડાણ ચાલુ રાખવા સને ૨૦૦૧થી ત્રીજા વર્ષ બી.સી.એ.નું જોડાણ આપવા ભલામણ કરે છે.

સહી

**યોગેન્દ્ર વ્યાસ**

**બી. વી. મહેતા**

**સરલા અચ્યુતન**

## પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૬

**શ્રી ચિમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, મીરઝાપુર રોડ, અમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

અમે આજે તા. ૯-૧-૨૦૦૧ના રોજ શુક્રવારે બપોરે ૧૨-૩૦ વાગ્યે શ્રી ચિમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશનની મુલાકાત લીધી હતી. સંસ્થાના ડાયરેક્ટરશ્રીએ અમને જરૂરી માહિતી આપી હતી અને જાતે અમારી સાથે રહી સંસ્થામાંની બધી સગવડ તથા મકાનના વર્ગખંડો, લાયબ્રેરી, લેબોરેટરી બતાવ્યા હતા. મુલાકાતને આધારે સમિતિનાં અવલોકનો નીચે પ્રમાણે છે :

૧. સંસ્થામાં પ્રથમ વર્ષ બી.સી.એ. અને બીજા વર્ષ બી.સી.એ. માટે પૂરતા વર્ગખંડો અને લેબોરેટરીની સગવડ છે જેમાં પ્રથમ વર્ષ બી.સી.એ.ના કુલ ૧૨૯ અને બીજા વર્ષ બી.સી.એ.ના કુલ ૧૦૦ એમ કુલ ૨૨૯ વિદ્યાર્થીઓ ભણે છે એમના વર્ગો સમયપત્રક મુજબ લેવાય છે. (જુઓ એપેન્ડીક્સ-૧).
૨. સંસ્થામાં અત્યારે પ્રથમ વર્ષ અને બીજા વર્ષ બી.સી.એ. માટે અલગ અલગ બે લેબોરેટરી છે જેમાં પહેલી લેબમાં ૩૪ અને બીજીમાં ૨૯-૧ (સીપીઓ) કૉમ્પ્યુટર છે. (જુઓ એપેન્ડીક્સ-૨).
૩. સંસ્થામાં કુલ પાંચ અધ્યાપકો (જેમાં એક લેક્ચરર-કમ-પ્રોગ્રામર) છે અને ઓપરેટર છે. પાંચે અધ્યાપકોને યુનિવર્સિટીની માન્યતા મળી ગઈ છે. (જુઓ એપેન્ડીક્સ-૩).
૪. સંસ્થામાં અત્યારે ગ્રંથાલયમાં કૉમ્પ્યુટર વિષયના રૂ. ૧,૯૯,૨૭૧-૦૦ના પુસ્તકો છે. (એપેન્ડીક્સ-૪).
૫. ત્રીજા વર્ષ બી.સી.એ.નું જોડાણ આપવામાં આવે તો વધારાના અધ્યાપકોની, વર્ગોની, લેબની, કૉમ્પ્યુટરની, પુસ્તકોની વ્યવસ્થા કરવાની ડિરેક્ટરશ્રીએ સંસ્થા વતી બાંયધરી આપી છે. (જુઓ એપેન્ડીક્સ ૫).

ઉપરની બાબતો જોતાં સમિતિ સંસ્થાને પ્રથમ વર્ષ બી.સી.એ. અને બીજા વર્ષ બી.સી.એ.નું ચાલુ જોડાણ ૨૦૦૧-૨૦૦૨ માટે ચાલુ રાખવાની અને ત્રીજા વર્ષ બી.સી.એ.નું ૨૦૦૧-૨૦૦૨ માટેનું જોડાણ આપવાની ભલામણ કરે છે.

સહી
**યોગેન્દ્ર વ્યાસ**
**બી. વી. મહેતા**
**સવિતાબહેન ગાંધી**
**સરલા અચ્યુતન**

## પરિશિષ્ટ "૭"

કામકાજ ક્રમાંક ૭

**નવગુજરાત કૉલેજ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન્સ (બી.સી.એ.) નવગુજરાત કેમ્પસ, અમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

આજે તા. ૯-૧-૨૦૦૧ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યે અમે નવગુજરાત કૉલેજ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન્સની મુલાકાત લીધી હતી. સંસ્થાના ડિરેક્ટર શ્રી એસ. એ. પટેલે અને ટ્રસ્ટીએ તથા અધ્યાપકોએ સંસ્થાનું બધું બતાવ્યું હતું અને જરૂરી માહિતી આપી હતી, મુલાકાતને આધારે સમિતિનાં અવલોકનો નીચે પ્રમાણે છે :

૧. પ્રથમ વર્ષ બી.સી.એ.માં કુલ ૧૨૭ અને બીજા વર્ષ બી.સી.એ.માં કુલ ૧૦૧ વિદ્યાર્થીઓ ભણે છે. (જુઓ એપેન્ડીક્સ-૧).
૨. બંને વર્ષના વિદ્યાર્થીઓને ભણાવવા માટે કુલ પાંચ લેક્ચરર્સ અને બે કૉમ્પ્યુટર ઓપરેટર્સની નિમણૂક થયેલી છે. (જુઓ એપેન્ડીક્સ-૨) સંસ્થા ત્રીજી લેબની સગવડ કરવા તૈયાર છે.
૩. સંસ્થા પાસે બે લેબ છે. જેમાં પહેલી લેબમાં કુલ ૩૬ અને બીજી લેબમાં કુલ ૨૦ કૉમ્પ્યુટર છે. જેના ઉપર સવારના ૧૧-૦૦થી સાંજના ૬-૩૦ સુધી વિદ્યાર્થીઓ કામ કરે છે. (જુઓ એપેન્ડીક્સ-૩) વળી સમયપત્રક પ્રમાણે વર્ગો લેવાય છે.
૪. સંસ્થાના કોમન ગ્રંથાલયમાં કૉમ્પ્યુટરને લગતાં રૂ. ૬૫,૪૬૫ના પુસ્તકો છે. સંસ્થાના ડિરેક્ટરે બાકીના રૂ. ૮૫,૦૦૦નાં પુસ્તકો વર્ષના અંત પહેલા ખરીદવાની લેખિત બાંયધરી આપી છે. (જુઓ એપેન્ડીક્સ-૪). સમિતિએ ગ્રંથાલયને સ્વતંત્ર રૂમમાં લઈ જવાની ભલામણ કરી છે તે ડિરેક્ટરશ્રીએ સ્વીકારી છે.

સમગ્ર રીતે જોતાં સમિતિ સંસ્થાના પ્રથમ વર્ષ અને બીજા વર્ષ બી.સી.એ.ના જોડાણને એક વધુ વર્ષ લંબાવવા તથા ત્રીજા વર્ષ બી.સી.એ.નું જોડાણ ૨૦૦૧ના એક વર્ષ માટે આપવાની ભલામણ કરે છે.

સહી
**યોગેન્દ્ર વ્યાસ**
**આર. પી. સોની**
**સરલા અચ્યુતન**

## પરિશિષ્ટ "૮"

કામકાજ ક્રમાંક ૯

### F.Y.B.Sc.

**Paper I :**

( i ) Product of four vectors (કાઢી નાંખવું.)

( ii ) Scale factor and base vectors (S.Y.ના Curvilinear Coordinates સાથે લઈ લેવું)

( iii ) S.H.M. combination માં માત્ર બૈજિક રીત કરવી, આલેખીય રીતની જરૂર નથી

( iv ) ગુરુત્વાકર્ષણમાં નીચેના બે ટોપીક રાખવાં :

( a ) effect of rotation of earth on g. પૃથ્વીના ભ્રમણને કારણે ગુરુત્વ પ્રવેગ પર અસર

( b ) Gravitational self energy (ગુરુત્વાકર્ષણના બીજા ટોપીક્સ કરવા નહી).

( v ) Moment of Inertia : (કાઢી નાંખવું.)

( vi ) Maxwell velocity distribution Law : S.Y. માં લઈ જવો.

( vii ) Physics of flying object : Kite, Aeroplane and rocket flight ઉમેરવું. (Ref. D. S. Mathur. Properties of matter).

( viii ) 18·1 production and measure ment of low pressure, 18·2 speed of a pump, 18·3 rotary oil pump, 18·4 gaede molecular pump, 18·5 diffusion-condensation pumps, 18·6 oil diffusion pumps, 18·7 McLeod gauge, 18·8 Knudseris absolute Manomenter 18·9 Pirani gauge Ref. : Mechanics and general properties of matter. P. K. Chakra barti. Books and Allied (P) Ltd., Calcutta.

**Paper II :**

( i ) Zener diode : Art. 6·1 to 6·7 by Mottershead ઉમેરવા.

( ii ) Cardinal points and defects of lens : કાઢી નાંખવું અને એસ.વાય.માં લઈ જવું.

( iii ) Rigid rotators કાઢી નાંખવું.

( iv ) Concept of Reduced mass ઉમેરવું.

( v ) Statistical errors in radioactirity કાઢી નાંખવું.

### S.Y.B.Sc.

**Paper III :**

( i ) Dobye's theory and normal modes of vibrations ઉમેરવું.

( ii ) Fourier Series, Fourier integral : with examples ઉમેરવું.

( iii ) Maxwell-Boltzman Law (velocity distribution ઉમેરવો. એફ. વાય.માંથી લાવવો.)

( iv ) Carctinal Pts. and defects of lens F.Y.માંથી અહીં લાવવું.

**Paper IV :**

( i ) Solid state devices, qualitative aspects of band gap phototransitor ઉમેરવું. (Ref. Mottershead)

( ii ) X-ray spectra, X-ray characteristics spectra, Continuous speetra and Auger effect ઉમેરવું. Ref. Atomic Spectra by Rajkumar.

**Paper V :**

( i ) Computer Programing Complete chapters 1, 2 and 3 of "Programming in ANSI C" 2nd Ed. by E. Balaguruswamy ઉમેરવું.

### T.Y.B.Sc.

**Paper VI :** આ પેપરમાંથી **Computer programmng** દૂર કરી આ વિષયાંગને પેપર-૯માં લઈ જવો.

**Paper VII : Ref. Statistical Mechanics by ESR Gopal. Statistical Mechanics** ના **Art 11·1** અને **11·2** દૂર કરવા.

**Paper VIII :**

( i ) Lasers; Ch. 23 of Optics by A. Ghatak complete chapt.

( ii ) Fibre Optics : Ch.20 of "Electronic Communication". D. Rodsdy and J. Coolen 3rd Ed. 20·1 Introduction 20·2 Principles of light transmission in a fibre (The coherent bundle from Ghatak) 20·3 Losses in fibres 20·4 Dispersion 20·5 Light sources for fibre optics 20·6 Photodetectors 20·7 Connectors and splices 20·8 Fibre optic communication system લેવાનું છે.

**Paper IX :** Chapter : 4, 5, 6 of "Programming in ANSI C" by E Balaguruswamy ઉમેરવું.

**Paper X :** કોઈ ફેરફાર નથી.

**Practical :** (પરિશિષ્ટ "૬")

**F.Y.B.Sc.**

( i ) થર્મોકપલનો પ્રયોગ રદ કરવો.

( ii ) ગરમ વસ્તુ (રેતી) પર જુદી જુદી ઊંચાઈએ તાપમાન નક્કી કરવા (Thermistorનો ઉપયોગ કરીને)

( iii ) Liquid lensનો પ્રયોગ હાલ A-Group છે તેને B-Group લઈ જવો.

**S.Y.B.Sc.**

( i ) To study double refraction in glyeerine using a hollow prism કાઢી નાખવો.

( ii ) Study of double repraction with calcite prism and Polaroid ઉમેરવો.

( iii ) Logic gatesનો પ્રયોગમાં NAND અને NOR gates ઉમેરવા.

( iv ) Stefan's Constant : કાઢી નાખવો.

**T.Y.B.Sc.**

( i ) Viscosity by log deorement ઉમેરવો.

( ii ) Measurement of thickness of plate by Michelson Interferometer : કાઢી નાખવું.

( iii ) Characteristics of photodiode and phototramistor (Variation of distance and intensity) ઉમેરવો.

( iv ) Computer excersises on Numerical differentiation (three point - Five point formulae) and Simpson's method A numerical integration.

## પરિશિષ્ટ "૯"

કામકાજ ક્રમાંક ૧૧

**F.Y.B.A.**

*(New Syllabus in force from June, 2001)*

**Paper II : Modern World (Rehaissance to League & Nations)**

1. Renaissance : Meaning, factors leading to it and its. impact.
2. Reformation : Factors leading to it and its impact.
3. Geographical discoveries.
4. American war of independence causes and results.
5. French Revolution : its causes and results.
6. Industrial Revolution : its causes and effects.
7. Meiji restoration and emergence of Japan as a modern state.
8. The Chinese revolution of 1911 : Cause and results :
9. First World war : couses and results.
10. Russian Ravolution 1917,·couses and effects.
11. Factors leading to world war - II causes and effects.
12. League of Nations-its objectives-achievements and failure.

*Books for Reference*

1. Weach W. H. : History of the world.
2. Davis A. H. : An outline History of world.
3. Kotehbey C.D.M. : A History of Modern Time from 1789.
4. Palmor R. R. : A History of the modern world.
5. Platt Nathaniel and Drummond Muriel J. Our world.
6. Gupta R. S. : History of the modern china.
7. Hongling Richard : Modern world History the easy way.
8. Gupta R. S. : History of Modern China.

૧. નહેરૂ જવાહરલાલ (અનુવાદ) જગતના ઇતિહાસનું રેખાદર્શન

૨. પ્રા. જોષી આર. ડી. : આંતરરાષ્ટ્રીય સંગઠન ગ્રંથનિર્માણ બોર્ડ

૩. પટેલ મંગુભાઈ આર. આંતરરાષ્ટ્રીય સંબંધો-૨, ગ્રંથનિર્માણ બોર્ડ

૪. ભટ્ટ દેવેન્દ્ર યુરોપનો ઇતિહાસ, ગ્રંથનિર્માણ બોર્ડ

૫. જાની શશીન : અગ્નિ એશિયાનો ઇતિહાસ, ગ્રંથનિર્માણ બોર્ડ

૬. શેઠ સુરેશ સી. : વિશ્વના ક્રાંતિઓ, ગ્રંથનિર્માણ બોર્ડ

૭. ફોસર એચ. ઓ. એલ. : યુરોપનો ઇતિહાસ ભાગ- ૧, ૨, ગ્રંથનિર્માણ બોર્ડ અનુ. દેસાઈ કાકુભાઈ

૮. કોરાટ પી. જી. : પૂર્વ એશિયાનો ઇતિહાસ ગ્રંથનિર્માણ બોર્ડ.

## S.Y.B.A.

*(New Syllabus in force from June, 2001)*

**Paper IV : History of Modern Europe (1815-1960) (Optional)**

1. Congress of Vienna-Convert of Europe Work and Causes of its failure-Impact of French Revolutions of 1830 and 1848 on Europe-Unification of Germany Unification of Italy.
2. Bismarck's Domestic and Foreign Policy (1862-1890). Causes and Results of World War I - Treaty of Versailes - Lenin and New Economic policy - Causes for the Failure of League of Nations.
3. Rise of Fascism in Italy - Rise of Nazism in Germany - Causes and Results of World War II U.N.O. (United Nations Organization). Aims - Achievements and Limitations - Security Council and Veto-Causes of Cold War and its impact.

*Books for Study*

1. Marriot J.A.R. : History of Europe (1815-1939).
2. Grants & Temporly : Europe in the 19th & 20th Countries (1789 to 1950).
3. Hazon C. D. : Modern Europe upto 1943.
4. Lipson E. : Europe in the 19th & 20th centuries.
5. Roberts : History of Modem Europe.
6. Fisher H.A.L. : History of Europe.
7. Kitelby C.D.M. : A History of Modern Times from, 1789.
8. Hayes : Contemporry Europe since 1815.
9. Thompson David : Europe Since Napoleon.

૧૦. ભટ્ટ દેવેન્દ્ર વૃ. યુરોપનો ઇતિહાસ, ગ્રંથ નિર્માણ બોર્ડ.
૧૧. દેસાઈ કીકુભાઈ ર. (અનુવાદક) : યુરોપનો ઇતિહાસ ભાગ ૧, ૨, ગ્રંથ નિર્માણ બોર્ડ.
૧૨. રાવલ એલ. આર. : આંતરરાષ્ટ્રીય સંબંધો, ગ્રંથ નિર્માણ બોર્ડ.
૧૩. પટેલ મંગુભાઈ : આંતરરાષ્ટ્રીય સંબંધો ભાગ-૨, ગ્રંથ નિર્માણ બોર્ડ.
૧૪. શુક્લ ડૉ. જયકુમાર આર. : રશિયાનો ઇતિહાસ, ગ્રંથ નિર્માણ બોર્ડ.
૧૫. શેઠ સુરેશ ચી. : વિશ્વની ક્રાંતિઓ.
હિન્દી : ચૌહાણ દેવેન્દ્રસિંહ : યુરોપ કા ઇતિહાસ, મધ્યપ્રદેશ ગ્રંથ અકાદમી.

## T.Y.B.A.

*(New Syllabus in force from June, 2003)*

**Paper X : Elements of Historical Methods.**

1. Meaning and Definitions of History.
2. History : Arts or Science.
3. Auxillary Sciences to History.
4. Sources of History and their classification Importance of primary sourcer.
5. Need for rewriting History.
6. Characteristics of competent Historian and his pitfalls.
7. Foot-Notes : Its uses and abuses.
8. Gujarat State Archieves :
   ( a ) Gandhinagar Archieves ( b ) Vadodara Archieves ( c ) Junagadh Archieves.
9. Historians : ( a ) Ratnamanirao Bhimrao Jote ( b ) Govind Sakharam Sirdesai ( c ) Hariprasad G. Shastri ( d ) R. K. Mookarji
10. Appreciation of the following sources :
    (a) Kautilya's Arthshastra (b) Gimar's Incription (c) Mirat-i- Ahmedi (d) Tuzu-i- Babari

## S.Y.B.A.

*(New Syllabus in force from June. 2003)*

**Paper IV : Ancient Greece (Optional).**

1. Influnce of Geography factors on the making of history of Greece.
2. Aegean and Mycenaeian Civilizations.
3. The Homeric Age-Trojanwar-Poliical and Social Organizations.
4. The Expansion of Greece-Cavses and character of Greek Colonization - Growth of Trade

and Maritime Enterprise.

5. Spare - Constitution - Internal Development of So aft and Social-Institutions.
6. Athens - Ionic Tribes-Dracon's Code The Legislation of Solon and the foundation of Democracy.
7. Athens under pisistratus-Hipparchus and Hippias Reforms of Clesthenes.
8. Greece-Persion wars : Cavses : Dattles of Marathon Thermopylae salamis and plataea Themostocles effects of war.
9. Athens under ericles : Completion of the Athenian Democracy. The Imperialism of pericles - Intollectual and cultural Growth Importance of periclean Age.
10. The Paloponnesian Wars : Causes and effects Decline of the Athenian Empire.
11. Rise of Macedonia : Achievements of Philip-II Alexander-his conquest-estimate of his achievements.
13. Spread of Hellenssm - Greek influence on pone.
14. The Greek Heritage.

*Books for Reference*


1. Botsfore : A History of Greece.
2. Will Durant : The life of Greece.
3. Bury J. B. : History of Greece
4. Breasted : The Conqrest of Civilisation
5. Livinastone (Edited) : The Legucy of Greece
6. Oman : History of Greece
7. Grant : Greece in the age of Pericles
8. Robinson : History of Greece
9. Sinnigen William G : Ancient History from Prebistoric & Robinson Churles JR to the Death of Justinian
10. Ling Roger : The Greek world.
૧૧. ચંદ્રકાંત પટેલ : ગ્રીસનો ઇતિહાસ (ગ્રંથ નિર્માણ બોર્ડ).


## પરિશિષ્ટ "૧૦"

કામકાજ ક્રમાંક ૧૨

આજરોજ બી.એડ્. અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓના આચાર્યોની એક સંયુક્ત મિટિંગ મળી હતી. તેમાં વાર્ષિક પરીક્ષા તેમજ આંતરિક પરીક્ષા અંગે નીચેના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

(૧) ચાલુ વર્ષે પ્રિલિમિનરી પરીક્ષા બધી વિદ્યાશાખાઓમાં રદ કરવામાં આવી છે તે જોતાં બી.એડ્.માં પણ આ પરીક્ષા રદ થાય છે.

(૨) જે વિદ્યાર્થીઓએ પ્રથમ ટેસ્ટ આપ્યો નથી (ગેરહાજર રહ્યા છે) અથવા તો અમુક પેપરોમાં નપાસ થયા છે તેવા વિદ્યાર્થીઓ માટે પેપર દીઠ Re-test દોઢ કલાકનો લેવાનો રહેશે. પ્રથમ અને Re-test ના આધારે યુનિવર્સિટીના પરીક્ષા માટે મોકલવાના થતા આંતરિક ગુણની ગણતરી જે વધારે હોય તે (better of the two) કરીને મોકલવાના રહેશે.

(૩) બી.એડ્.ની થીયરીની વાર્ષિક પરીક્ષા ૩ એપ્રિલ, ૨૦૦૧થી શરૂ કરવાનું ઠરાવવામાં આવે છે. આ પરીક્ષાઓ જાહેર કરેલ કાર્યક્રમ પ્રમાણે લેવાની રહેશે.

(૪) વાર્ષિક પરીક્ષાઓમાં સામાન્ય નિયમ અનુસાર આંતરિક વિકલ્પવાળી રહેશે. જનરલ ઓપ્શનવાળી નહીં.

ઉપરોક્ત નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા છે.

જે. એન. પંડ્યા
બી. એમ. મોદી
દુશ્યન્ત શુક્લ
એચ. એન. તપોધન
એફ. આર. સંતોકી
એમ. એમ. પટેલ

## પરિશિષ્ટ "૧૧"

કામકાજ ક્રમાંક ૧૩

આજરોજ બી.સી.એ. અને બી.બી.એ. અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓના ડિરેક્ટરોની મળી હતી તેમાં વાર્ષિક પરીક્ષા તેમજ આંતરિક પરીક્ષા અંગે નીચેના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

(૧) ચાલુ વર્ષે પ્રિલિમિનરી પરીક્ષા બધી વિદ્યાશાખાઓમાં રદ કરવામાં આવી છે તે જોતાં બી.બી.એ. તેમજ બી.સી.એ.માં પણ આ પરીક્ષા રદ થાય છે.

(૨) જે વિદ્યાર્થીઓએ પ્રથમ ટેસ્ટ આપ્યો નથી (ગેરહાજર રહ્યા છે) અથવા તો અમુક પેપરોમાં નપાસ થયા છે તેવા વિદ્યાર્થીઓ માટે પેપર દીઠ Re-test દોઢ કલાકનો લેવાનો રહેશે. પ્રથમ અને Re-test ના આધારે યુનિવર્સિટીના પરીક્ષા માટે મોકલવાના થતા આંતરિક ગુણની ગણતરી જે વધારે હોય તે (better of the two) કરીને મોકલવાના રહેશે.

(૩) જે વિદ્યાર્થીઓ પોતાના પ્રથમ ટેસ્ટના ગુણને સુધારવા માગતા હોય તેમને પણ આ રીટેસ્ટમાં બેસવાની પરવાનગી આપવી. આ રીતે બેસનાર વિદ્યાર્તીઓના પરીક્ષાના બન્ને ગુણમાંથી જે વધારે હોય તે ગણવાના રહેશે.

(૪) રીટેસ્ટ/ગુણસુધારણા માટેની પરીક્ષા બધીજ સંસ્થાઓ એક જ દિવસે શરૂ કરશે જે માર્ચ માસના અંત સુધી પુરી થશે.

(૫) બી.સી.એ.ની યુનિવર્સિટીની પ્રાયોગિક પરીક્ષાઓ ૯મી એપ્રિલ, ૨૦૦૧થી શરૂ કરવાનું ઠરાવવામાં આવ છે.

(૬) બી.સી.એ. અને બી.બી.એ.ની યુનિવર્સિટીની થિયરીની પરીક્ષાઓ અગાઉ જાહેર કરેલ કાર્યક્રમ પ્રમાણે લેવાની રહેશે.

(૭) વાર્ષિક પરીક્ષાઓ સામાન્ય નિયમ અનુસાર આંતરિક વિકલ્પવાળી રહેશે.

ઉપરોક્ત નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યાં છે.

ડી. એમ. શીખ
આર. એચ. વ્યાસ
આર. પી. સોની
એચ. કે. દેસાઈ
બી. એસ. દવે
એસ. એમ. પટેલ
એમ. બી. વૈષ્ણવ
બી. વી. મહેતા
અશ્વિન ઠાકર
જે. સી. ત્રિવેદી

## પરિશિષ્ટ "૧૨"

કામકાજ ક્રમાંક ૧૪

યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓની જગ્યાઓનાં લાયકાતનાં ધોરણો જોઈતપાસીને સૂચિતિત હેવાલ આપવા કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૪-૩-૨૦૦૧ ને બુધવારના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી :

| | |
|---|---|
| ૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર |
| ૨. ડૉ. એમ. એન. દેસાઈ | હાજર |
| ૩. પ્રો. વાય. ડી. વ્યાસ | હાજર |
| ૪. શ્રી બી. જે. પંડ્યા | હાજર |
| ૫. શ્રી જગદીશભાઈ ભાવસાર | હાજર |

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. નરેશ વેદ સાહેબે સંભાળ્યું હતું.

સભાની શરૂઆતમાં વિભાગ તરફથી રજૂ કરવામાં આવેલી માહિતીઓ અને ઉપલબ્ધ રેકોર્ડ જોતાં જણાયું કે રાજ્ય સરકારશ્રી. શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક-મસય-૧૦૯૯-એમઓએસ-૨૮૫/(૨૦/૯૯)/ખ. તા. ૨૬-૭-૧૯૯૯થી યુનિવર્સિટીની બિનશૈક્ષણિક ખાલી જગ્યાઓ પૈકી જુદી જુદી કેડરની ૫૦ ટકા જગ્યાઓ એટલે કે ૯૬ જગ્યાઓ જાહેરાતથી ભરવાની થાય છે અને તેના સંદર્ભમાં વિભાગે સંબંધિત ૯૬ જગ્યાઓ અંગેનાં લાયકાતનાં ધોરણો રજૂ કરેલાં તે પરત્વે લંબાણ પૂર્વક ચર્ચાવિચારણા કરવામાં આવી અને તે પછી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બિનશૈક્ષણિક કર્મચારીઓની જુદી જુદી કેડરોની ૯૬ જગ્યાઓ પૈકી સાથેના પત્રક મુજબની જગ્યાઓનાં લાયકાતનાં ધોરણો સુધારવાં અને તે મુજબ જાહેરખબર આપીને જગ્યાઓ ભરવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું કરવામાં આવ્યું.

સહી
અધ્યક્ષ

## પરિશિષ્ટ "૧૩"

કામકાજ ક્રમાંક ૧૪

| Sr. No. | Name of the Post | No. of Post | Category | Pay Scale | Existing Minimum Qualification | Revised Minimum Qualification |
|---|---|---|---|---|---|---|
| 1. | Development Officer | 1 | Open | 10,000 -325- 15,200 | 1. M.B.A. **OR**<br>2. C.A. with 5 years experience of Administrative work **OR**<br>3. M.A. or M.Com. with LL.B. 9 years experience of Administrative work. | M.B.A. with "B" Grade Point in a 7 point scale (Percentage equivalent from 55% to 64%) **OR** C.A.; with 5 years experience of Administration work in a supervisory capacity **OR** M.A. or M.Com.; with 55% of the marks or its equivalent grade of "B" (Percentage equivalent from 55% to 64%) in the seven point scale; with LL.B. and 9 years experience of Administrative work in a supervisory capacity. |
| 2. | Deputy Registrar | 1 | Open | 10,000 -325- 15,200 | The candidate must possess a Master's degree with at least seven years' experience of office work out of which five years' experience should be in an administrative post connected with the examinations. A degree in law will be an additional qualification.<br>**OR**<br>A bachelor's degree in second Class with at least 8 years' experience of office work out of which at least five years' experience should be in an administrative post connected with the examinations. A degree in law will be an additional qualification. | 1. A Master's degree with at least 55% of the marks or its equivalent grade of B (Percentage equivalent from 55% to 64%) in the UGC seven point scale &<br>2. Five years' of experience as a Lecturer in a college or a University with experience in educational administration.<br>**OR**<br>2. Comparable experience in research establishment and/or other institutions of higher education.<br>**OR**<br>2. Five years'administrative experience as Assistant Registrar or in an equivalent post.<br>*Note :* A relaxation of 5% will be provided from 55% to 50% of the marks at the Masters level for SC/ST category. |
| 3. | Chief Accounts Officer | 1 | Open | 10,000 -325- 15,200 | Chartered Accountant with five years' experience **OR** M.Com. & B.Com. with Accountancy with Eight Years' Experience **OR** Second class B.Com. with Accountancy & 10 Years' experience. | Chartered Accountant with five years' experience or M.Com. with 55% of the marks or its equivalent grade of B (Percentate equivalent from 55% to 64%) & B.Com. with Accountancy with Eight Years' Experience or Second class B.Com. with Accountancy & 10 years' experience or B.Com. with Accountancy with 15 years' relevant experience. |
| 4. | Assistant Registrar | 1 | 3 Open | 10,000 -325- 15,200 | A Master's Degree with at least five years' experience of office work, out of which at least 3 years' experience should be of an administrative post in a University office or any other comparable establishment;<br>**OR**<br>Bachelor's degree in second Class and at least 8 years' experience in office work | Good academic record plus Master's degree with at least 55% of the marks or its equivalent grade of B (Percentage equivalent from 55% to 64%) with three years' administrative experience at supervisory capacity.<br>*Note :* A relaxation of 5% will be provided from 55% to 50% of the marks at the Masters level for SC/ST category |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | of which at least three years' experience should be of an administrative post in a University office or any other comparable establishment;<br>**OR**<br>Bachelor's Degree and at least ten years'experience of office work of which at least three years' experience should be of an administrative post in a University office or any other comparable establishment | |
| 5. | Head Clerk | 5 | 4 Open<br>1 SEBC | 5,000 -150- 8,000 | A Master's Degree with five years' experience;<br>**OR**<br>Second Class Degree with five years' experience;<br>**OR**<br>Bachelor Degree with 7 years' experience of office work. | A Master's Degree with five years' experience in Office work;<br>**OR**<br>Bachelor's Degree with Second Class with 5 years' experience in office work;<br>**OR**<br>Bachelor's Degree with 7 years' experience in office work. |
| 6. | Senior Clerk | 12 | 8 Open<br>1-ST<br>3 SEBC | 4,000 -100- 6,000 | Bachelor's Degree in Second class with 3 years' experience in office work<br>**OR**<br>Bachelor's degree in pass class with 5 years' Experience in office work | Bachelor's Degree in Second class with 3 years' experience in office work;<br>**OR**<br>Bachelor's Degree in pass class with 5 years' experience in office work. |
| 7. | Publication Officer | 1 | Open | 8,000 -275- 13,500 | M.A. Second Class and 5 years' experience of teaching and/or publication | A Master's Degree with at least 55% of the marks or its equivalent grade of B (Percentage equivalent from 55% to 64%) and 5 years' experience of teaching and/or publication. |
| 8. | Accounts Officer | 1 | Open | 6,500 -200- 10,500 | Chartered Accountant;<br>**OR**<br>A Master's Degree in Commerce with at least 7 years' experience of office work<br>**OR**<br>Bachelor's Degree in Commerce with 10 years' experience of office work. | Chartered Accountant;<br>**OR**<br>A Master's Degree in Commerce with Accountancy subject and at least 7 years' experience of office work<br>**OR**<br>Bachelor's Degree in Commerce with Accountancy subject and 10 years' experience of office work. |
| 9. | Junior Clerk | 46 | 23 Open<br>4-SC<br>7-ST<br>11 SEBC<br>1-PH | 3,050 -75- 3,950 -80- 4,590 | Graduate | Graduate |
| 10. | Director of Youth Welfare | 1 | Open | 6,500 -200- 10,500 | Master's Degree with 7 years' administrative experience. Out of which at least five years' experience should be in Youth Welfare activities such as Campus seminars, Excursions, mountaineering etc. | Master's Degree with 7 years' administrative experience. Out of which at least five years' experience should in Youth Welfar activities |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 11. | Workshop Superin-tendent | 1 | Open | 8,000 -275- 13,500 | B.E. (Mech.) with two years' experience or Diploma in Mechanical Engineering with 2nd Class and five years' experience | B.E. (Mech.) with three years' experience or Diploma in Mechanical Engineering with 2nd Class and five years' experience. |
| 12. | Placement Officer | 1 | Open | 10,000 -325- 15,200 | M.B.A. with 55% of marks or its equivalent grade of "B" (Percentage equivalent from 55% to 64%) or A Post Graduate degree in any discipline at least in Second Class or its equivalent grade of B (Percentage equivalent from 55% to 64%) in Business Administration or any other discipline related to management Education such as Economics, Sociology, Psychology, Commerce, Accounting, History, Labour Welfare, Industrial Relations, Social Psychology, Commerce, Accounting, History, Labour Welfare, Industrial Relations, Social Psychology Engineering Maths, Statistics, etc. & three years' combined experience of teaching and/ or practical experience.<br>**OR**<br>A doctoral degree on the basis of Research in Problems of Organization Management or Marketing in Industry and Trade. Applicant will be required knowledge in the M.B.A. Program. | M.B.A. with 55% of marks or its equivalent grade of "B" (Percentage equivalent from 55% to 64%) or A Post Graduate degree in any discipline at least in Second Class or its equivalent grade of B (Percentage equivalent from 55% to 64%) in Business Administration or any other discipline related to management Education such as Economics, Sociology, Psychology, Commerce, Accounting, History, Labour Welfare, Industril. Relations, Social Psychology, Engineering Maths, Statistics, etc. & three years' combined experience of teaching and/or practical experience.<br>**OR**<br>A doctoral degree on the basis of Research in Problems of Organization Management or Marketing in Industry and Trade.<br>Applicant will be required knowledge in the M.B.A. Program. |
| 13. | University Engineer | 1 | Open | 8,000 -275- 13,500 | Graduate in Civil Engineering and 3 years' experience<br>**OR**<br>Diploma in Civil Engineering and 5 years' experience. | Graduate in Civil Engineering and five years'experience in relevant field. |
| 14. | Typist | 3 | 3 Open | 3,050 -75- 3,950 -80- 4,590 | H.S.C. having typing speed of 40 WPM in English & 25 WPM in Gujarati | A Graduate having typing speed of 40 words per minute in English and 25 words per minute in Gujarati. |
| 15. | Assistant Librarian | 1 | Open | 8,000 -275- 13,500 | Master's Degree<br>**OR**<br>Second class graduate and Diploma in Library Science and 5 years' experience in a Library. | A consistently good academic record with Master's Degree in Library Science/Information Science/documentation or an equivalent professional degree with at least 55% of the marks or its equivalent grade of B (Percentage equivalent from 55% to 64%) in the UGC seven point scale plus, knowledge of computerization of library is desirable. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 16. | Computer Programmer | 2 | Open | 8,000 -275- 13,500 | M.Sc. or B.E. First class with three years' experience of programming or M.C.A./ M.Tech. (Computer Science) Minimum 2nd Class with one year's experience of programming. | First Class B.E./B.Tech. in Computer Science/Computer Engineering/ Computer Technology **OR** M.C.A. or M.Sc. (Computer Science): 55% of the marks or an equivalent grade of "B" (Percentage equivalent from 55% to 64%). |
| 17. | Dy. Engineer (Civil) | 1 | Open | 5,500 -175- 9,000 | B.E. Civil with three years' experience or Diploma in Civil Engineer with five years' experience. | B.E. Civil with three years' experience or Second Class Diploma in Civil Engineering with five years' experience. |
| 18. | Dy. Engineer (Elect.) | 1 | Open | 5,500 -175- 9,000 | B.E. Elect. with three years' experience or Diploma in Electrical Engineer with five years' experience. | B.E. Electrical with three years' experience or Second Class Diploma in Electrical Engineering with five years' experience. |
| 19. | Coach | 1 | Open | 6,500 -200- 10,500 | The applicant should have completed his regular con-densed course at the Netaji Subhash National Insti. of Sports, Patiala, Banglore in any one game from Hockey, Football, Athletics, Aquatiks and must be B.P.E., D.P.Ed. who is also able to do the co-ordination work regarding sports. | The applicant should have completed his regular condensed course at the Netaji Subhash National Institute of Sports, Patiala, Banglore in any one game from Hockey, Football, Athletics, Aquatiks and must be B.P.E., D.P.Ed. who is also able to do the co-ordinations work regarding sports. |
| 20. | Technical Assistant (Library) | 1 | Open | 5,500 -175- 9,000 | Graduate with Diploma in Library Science | A Bachelor's Degree in Library & Information Science |
| 21. | Warden | 2 | 2 Open | 5,500 -175- 9,000 | Graduate with Hostel experience and age must be 35 years. | Graduate with Hostel Experience and age should not be less than 35 years. |
| 22. | Accountant | 1 | Open | 5,500 -175- 9,000 | B.Com. with Accountancy and five years' experience | B.Com. with Accountancy and five years' experience. |
| 23. | Electric Wireman | 1 | Open | 4,000 -100- 6,000 | P.W.D. second class exam. pass and minimum 3 years' experience | S.S.C. pass and P.W.D. second class Wireman exam. pass and minimum 3 years' experience in Electric work. |
| 24. | Computer Operator | 1 | Open | 5,000 -150- 8,000 | Graduate or Diploma in Computer Tech./Application with three years' experience of operating Computer. Experience of supervision of Data Entry Operation is desirable. Preference will be given to graduate with Certificate in Computer Programming. | Graduate or Diploma in Computer Tech/Application with three years' experience of operating computer. Experience of supervision of Data Entry Operation is desirable. Preference will be given to graduate with Certificate in Computer Programming. |
| 25. | Junior Computer Operator | 2 | 2 Open | 4,500 -125- 7,000 | Graduate or Diploma in Computer Tech/Application with one year's experience of operating computers equipment, Preference will be given to graduate having Certificate in Computer Programming. | Graduate or Diploma in Computer Tech/Application with one year's experience of operating computers equipment, Preference will be given to graduate havine Certificate in Computer Programming. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 26. | Director of Computer Centre | 1 | Open | 12,000 -375- 16,500 | M.Sc. or B.E. First Class with 10 years' experience of programming and system design in EDP department of which minimum 3 years' must be with capacity as head of the centre. Teaching experience in Computer Science/Programming will be an added qualification. | M.Sc. or B.E. First Class with 10 years' experience of programming and system design in EDP department of which minimum 3 years' must be with capacity as head of the centre. Teaching experience in Computer Science/programming will be an added qualification. |
| 27. | Junior Computer Operator | 1 | Open | 3,050 -75- 3,950 -80- 4,590 | Graduate or Diploma in Computer Tech/Application with one year's experience of operating computers equipment, Preference will be given to graduate having Certificate in Computer Programming. | Graduate or Diploma in Computer Tech/Application with one year's experience of operating computers equipment, Preference will be given to graduate having Certificate in Computer Programming. |
| 28. | Press Manager | 1 | Open | 10,000 -325- 15,200 | Graduate with five years' experience of Press work **OR** Matriculation with 7 years' experience of Press | A Graduate with Diploma Holder in Printing Technology and five years' experience in responsible capacity or as a Supervisor in a big reputed press and should have knowledge of working system of machines used in Printing work, factory act., labour, and administration of Press. Computer knowledge will be preferred. |

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સભા સોમવાર, તા. ૧૮-૬-૨૦૦૧ના રોજ સવારના ૯-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કાર્યકારી કુલપતિશ્રી ચૈતન્ય ખંભોળજાએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યનું નામ | તા. ૧૮-૬-૨૦૦૧ |
|---|---|---|
| ૧. | પ્રો. ચૈતન્ય ખંભોળજા, કાર્યકારી કુલપતિશ્રી | હાજર |
| ૨. | પ્રો. એન. એમ. પરીખ | હાજર |
| ૩. | પ્રો. કે. જી. મહેતા | ગેરહાજર |
| ૪. | પ્રિ. ડી. એમ. શીખ | હાજર |
| ૫. | ડૉ. જશવંતલાલ એન. પંડ્યા | હાજર |
| ૬. | શ્રી મુનીન્દ્ર આર. જોષી | હાજર |
| ૭. | પ્રિ. એચ. એમ. દેસાઈ | ગેરહાજર |
| ૮. | ડૉ. સી. એ. દેસાઈ | હાજર |
| ૯. | ડૉ. એન. જે. ચિનોય | હાજર |
| ૧૦. | પ્રો. વાય. ડી. વ્યાસ | હાજર |
| ૧૧. | ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ | હાજર |
| ૧૨. | પ્રો. વી. પી. ભારદ્વાજ | હાજર |
| ૧૩. | સુરેશચંદ્ર દાણી | ગેરહાજર |
| ૧૪. | શ્રી જગદીશભાઈ ભાવસાર | ગેરહાજર |
| ૧૫. | પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર |
| ૧૬. | આલોક ગુપ્તા | હાજર |
| ૧૭. | શ્રી એ. આર. શુક્લ | હાજર |
| ૧૮. | ડૉ. વાય. એસ. શાસ્ત્રી | ગેરહાજર |
| ૧૯. | શ્રીમતી નીતાબહેન એમ. શાહ | હાજર |
| ૨૦. | ડૉ. વી. બી. ગોહેલ | ગેરહાજર |
| ૨૧. | ડૉ. વાય. કે. અગ્રવાલ | ગેરહાજર |
| ૨૨. | પ્રિ. આર. જી. ભટ્ટ | ગેરહાજર |
| ૨૩. | ડૉ. બી. બી. જાની | હાજર |
| ૨૪. | ડૉ. સુમન જી. શાહ | ગેરહાજર |
| ૨૫. | પ્રો. એસ. બી. વોરા | ગેરહાજર |
| ૨૬. | શ્રી આર. એચ. વ્યાસ | હાજર |
| ૨૭. | પ્રો. જે. સી. ત્રિવેદી | ગેરહાજર |
| ૨૮. | પ્રિ. એમ. એમ. દેસાઈ | ગેરહાજર |
| ૨૯. | ડૉ. કેતન દેસાઈ | ગેરહાજર |
| ૩૦. | પ્રો. આર. એન. શુક્લ | ગેરહાજર |
| ૩૧. | ડૉ. અંજનાબહેન દેસાઈ | ગેરહાજર |
| ૩૨. | ડૉ. જે. બી. શાહ | ગેરહાજર |
| ૩૩. | શ્રીમતી મીરાબહેન ડી. મેનન | હાજર |
| ૩૪. | પ્રો. એન. કે. પાઠક | હાજર. |

**૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :**

૧ (૧). શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ના વર્ષ માટે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણશાસ્ત્ર અને કાયદાશાસ્ત્ર વિદ્યાશાખાનાં અને યુનિવર્સિટી વિદ્યાભવનોનાં તેમ જ યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોનાં સત્રો નિયત કરી પરિપત્રિત કર્યાનું;

[નોંધ : (૧) યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના સત્ર અંગેનો પરિપત્ર અને
(૨) યુનિવર્સિટી વિદ્યાભવનો અને અનુ. કેન્દ્રોના પરિપત્રની નકલ આ સાથે **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે]

૧ (૨). એન્વાયરમેન્ટ સાયન્સની એડહોક સમિતિની તા ૧૯-૧-૨૦૦૧ની સભાએ જૂન, ૨૦૦૧થી અમલી થાય તે રીતે એમ.એસસી. ભાગ-૧નો એન્વાયરમેન્ટ સાયન્સનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવાની ભલામણ સ્વીકારી યુનિવર્સિટીના વિભાગને પરિપત્રિત કર્યાનું;

(**નોંધ** : એમ.એસસી. ભાગ-૧નો સુધારેલો અભ્યાસક્રમ **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.)

૧ (૩). તા. ૨૦-૪-૨૦૦૧ની કાયદાશાસ્ત્ર વિદ્યાશાખાએ તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમમાં સને ૨૦૦૦-૨૦૦૧ના શૈક્ષણિક વર્ષથી કરેલ સુધારાની ભલામણો સ્વીકારી સંલગ્ન કાયદાશાસ્ત્રની કૉલેજોને પરિપત્રિત કર્યાનું;

(**નોંધ** : સંબંધિત પરિપત્ર નં. ૬, તા. ૫-૫-૨૦૦૧ આ સાથે **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

૧ (૪). શિક્ષણશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિની તેમજ તે પછી મળેલી શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખાની તા. ૮-૫-૨૦૦૧ના રોજની સભાએ બી.એડ.ના અભ્યાસક્રમનું માળખું અને બી.એડ. ભાગ-૨ના આંતરિક ગુણાંકનમાં કરેલ સુધારાની ભલામણો સ્વીકારી જૂન, ૨૦૦૧થી અમલી કર્યાનું અને સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવા મંજૂર રાખ્યાનું;

(**નોંધ** : અભ્યાસક્રમનાં પ્રશ્નપત્રનું માળખું અને આંતરિક ગુણાંકનના સુધારા **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૧(૧)થી ૧(૪) માં દર્શાવેલ કાર્યોની નોંધ લેવી.

**૨. જૂન, ૨૦૦૧થી માણેકલાલ એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલમાં બી.કૉમ. (ગૌણ)માં કોમ્પ્યુટર ઇન બિઝનેસ ઓપરેશન; બી.એ. (ગૌણ)માં કોમ્પ્યુટર મેથડ્સ વિષય શીખવવાની જોડાણ પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસ. ગાંધી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલ (પંચમહાલ) નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૭-૭-૨૦૦૧ સુધીમાં કરે તો તેને બી.એ. (ગૌણ)માં કોમ્પ્યુટર મેથડ્સ અને બી.કૉમ. (ગૌણ)માં કોમ્પ્યુટર ઇન બિઝનેસ ઓપરેશન વિષય શીખવવા માટે શૈક્ષણિક વર્ષ જૂન, ૨૦૦૧થી ૨૦૦૨ સુધીનું એડહોક જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૧) પ્રથમ વર્ષે એક પૂર્ણ સમયના વ્યાખ્યાતા અને બીજા વર્ષે એક પૂર્ણ સમયના પ્રોગ્રામરની યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે નિમણૂક કરવામાં આવે;

(૨) વિદ્યાર્થી સંખ્યાના આધારે યુનિવર્સિટીએ નિયત કરેલ મહેકમ અનુસાર બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે;

(૩) એફ.વાય. બી.કૉમ.માં વધુમાં વધુ ત્રીસ અને એફ. વાય. બી.એ.માં વધુમાં વધુ ત્રીસ વિદ્યાર્થીઓને આ વિષયમાં પ્રવેશ આપવામાં આવે;

(૪) પ્રાયોગિક કાર્ય પ્રતિમશીન એક વિદ્યાર્થી પ્રમાણે ગોઠવણી કરીને કરાવવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે કોમ્પ્યુટર વિષયની ફી લેવામાં આવે;

(૬) પુસ્તકાલયમાં કોમ્પ્યુટર સાયન્સનાં પુસ્તકો વસાવવામાં આવે પુસ્તકો માટે રૂ. ૧૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૭) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૮) પ્રયોગશાળામાં અભ્યાસક્રમને અનુરૂપ વિન્ડોઝ આધારીત સોફ્ટવેરનું નિદર્શન કરી શકાય તેમજ વિદ્યાર્થીઓને પૂરતો સમય આપી શકાય તે માટે એક સરવર અને નોડનુ અપગ્રેડેશન કરી પાંચ વર્કસ્ટેશન જરૂરી સોફ્ટવેર સાથે એક પ્રિન્ટર ખરીદી કરી આયોજન કરવામાં આવે;

(૯) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

(૧૦) કોમ્પ્યુટર સાયન્સ વિષય સંબંધી ચાર સામયિકો નિયમિત મંગાવવામાં આવે;

(૧૧) યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી, તેવું પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી, તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

(૧૨) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવાનો રહેશે.

(**નોંધ** : સ્થાનિક તપાસસમિતિના હેવાલની **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

**૩. જૂન, ૧૯૯૮થી આટ્ર્સ કૉમર્સ કૉલેજ, સંખેડાનો બી.એ. (ગૌણ)માં અંગ્રેજી વિષય શીખવવાની જોડાણ પરત્વે નિયુક્ત થયેલ સમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે આટ્ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૭-૭-૨૦૦૧ સુધીમાં કરે તો તેને બી.એ. (ગૌણ)માં અંગ્રેજી વિષય શીખવવા માટે શૈક્ષણિક વર્ષ જૂન, ૧૯૯૮થી-૨૦૦૧ સુધીનું જોડાણ આપવા ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(૧) ઑર્ડિ. ૧૨૦-એના સંદર્ભમાં વિષયવાર વર્કલોડને આધારે અધ્યાપકગણની નિમણૂક કરવામાં આવે;

(૨) વિદ્યાર્થી સંખ્યાના આધારે યુનિવર્સિટીએ નિયત કરેલ મહેકમ અનુસાર બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે;

(૩) અધ્યાપકો અને કર્મચારીઓને તા. ૧-૧-૧૯૯૬થી અમલમાં આવેલ નવા પગારધોરણ અનુસાર ચૂકવવાપાત્ર થતી એરિયર્સની રકમ ચૂકવવામાં આવે;

(૪) પુસ્તકાલયમા સદરહુ વિષયોનાં પુસ્તકો વસાવવામાં આવે અને પુસ્તકો માટે રૂ. ૧૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૬) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

(૭) યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી, તેવું પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી, તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.

(૮) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવાનો રહેશે.

(**નોંધ** : સ્થાનિક તપાસસમિતિના હેવાલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

**૪. કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજ, પીપરિયાની જૂન, ૨૦૦૨/૨૦૦૩થી પ્રથમ, દ્વિતીય, તૃતીય વર્ષ બી.ડી.એસ.નું ચાલુ અને ચતુર્થ વર્ષ બી.ડી.એસ.માં નવા જોડાણ માટેની અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજ, પીપલિયા, તા. વાઘોડિયા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પરિપાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તારીખ ૭-૭-૨૦૦૧ સુધીમાં પૂર્ણ કરે તો તેને પીપલિયા, તા. વાઘોડિયા ખાતે સેલ્ફ ફાઈનાન્સના ધોરણે પ્રથમ વર્ષ બી.ડી.એસ., દ્વિતીય વર્ષ બી.ડી.એસ., તૃતીય વર્ષ બી.ડી.એસ.નું ચાલુ અને ચતુર્થ વર્ષ બી.ડી.એસનું નવુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા અને યુનિવર્સિટીના નિયમાનુસાર જરૂરી શિક્ષકગણની તેમજ બિનશિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. ૨૦૦૦-૨૦૦૧ના શૈક્ષણિક વર્ષમાં પ્રથમ વર્ષમાં ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તેમજ ૨૦૦૧-૨૦૦૨ના વર્ષમાં પણ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તેમજ ચતુર્થ વર્ષમાં ચાલીસ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૩. વિદ્યાર્થી સંખ્યાના સંદર્ભમાં અન્ય જરૂરી ભૌતિક સાધનો, લેબોરેટરી, વર્કશોપ માટેનાં જરૂરી ઈક્વિપમેન્ટ, ફર્નિચર વગેરે વસાવવામાં આવે;

૪. આ તમામ ખંડોમાં જરૂરી પાટલીઓ, ખુરશી, ટેબલ, બ્લેકબોર્ડ, લાઈટ, પંખાની પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ કરવમા આવે;

૫. કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો ખંડ;

૬. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો);

૭. કૉલેજના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડતાવાળો સુસજ્જ વાચનખંડ સહિત ગ્રંથાલય;

૮. વિદ્યાશાખાના વિષયાનુસાર સુસજ્જ સાધનો સહિતની સગવડવાળી લેબોરેટરી ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના નિયમાનુસાર બનાવવામાં આવે;

૯. ઓછામાં ઓછા પચ્ચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૧૦. ગ્રંથાલયમાં વિદ્યાશાખાને લગતાં ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાનાં ધોરણો મુજબ પુસ્તકો વસાવવામાં આવે અને વિદ્યાશાખાને લગતાં સામયિકો વસાવવામાં આવે;

૧૧. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૧૨. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨.૫ (અઢી) ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે;

૧૩. સેલ્ફ ફાઈનાન્સના ધોરણે જોડાણ આપવામાં આવનાર હોઈ કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૪. "ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે" તે મુજબનો સંસ્થાનો બાંયધરીપત્ર આપવાનો રહેશે;

૧૫. ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા તથા કેન્દ્ર સરકારની મંજૂરી મેળવવામાં આવે;

૧૬. વિદ્યાર્થી ફીનાં ધોરણો ગુજરાત સરકાર નિયત કરે તે રાખવાનાં રહેશે;

૧૭. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે, કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે;

૧૮. વિદ્યાર્થીઓને જે પ્રવેશ આપવાના થાય તે રાજ્ય સરકાર નક્કી કરે તે ધારાધોરણ અનુસાર કેન્દ્રીય પદ્ધતિથી પ્રવેશ આપવાના રહેશે, તે અંગે કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરની શરતો ઉપરાંત સ્થાનિક તપાસસમિતિના હેવાલમાં જે જે વિગતો જણાવી છે, તેનું પણ પાલન કરવાનું રહેશે.

(**નોંધ** : સ્થાનિક તપાસસમિતિના હેવાલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

**૫. દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામની જૂન, ૨૦૦૧થી બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત, હિન્દી, ગૃહવિજ્ઞાન, મનોવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સના વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

**ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ**

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામ ખાતે નિમણૂંકોની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૭-૭-૨૦૦૧ સુધીમાં કરે તો તેઓને બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત, હિન્દી, ગૃહવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ અને જૂન, ૨૦૦૧થી ૨૦૦૨ સુધીનું બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાનનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. ગૃહવિજ્ઞાન વિભાગનાં સાધનો માટે જરૂરી ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તે પરિપૂર્ણ કરવામાં આવે;
૨. પૂરતી હવાઉજાસવાળી અને જરૂરી સાધનોથી સજ્જ એવી (૧) ફૂડ ન્યુટ્રીશન (૨) હોમ મૅનેજમેન્ટ (૩) ક્લોથીંગ અને ટેક્ષટાઈલ તેમજ (૪) જનરલ સાયન્સની ચાર (ફેમિલી રિસોર્સ) પ્રયોગશાળાઓનો પ્રબંધ કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. ગૃહવિજ્ઞાન વિષયનાં પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. વીજપુરવઠો અનિયમિત હોવાથી જનરેટર અને સ્ટેબીલાઈઝરની વ્યવસ્થા કરવામાં આવે;
૭. મનોવિજ્ઞાન વિષયમાં જરૂરી શિક્ષકગણ/બિનશિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;
૮. મનોવિજ્ઞાન વિષય માટે જરૂરી સાધનસામગ્રી અને પુસ્તકો વસાવવામાં આવે;
૯. કૉમ્પ્યુટર સાયન્સ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૧૦. પ્રયોગશાળામાં અભ્યાસક્રમને અનુરૂપ વિન્ડોઝ આધારીત સોફ્ટવેરનું નિદર્શન કરી શકાય તેમજ વિદ્યાર્થીઓને પૂરતો સમય આપી શકાય તે માટે એક સરવર અને પાંચ નોડ માઉસ સાથે પેન્ટિયમ અથવા ૪૮૬ પ્રકારના પર્યાપ્ત મેમરી સાથેના કોમ્પ્યુટર વસાવવાનું તરત આયોજન કરવામાં આવે;
૧૧. સંસ્કૃત અને કોમ્પ્યુટર સાયન્સ વિષય સંબંધી પાંચ-પાંચ સામયિકો મંગાવવામાં આવે;
૧૨. ગુણવત્તાના ધોરણે અન્ય વિષયના કાર્યભારને અસર ન થાય તે રીતે ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;
૧૩. કૉમ્પ્યુટર વિષય શીખવવા માટે કુંલ રૂ. ૩૦૦ ફી સત્રદીઠ રાખવામાં આવે;
૧૪. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી, તેવું પ્રમાણપત્ર આપવામાં આવે, અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમનાં સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી, તેવું પ્રમાણપત્ર આપવામાં આવે.
૧૫. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવાનો રહેશે.

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

**૬. ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર જૂન, ૨૦૦૧થી પ્રથમ વર્ષ બી.સી.એ. ચાલુ, દ્વિતીય વર્ષ બી.સી.એ. ચાલુ તથા તૃતીય વર્ષ બી.સી.એ. વધારાના જોડાણ પર નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, ગાંધીનગર ખાતે નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૭-૭-૨૦૦૧ સુધીમાં કરે તો તેને બી.સી.એ. અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨

સુધીનું પ્રથમ વર્ષ બી.સી.એ., દ્વિતીય વર્ષ બી.સી.એ.નું ચાલુ જોડાણ તથા તૃતીય વર્ષ બી.સી.એ.નું નવું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બી.સી.એ. જોડાણની શરતો**

૧. સંસ્થા સ્વતંત્ર એકમ તરીકે રહેશે, કોઈ કૉલેજના ભાગ કે વિભાગ તરીકે નહીં, તેમજ પૂરા સમયની રહેશે. ગત વર્ષ પ્રમાણે પ્રથમ વર્ષ બી.સી.એ.માં ૬૦નું એક એવાં વધુમાં વધુ બે ડિવિઝન રાખી શકાશે.

૨. કાર્યભાર મુજબ યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવામાં આવે.

૩. લાયકાત ધરાવતા ડાયરેક્ટરશ્રીની નિમણૂક કરવામાં આવે.

૪. જરૂર મુજબ બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવામાં આવે.

૫. અભ્યાસક્રમને લગતાં પુસ્તકો, જર્નલ્સ, કૉમ્પ્યુટર્સ, ઓવરહેડ પ્રોજેક્ટર, વિડિયો/મલ્ટી મીડિયા પ્રોજેક્ટર, વી.સી.આર., ટી.વી. તથા શૈક્ષણિક કેસેટ જેવાં સાધનો વસાવવામાં આવે. પુસ્તકો, જર્નલ્સ માટે રૂપિયા ૨૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાનો રહેશે. કૉમ્પ્યુટર સગવડના સંદર્ભમાં સંસ્થા પાસે અભ્યાસક્રમને અનુરૂપ હાર્ડવેર/સૉફ્ટવેર વગેરેની સગવડવાળાં ૩૦ કૉમ્પ્યુટર ઉપલબ્ધ હોવાં જોઈએ. કૉમ્પ્યુટરની લેબોરેટરીમાં ઓછામાં ઓછાં બે ઈન્ટરનેટ જોડાણો ઉપલબ્ધ કરવાનાં રહેશે.

૬. સંસ્થાના મકાનમાં યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ ભૌતિક સુવિધાઓની જોગવાઈ કરવામાં આવે.

૭. અભ્યાસક્રમના શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રાખવામાં આવે.

૮. આ અભ્યાસક્રમ ગ્રાન્ટ સિવાયનો સ્વનિર્ભર ધોરણનો હોઈ જે કોઈ ખર્ચ કરવો પડે તે ખર્ચની બાંહેધરી સંસ્થાએ આપવાની રહેશે, તેમ જ તેના પ્રવર્તમાન નીતિનિયમોમાં હવે પછી જે કોઈ ફેરફાર થાય તેનું પાલન કરવાની બાંહેધરી આપવાની રહેશે.

૯. યુનિવર્સિટી સૂચવે તે રીતે પ્રૉવિડન્ટ ફંડ તથા ગ્રૅચ્યુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

**વિશેષ નોંધ.**—બી.સી.એ.ના અભ્યાસક્રમ માટે બે ડિવિઝન હોય તો નીચે પ્રમાણેની લઘુતમ વ્યવસ્થા કરવી :

(શૈક્ષણિક સ્ટાફ ત્રણ વર્ષ માટે)

| *ક્રમ* | *હોદ્દો* | *જગ્યા* | *રકમ* |
|---|---|---|---|
| ૧. | ડાયરેક્ટર | ૧ | લઘુતમ કુલ વેતન (માનદ) દર માસે રૂ. ૨૧,૦૦૦ |
| ૨. | લેક્ચરર | પ્રથમ વર્ષે ૨<br>બીજા વર્ષે કુલ ૪ (૨+૨)<br>ત્રીજા વર્ષે કુલ ૬ (૪+૨) | ધારાધોરણ અનુસાર વ્યાખ્યાતાનું માન્ય પગારધોરણ |
| ૩. | પ્રોગ્રામર-કમ-લેક્ચરર | પ્રથમ વર્ષે ૧, બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧ + ૧) | માન્ય પગારધોરણ |
| ૪. | કૉમ્પ્યુટર ઓપરેટર | પ્રથમ વર્ષે ૧<br>બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧+૧) | માન્ય પગારધોરણ |
| ૫. | વિઝિટિંગ ફેકલ્ટી | | રૂ. ૧૫૦ (વ્યાખ્યાન, સેશનદીઠ) |
| ૬. | ટી.એ., ડી.એ. વિઝિટિંગ ફેકલ્ટી | | નિયમ પ્રમાણે. |

૭. નીમવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફ, બિનશૈક્ષણિક સ્ટાફને દર માસે ચૂકવવાની રકમ (પગાર ભથ્થાં પેટે) બૅન્ક મારફતે ચૂકવવાની રહેશે.

૮. આ અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે લાંબો સમય ચાલુ રહેશે કે કેમ તે ખાસ સમિતિ સામાન્ય રીતે ચોથા વર્ષે સમીક્ષા કરશે અને જો ચાલુ રહેવાની સંભાવના લાગશે તો ડાયરેક્ટર સહિતનો શૈક્ષણિક સ્ટાફ મુદ્દતી સેવાને બદલે નિયમિત સેવાને ધોરણે રાખવાનો રહેશે.

૧૦. શિક્ષક, બિનશિક્ષકવર્ગનાં ઇન્ટર્વ્યૂ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મુજબ યુનિવર્સિટી સૂચવે તે સ્થળે રાખવાનાં રહેશે.

૧૧. (અ) બી.સી.એ.ના વર્ગમાં નિયત વિદ્યાર્થી સંખ્યામાં પ્રવેશ આપી શકાશે. (૧) ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૭,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૧૨,૦૦૦ (બાર હજાર), (૨) ૪૦ ટકા વિદ્યાર્થીઓની પેમેન્ટ સીટ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૨૦,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) અને (૩) ૧૦ ટકા બેઠકો ઉપર એન.આર.આઈ. અને એન.આર.આઈ. સ્પોન્સર/ઈન્ડિયન સિટિઝન વિદ્યાર્થીઓની વાર્ષિક ફી ડોલર ૩,૦૦૦ (ત્રણ હજાર ડોલર)ની સમકક્ષ થનાર રકમ જેટલી રહેશે.

(બ) પ્રત્યક્ષ તાલીમ માટે કે નિદર્શન માટે અન્યત્ર જવાનું થાય ત્યારે તે અંગેનું ખર્ચ વિદ્યાર્થી ભોગવશે.

(ક) સદર ફીનાં ધોરણોની સામાન્ય રીતે ૩ વર્ષ બાદ સમીક્ષા હાથ ધરવામાં આવશે.

૧૨. પ્રથમ વર્ષ કક્ષાએ પ્રવેશ કેન્દ્રીય પદ્ધતિથી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે. પ્રવેશ માટે આવેલ અરજીઓમાંથી મેરિટ યાદી તૈયાર કરાશે. પ્રવેશ યાદીમાંથી પ્રથમ બિનઅનામત બેઠકો ગુણાનુક્રમ પ્રમાણે ભરાશે. તેમાં જો અનામત વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હશે, તો તેવા પ્રવેશાર્થીઓનો પ્રવેશ અનામત બેઠક પર ગણાશે નહીં. બિનઅનામત બેઠકો પર પ્રવેશ અપાઈ જાય બાદ બાકી રહેલી ગુણાનુક્રમ યાદીમાંથી ગુણાનુક્રમે જે તે અનામત કક્ષાના પ્રવેશાર્થીઓની તેમની અનામત બેઠકોની સંખ્યાની મર્યાદામાં પ્રવેશ અપાશે.

૧૩. **અનામત બેઠકોની ફાળવણી :** અનામત બેઠકોની ફાળવણી રાજ્ય સરકારના વખતોવખતના નિયમો અનુસાર રહેશે.

૧૪. સંસ્થાની કુલ પ્રવેશ બેઠકો પૈકી વધુમાં વધુ ૧૦ ટકા બેઠકો એન.આર.આઈ./એન.આર.આઈ. સ્પોન્સર્ડ/ઇન્ડિયન સીટીઝન ઉમેદવારોમાંથી ભરવાની રહેશે. આ બેઠકો પાત્ર ધરાવતા અરજદારો પૈકીની જ ભરી શકાશે. આ પૈકી કોઈ બેઠક ખાલી રહેતી હોય તો તે ખુલ્લી બેઠક તરીકે ભરી શકાશે.

૧૫. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને એસ.ઈ.બી.સી. માટેની અનામત બેઠકો ઉપર જે તે જાતિના વિદ્યાર્થીઓને ગુણાનુક્રમ યાદી પૈકીના ઉમેદવારોને પ્રવેશ અપાઈ ગયા બાદ કોઈ પણ પ્રવેશાર્થી ગુણાનુક્રમ યાદી પર બાકી રહેતો ન હોય અને કોઈ બેઠકો ખાલી રહેતી હોય તો એ બેઠકો યાદીમાંના બિનઅનામત પ્રવેશાર્થીઓ વડે ગુણાનુક્રમે ભરવામાં આવશે.

૧૬. પ્રવેશ સંબંધી કોઈ વિવાદ હશે, તો તે અંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને સૌને બંધનકર્તા રહેશે.

૧૭. આ નિયમો બીજા કોઈ હુકમો ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

**૭. સોમલલિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, અમદાવાદ જૂન, ૨૦૦૧થી પ્રથમ વર્ષ બી.સી.એ. ચાલુ તેમજ દ્વિતીય વર્ષ બી.સી.એ. ચાલુ તેમજ તૃતીય વર્ષ બી.સી.એ. વધારાના જોડાણ પર નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સોમલલિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, નવરંગપુરા, અમદાવાદ ખાતે નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૭-૭-૨૦૦૧ સુધીમાં કરે તો તેને બી.સી.એ. અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું પ્રથમ વર્ષ બી.સી.એ., દ્વિતીય વર્ષ બી.સી.એ.નું ચાલુ જોડાણ અને તૃતીય વર્ષ બી.સી.એ.નું નવું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બી.સી.એ. જોડાણની શરતો**

૧. સંસ્થા સ્વતંત્ર એકમ તરીકે રહેશે, કોઈ કૉલેજના ભાગ કે વિભાગ તરીકે નહીં, તેમજ પૂરા સમયની રહેશે. ગત વર્ષ પ્રમાણે પ્રથમ વર્ષ બી.સી.એ.માં ૬૦નું એક એવાં વધુમાં વધુ બે ડિવિઝન રાખી શકાશે.

૨. કાર્યભાર મુજબ યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવામાં આવે.

૩. લાયકાત ધરાવતા ડાયરેક્ટરશ્રીની નિમણૂક કરવામાં આવે.

૪. જરૂર મુજબ બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવામાં આવે. તેમજ ત્રીજા વર્ષે બી.સી.એ. માટે વધારાના અધ્યાપકોની અને એક ઓપરેટરની વ્યવસ્થા કરવામાં આવે.

૫. અભ્યાસક્રમને લગતાં પુસ્તકો, જર્નલ્સ, કૉમ્પ્યુટર્સ, ઓવરહેડ પ્રોજેક્ટર, વિડિયો/મલ્ટી મીડિયા પ્રોજેક્ટર, વી.સી.આર., ટી.વી. તથા શૈક્ષણિક કેસેટ જેવાં સાધનો વસાવવામાં આવે. પુસ્તકો, જર્નલ્સ માટે રૂપિયા ૨૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાનો રહેશે. કૉમ્પ્યુટર સગવડના સંદર્ભમાં સંસ્થા પાસે અભ્યાસક્રમને અનુરૂપ હાર્ડવેર/સોફ્ટવેર વગેરેની સગવડવાળાં ૩૦ કૉમ્પ્યુટર ઉપલબ્ધ હોવાં જોઈએ. કૉમ્પ્યુટરની લેબોરેટરીમાં ઓછામાં ઓછાં બે ઈન્ટરનેટ જોડાણો ઉપલબ્ધ કરવાનાં રહેશે.

૬. સંસ્થાના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ભૌતિક સુવિધાઓની જોગવાઈ કરવામાં આવે.

૭. અભ્યાસક્રમના શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રાખવામાં આવે.

૮. આ અભ્યાસક્રમ ગ્રાન્ટ સિવાયનો સ્વનિર્ભર ધોરણનો હોઈ જે કોઈ ખર્ચ કરવો પડે તે ખર્ચની બાંહેધરી સંસ્થાએ આપવાની રહેશે, તેમ જ તેના પ્રવર્તમાન નીતિનિયમોમાં હવે પછી જે કોઈ ફેરફાર થાય તેનું પાલન કરવાની બાંહેધરી આપવાની રહેશે.

૯. યુનિવર્સિટી સૂચવે તે રીતે પ્રૉવિડન્ટ ફંડ તથા ગ્રેચ્યુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

**વિશેષ નોંધ.**—બી.સી.એ.ના અભ્યાસક્રમ માટે બે ડિવિઝન હોય તો નીચે પ્રમાણેની લઘુતમ વ્યવસ્થા કરવી :

(શૈક્ષણિક સ્ટાફ ત્રણ વર્ષ માટે)

| *ક્રમ હોદ્દો* | *જગ્યા* | *રકમ* |
|---|---|---|
| ૧. ડાયરેક્ટર | ૧ | લઘુતમ કુલ વેતન (માનદ) દર માસે રૂ. ૨૧,૦૦૦ |

| | | |
|---|---|---|
| ૨. લેક્ચરર | પ્રથમ વર્ષે ૨<br>બીજા વર્ષે કુલ ૪ (૨+૨)<br>ત્રીજા વર્ષે કુલ ૬ (૪+૨) | ધારાધોરણ અનુસાર વ્યાખ્યાતાનું માન્ય પગારધોરણ |
| ૩. પ્રોગ્રામર-કમ-લેક્ચરર | પ્રથમ વર્ષે ૧, બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧ + ૧) | માન્ય પગારધોરણ |
| ૪. કૉમ્પ્યુટર ઓપરેટર | પ્રથમ વર્ષે ૧<br>બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧+૧) | માન્ય પગારધોરણ |
| ૫. વિઝિટિંગ ફેકલ્ટી | | રૂ. ૧૫૦ (વ્યાખ્યાન, સેશનદીઠ) |
| ૬. ટી.એ., ડી.એ. વિઝિટિંગ ફેકલ્ટી | | નિયમ પ્રમાણે. |

૭. નીમવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફ, બિનશૈક્ષણિક સ્ટાફને દર માસે ચૂકવવાની રકમ (પગાર ભથ્થાં પેટે) બૅન્ક મારફતે ચૂકવવાની રહેશે.

૮. આ અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે લાંબો સમય ચાલુ રહેશે કે કેમ તે ખાસ સમિતિ સામાન્ય રીતે ચોથા વર્ષે સમીક્ષા કરશે અને જો ચાલુ રહેવાની સંભાવના લાગશે તો ડાયરેક્ટર સહિતનો શૈક્ષણિક સ્ટાફ મુદતી સેવાને બદલે નિયમિત સેવાને ધોરણે રાખવાનો રહેશે.

૧૦. શિક્ષક, બિનશિક્ષકવર્ગનાં ઇન્ટર્વ્યૂ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મુજબ યુનિવર્સિટી સૂચવે તે સ્થળે રાખવાનાં રહેશે.

૧૧. (અ) બી.સી.એ.ના વર્ગમાં નિયત વિદ્યાર્થી સંખ્યામાં પ્રવેશ આપી શકાશે. (૧) ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૭,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૧૨,૦૦૦ (બાર હજાર), (૨) ૪૦ ટકા વિદ્યાર્થીઓની પેમેન્ટ સીટ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૨૦,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) અને (૩) ૧૦ ટકા બેઠકો ઉપર એન.આર.આઈ. અને એન.આર.આઈ. સ્પોન્સર/ઈન્ડિયન સિટિઝન વિદ્યાર્થીઓની વાર્ષિક ફી ડૉલર ૩,૦૦૦ (ત્રણ હજાર ડૉલર)ની સમકક્ષ થનાર રકમ જેટલી રહેશે.

(બ) પ્રત્યક્ષ તાલીમ માટે કે નિદર્શન માટે અન્યત્ર જવાનું થાય ત્યારે તે અંગેનું ખર્ચ વિદ્યાર્થી ભોગવશે.

(ક) સદર ફીનાં ધોરણોની સામાન્ય રીતે ૩ વર્ષ બાદ સમીક્ષા હાથ ધરવામાં આવશે.

૧૨. પ્રથમ વર્ષ કક્ષાએ પ્રવેશ કેન્દ્રીય પદ્ધતિએ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે. પ્રવેશ માટે આવેલ અરજીઓમાંથી મેરિટ યાદી તૈયાર કરાશે. પ્રવેશ યાદીમાંથી પ્રથમ બિનઅનામત બેઠકો ગુણાનુક્રમ પ્રમાણે ભરાશે. તેમાં જો અનામત વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હશે, તો તેવા પ્રવેશાર્થીઓનો પ્રવેશ અનામત બેઠક પર ગણાશે નહીં. બિનઅનામત બેઠકો પર પ્રવેશ અપાઈ જાય બાદ બાકી રહેલી ગુણાનુક્રમ યાદીમાંથી ગુણાનુક્રમે જે તે અનામત કક્ષાના પ્રવેશાર્થીઓની તેમની અનામત બેઠકોની સંખ્યાની મર્યાદામાં પ્રવેશ અપાશે.

૧૩. **અનામત બેઠકોની ફાળવણી** : અનામત બેઠકોની ફાળવણી રાજ્ય સરકારના વખતોવખતના નિયમો અનુસાર રહેશે.

૧૪. સંસ્થાની કુલ પ્રવેશ બેઠકો પૈકી વધુમાં વધુ ૧૦ ટકા બેઠકો એન.આર.આઈ./એન.આર.આઈ. સ્પોન્સર્ડ/ઇન્ડિયન સીટીઝન ઉમેદવારોમાંથી ભરવાની રહેશે. આ બેઠકો પાત્ર ધરાવતા અરજદારો પૈકીની જ ભરી શકાશે. આ પૈકી કોઈ બેઠક ખાલી રહેતી હોય તો તે ખુલ્લી બેઠક તરીકે ભરી શકાશે.

૧૫. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને એસ.ઈ.બી.સી. માટેની અનામત બેઠકો ઉપર જે તે જાતિના વિદ્યાર્થીઓને ગુણાનુક્રમ યાદી પૈકીના ઉમેદવારોને પ્રવેશ અપાઈ ગયા બાદ કોઈ પણ પ્રવેશાર્થી ગુણાનુક્રમ યાદી પર બાકી રહેતો ન હોય અને કોઈ બેઠકો ખાલી રહેતી હોય તો એ બેઠકો યાદીમાંના બિનઅનામત પ્રવેશાર્થીઓ વડે ગુણાનુક્રમે ભરવામાં આવશે.

૧૬. પ્રવેશ સંબંધી કોઈ વિવાદ હશે, તો તે અંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને સૌને બંધનકર્તા રહેશે.

૧૭. આ નિયમો બીજા કોઈ હુકમો ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૧૦"** તરીકે સામેલ છે.)

**૮. એચ. એલ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, અમદાવાદ જૂન, ૨૦૦૧થી પ્રથમ વર્ષ બી.સી.એ. ચાલુ તથા દ્વિતીય વર્ષ બી.સી.એ. ચાલુ તેમજ તૃતીય વર્ષ બી.સી.એ. વધારાના જોડાણ પર નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે એચ.એલ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, અમદાવાદ ખાતે નિમણુકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે

તા. ૭-૭-૨૦૦૧ સુધીમાં કરે તો તેને બી.સી.એ. અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું પ્રથમ વર્ષ બી.સી.એ. અને દ્વિતીય વર્ષ બી.સી.એ.નું ચાલુ જોડાણ તથા તૃતીય વર્ષ બી.સી.એ.નું નવું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બી.સી.એ. જોડાણની શરતો**

૧. સંસ્થા સ્વતંત્ર એકમ તરીકે રહેશે, કોઈ કૉલેજના ભાગ કે વિભાગ તરીકે નહીં, તેમજ પૂરા સમયની રહેશે. ગત વર્ષ પ્રમાણે પ્રથમ વર્ષ બી.સી.એ.માં ૬૦નું એક એવાં વધુમાં વધુ બે ડિવિઝન રાખી શકાશે.

૨. કાર્યભાર મુજબ યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવામાં આવે.

૩. લાયકાત ધરાવતા ડાયરેક્ટરશ્રીની નિમણૂક જો બાકી હોય તો કરવામાં આવે.

૪. જરૂર મુજબ બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવામાં આવે.

૫. અભ્યાસક્રમને લગતાં પુસ્તકો, જર્નલ્સ, કૉમ્પ્યુટર્સ, ઓવરહેડ પ્રોજેક્ટર, વિડિયો/મલ્ટી મીડિયા પ્રોજેક્ટર, વી.સી.આર., ટી.વી. તથા શૈક્ષણિક કેસેટ જેવાં સાધનો વસાવવામાં આવે. પુસ્તકો, જર્નલ્સ માટે રૂપિયા ૨૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાનો રહેશે. કૉમ્પ્યુટર સગવડના સંદર્ભમાં સંસ્થા પાસે અભ્યાસક્રમને અનુરૂપ હાર્ડવેર/સોફ્ટવેર વગેરેની સગવડવાળાં ૩૦ કૉમ્પ્યુટર ઉપલબ્ધ હોવાં જોઈએ. કૉમ્પ્યુટરની લેબોરેટરીમાં ઓછામાં ઓછાં બે ઈન્ટરનેટ જોડાણો ઉપલબ્ધ કરવાનાં રહેશે.

૬. સંસ્થાના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ભૌતિક સુવિધાઓની જોગવાઈ કરવામાં આવે.

૭. અભ્યાસક્રમના શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રાખવામાં આવે.

૮. આ અભ્યાસક્રમ ગ્રાન્ટ સિવાયનો સ્વનિર્ભર ધોરણનો હોઈ જે કોઈ ખર્ચ કરવો પડે તે ખર્ચની બાંહેધરી સંસ્થાએ આપવાની રહેશે, તેમ જ તેના પ્રવર્તમાન નીતિનિયમોમાં હવે પછી જે કોઈ ફેરફાર થાય તેનું પાલન કરવાની બાંહેધરી આપવાની રહેશે.

૯. યુનિવર્સિટી સૂચવે તે રીતે પ્રૉવિડન્ટ ફંડ તથા ગ્રેચ્યુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

**વિશેષ નોંધ.**—બી.સી.એ.ના અભ્યાસક્રમ માટે બે ડિવિઝન હોય તો નીચે પ્રમાણેની લઘુતમ વ્યવસ્થા કરવી :

(શૈક્ષણિક સ્ટાફ ત્રણ વર્ષ માટે)

| ક્રમ હોદ્દો | જગ્યા | રકમ |
|---|---|---|
| ૧. ડાયરેક્ટર | ૧ | લઘુતમ કુલ વેતન (માનદ) દર માસે રૂ. ૨૧,૦૦૦ |
| ૨. લેક્ચરર | પ્રથમ વર્ષે ૨<br>બીજા વર્ષે કુલ ૪ (૨+૨)<br>ત્રીજા વર્ષે કુલ ૬ (૪+૨) | ધારાધોરણ અનુસાર વ્યાખ્યાતાનું માન્ય પગારધોરણ |
| ૩. પ્રોગ્રામર-કમ-લેક્ચરર | પ્રથમ વર્ષે ૧, બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧ + ૧) | માન્ય પગારધોરણ |
| ૪. કૉમ્પ્યુટર ઓપરેટર | પ્રથમ વર્ષે ૧<br>બીજા વર્ષે અને ત્રીજા વર્ષે ૨ (૧+૧) | માન્ય પગારધોરણ |
| ૫. વિઝિટિંગ ફેકલ્ટી | | રૂ. ૧૫૦ (વ્યાખ્યાન, સેશનદીઠ) |
| ૬. ટી.એ., ડી.એ. વિઝિટિંગ ફેકલ્ટી | | નિયમ પ્રમાણે. |

૭. નીમવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફ, બિનશૈક્ષણિક સ્ટાફને દર માસે ચૂકવવાની રકમ (પગાર ભથ્થાં પેટે) બૅન્ક મારફતે ચૂકવવાની રહેશે.

૮. આ અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે લાંબો સમય ચાલુ રહેશે કે કેમ તે ખાસ સમિતિ સામાન્ય રીતે ચોથા વર્ષે સમીક્ષા કરશે અને જો ચાલુ રહેવાની સંભાવના લાગશે તો ડાયરેક્ટર સહિતનો શૈક્ષણિક સ્ટાફ મુદતી સેવાને બદલે નિયમિત સેવાને ધોરણે રાખવાનો રહેશે.

૧૦. શિક્ષક, બિનશિક્ષકવર્ગનાં ઇન્ટર્વ્યૂ યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મુજબ યુનિવર્સિટી સૂચવે તે સ્થળે રાખવાનાં રહેશે.

૧૧. (અ) બી.સી.એ.ના વર્ગમાં નિયત વિદ્યાર્થી સંખ્યામાં પ્રવેશ આપી શકાશે. (૧) ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૭,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૧૨,૦૦૦ (બાર હજાર), (૨) ૪૦ ટકા વિદ્યાર્થીઓની પેમેન્ટ સીટ માટે વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યુશન ફી ૨૦,૦૦૦ + ૫,૦૦૦ ડેવલપમેન્ટ ફી મળી કુલ ફી રૂ. ૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) અને (૩) ૧૦ ટકા બેઠકો ઉપર એન.આર.આઈ. અને એન.આર.આઈ. સ્પોન્સર/ઈન્ડિયન સિટિઝન વિદ્યાર્થીઓની વાર્ષિક ફી ડૉલર ૩,૦૦૦ (ત્રણ હજાર ડૉલર)ની સમકક્ષ થનાર રકમ જેટલી રહેશે.

(બ) પ્રત્યક્ષ તાલીમ માટે કે નિદર્શન માટે અન્યત્ર જવાનું થાય ત્યારે તે અંગેનું ખર્ચ વિદ્યાર્થી ભોગવશે.

(ક) સદર ફીનાં ધોરણોની સામાન્ય રીતે ૩ વર્ષ બાદ સમીક્ષા હાથ ધરવામાં આવશે.

૧૨. પ્રથમ વર્ષ કક્ષાએ પ્રવેશ કેન્દ્રીય પદ્ધતિથી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે. પ્રવેશ માટે આવેલ અરજીઓમાંથી મેરિટ યાદી તૈયાર કરાશે. પ્રવેશ યાદીમાંથી પ્રથમ બિનઅનામત બેઠકો ગુણાનુક્રમ પ્રમાણે ભરાશે. તેમાં જો અનામત વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હશે, તો તેવા પ્રવેશાર્થીઓનો પ્રવેશ અનામત બેઠક પર ગણાશે નહીં. બિનઅનામત બેઠકો પર પ્રવેશ અપાઈ જાય બાદ બાકી રહેલી ગુણાનુક્રમ યાદીમાંથી ગુણાનુક્રમે જે તે અનામત કક્ષાના પ્રવેશાર્થીઓની તેમની અનામત બેઠકોની સંખ્યાની મર્યાદામાં પ્રવેશ અપાશે.

૧૩. **અનામત બેઠકોની ફાળવણી :** અનામત બેઠકોની ફાળવણી રાજ્ય સરકારના વખતોવખતના નિયમો અનુસાર રહેશે.

૧૪. સંસ્થાની કુલ પ્રવેશ બેઠકો પૈકી વધુમાં વધુ ૧૦ ટકા બેઠકો એન.આર.આઈ./એન.આર.આઈ. સ્પોન્સર્ડ ઇન્ડિયન સીટીઝન ઉમેદવારોમાંથી ભરવાની રહેશે. આ બેઠકો પાત્ર ધરાવતા અરજદારો પૈકીની જ ભરી શકાશે. આ પૈકી કોઈ બેઠક ખાલી રહેતી હોય તો તે ખુલ્લી બેઠક તરીકે ભરી શકાશે.

૧૫. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને એસ.ઈ.બી.સી. માટેની અનામત બેઠકો ઉપર જે તે જાતિના વિદ્યાર્થીઓને ગુણાનુક્રમ યાદી પૈકીના ઉમેદવારોને પ્રવેશ અપાઈ ગયા બાદ કોઈ પણ પ્રવેશાર્થી ગુણાનુક્રમ યાદી પર બાકી રહેતો ન હોય અને કોઈ બેઠકો ખાલી રહેતી હોય તો એ બેઠકો યાદીમાંના બિનઅનામત પ્રવેશાર્થીઓ વડે ગુણાનુક્રમે ભરવામાં આવશે.

૧૬. પ્રવેશ સંબંધી કોઈ વિવાદ હશે, તો તે અંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને સૌને બંધનકર્તા રહેશે.

૧૭. આ નિયમો બીજા કોઈ હુકમો ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

(**નોંધ :** સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૧૧"** તરીકે સામેલ છે.)

**૯. નીડસમિતિની તા. ૧૬-૫-૨૦૦૧, તા. ૧૭-૫-૨૦૦૧, તા. ૩૦-૫-૨૦૦૧, તા. ૩૧-૫-૨૦૦૧ તેમજ તા. ૧૭-૬-૨૦૦૧ની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે નીડસમિતિની ઉપરોક્ત સભાઓની ભલામણો ક્રમાંક ૧થી ૨૪ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આઈટમ નં. ૨૫ પરત્વે **પરિશિષ્ટ "બ"**માં દર્શાવેલી સંસ્થાઓની જોડાણ અરજીઓ પરત્વે નીડ (જરૂરિયાત) નક્કી કરી જોડાણ માટેની જરૂરી તમામ કાર્યવાહી કરવા અને નિર્ણય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(**નોંધ :** ઉપરોક્ત નીડસમિતિની ભલામણો **પરિશિષ્ટ "૧૨"** તરીકે સામેલ છે.)

**૧૦. ડાયરેક્ટરશ્રી, નેચર ક્યોર હોસ્પિટલ-કમ-રિસર્ચ સેન્ટર, ગાંધીનગરના તા. ૨૧-૩-૨૦૦૧ના પત્રાંક-૨૭-૦૩૦૧ દ્વારા આપણી યુનિવર્સિટીમાં એક વર્ષનો "ડિપ્લોમા ઇન નેચરોથેરાપી" અને છ મહિનાનો "એક્યુપ્રેશર સર્ટિફિકેટ" કોર્સ શરૂ કરવા આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત મેડિકલ ફેકલ્ટીને રીફર કરવી.

કુલપતિશ્રીની મંજૂરીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

**૧૧. શ્રી ચીમનભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, જી.એલ.એસ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન તેમજ સોમલલિત ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના ત્રીજા વર્ષના બી.બી.એ. અભ્યાસક્રમને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨-૫-૨૦૦૦ તેમજ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૫-૬-૨૦૦૦ સભામાં કાયમી જોડાણ આપેલું છે તેના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તા. ૧૭-૧૨-૨૦૦૦ના ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ સંસ્થાઓને આપેલું કાયમી જોડાણ મુજબનું જ જાહેરનામું બહાર પાડવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પુરું થયું હતું.

નં. એકે. કાઉ./ ૧૦૪૬૪ /૨૦૦૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૭-૮-૨૦૦૧

**એમ. પી. જડિયા**
કુલસચિવ

## પરિશિષ્ટ "૧"

કામકાજ ક્રમાંક ૧ (૧).

નં. ઍકેડેમિક/૧૦૪૧૩/૨૦૦૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯. તા. ૧૬-૬-૨૦૦૧

પ્રતિ :

વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણશાસ્ત્ર અને કાયદાની સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓ.

શ્રીમાન,

શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટે સત્રોની ગોઠવણી ઑર્ડિ. ૭૫માં જે નિયત કરવામાં આવી છે, તેમાંથી નિરપેક્ષ રહીને નીચે પ્રમાણે રાખવા કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવામાં આવે છે :

૧. પ્રથમ સત્ર : તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૭-૧૧-૨૦૦૧
૨. દિવાળી વેકેશન : તા. ૮-૧૧-૨૦૦૧થી તા. ૩૦-૧૧-૨૦૦૧
૩. દ્વિતીય સત્ર : તા. ૧-૧૨-૨૦૦૧થી તા. ૨૬-૪-૨૦૦૨
૪. ઉનાળું વેકેશન : તા. ૨૭-૪-૨૦૦૨થી તા. ૧૪-૬-૨૦૦૨
પ્રથમ કસોટી : ૫૦ માર્કસની એક કલાકની આંતરિક વિકલ્પ પદ્ધતિ દ્વારા પ્રથમ સત્ર દરમિયાન તા. ૨૭-૧૦-૨૦૦૧થી તા. ૭-૧૧-૨૦૦૧ સુધીમાં કૉલેજે ગોઠવવી.
૫. દ્વિતીય કસોટી ત્રણ કલાકની તથા વધારાની કસોટી બીજા સત્ર દરમિયાન કૉલેજોએ પોતાની અનુકૂળતા મુજબ પરંતુ ૨૭મી માર્ચ, ૨૦૦૨ સુધીમાં પૂરી કરવાની રહેશે.
૬. સેકન્ડ બી.એ./સેકન્ડ બી.કૉમ./સેકન્ડ બી.એસસી.ની વાર્ષિક પરીક્ષાઓ તા. ૨૬મી માર્ચથી તા. ૫મી એપ્રિલ સુધીમાં યોજવી.
૭. ઉપર જણાવ્યા પ્રમાણે સત્રોની તથા આંતરિક પરીક્ષાઓની ગોઠવણી ફક્ત વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણ વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોને જ લાગુ પડે છે.

એમ. પી. જડિયા
કુલસચિવ

નકલ રવાના :

૧. પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૨. મદદનીશ કુલસચિવશ્રી, અનુસ્નાતક વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૩. સેક્શન ઑફિસરશ્રી, એલિજિબિલિટી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૪. અધ્યક્ષશ્રી, શારીરિક શિક્ષણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૫. અધ્યક્ષશ્રી, યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૬. કો-ઑર્ડિનેટરશ્રી, એન.એસ.એસ. વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી અને કુલસચિવશ્રીના અંગત મદદનીશ, ગુજરાતયુનિવર્સિટી, અમદાવાદ
૮. જનરલ મેનેજરશ્રી, એ.એમ.ટી.એસ., જમાલપુર, અમદાવાદ-૧.

નં. ઍકેડેમિક/૧૦૪૧૪/૨૦૦૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯. તા. ૧૬-૬-૨૦૦૧

પ્રતિ :

૧. યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષશ્રીઓ
૨. યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોના ઇનચાર્જ તરફ.

શ્રીમાન,

શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટે સત્રોની ગોઠવણી ઑર્ડિ. ૭૫માં જે નિયત કરવામાં આવી છે, તેમાંથી નિરપેક્ષ રહીને નીચે પ્રમાણે રાખવા કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવામાં આવે છે :

૧. પ્રથમ સત્ર : તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૭-૧૧-૨૦૦૧
૨. દિવાળી વેકેશન : તા. ૮-૧૧-૨૦૦૧થી તા. ૩૦-૧૧-૨૦૦૧

૩. દ્વિતીય સત્ર : તા. ૧-૧૨-૨૦૦૧થી તા. ૧૦-૫-૨૦૦૨

૪. ઉનાળું વેકેશન : તા. ૧૧-૫-૨૦૦૨થી તા. ૧૪-૬-૨૦૦૨

એમ. પી. જડિયા

કુલસચિવ

નકલ રવાના :

૧. પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૨. મદદનીશ કુલસચિવશ્રી, અનુસ્નાતક વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૩. સેક્શન ઓફિસરશ્રી, એલિજિબિલિટી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૪. અધ્યક્ષશ્રી, શારીરિક શિક્ષણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૫. અધ્યક્ષશ્રી, યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૬. કો-ઓર્ડિનેટરશ્રી, એન.એસ.એસ. વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી અને કુલસચિવશ્રીના અંગત મદદનીશ, ગુજરાતયુનિવર્સિટી, અમદાવાદ
૮. જનરલ મેનેજરશ્રી, એ.એમ.ટી.એસ., જમાલપુર, અમદાવાદ-૧.

## પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૧ (૨).

## Environmental Science

## M.Sc. Part - I

## Paper I - Environmental Biology & Microbiology

### A. Environmental Biology

1. Animal diversity in terrestrial and aquatic environments.
2. Aquaculture : Freshwater aquaculture
   Brackish aquaculture - Prawn culture
   Mariculture : - Molluscane culture - Crustacean culture - Seaweed culture - Adverse impact on aquaculture on the environment.
3. Environment and Human health : Effect of Fluoride, Aluminium, Arsenic, Sillica, Asbestos, Coal dust etc.
4. Environmental Impact Assessment with emphasis on depleting biodiversity in different ecosystems.
5. Wildlife of India : Biogeographic zones and distribution of wildlife populations. - Endangered and threatned species. - Caused of wildlife depletion. - Conservation and management of Protected area - National Park, Sanctuaries and Biosphere Reserves.

### B. Environmental Microbiology

1 (a) History and scope of microbiology.
  (b) Microbiologica techniques : sterilization, staining, microscopic observation, preparation of glass wares and media for microbiological work, isolation, cultivation and preservation techniques for microorganisms.
2. (a) Basic microbial cell anatomy.
  (b) Microbial growth and reproduction
  (c) general aspects of bacterial genetics.
3 (a) Characteristics and classification of microorganism. Vis. Bacterial, Fungal, Virus, Actinomycetes.
  (b) Microbes in human life.
  (c) Microbes and disease.

## Environmental Science
## M.Sc. Part - I
## Paper II - Ecology & Impact Assessment

1. Broad outline of classification : algae to angiosperms; Utilization of plants of food, timber, fiber, medicine and industrial values; plants as a source of renewably energy; centres of origin and gene diversity; genetic resources and their conservation, stragegies, cryopreservation.
2. Growth and development of plants - dormancy, germination, growth indices and growth correlations etc.; Mineral nutrition and plant growth hormones; plant reponses to water, light and temperature.
3. Concept of ecosystem, components and types of ecosystem; dynamics of ecosystem; energy flow in the ecosystem; characters of plant community; ecological indicators; biogeochemical cycles.
4. Remote sensing and mapping of landscape and land-use-Case studies on some ecological problems relevant to India : deforestation and soil erosion, water logging, soil salinization.
5. Environment Impact Analysis : Needs, essential component, full disclsoure and public comment, assessment methodologies, quantification attempts for intangibles, project assessors, cost benefit ratios, monitoring, mitigation methods, selection of alternatives, EIA statements, drafting and policy. Prediction and assessment of impacts on air, water, noise and biological environment - a few studies.

## પરિશિષ્ટ "૩"

કામકાજ ક્રમાંક ૧ (૩).

**તૃતીય વર્ષ એલએલ.બી.**

પેપર ૬ - ડ્રાફ્ટિંગ, પ્લિડિંગ ઍન્ડ કન્વેયન્સિંગ કુલ માર્કસ ... ૧૦૦

ડ્રાફ્ટિંગ ૪૫ માર્કસ + પ્લિડિંગ ઍન્ડ કન્વેયન્સિંગ ૪૫ માર્કસ + વાઈવા ૧૦ માર્કસકુલ માર્કસ ... ૧૦૦

(નોંધ : ડ્રાફ્ટિંગ અને પ્લિડિંગ મળીને કુલ ૯૦ માર્કસની લેખીત પરીક્ષા યુનિવર્સિટી દ્વારા લેવાની રહેશે.)

પેપર ૭ - પ્રોફેશનલ એથિકસ, એકાઉન્ટન્સી ફોર લોયર્સ ઍન્ડ બાર બૅન્ચ રિલેશન્સ કુલ માર્કસ ... ૧૦૦

પ્રોફેશનલ એથિક્સ ૫૦ માર્કસ + એકાઉન્ટન્સી ફોર લોયર્સ ઍન્ડ બાર બૅન્ચ રિલેશન્સ ૩૦ માર્કસ + વાઈવા ૨૦ માર્કસ કુલ માર્કસ ... ૧૦૦

(નોંધ : પ્રોફેશનલ એથિક્સ અને એકાઉન્ટન્સી ફોર લોયર્સ ઍન્ડ બાર બૅન્ચ રિલેશન્સની લેખિત પરીક્ષા કુલ ૮૦ માર્કસની યુનિવર્સિટી દ્વારા લેવાની રહેશે.)

પેપર ૯ - મૂટ કોર્ટ, પ્રી ટ્રાયલ પ્રિપરેશન અને પાર્ટિશિપેશન ઇન ટ્રાયલ પ્રોસેડિંગ કુલ માર્કસ ... ૧૦૦

મૂટ કોર્ટ ૩૦ માર્કસ + પ્રિ ટ્રાયલ પ્રિપરેશન અને પાર્ટિશિપેશન ઇન ટ્રાયલ પ્રોસેડિંગ ૬૦ માર્કસ + વાઈવા ૧૦ માર્કસ કુલ માર્કસ ... ૧૦૦

(નોંધ : પ્રિ ટ્રાયલ પ્રિપરેશન અને પાર્ટિશિપેશન ઇન ટ્રાયલ પ્રોસેડિંગના કુલ ૬૦ માર્કસની લેખિત પરીક્ષા યુનિવર્સિટી દ્વારા લેવાની રહેશે.

મૂટ કોર્ટ/વાઈવા અને લીગલ લૅંગ્વેજના પેપરના મુલ્યાંકન અંગે સ્પષ્ટતા :

૧. મૂટ કોર્ટના કુલ ૩૦ માર્કસમાંથી જે તે કૉલેજના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા ચોપડાના આધારે આચાર્યશ્રી અને કૉલેજના સિનિયર અધ્યાપકશ્રીએ માર્કસ મૂકવાના રહેશે.
૨. ત્રણેય પેપર નં. ૬, પેપર નં. ૭ અને પેપર નં. ૯ના વાઈવા જે તે કૉલેજના આચાર્યશ્રી અને યુનિવર્સિટી દ્વારા નિયુક્ત ૧૫ નામોની પેનલમાંથી બે નામો એમ કુલ ત્રણ પરીક્ષકો દ્વારા વાઈવા લેવાનો રહેશે.
૩. લીગલ લૅંગ્વેજના પેપરમાં વિદ્યાર્થી ૩૩ માર્કસે પાસ ગણાશે તથા આ વિષયના માર્કસ ટકાવારીમાં ગણાશે નહિ.
૪. જે તે વિદ્યાર્થીના ગુણપત્રકમાં થિયરી અને વાઈવાના ગુણ સંયુક્તપણે દર્શાવવામાં આવશે.

## પરિશિષ્ટ "૪"

કામકાજ ક્રમાંક ૧ (૪).

નં. એકેડેમિક-બી/ /૨૦૦૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯. તા. -૫-૨૦૦૧

મિનિટ્સ :

આજરોજ તા. ૮-૫-૨૦૦૧ ને મંગળવારે ૩-૦૦ કલાકે શિક્ષણશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

| | |
|---|---|
| ૧. શ્રી. બી. એમ. મોદી | હાજર |
| ૨. શ્રી એન. એ. વોરા | હાજર |
| ૩. શ્રી વી. એમ. ભટ્ટ | હાજર |
| ૪. શ્રી જે. એન. પંડ્યા | હાજર |
| ૫. શ્રી એચ. પી. ચૌહાણ | હાજર |
| ૬. શ્રી આર. એમ. ત્રિવેદી | ગેરહાજર |
| ૭. શ્રી કે. આર. પટેલ | હાજર |
| ૮. શ્રી વાય. પી. દવે | ગેરહાજર |
| ૯. શ્રી એ. જી. કાછિયા | હાજર |
| ૧૦. શ્રી ડી. એસ. શુક્લ | હાજર |
| ૧૧. શ્રી આર. ડી. મૂળિયા | હાજર |
| ૧૨. શ્રી ગિરીશભાઈ પટેલ | હાજર |
| ૧૩. શ્રી બી. બી. શાહ | હાજર. |

સભાનું પ્રમુખસ્થાન શ્રી બી. એમ. મોદીએ સંભાળ્યું હતું.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે બી.એડ.ના અભ્યાસક્રમમાં પ્રશ્નપત્રનું માળખું અને બી.એડ. ભાગ-૨ના આંતરિક ગુણાંકન સુધારવા ભલામણ કરવી. સુધારેલા અભ્યાસક્રમ અંતર્ગત આ સાથેના **પરિશિષ્ટ "અ" અને "બ"** પ્રશ્નપત્ર પત્રનું માળખું અને આંતરિક ગુણાંકનનો સુધારો જૂન, ૨૦૦૧થી અમલી બનાવવા ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ચેરમેન
બોર્ડ ઑફ સ્ટડીઝ ઇન એજ્યુકેશન

નં. એકેડેમિક/૧૦૪૧૩/૨૦૦૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯. તા. ૧૬-૬-૨૦૦૧

આજ રોજ તા. ૮-૫-૨૦૦૧ ને મંગળવારે ૪-૦૦ કલાકે શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખાની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

| | |
|---|---|
| ૧. શ્રી જે. એન. પંડ્યા | હાજર |
| ૨. શ્રી બી. એમ. મોદી | હાજર |
| ૩. શ્રી એ. જી. કાછિયા | હાજર |
| ૪. શ્રી આર. ડી. મૂળિયા | હાજર |
| ૫. શ્રી બી. બી. શાહ | હાજર |

સભાનું પ્રમુખસ્થાન ડીનશ્રી જે. એન. પંડ્યાએ સંભાળેલ હતું.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવ્યું કે તા. ૮-૫-૨૦૦૧ ને મંગળવારે મળેલ શિક્ષણશાસ્ત્ર વિષયના અભ્યાસસમિતિએ કરેલ ભલામણો (**પરિશિષ્ટ "અ" અને "બ"** તરીકે સામેલ છે) સ્વીકારી જૂન, ૨૦૦૧થી અમલી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ડીનશ્રી
શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખા

બિડાણ : **પરિશિષ્ટ "અ" અને "બ"**.

## પરિશિષ્ટ "અ"

ઠરાવ ૧ : બી.એડ. પ્રશ્નપત્રના માળખામાં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે :

પ્ર. ૧ નીચેનામાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના ઉત્તર આપો : ૨૪
(છ પ્રશ્નોમાંથી ચારના ઉત્તર આપવાના છે.)
(ક-ખ-ગ-ઘ-ચ-છ).

પ્ર. ૨ (અ) ૮
(બ) ૮

અથવા

પ્ર. ૨ નીચેના ચાર પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો : ૧૬
(અ)
(બ)
(ક)
(ડ)

પ્ર. ૩ નીચેના પાંચ પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર આપો : ૧૦
— કુલ પાંચ પ્રશ્નો જેમાં ત્રણ ટૂંકા પ્રશ્નો અને બે પ્રશ્નોમાં વ્યાખ્યા આપો, સૂત્ર આપો, સંકલ્પના સમજાવો, તફાવત/તુલના વગેરેનો સમાવેશ કરવો.

ઠરાવ ૨ : બી.એડ્., એમ.એડ્. અને એમ.ફિલ.ની થિયરી અને પ્રેક્ટિકલ પરીક્ષામાં પાસ થવા માટે એગ્રિગેટ ૫૦% (ટકા) ગુણ મેળવેલા હોવા જોઈએ. પ્રથમ વર્ગ તથા ડિસ્ટિંક્શનનાં ધોરણો યથાવત રહે છે.

ઠરાવ ૩ : બી.એડ્. અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીઓએ કોમ્પ્યુટર વિષયનો ઓછામાં ઓછો એક વર્ષનો અભ્યાસ કર્યો હોય અને પ્રમાણપત્ર મેળવેલ હોય તેમને કોમ્પ્યુટર વિષય પદ્ધતિ આપવી. આ અંગેની વિસ્તૃત માહિતી તથા કોર્ષની વિગતો આ સાથે સામેલ છે તે પ્રમાણે જ અમલ કરવો.

## પરિશિષ્ટ "બ"

ઠરાવ ૪ : બી.એડ્. અભ્યાસક્રમમાં આંતરિક ગુણાંકનના (બી.એડ્. પાર્ટ-૨)માં નીચે પ્રમાણે ફેરફાર કરવામાં આવે છે :

| | ગુણ |
|---|---|
| ૧. પ્રાયોગિક પાઠ-બે વિષય પધ્ધતિના ૨૦ + ૨૦ = કુલ ૪૦ પાઠ (જેમાં શૈક્ષણિક સાધનનો ઉપયોગ તથા કોઈ પણ એક પદ્ધતિમાં યુનિટ પ્લાન કરવા જરૂરી છે.) | ૧૦૦ |
| ૨. સત્રાંત તથા પ્રિલીમ પરીક્ષા | ૧૦૦ |
| ૩. સ્વાધ્યાય-બે વિષય પધ્ધતિ (૨૦ + ૨૦) | ૪૦ |
| ૪. ટર્મ પેપર્સ - બે થિયરીના વિષયમાં | ૨૦ |
| ૫. બે ટીચિંગ એઈડ - બે વિષય પધ્ધતિમાં તૈયાર કરવા (૧૦ + ૧૦) | ૨૦ |
| ૬. દૃષ્ય-શ્રાવ્ય સાધનોનો સંચાલન કરવાનો | ૧૦ |
| ૭. મનોવૈજ્ઞાનિક કસોટીઓનું સંચાલન - અર્થઘટ કોઈ પણ બે કસોટી (પાંચ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવો.) | ૨૦ |
| ૮. બે વિષય પધ્ધતિમાં બ્લ્યુ પ્રિન્ટ તથા પ્રશ્નપત્ર તૈયાર કરવું. | ૨૦ |
| ૯. પાઠ નિરીક્ષણ | ૦૦ |
| ૧૦. ફિલ્ડવર્ક/કેસ સ્ટડી - ૧/એક્શન રિસર્ચ એક | ૧૦ |
| ૧૧. વિજ્ઞાનના પ્રયોગો - દશ બુક રિવ્યુ | ૧૦ |
| ૧૨. વાઈવા - સહ અભ્યાસ પ્રવૃત્તિ - હાજરી | ૪૦ |
| | કુલ ગુણ ... ૪૦૦ |

ઠરાવ ૫ : ડેમોન્સ્ટ્રેશન તથા અન્ય તાલીમાર્થીઓના કુલ ૫૦ પાઠનું નિરીક્ષણ કરવું. જેમાં મોટાભાગના પાઠ વિદ્યાર્થીની પોતાની પધ્ધતિના હોવા જરૂરી છે.

## પરિશિષ્ટ "૫"

કામકાજ ક્રમાંક ૨

### . એમ. એમ. ગાંધી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલને કોમ્પ્યુટર સાયન્સ વિષયનું વિનયન તેમજ વાણિજ્ય વિદ્યાશાખામાં જોડાણ આપવા અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યો ડૉ. સવિતા ગાંધી અને શ્રી આર. પી. સોની કાલોલની એમ. એમ. ગાંધી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજની તા. ૨૭-૨-૨૦૦૧ના રોજ મુલાકાત લીધી હતી. શ્રી બિપિન મહેતા, જેઓ પણ આ સમિતિના સભ્ય હતા તેમના અંગત રોકાણને કારણે જોડાઈ શક્યા ન હોતા.

સમિતિએ સંસ્થાના સેક્રેટરી તેમજ આચાર્યશ્રી સાથે તેમની કોમ્પ્યુટર સાયન્સ વિષયના જોડાણની અરજી અંગે તેમજ તે વિષય માટે પર્યાપ્ત સુવિધાઓ ઊભી કરવા અંગે રૂબરૂ વાતચીત કરી હતી. આ વાતચીત પરથી ઉપલબ્ધ થયેલ માહિતી નીચે પ્રમાણે છે :

૧. ચાલુ વર્ષે એફ.વાય.બી.કૉમ.માં કુલ ૧૫૧ અને એફ.વાય.બી.એ.માં કુલ ૧૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

૨. પ્રત્યેક વિદ્યાશાખામાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓ આ ગૌણ વિષય પસંદ કરે તેવી પૂરી શક્યતા છે.

૩. તેમણે વિષયવાર આપેલ બ્રે-અપ પ્રમાણે આ વિષય પસંદ કરતાં અન્ય ગૌણ વિષયમાં વિદ્યાર્થીઓની સંખ્યા પર કોઈ અસર થાય તો જણાતું નથી.

૪. સંસ્થાને મકાન બાંધકામ માટે તેમ જ કોમ્પ્યુટરની ખરીદી માટે યુ.જી.સી. તરફથી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે અને તેમાંથી તેઓ કોમ્પ્યુટરની પ્રયોગશાળા તેમજ ઇક્વિપમેન્ટનું આયોજન કરશે. આ માટે વધારાનો ખર્ચ થાય તો તે સંસ્થા પોતે ભોગવશે. તેવી ખાતરી આપી છે.

૫. યુનિવર્સિટી તરફથી મંજૂરી મળતાં ધારાધોરણ પ્રમાણે જરૂરી સ્ટાફની નિમણૂક કરવા સંસ્થાએ ખાતરી આપી છે. ઉપરાંત રાજ્ય સરકારની મંજૂરી મળતા સુધી સ્ટાફનો ખર્ચ પણ સંસ્થા ભોગવવા તૈયાર છે.

૬. પ્રયોગશાળા તેમજ વર્ગખંડોની સંસ્થાના મકાનમાં જોગવાઈ કરી શકાય તેમ છે.

૭. પુસ્તકો અંગે પણ યુ.જી.સી. તરફથી પૂરતી ગ્રાન્ટ મળી છે અને જરૂરી ખર્ચ કરવા સંસ્થાએ તૈયારી બતાવી છે.

ઉપરોક્ત હકીકત જોતાં સમિતિ, નીચેની શરતોએ વિનયન વિદ્યાશાખામાં 'કોમ્પ્યુટર મેથડ્સ' અને વાણિજ્ય વિદ્યાશાખામાં 'કોમ્પ્યુટર ઇન બિઝનેસ ઑપરેશન' ગૌણ વિષયનું એડહોક ધોરણે જોડાણ જૂન, ૨૦૦૧થી બે વર્ષ માટે એટલે કે જૂન, ૨૦૦૩ સુધી આપવા ભલામણ કરે છે :

૧. અભ્યાસક્રમ શરૂ કરતાં પહેલા કોમ્પ્યુટરની પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે અને તેમાં પેન્ટિયમ પ્રકારના એક સરવર તેમજ પાંચ વર્કસ્ટેશન જરૂરી સોફ્ટવેર સાથે વત્તા એક પ્રિન્ટર ખરીદી મૂકવામાં આવે.

૨. પ્રથમ વર્ષે એક પૂર્ણ સમયના વ્યાખ્યાતા અને બીજા વર્ષે એક પૂર્ણ સમયના પ્રોગ્રામરની યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે નિમણૂક કરવામાં આવે.

૩. કોમ્પ્યુટર સાયન્સ વિષયનાં પુસ્તકો પેટે રૂ. ૧૦,૦૦૦નો પ્રથમ વર્ષે ખર્ચ કરવામાં આવે અને ત્યાર બાદ પ્રત્યેક વર્ષે રૂ. ૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે. ચાર જેટલાં સામયિકો નિયમિત મેળવવામાં આવે.

૪. મેરિટના ધોરણે એફ.વાય.બી.એ.માં વધુમાં વધુ ૩૦ અને એફ.વાય.બી.કૉમ.માં પણ વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓને આ વિષયમાં પ્રવેશ આપવામાં આવે.

૫. પ્રાયોગિક કાર્ય પ્રતિમશીન એક વિદ્યાર્થી પ્રમાણે ગોઠવણી કરીને કરવામાં આવે.

૬. કોમ્પ્યુટરના નિભાવ ખર્ચ પેટે સત્ર દીઠ રૂ. ૫૦૦ પ્રતિ વિદ્યાર્થી ફી લેવાની પરવાનગી આપવામાં આવે.

સહી

**ડૉ. સવિતાબહેન ગાંધી**

**શ્રી આર. પી. સોની**

## પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૩

### આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડાનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડાની વિનયન વિદ્યાશાખા માટે ગૌણ અંગ્રેજી વિષયના તા. ૧૫-૬-૧૯૯૮થી જોડાણ અંગેની સ્થાનિક તપાસસમિતિના સભ્યશ્રીઓ તરીકે અમોએ તા. ૧૯-૧૦-૨૦૦૦ના રોજ સંખેડા કૉલેજની રૂબરૂ મુલાકાત લીધી હતી. કૉલેજના આચાર્યશ્રી જે. એમ. પટેલ તથા અંગ્રેજી વિભાગના વડા હાજર રહ્યાં હતાં.

૧૯૯૮-૯૯ તથા ૧૯૯૯-૨૦૦૦ના વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને ગૌણ વિષય અંગ્રેજી આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ અધ્યાપન પણ કર્યું હતું અને યુનિવર્સિટી દ્વારા તેઓની યુનિવર્સિટી પરીક્ષા પણ લેવામાં આવી હતી અને પરિણામ પણ જાહેર થયાં હતાં. તે રીતે જોતા આટ્‌ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડાને તા. ૧૫-૬-૧૯૯૮થી તા. ૧૪-૬-૨૦૦૧ સુધીનું પશ્ચાદ્‌વર્તી અસરથી જોડાણ આપવા અમારી ભલામણ છે.

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૦-૨૦૦૧થી કૉલેજના આચાર્યશ્રી તથા અંગ્રેજી વિભાગના વડા દ્વારા જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા રહેતી ન હોવાથી, વિદ્યાર્થીઓની આ વિષય માટેની અભિરૂચિ ઓછી હોવાથી તથા હાલના કોઈ પણ અધ્યાપકને આ વિષય બંધ થતાં વિપરીત અસર થતી ન હોવાથી આ વિષયને બંધ કરવા જણાવેલ છે. આ ઉપરાંત જૂન, ૨૦૦૦-૨૦૦૧ના શૈક્ષણિક વર્ષમાં પ્રથમ વર્ષ બી.એ.ના વર્ગમાં કોઈ પણ વિદ્યાર્થીએ આ વિષય લીધેલ પણ નથી પરંતુ આ શૈક્ષણિક વર્ષના એસ.વાય.બી.એ.ના વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી અને કૉલેજની તથા અંગ્રેજી વિભાગની રજૂઆત લાગણી અને વિનંતી જોતા અમો માત્ર તા. ૧૫-૬-૧૯૯૮થી તા. ૧૪-૬-૨૦૦૧ સુધીના સમય માટેનું જ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

પ્રિ. પી. સી. ઉપાધ્યાય
પ્રા. અજય સોની.

## પરિશિષ્ટ "૭"

કામકાજ ક્રમાંક ૪

કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી પત્ર અન્વયે કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજ, પીપરિયાના યુનિવર્સિટીના જોડાણ અંગે નીચેનાં સભ્યોની સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવામાં આવેલ છે :

૧. પ્રો. વાય. ડી. વ્યાસ, ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટી
૨. પ્રો. ગિરીશભાઈ દવે, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ
૩. પ્રો. બી. એન. સુહાગિયા, એલ. એમ. ફાર્મસી કૉલેજ, અમદાવાદ.

ઉપરોક્ત કમિટી દ્વારા કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજ, અને હોસ્પિટલ, પીપરિયાનું તા. ૨૦-૫-૨૦૦૧ના રોજ ઇન્સ્પેક્શન સ્થાનિક તપાસસમિતિના ઉપરોક્ત બધા સભ્યોએ ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલનો રાઉન્ડ લઈને ફિઝિકલ વેરિફિકેશન કરેલ છે. ડેન્ટલ કૉલેજના પ્રિન્સિપાલ શ્રી ડૉ. જે. આર. પટેલ દ્વારા કમિટીને ડેન્ટલ કૉલેજની સંપૂર્ણ માહિતી આપેલ છે અને કૉલેજ તથા હોસ્પિટલનો રાઉન્ડ લેવડાવીને જુદા જુદા વિભાગો, સ્ટાફ, ડેન્ટલ ચેર યુનિટ અને અન્ય ઇક્વિપમેન્ટ, લાઇબ્રેરી, ઓડિયો-વિઝ્યુઅલ, સેન્ટ્રલ ક્લિનિક, હોસ્ટેલ, લેક્ચરર હોલ વગેરે બતાવેલ છે.

કમિટિએ નીચેની બાબતોની ચકાસણી કરેલ છે :

૧. ડેન્ટલ કૉલેજ ઍન્ડ હોસ્પિટલ અને હોસ્ટેલ.

૨. બોઇઝ અને ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને રહેવા માટે કુલ ૧૩૨ રૂમ ઉપલબ્ધ છે.

૩. કેન્દ્ર સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મંજૂરીથી પ્રથમ વર્ષ બી.ડી.એસ.ની પ્રવેશ સંખ્યા ૨૦૦૦-૨૦૦૧થી ૧૦૦ની કરવામાં આવેલ છે.

૪. ડેન્ટલ કૉલેજ, પીપરિયા, ગુજરાત યુનિવર્સિટી સાથે ૧૯૯૯થી જોડાણ ધરાવે છે.

૫. કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજ, કે. એમ. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સંસ્થા છે. ડેન્ટલ કૉલેજમાં દરેક વિભાગો સ્વતંત્ર છે. દરેક વિભાગમાં ડી.સી.આઈ.ના ધારાધોરણો પ્રમાણે પૂરતા પ્રમાણમાં ટીચિંગ સ્ટાફ અને નોન-ટીચિંગ સ્ટાફ ઉપલબ્ધ છે.

૬. ડેન્ટલ કૉલેજમાં વિદ્યાર્થીઓને જનરલ મેડિસિન અને જનરલ સર્જરી વિષયો શીખવવા માટે યોગીની વાસંતીદેવી હૉસ્પિટલ સાથે જોડાણ મેળવેલ છે જેનો મંજૂરી પત્ર આ સાથે (છાપેલ નથી) સામેલ છે. અન્ય બેઝિક મેડિકલ વિષયો ડેન્ટલ કૉલેજમાં જ શીખવાડાય છે જે માટે ડેન્ટલ કૉલેજમાં ઉપરોક્ત વિષયો માટે અલગઅલગ વિભાગો ઉપલબ્ધ છે અને તેમાં પૂરતા પ્રમાણમાં ટીચિંગ સ્ટાફ ઉપલબ્ધ છે.

૭. ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલમાં તપાસણી ફી તથા દાંત પાડવા માટે કોઈ જ ફી ન હોવાથી તથા સિનિયર સિટિઝનને મહિનાના દશ દિવસ મફત ડેન્ચર બનાવી આપવામાં આવતાં હોઈ આ સંસ્થામાં દાંતની સારવાર લેવા દૈનિક ૮૦થી ૧૦૦ જેટલા દર્દીઓ આવે છે.

૮. ડેન્ટલ કૉલેજ ખાતે અલગ લેક્ચર હોલ છે, જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવા બે લેક્ચર હોલ ઉપલબ્ધ છે. તેમજ વિદ્યાર્થીઓને ભણાવવા માટે ઓડિયો-વિઝ્યુઅલ વ્યવસ્થા પણ છે.

૯. ડેન્ટલ કૉલેજ ખાતે જુદા જુદા ક્લિનિકલ વિભાગોમાં દર્દીઓને દાંતની સારવાર આપવા અને વિદ્યાર્થીઓના અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં ડેન્ટલ ચેર અને બેન્ચિઝ, બ્લેક બોર્ડ, પંખા વગેરે ઉપલબ્ધ છે.

૧૦. ડેન્ટલ કૉલેજ ખાતે ઉપલબ્ધ ટીચિંગ સ્ટાફ પૂરતા પ્રમાણમાં જરૂરી શૈક્ષણિક લાયકાત અને શૈક્ષણિક અનુભવ ધરાવે છે.

૧૧. ડેન્ટલ કૉલેજ ખાતે ગ્રંથાલય ઉપલબ્ધ છે. ગ્રંથાલયમાં પૂરતા પ્રમાણમાં પુસ્તકો અને જર્નલ્સ ઉપલબ્ધ છે. ગ્રંથાલયમાં ઉપલબ્ધ પુસ્તકોનું લિસ્ટ સામેલ છે.

૧૨. આ કૉલેજમાં સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ ફી વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવે છે.

૧૩. વિદ્યાર્થીઓને ફર્સ્ટ ટર્મ અને સેકન્ડ ટર્મમાં ટાઈમ ટેબલ મુજબ જુદા જુદા વિષયોના યુનિવર્સિટી સીલેબસ મુજબ થિયરી અને પ્રેક્ટિકલ શીખવાડવામાં આવે છે.

૧૪. સરકાર દ્વારા નીમાયેલ સેન્ટ્રલ એડમિશન કમિટી દ્વારા મેરિટના ધોરણે એડમિશન આ કૉલેજમાં આપવામાં આવે છે.

૧૫. આ કૉલેજમાં વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયોનું પ્રેક્ટિકલ જ્ઞાન આપવા નીચે મુજબની લેબોરેટરીઓ ઉપલબ્ધ છે :

૧. ફિઝિયોલોજી લેબોરેટરી
૨. ફાર્માકોલોજી લેબોરેટરી
૩. ડિસેક્શન હોલ
૪. પ્રોસ્થેટિક પ્રિ-ક્લિનિકલ
૫. ઓપરેટિવ પ્રિ-ક્લિનિકલ
૬. જનરલ પેથોલોજી-ઓરલ પેથોલોજી લેબોરેટરી.

ઉપરોક્ત લેબોરેટરી અને પ્રિ-ક્લિનિકલમાં પૂરતા પ્રમાણમાં સાધનસામગ્રી, મટિરિયલ્સ, ઇક્વિપમેન્ટ્સ, કેમિકલ્સ વગેરે ઉપલબ્ધ છે.

ઉપરોક્ત તમામ વિગતો કમિટીના સભ્યશ્રી દ્વારા ચેક કરવામાં આવેલ છે. કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજ ખાતે કાઉન્સિલની જરૂરિયાત મુજબ દરેક સગવડ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે તેમજ ગુજરાત યુનિવર્સિટીના નિયમોનું પણ પાલન કરવામાં આવેલ છે. જેથી કે. એમ. શાહ ડેન્ટલ કૉલેજ ઍન્ડ હોસ્પિટલ, પીપરિયા, ૨૦૦૨થી ૨૦૦૩ વર્ષનું જોડાણ આપવા આ કમિટી ભલામણ કરે છે.

| | | |
|---|---|---|
| સહી | સહી | સહી |
| **પ્રો. વાય. ડી. વ્યાસ** | **ડૉ. ગિરીશભાઈ દવે** | **પ્રો. બી. એન. સુહાગિયા** |
| એક્ઝિ. કાઉ. મેમ્બર | પ્રોફેસર ઍન્ડ હેડ<br>ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ | એલ. એમ. ફાર્મસી કૉલેજ, અમદાવાદ |

## પરિશિષ્ટ "૮"

કામકાજ ક્રમાંક ૫

**દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

અમે તા. ૨૮-૪-૨૦૦૧ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામની સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે મુલાકાત લીધી હતી.

સંસ્થાએ જૂન, ૧૯૯૫થી ચાલતા અને દર વર્ષે એક-એક વર્ષના જોડાણની મંજૂરી મેળવતા સંસ્કૃત, હિન્દી અને ગૃહવિજ્ઞાન વિષયોમાં બી.એ. (મુખ્ય વિષય રૂપે)ની કાયમી અને બી.એ. (ગૌણ)માં કોમ્પ્યુટર મેથડઝ (કાયમી) તથા મનોવિજ્ઞાન (મુખ્ય વિષય તરીકે બી.એ.માં)નું એક વર્ષ માટે કામચલાઉ જોડાણ માગ્યું છે.

આચાર્યશ્રીએ તથા ટ્રસ્ટી મંડળના ઉપપ્રમુખશ્રીએ અમને જરૂરી માહિતી આપી હતી અને અમે જાતે આખા મકાનમાં ફરીને ઓરડાઓ લેબોરેટરી માટેના ખંડો, સાધનો, વગેરે જોયું હતું, મુલાકાતને આધારે અમારી ભલામણો નીચે પ્રમાણે છે :

૧. કૉલેજ પાસે પૂરતા પ્રમાણમાં ઓરડાઓ, લેબોરેટરી અને સાધનસામગ્રી છે તેથી સંસ્કૃત, હિન્દી, ગૃહવિજ્ઞાન વિષયોમાં બી.એ. (મુખ્ય તરીકે) અને કોમ્પ્યુટર મેથડ્ઝ (બી.એ. ગૌણ) વિષય તરીકેનું કાયમી જોડાણ આપવાની ભલામણ છે.

૨. બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાનનું જોડાણ કૉલેજને મળેલું છે અને આચાર્યશ્રીએ લેખિત બાંયધરી આપી છે કે સ્વખર્ચે સંસ્થા એક વધારાના અધ્યાપકની નિમણૂક કરશે તથા સ્વખર્ચે જરૂરી સાધનસામગ્રી અને પુસ્તકો વસાવશે તે જોતાં એક વર્ષ માટે મનોવિજ્ઞાન (મુખ્ય વિષય રૂપે બી.એ.માં) જોડાણ કામચલાઉ આપવા ભલામણ કરીએ છીએ.

સંસ્થામાં સંસ્કૃત અને કોમ્પ્યુટર સાયન્સ વિશેના પાંચ/પાંચ ધોરણસરનાં સામયિકો મંગાવવામાં આવે તેવી ભલામણ છે.

**યોગેન્દ્ર વ્યાસ**
**ડૉ. વસંત ભટ્ટ**

## પરિશિષ્ટ "૯"

કામકાજ ક્રમાંક ૬

**ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

આજે તા. ૫-૬-૨૦૦૧ના સોમવારે અમે બપોરે ૩-૦૦ વાગ્યે "ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝ" સંસ્થાની મુલાકાત લીધી હતી. સંસ્થાના ડિરેક્ટરશ્રીએ અમને જરૂરી માહિતી પૂરી પાડી હતી. અને રૂબરૂમાં વર્ગ ખંડો, લેબોરેટરી વગેરે બધું બતાવ્યું હતું. મુલાકાતને આધારે અમારાં અવલોકનો નીચે પ્રમાણે છે :

૧. પ્રથમ વર્ષ બી.સી.એ.માં ૧૨૩ અને બીજા વર્ષ બી.સી.એ.માં ૮૬ વિદ્યાર્થીઓ છે. તેમનું પ્રથમ વર્ષ બી.સી.એ.નું ૮૭ ટકા પરિણામ છે. નિયમ પ્રમાણે તેમની સંસ્થામાં પાંચમા ચાર લેક્ચરર છે અને એક શ્રી રાજેશ શાહ તા. ૧૫-૧૧-૨૦૦ના રોજ છૂટા થવાથી એક અધ્યાપક ઓછા છે પરંતુ તે જગ્યા ભરવાની તજવીજ ચાલે છે, બે કૉમ્પ્યુટર ઓપરેટર, ક્લાર્ક, વિઝિટિંગ લેક્ચરર છે.

૨. સંસ્થા પાસે બે લેબોરેટરીમાં થઈને ત્રણ સરવર અને સાઠ કૉમ્પ્યુટર છે. હવે પછી તેમની પાસે કુલ નવું કૉમ્પ્યુટર માત્ર બી.સી.એ. માટે જ જોઈએ.

૩. સંસ્થા પાસે અલગ ગ્રંથાલય છે જેમાં કુલ રૂ. ૬૩,૭૦૦ના બી.સી.એ. માટે પુસ્તકો છે બીજાં પુસ્તકો ખરીદવાની તેમની તૈયારી છે. ઉપરાંત એમ.સી.એ. માટે ખરીદેલાં રૂ. ૧,૦૨,૮૦૦નાં પુસ્તકો તેઓ વાપરે છે.

સામેલ સમયપત્રકો મુજબ વર્ગો લેવાય છે અને લેબોરેટરી વર્ક થાય છે, પૂરતા વર્ગખંડો અને લેબોરેટરી છે. વળી ત્રીજા વર્ષ માટે જરૂરી સ્ટાફ તથા લેબોરેટરીમાં કૉમ્પ્યુટર ૧ની સગવડ કરવાની બાંયધરી આપી છે.

આ બધું જોતાં પ્રથમ વર્ષ બી.સી.એ. અને બીજા વર્ષ બી.સી.એ.નું સંસ્થાનું જોડાણ વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટે ચાલુ રાખવાની તથા ત્રીજા વર્ષ બી.સી.એ.નું જોડાણ ૨૦૦૧-૨૦૦૨ માટે આપવાની સમિતિ ભલામણ કરે છે

**યોગેન્દ્ર વ્યાસ**
**બી. વી. મહેતા**

## પરિશિષ્ટ "૧૦"

કામકાજ ક્રમાંક ૭

**સોમલલિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

સોમ લલિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન જૂન, ૨૦૦૧થી એફ.વાય. બી.સી.એ. તથા એસ.વાય. બી.સી.એ.ના જોડાણ ચાલુ રાખવા તથા ટી.વાય. બી.સી.એ.નું જોડાણ આપવા અંગે.

ગુજરાત યુનિવર્સિટી પત્રાંક નં. એકેડેમિક-૫૨૦૯૬-૨૦૦૧, તા. ૮-૩-૨૦૦૧થી અમારી નિમણૂક તપાસસમિતિના સભ્યો તરીકે કરવામાં આવી હતી.

અમે તા. ૧૬-૪-૨૦૦૧ના રોજ બપોરે ૩-૦૦ કલાકે ચાલુ જોડાણની તપાસ માટે ગયાં હતાં, તપાસસમિતિ સમક્ષ ટ્રસ્ટીઓ તથા સદરહુ ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર શ્રી પ્રોફેસર આર. એચ. વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને જાતે અમારી સાથે રહી સંસ્થામાંની બધી સગવડ તથા મકાનના વર્ગ ખંડો, લાઈબ્રેરી, લેબોરેટરી બતાવ્યા હતા. અને જરૂરી માહિતી પૂરી પાડી હતી જે નીચે પ્રમાણે છે :

૧. પ્રથમ વર્ષ બી.સી.એ.માં ૧૩૦ અને બીજા વર્ષ બી.સી.એ.માં ૮૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. સંસ્થામાં કુલ પાંચ અધ્યાપકો જેમાં ૧ લેક્ચરર-કમ-પ્રોગ્રામર છે અને એક ઓપરેટર છે.

૨. સંસ્થા પાસે ચાર એન.ટી.ના સરવર છે, અને ૧૦૦ આઈ.બી.એમ.ના નોડ્ઝ છે, અને ૨૦ પી.સી.નું નેટવર્ક છે. જેના પર વિદ્યાર્થીઓ કામ કરે છે, તે ઉપરાંત ૧ એસ ૪૦૦નું કૉમ્પ્યુટર સિસ્ટમ છે અને ૧ લિનક્સનું સરવર છે. ઉપરાંત એ.એલ.સી.ડી. મલ્ટી-મીડિયા પ્રોજેક્ટર અને ઓનલાઈન એક્સ સાઈઝ કરવા માટેની સુવિધા છે.

૩. સંસ્થા પાસે અત્યારે અલગ ગ્રંથાલય તથા રીડિંગ રૂમની વ્યવસ્થા છે, હાલમાં ૨૧૬ ટાઈટલ અને ૭૩૦ કોપીયો ઉપલબ્ધ છે. અને નજીકના ભવિષ્યમાં ૯૩ ટાઈટલ અને ૧૩૧ કોપીઓનું ઉમેરો થવાનો છે. ગ્રંથાલયમાં રૂ. ૧,૩૮,૮૪૦-૨૭ કિંમતનાં પુસ્તકોની ખરીદી થયેલ છે. સંસ્થામાં મંગાવવામાં આવતાં ૫૪ જર્નલ્સની યાદી પણ આ સાથે સામેલ છે.

૪. ત્રીજા વર્ષ બી.સી.એ.નું જોડાણ આપવામાં આવે તો વધારાના ૨ અધ્યાપકોની, ૧ ઓપરેટરની વ્યવસ્થા કરવાની રહેશે.

૫. બીજી કોઈ પણ જરૂરી વ્યવસ્થા કરવાની બાંયધરી ડાયરેક્ટરશ્રીએ આપી છે.

અમને પૂરી પાડવામાં આવેલ માહિતીને આધારે એફ.વાય. બી.સી.એ. તથા એસ.વાય. બી.સી.એ.ના જોડાણ ચાલુ રાખવા તથા ટી.વાય. બી.સી.એ.નું વધારાનું જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ.

**ડૉ. સવિતાબહેન ગાંધી ડૉ. સરલા અચ્યુતન ડૉ. આર. કે. પટેલ**

## પરિશિષ્ટ "૧૧"

કામકાજ ક્રમાંક ૮

**એચ. એલ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, અમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

આજે તા. ૫-૩-૨૦૦૧ના સોમવારે બપોરે ૧-૦૦ વાગ્યે અમે એચ. એલ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટ એપ્લિકેશન્સ સંસ્થાની મુલાકાત લીધી હતી. સંસ્થાના સેક્રેટરીશ્રી અને ડિરેક્ટરશ્રીએ અમને બધી વિગતો આપી હતી અને અમે બધું રૂબરૂમાં ચકાસ્યું હતું. મુલાકાતને આધારે અમારાં અવલોકનો નીચે પ્રમાણે છે :

૧. પ્રથમ વર્ષ બી.સી.એ.માં ૧૩૩ અને બીજા વર્ષ બી.સી.એ.માં ૯૭ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રથમ વર્ષ બી.સી.એ.માંથી પંદર (૧૫) વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવતાં એમાં ૧૧૮ વિદ્યાર્થીઓ હતા. તેમનું પ્રથમ વર્ષ બી.સી.એ.નું પરિણામ ૯૮ ટકા હતું. નિયમ પ્રમાણે હાલમાં તેમની પાસે પાંચ અધ્યાપકો અને બે કૉમ્પ્યુટર ઓપરેટર્સ કામ કરે છે.

૨. સંસ્થા પાસે અત્યારે બે સરવર અને ૯૩ પેન્ટીયમ કૉમ્પ્યુટર્સ છે. જેના નેટવર્ક ઉપર વિદ્યાર્થીઓ લેબ.નું કામ શીખે છે. ઉપરાંત બે ઓડિયો-વિઝ્યુઅલ સાધનો છે.

૩. સંસ્થા પાસે અલગ ગ્રંથાલય છે જેમાં કુલ રૂ. ૧,૫૧,૪૩૪નાં પુસ્તકો છે અને રૂ. ૪૫,૦૫૮ના જર્નલ્સ મંગાવ્યા છે.

સામેલ સમયપત્રકો પ્રમાણે નિયમિત વર્ગો લેવાય છે અને નિયમિત લેબોરેટરી વર્ક થાય છે. તે રૂબરૂ મુલાકાતમાં જણાવ્યું છે.

સંસ્થાના ડિરેક્ટરશ્રીએ બધું ફરીને વર્ગખંડો અને લેબોરેટરી પણ બતાવ્યાં છે.

આ સઘળું જોતાં સમિતિ ૨૦૦૧-૨૦૦૨ના વર્ષ માટે પ્રથમ વર્ષ બી.સી.એ. અને બીજા વર્ષ બી.સી.એ.ના ચાલું જોડાણને ચાલુ રાખવાની અને ડિરેક્ટરશ્રીએ ત્રીજા વર્ષ માટેની બધી જરૂરી સગવડો સમયસર પૂરી કરવાની લેખિત બાંયધરી આપી છે, તે જોતાં ત્રીજા વર્ષ બી.સી.એ.ની ૨૦૦૧-૨૦૦૨ના વર્ષ માટે જોડાણ આપવાની ભલામણ કરે છે.

**ડૉ. યોગેન્દ્ર વ્યાસ ડૉ. સરલાબહેન અચ્યુતન શ્રી આર. પી. સોની**

## પરિશિષ્ટ "૧૨"

કામકાજ ક્રમાંક ૯

૨૦૦૧-૨૦૦૨ના શૈક્ષણિક વર્ષથી શરૂ થનાર નવી કૉલેજો માટે જે તે સંસ્થા ટ્રસ્ટ તરફથી આવેલ જોડાણ અરજીઓ પરત્વે નિયુક્ત કરેલ નીડ સમિતિની સભા તા. ૧૬-૫-૨૦૦૧ અને તા. ૧૭-૫-૨૦૦૧ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યનું નામ | તા. ૧૬-૫-૨૦૦૧ | તા. ૧૭-૫-૨૦૦૧ |
|---|---|---|---|
| ૧. | પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૨. | પ્રો. એમ. એન. દેસાઈ | હાજર | હાજર |
| ૩. | શ્રી દામુભાઈ પંચાસરા | હાજર | હાજર |
| ૪. | શ્રી જગદીશ ભાવસાર | હાજર | હાજર |
| ૫. | શ્રી બી. જે. પંડ્યા | હાજર | હાજર |
| ૬. | શ્રી વાડીભાઈ પટેલ | હાજર | હાજર |
| ૭. | પ્રિ. ડી. એમ. શીખ, ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા | હાજર | હાજર |
| ૮. | પ્રિ. જે. એન. પંડ્યા, ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા | હાજર | હાજર |
| ૯. | પ્રિ. એમ. આર. જોષી, ડીનશ્રી, કાયદા વિદ્યાશાખા | હાજર | હાજર |
| ૧૦. | પ્રિ. એચ. એમ. દેસાઈ, ડીનશ્રી, એન્જિ. વિદ્યાશાખા | હાજર | હાજર |
| ૧૧. | પ્રો. નરહરિભાઈ પરીખ, ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા | હાજર | હાજર |
| ૧૨. | પ્રો. કે. જી. મહેતા, ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા | હાજર | હાજર |
| ૧૩. | ડૉ. સી. એ. દેસાઈ, ડીનશ્રી, તબીબી વિદ્યાશાખા | હાજર | હાજર |

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન પ્રિ. ડી. એમ. શીખ સાહેબે સંભાળ્યું હતું.

સભામાં યુનિવર્સિટીને જે જોડાણ અરજીઓ મળી તે અંગેની માહિતી સાથેના **પરિશિષ્ટો (અ) અને (બ)** રજૂ કરવામાં આવ્યાં.

૧. મેડિકલ, એન્જિનિયરિંગ, લો, એજ્યુકેશન, ફાર્મસી, એમ.બી.એ., એમ.સી.એ. ઇત્યાદિ જેવાં અભ્યાસક્રમોના જોડાણ માટે આવેલ અરજીઓ કે જેમાં ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, તેમજ સંબંધિત કાઉન્સિલ તરફથી વાયેબિલિટી/કે મંજૂરી મળે અને યુનિવર્સિટીને જાણ થાય તે પરત્વેની કાર્યવાહી વિચારણા હાથ ધરવી.

૨. વિનયન-વાણિજ્ય, બી.બી.એ., બી.સી.એ. ઇત્યાદિ જેવાં અભ્યાસક્રમો માટે જે જેની અરજીઓ મળી છે. તેઓને આ સમિતિ સમક્ષ રૂબરૂ રજૂઆત માટે બોલાવવા અને તે માટે તા. ૩૦/૩૧-૫-૨૦૦૧ના રોજ સવારે ૯-૩૦ વાગ્યાથી બોલાવવાનું રાખવું.

૩. શ્રી મેઘદૂત એજ્યુકેશન ટ્રસ્ટ તથા શ્રી રામ વિદ્યાવર્ધક ટ્રસ્ટ, અમદાવાદ તરફથી બી.સી.એ. અભ્યાસક્રમ શરૂ કરવા માટે જે જે અરજીઓ આવી છે તેનો સંદર્ભ આપી તે પરત્વે સદરહુ સંસ્થા તરફથી તા. ૧૭-૫-૨૦૦૧ના રોજ જે રજૂઆતો આવી છે તે પરત્વે વિચારણા કરી સદરહુ બંને સંસ્થાઓને પણ સમિતિ સમક્ષ બોલાવવાનું રાખવું.

૪. શ્રી સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી મળેલ ફેક્સ પણ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તેઓને પણ સમિતિ સમક્ષ રજૂઆત કરવા બોલાવવાનું રાખવું.

૫. શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર તરફથી જે જે અભ્યાસક્રમો માટેની જોડાણ અરજી આવી છે અને કોર્ટ કેસ થયા છે તે અંગે જ્યાં જ્યાં યુનિવર્સિટીએ અભ્યાસક્રમો નિયત કરેલ ન હોય તેવી અરજીઓ સ્વીકાર્ય નથી, તેમ અપીલની સુનાવણી વખતે સરકારશ્રીને જાણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પુરું થયેલું જાહેર કરવામાં આવ્યું.

અધ્યક્ષશ્રી
**પ્રિ. ડી. એમ. શીખ**

## નીડ કમિટીનો હેવાલ

૨૦૦૧-૨૦૦૨ના શૈક્ષણિક વર્ષથી શરૂ થનાર નવી કૉલેજો માટે જે તે સંસ્થા ટ્રસ્ટ તરફથી આવેલ જોડાણ અરજીઓ પરત્વે નિયુક્ત કરેલ નીડ સમિતિની સભા તા. ૩૦-૫-૨૦૦૧, તા. ૩૧-૫-૨૦૦૧ તેમજ તા. ૧૭-૬-૨૦૦૧ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યનું નામ | તા. ૩૦-૫-'૦૧ | તા. ૩૧-૫-'૦૧ | તા.૧૭-૬-'૦૧ |
|---|---|---|---|---|
| ૧. | પ્રિ. ડી. એમ. શીખ | હાજર | હાજર | હાજર |
| ૨. | પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર | હાજર | હાજર |
| ૩. | ડૉ. એમ. એન. દેસાઈ | હાજર | ગેરહાજર | હાજર |
| ૪. | ડૉ. એચ. એમ. દેસાઈ | હાજર | ગેરહાજર | ગેરહાજર |
| ૫. | શ્રી નરહરિભાઈ પરીખ | હાજર | હાજર | હાજર |
| ૬. | પ્રો. કે. જી. મહેતા | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર |
| ૭. | પ્રિ. જે. એન. પંડ્યા | હાજર | હાજર | ગેરહાજર |
| ૮. | ડૉ. સી. એ. દેસાઈ | ગેરહાજર | ગેરહાજર | હાજર |
| ૯. | પ્રિ. એમ. આર. જોષી | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર |
| ૧૦. | શ્રી વાડીભાઈ પટેલ | હાજર | હાજર | હાજર |
| ૧૧. | શ્રી દામુભાઈ પંચાસરા | હાજર | હાજર | હાજર |
| ૧૨. | શ્રી જગદીશ ભાવસાર | હાજર | હાજર | હાજર |
| ૧૩. | શ્રી બી. જે. પંડ્યા | ગેરહાજર | ગેરહાજર | ગેરહાજર |

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન પ્રિ. ડી. એમ. શીખ સાહેબે સંભાળ્યું હતું.

૧. વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની નવી કૉલેજો જૂન, ૨૦૦૧થી શરૂ કરવા માટે સાથેના **પરિશિષ્ટ 'અ'**માં દર્શાવેલી સંસ્થાઓ તરફથી આવેલી અરજીઓ પરત્વે વિચારણા કરવા બાબત.

**૧. કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન, નખત્રાણા, કચ્છ જિલ્લો :**

સદરહુ સંસ્થાની જોડાણ અરજીની વિગતો તેમજ સંસ્થાઓ તા. ૩૧-૫-૨૦૦૧ના રોજ નીડ સમિતિ સમક્ષ ઉપસ્થિત રહીને પૂરી પાડેલી માહિતીઓનાં સંદર્ભમાં નખત્રાણા તેમજ આજુબાજુના તાલુકાઓ અબડાસા અને લખપત તાલુકાઓની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-૧૨ની વિદ્યાર્થીઓની કુલ વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં તેમજ કચ્છ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જોતાં નખત્રાણા ભુજથી ૫૫ કિલોમીટર, આદિપુર ૧૦૦ કિ.મી. તેમજ માંડવી ૮૦ કિલોમીટર દૂર હોવાથી ૨૫ કિ.મી.ની ત્રિજ્યામાં વિનયન અને વાણિજ્ય કૉલેજ નહીં હોવાથી નખત્રાણામાં સદરહુ નવી કૉલેજ શરૂ કરવાનું પ્રસ્થાપિત થાય છે. વધુમાં તેઓની આર્થિક ક્ષમતાના સંદર્ભમાં તેઓએ જણાવ્યા પ્રમાણે ૭૪ લાખની રકમ બાંધી મુદતની થાપણ તેમજ મકાન બાંધકામ ચાલુ હોવાને કારણે તેઓની માગણી પ્રમાણે સામાન્ય ફીના ધોરણે નવી કૉલેજ શરૂ કરવા માટે નીડ (જરૂરિયાત) નક્કી થતી હોવાથી સદરહુ કૉલેજની માગણી સ્વીકારવા ભલામણ કરવામાં આવે છે.

**૨. શ્રી કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ, જિલ્લો કચ્છ :**

સદરહુ સંસ્થાના જોડાણી અરજીઓ સંદર્ભમાં તેઓશ્રી નીડ કમિટી સમક્ષ તા. ૩૧-૫- ૨૦૦૧ના રોજ ઉપસ્થિત રહેલા તે દરમિયાન સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીએ તા. ૩૧-૫- ૨૦૦૧ના રોજ રૂબરૂ પત્ર આપેલ જેમાં આલુ વર્ષે ધરતીકંપને કારણે નવી કૉલેજ શરૂ કરવા મુશ્કેલીઓ પડી રહી છે તેના અનુસંધાને નવી કૉલેજ શરૂ કરવાની માગણીની મંજૂરી માટે આગ્રહ રાખેલ નથી તે જોતાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટે તેઓની નવી કૉલેજ શરૂ કરવાની માગણી પ્રત્યે હાલ હવે કાંઈ કરવાનું રહેતું નથી.

**૩. શ્રી ઉંદેલ કેળવણી મંડળ, ખંભાત :**

સદરહુ સંસ્થાની જોડાણની અરજીના સંદર્ભમાં સદરહુ સંસ્થાના હોદ્દેદારો નીડ કમિટી સમક્ષ તા. ૩૧-૫-૨૦૦૧ના રોજ ઉપસ્થિત થયેલ હતા. તે દરમિયાન શરૂઆતમાં તેઓશ્રીને ગ્રાન્ટ નહીં લેવાની શરતે નવી કૉલેજ મંજૂર કરવાનો સરકારશ્રીનો અભિગમ અને નીતિથી વાકેફ કરેલા હતાં ત્યાર બાદ ઉપલબ્ધ વિગતો જોતાં ઉંદેલથી ૨૦ કિલોમીટર દૂર ખંભાત આવેલું છે અને ત્યાં ખંભાત આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ આવેલી છે ત્યાંની પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં નવી કૉલેજની નીડ (જરૂરિયાત) પ્રસ્થાપિત થતી નથી. વધુમાં સદરહુ સંસ્થાએ ગ્રાન્ટ સિવાય નવી કૉલેજ શરૂ કરવા તૈયાર નથી, તેમ પણ જણાવેલું, તેની નોંધ પણ લેવામાં આવી. તે પછી સદરહુ સંસ્થાને નવી કૉલેજ શરૂ કરવાની માગણી સ્વીકારવા ભલામણ કરવામાં આવતી નથી.

**૪. હિન્દી ભાષા પ્રચાર સંઘ દ્વારા શેઠ સી. એલ. હિન્દી હાઈસ્કૂલ, અમદાવાદ :**

સદરહુ સંસ્થાની જોડાણની અરજીના સંદર્ભમાં સદરહુ સંસ્થાના હોદ્દેદારો તેઓનો ભૌગોલિક પરિસ્થિતિ તેમજ આર્થિક ક્ષમતાની વિગતો સહિત તા. ૩૧-૫-૨૦૦૧ના રોજ રૂબરૂ બોલાવવામાં આવ્યા હતાં, પરંતુ તેઓ રૂબરૂ

ઉપસ્થિત થયા નથી, તે જોતાં સદરહુ સંસ્થા નવી કૉલેજ શરૂ કરવાની માગણી સ્વીકારવા ભલામણ કરવામાં આવતી નથી.

**૫. શ્રી વિદ્યાપ્રચાર મંડળ, ધોળકા :**

સદરહુ સંસ્થાની જોડાણની અરજીના સંદર્ભમાં સદરહુ સંસ્થાના હોદ્દેદારો તેઓનો ભૌગોલિક પરિસ્થિતિ તેમજ આર્થિક ક્ષમતાની વિગતો સહિત તા. ૩૧-૫-૨૦૦૧ના રોજ રૂબરૂ બોલાવવામાં આવ્યા હતાં, પરંતુ તેઓ રૂબરૂ ઉપસ્થિત થયા નથી, તે જોતાં સદરહુ સંસ્થા નવી કૉલેજ શરૂ કરવાની માગણી સ્વીકારવા ભલામણ કરવામાં આવતી નથી.

**૬. અંજાર નગરપાલિકા, અંજાર (કચ્છ) :**

સદરહુ સંસ્થાની જોડાણની અરજીના સંદર્ભમાં સદરહુ સંસ્થાના હોદ્દેદારો તેઓનો ભૌગોલિક પરિસ્થિતિ તેમજ આર્થિક ક્ષમતાની વિગતો સહિત તા. ૩૧-૫-૨૦૦૧ના રોજ રૂબરૂ બોલાવવામાં આવ્યા હતાં, પરંતુ તેઓ રૂબરૂ ઉપસ્થિત થયા નથી, તે જોતાં સદરહુ સંસ્થા નવી કૉલેજ શરૂ કરવાની માગણી સ્વીકારવા ભલામણ કરવામાં આવતી નથી.

**૭. ઉમિયા પરિવાર ચેરીટી ટ્રસ્ટ, ચંદ્રાલા :**

સંસ્થાની રજૂઆતમાં જે વિસ્તારમાં કૉલેજ તેઓ શરૂ કરવા માગે છે તે વિસ્તાર નડિયાદમાં હાલમાં એક બી.સી.એ. કૉલેજ છે તે સંદર્ભમાં સંસ્થાની આ વિસ્તારમાં એટલે કે નડિયાદમાં બી.સી.એ.ની નવી કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

**૧૭. શ્રીમતી સુગનબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ :**

સંસ્થાની રજૂઆતના સંદર્ભમાં જ્યાં કૉલેજની માગણી કરવામાં આવી છે તે વિસ્તારની નજીકમાં એક કૉમર્સ કૉલેજ ચાલે છે, બે બી.સી.એ. કૉલેજોની મંજૂરી મળે તો આ વિસ્તારમાં નવી બી.સી.એ. સેલ્ફ ફાઇનાન્સ કૉમર્સ અને બી.બી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

**૧૮. ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર :**

સંસ્થાની રજૂઆતના સંદર્ભમાં જે વિસ્તારમાં કૉલેજ તેઓ શરૂ કરવા માગે છે તે વિસ્તાર ગાંધીનગરમાં હાલમાં એક બી.સી.એ. કૉલેજ, એક બી.બી.એ. કૉલેજ છે તે સંદર્ભમાં સંસ્થાની આ વિસ્તારમાં એટલે કે ગાંધીનગરમાં બી.બી.એ. અને બી.સી.એ.ની નવી કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

**૧૯. સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર :**

સંસ્થાની રજૂઆતના સંદર્ભમાં જે વિસ્તારમાં કૉલેજ તેઓ શરૂ કરવા માગે છે તે વિસ્તાર ગાંધીનગરમાં હાલમાં એક બી.સી.એ. કૉલેજ છે તે સંદર્ભમાં સંસ્થાની આ વિસ્તારમાં એટલે કે ગાંધીનગરમાં બી.સી.એ.ની નવી કૉલેજની જરૂરીયાત પ્રસ્થાપિત થતી નથી.

**૨. સરદાર પટેલ વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદને જૂન, ૨૦૦૦થી પ્રથમ વર્ષ વિનયન, વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટેની નવી મિશ્ર કૉલેજ તા. ૧૫-૬-૨૦૦૦ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં મંજૂર થયેલ હતી તેના સંદર્ભમાં સંસ્થાએ તેના તા. ૨૬-૪- ૨૦૦૧ના પત્રથી મંજૂર થયેલ કૉલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૧થી ફક્ત બહેનો માટે શરૂ કરવા વિનંતી કરેલી છે. તેના સંદર્ભમાં તા. ૩૦-૫-૨૦૦૧, તા. ૩૧-૫-૨૦૦૧ અને તા. ૧૭-૬-૨૦૦૧ના રોજ મળેલ નીડ કમિટિએ સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલને રીફર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.**

અમદાવાદ પૂર્વ વિસ્તારની વસ્તી અંદાજે પાંચ લાખ જેટલી છે તેમજ આ વિસ્તાર અલ્પ શિક્ષિત છે. માધ્યમિક શાળાઓની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ ભૌગોલિક પરિસ્થિતિ જોતા બાપુનગર વિસ્તારમાં માત્ર કન્યાઓની સેલ્ફ-ફાઇનાન્સ ધોરણે કૉમર્સ કૉલેજ શરૂ કરવાની નીડ (જરૂરિયાત) પ્રસ્થાપિત થાય છે.

**૩. સાધુ વાસવાણી મિશન ટ્રસ્ટ, અમદાવાદને જૂન, ૨૦૦૦થી પ્રથમ વર્ષ વિનયન, વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટેની નવી મિશ્ર કૉલેજ તા. ૧૫-૬-૨૦૦૦ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં મંજૂર થયેલી હતી, તેના સંદર્ભમાં સંસ્થાએ તેને તા. ૨૬-૪-૨૦૦૧ના પત્રથી મંજૂર થયેલ કૉલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૧થી ફક્ત બહેનો માટે શરૂ કરવા વિનંતી કરેલી છે તેન સંદર્ભમાં તા. ૩૦-૫-૨૦૦૧, તા. ૩૧-૫-૨૦૦૧ અને તા. ૧૭-૬-૨૦૦૧ના રોજ મળેલ નીડ કમિટિએ સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલને રીફર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.**

અમદાવાદ ઉપનગર નરોડા-સરદારનગરની અંદાજિત વસ્તી એક લાખ પચાસ હજાર જેટલી છે તેમજ આ વિસ્તારની વસ્તી જોતાં કન્યા કેળવણી માટે કોઈ અલગ કૉલેજ નથી. અમદાવાદના પરા વિસ્તારમાં વિકાસ વધી રહ્યો છે તે જોતા તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના પરિણામ અને વિદ્યાર્થી સંખ્યા જોતાં આ વિસ્તારમાં માત્ર બહેનોની સેલ્ફ- ફાઇનાન્સ કૉમર્સ કૉલેજની નીડ (જરૂરિયાત) પ્રસ્થાપિત થાય છે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

મુસદ્દો

૪૨૮-૨૫૦-૮-૨૦૦૧

ઍકેડેમિક કાઉન્સિલ : તા. ૯-૮-૨૦૦૧

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલની સભા ગુરૂવાર, તા. ૯-૮-૨૦૦૧ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એન. એલ. વેદે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યનું નામ | તા. ૯-૮-૨૦૦૧ |
|---|---|---|
| ૧. | ડૉ. એન. એલ. વેદ, કુલપતિશ્રી | હાજર |
| ૨. | પ્રો. ચૈતન્ય ખંભોળજા, ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩. | પ્રો. એન. એમ. પરીખ | ગેરહાજર |
| ૪. | પ્રો. કે. જી. મહેતા | હાજર |
| ૫. | પ્રિ. ડી. એમ. શીખ | હાજર |
| ૬. | ડૉ. જશવંતલાલ એન. પંડ્યા | હાજર |
| ૭. | પ્રિ. એચ. એમ. દેસાઈ | હાજર |
| ૮. | ડૉ. સી. એ. દેસાઈ | ગેરહાજર |
| ૯. | ડૉ. એન. જે. ચિનોય | હાજર |
| ૧૦. | પ્રો. વાય. ડી. વ્યાસ | હાજર |
| ૧૧. | ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ | હાજર |
| ૧૨. | પ્રો. વી. પી. ભારદ્વાજ | હાજર |
| ૧૩. | પ્રો. સુરેશચંદ્ર દાણી | હાજર |
| ૧૪. | શ્રી જગદીશભાઈ ભાવસાર | હાજર |
| ૧૫. | પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર |
| ૧૬. | આલોક ગુપ્તા | હાજર |
| ૧૭. | શ્રી એ. આર. શુક્લ | હાજર |
| ૧૮. | ડૉ. વાય. એસ. શાસ્ત્રી | હાજર |
| ૧૯. | શ્રીમતી નીતાબહેન એન. શાહ | હાજર |
| ૨૦. | ડૉ. વી. બી. ગોહેલ | હાજર |
| ૨૧. | ડૉ. વાય. કે. અગ્રવાલ | ગેરહાજર |
| ૨૨. | પ્રિ. આર. જી. ભટ્ટ | ગેરહાજર |
| ૨૩. | પ્રિ. એ. એમ. પટેલ | હાજર |
| ૨૪. | ડૉ. સુમન જી. શાહ | ગેરહાજર |
| ૨૫. | પ્રો. એસ. બી. વોરા | ગેરહાજર |
| ૨૬. | શ્રી આર. એચ. વ્યાસ | હાજર |
| ૨૭. | પ્રો. જે. સી. ત્રિવેદી | હાજર |
| ૨૮. | પ્રિ. એમ. એમ. દેસાઈ | ગેરહાજર |
| ૨૯. | ડૉ. કેતન દેસાઈ | ગેરહાજર |
| ૩૦. | પ્રો. આર. એન. શુક્લ | હાજર |
| ૩૧. | ડૉ. અંજનાબહેન દેસાઈ | હાજર |
| ૩૨. | ડૉ. જે. બી. શાહ | ગેરહાજર |
| ૩૩. | શ્રીમતી મીરાબહેન ડી. મેનન | ગેરહાજર |
| ૩૪. | પ્રો. એન. કે. પાઠક | હાજર. |

સભાની શરૂઆતમાં આંકડાશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિના ચેરમેનના રૂએ ડો. બી. બી. જાનીના જગ્યાએ પ્રિ. એ. એમ. પટેલની ઍકેડેમિક કાઉન્સિલ પર નિયુક્તી થતાં સભાગૃહે તેઓશ્રીનું અભિવાદન કર્યું હતું.

**૧. (૧) તા. ૧૫-૩-૨૦૦૧ (૨) તા. ૧૮-૬-૨૦૦૧ (૩) તા. ૬-૭-૨૦૦૧ (૪) તા. ૨૫-૭-૨૦૦૧ ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની સભાઓની નોંધ મંજૂર કરવા બાબત.**

(૧) તા. ૧૫-૩-૨૦૦૧ (૨) તા. ૧૮-૬-૨૦૦૧ (૩) તા. ૬-૭-૨૦૦૧ (૪) તા. ૨૫-૭-૨૦૦૧ ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની સભાઓની નોંધ નીચેનાં સુધારાવધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) તા. ૧૫-૩-૨૦૦૧ની સભાની નોંધનાં પાના ક્રમાંક ૮ બાબત ક્રમાંક ૯ના ઠરાવની બીજી લીટીમાં "જૂન ૨૦૦૧થી તેનો અમલ કરવો" ના બદલે "જૂન ૨૦૦૧થી ક્રમશ: તેનો અમલ કરવો" વાંચવું.

(૨) તા. ૬-૭-૨૦૦૧ની સભાની નોંધમાં પ્રમુખશ્રીની પરવાનગીથી બાબત ક્રમાંક ૪ તરીકે મુકાયેલ નીચેની બાબત અને તે પરત્વે થયેલ ઠરાવ શરત ચુકથી લેવાનો રહી ગયેલ છે તે ઉમેરવાનું રાખવું.

"બાબત ક્રમાંક ૪ યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યપદેથી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ રાજીનામું આપેલ હોઈ માધ્યમિક શિક્ષણ બોર્ડ પર હવે ઍકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિની નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઉપરોક્ત બાબતે સભાગૃહમાંથી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ શ્રી જગદીશભાઈ ભાવસારનું નામ સૂચવતાં અને પ્રિ. ડી. એમ. શીખે ટેકો આપતા સભાગૃહે સર્વાનુમતે ઍકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે શ્રી જગદીશભાઈ ભાવસારને માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર નિયુક્ત કરવાનું ઠરાવ્યું."

દરમિયાન સભાગૃહે માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર નિયુક્ત થવા બદલ શ્રી જગદીશભાઈ ભાવસારને અભિનંદન પાઠવ્યા હતા.

**૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેના કાર્યો (જાણ સારૂ) :**

૨ (૧). વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩૦-૬-૨૦૦૧ની સભાની કાર્યવાહીની નોંધ (મિનિટ્સ)ની ભલામણો મંજૂર કર્યાનું અને તેના અનુસંધાને અભ્યાસક્રમો સહિતની બાબતો સંલગ્ન કોલેજોને પરિપત્રિત કર્યાનું;

(**નોંધ** : વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩૦-૬-૨૦૦૧ની સભાની નોંધ (મિનિટ્સ) આ સાથે **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે.)

૨ (૨). આંકડાશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિના ચેરમેન પ્રો. બી. બી. જાનીએ આ અભ્યાસસમિતિનાં ચેરમેન પદેથી રાજીનામું આપ્યું હોઈ તેઓનાં સ્થાને સદરહુ અભ્યાસસમિતિએ પ્રિ. એ. એમ. પટેલને ચેરમેન તરીકે નિયુક્તસકર્યાનું તેમજ પ્રિ. એ. એમ. પટેલ સદરહુ અભ્યાસસમિતિનાં ચેરમેન હોવાને નાતે યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧)(૬) અન્વયે ઍકેડેમિક કાઉન્સિલ પર નિયુક્ત થયા અંગે પરિપત્રિત કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૨(૧) અને ૨(૨)નાં કાર્યોની નોંધ લેવી.

**૩. વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી નવી કૉલેજો શરૂ કરવા અંગે સંસ્થાઓના જોડાણ પરત્વે નીડ સમિતિની તા. ૧-૮-૨૦૦૧ તથા તા. ૩-૮-૨૦૦૧ના રોજ મળેલ સભાની આ સાથેના પરિશિષ્ટમાંની ભલામણો અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૭-૮-૨૦૦૧ની સભામાં ચર્ચાવિચારણા કરી અને જોઈતપાસીને ઍકેડેમિક કાઉન્સિલને પોતાનો અભિપ્રાય આપવા ઠરાવ થયેલો છે તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સદરહુ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.)

"જૂન, ૨૦૦૧માં ધોરણ-૧૨ની પરીક્ષામાં અગાઉનાં વર્ષો કરતાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમ કે જૂન, ૨૦૦૦ કરતાં ૭૦,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહમાં અને ૭,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં આ વર્ષે પાસ થયા છે, તેના પરિણામે ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા અમદાવાદ અને અન્ય જિલ્લાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થયા છે, તેથી પ્રવેશ માટે વિદ્યાર્થીઓની માંગ અને જરૂરિયાત ઊભી થઈ છે. વર્ષોવર્ષ વિદ્યાર્થી સંખ્યામાં વધારો થવાનું વલણ સ્થાપિત થયું છે.

૧૯૯૯માં પણ જ્યારે અગાઉના વર્ષ કરતાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થયા ત્યારે બી.સી.એ., બી.બી.એ. તેમજ કૉમર્સ વિદ્યાશાખા જેવી પંદર જેટલી નવી કૉલેજોની મંજૂરી યુનિવર્સિટીએ તાકિદના ધોરણે આપી હતી. આ કૉલેજોની તાતી જરૂરિયાત હતા એ બાબત એ હકીકતથી સાબિત થાય છે કે, સદરહુ પંદર કૉલેજો શરૂ થયા પછી પણ આજે ૨૦૦૧માં વિદ્યાર્થી પ્રવેશની સમસ્યા છે અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની પ્રવેશ માટેની માંગ અને નવી સંસ્થાઓની જરૂરિયાત ઉપસ્થિત થઈ છે.

આ માંગને જોતાં અને નવી કૉલેજો શરૂ કરવા માગણી કરનાર સંસ્થાઓની મોટી સંખ્યા જોતાં કયા

વિસ્તારમાં નવી કૉલેજો માટેની જરૂરિયાત છે તે નક્કી કરવા માટે ભૌગોલિક-સ્થાનિક વિસ્તારની વસ્તુલક્ષી માપદંડ યુનિવર્સિટી માટે અનિવાર્ય બની જાય છે.

યુનિવર્સિટી ધારાની જોગવાઈ પ્રમાણે નવી કૉલેજ માટેની દરખાસ્ત પર વિચારણા કરવા અને સ્થાનિક વિસ્તારની (Need in the locality) જે તે વિસ્તારની હાલની સુવિધાઓ અને નવી કૉલેજની આવશ્યકતા ચકાસવાની રહે છે.

આ વિચારણામાં જે તે વિસ્તારમાં આજુબાજુમાં કે નજીકમાં (in the neighbourhood) આ જ પ્રકારનું શિક્ષણ આપતી અન્ય સંસ્થાઓની સુવિધા અસ્તિત્વમાં છે કે કેમ તે ધ્યાનમાં લઈ, જે તે સ્થાનિક વિસ્તારના નવી કૉલેજ માટેની પાત્રતા (suitability of the locality) વિચારવાની રહે છે.

હાલ સ્થિતિ એવી છે કે, અમદાવાદ શહેરના નદીની પશ્ચિમ તરફના વિસ્તારોમાં અને ખાસ કરીને એલિસબ્રીજ, નવરંગપુરા, આશ્રમ રોડ, ઉસ્માનપુરા અને યુનિવર્સિટીની આજુબાજુના વસ્ત્રાપુર સહિતના વિસ્તારોમાં ૫૦ જેટલી કૉલેજો આવેલી છે, તેવા શહેરના પૂર્વ વિસ્તારમાં કૉલેજોનું પ્રમાણ નહિવત્ છે. આ વિસ્તારો જેવા કે સરદારનગર, બાપુનગર, ઓઢવ, નરોડા, સરસપુર, અસારવા, ગિરધરનગર, શાહીબાગ વગેરેમાં લાખોની વસ્તી અને સેંકડો શાળાઓની સામે કૉલેજો નથી. તે જ રીતે ઘોડાસર, ઈસનપુર અને મણિનગર જેવા વિસ્તારોમાં અપવાદરૂપ ત્રણ કૉલેજો (એક કૉમર્સ, એક આર્ટ્સ અને એક સાયન્સ) અસ્તિત્વમાં છે.

એ જ રીતે શહેરના પશ્ચિમ વિસ્તારમાં પણ ઘાટલોડિયા, ભૂયંગદેવ, સોલા રોડ, નારણપુરા જેવા વિસ્તારોમાં કૉલેજોના સુવિધાઓ નથી.

આ માટેનાં ઐતિહાસિક કારણો જણાય છે અને તેથી એક પ્રકારની ભૌગોલિક રીતે શૈક્ષણિક અને સામાજિક અસમતુલા ઊભી થઈ છે. એક બાજુ કૉલેજોની ગીચતા અને તે કૉલેજોમાં વિદ્યાર્થી સંખ્યાની ગીચતાના વિકટ પ્રશ્નો ઊભા થયા છે. જ્યારે બીજી તરફ વધુ મોટા અને ઘણી મોટી સંખ્યા ધરાવતા વિસ્તારો ઉચ્ચ શિક્ષણની સુવિધાઓથી વંચિત છે.

આ જ રીતે અમદાવાદ શહેર સિવાયના અન્ય જિલ્લાઓમાં પણ કેટલાંક કેન્દ્રો પર કૉલેજોના સંકુલોનું અને મોટી વિદ્યાર્થી સંખ્યાનું કેન્દ્રીયકરણ થયું છે, જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અન્ય સ્થળોએ ઉચ્ચ શિક્ષણના વૈવિધ્યના અભાવને કારણે આવી જ અસમતુલા સર્જાઈ છે.

આ સંજોગોમાં આ સમિતિનો અભિપ્રાય છે કે યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ની જોગવાઈ, તેનું હાર્દ અને તેનો ઉદ્દેશ જોતાં, જે તે સ્થાનિક વિસ્તારની જરૂરિયાત અને પડોશમાં (neighbourhood) આવેલી વર્તમાન સુવિધાઓના સંદર્ભમાં નવી કૉલેજો માટે જરૂરિયાત અંગે વિચારણા કરવી જોઈએ અને નિર્ણય કરવો જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના વિશ્લેષણ, અવલોકનો અને અભિપ્રાય સાથે આ સભાગૃહ સંમત છે.

ત્યાર બાદ દરેક દરખાસ્તની વ્યક્તિગત વિચારણા હાથ ધરવામાં આવી.

**૧. એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ સંસ્થાએ બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો ડ્રાઇવ-ઇન-રોડ, સનરાઇઝ પાર્ક વિસ્તારમાં સ્થાપવા માટે અરજીઓ કરી છે.

આ સંસ્થાની નજીકમાં લગભગ એક કિલોમીટર વિસ્તાર (વસ્ત્રાપુર)માં જ બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો આવેલી છે અને ત્રણથી પાંચ કિલોમીટરના વિસ્તારમાં બી.બી.એ. અને બી.સી.એ.ની બીજી આઠ કૉલેજો આવેલી છે તે જોતાં, આ સ્થળે બી.બી.એ. કે બી.સી.એ.ની નવી કૉલેજોની જરૂરિયાત નથી.

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલના કેટલાક સભ્યશ્રીઓનું સૂચન :**

સદરહુ ટ્રસ્ટની બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજ ડ્રાઈવ-ઈન રોડ, સનરાઈઝ પાર્ક વિસ્તારમાં સ્થાપવા અંગેની અરજીઓના સંદર્ભમાં નીડ સમિતિએ બી.બી.એ. અને બી.સી.એ.ની વર્તમાન કૉલેજોના વિસ્તાર અંગે ઉલ્લેખ કર્યો છે તે અંગેના અંતર અને નામો સંબંધી વિગતો ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

(ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.બી.એ. અને બી.સી.એ. કૉલેજોનો દર્શાવેલ વિસ્તાર ટેકનિકલી વસ્ત્રાપુર અને થલતેજ વિસ્તારની બોર્ડર ઉપર છે એટલે તેની નજીકમાં જ વસ્ત્રાપુરમાં એલ. જે.ની બી.બી.એ. તેમજ બી.સી.એ.ની કૉલેજો આવેલી છે અને પાંચ કિલોમીટરના વિસ્તારમાં જોઈએ તો બીજી આઠ કૉલેજો (અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની બે કૉલેજ, સોમલલિતની બે કૉલેજ, જી.એલ.એસ.ની બે કૉલેજ, બ્રહ્મચારી વાડીની એક કૉલેજ અને નવગુજરાતની એક કૉલેજ) આવેલી છે. સૂચન પર વિચારણા કરીને સૂચનની નોંધ લેવામાં આવી.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.બી.એ. અને બી.સી.એ. કૉલેજોની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**દરમિયાન આજરોજ 'શહીદદિન' હોવાથી ૧૧-૦૦ કલાકે દિવંગત શહીદોના માનમાં સભાગૃહે બે મિનિટનું મૌન પાળ્યું હતું, તે પછી સભાની કાર્યવાહી આગળ ચાલી હતી.**

**૨. સોનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ :**

આ ટ્રસ્ટે ચાંગોદર ખાતે બી.બી.એ. અને બી.સી.એ.ની નવી કૉલેજો શરૂ કરવા અરજીઓ કરી છે. ટ્રસ્ટે જે વિસ્તાર અને સ્થળે કૉલેજ શરૂ કરવા માગણી કરી છે અને તેમની અરજીમાં દર્શાવ્યા પ્રમાણે તેમજ તારીખ ૩૧-૫-૨૦૦૧ના રોજ કરેલ રૂબરૂ રજૂઆત જોતા જે ઔદ્યોગિક વિસ્તારમાં કૉલેજ શરૂ કરવા માગે છે તે વિસ્તાર અને તેની આજુબાજુની પરિસ્થિતિ જોતાં કૉલેજ શરૂ કરવા માટે આ સ્થળ યોગ્ય જણાતુ નથી એટલે suitability of the localityની દૃષ્ટિએ ત્યાં કૉલેજની જરૂરિયાત સ્વીકારી શકાય તેમ નથી.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સોનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.બી.એ. અને બી.સી.એ. કૉલેજોના જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૩. શ્રીમતી સુગનાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બી.બી.એ., બી.સી.એ. અને સેલ્ફ ફાઇનાન્સ (Self Finance) કૉમર્સ કૉલેજ શરૂ કરવા અરજીઓ કરી છે. આ ટ્રસ્ટ ઠક્કરબાપા નગર, નારોલ હાઈવે પર આ કૉલેજો શરૂ કરવા માગે છે. નરોડા-નારોલ અને તેની આજુબાજુના વિશાળ વિસ્તારમાં હાલ બી.બી.એ., બી.સી.એ.ની કૉલેજો નથી. ઘોડાસરમાં એક કૉમર્સ કૉલેજ છે. બાપુનગર વિસ્તારમાં એક કૉમર્સ કૉલેજ શરૂ કરવા યુનિવર્સિટીએ ગત વર્ષે મંજૂરી આપી હતી જે શરૂ થઈ નથી અને ચાલુ વર્ષે તેની અરજી હાલ વિચારણામાં છે. નરોડા રોડ વિસ્તારમાં અન્ય સંસ્થાની બી.સી.એ. કૉલેજ માટેની અરજી છે જે વિચારણામાં છે.

આ વિગતોના સંદર્ભમાં અને સુગનાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીએ ત્રણમાંથી કોઈપણ એક કૉલેજ શરૂ કરવા માટેની યુનિવર્સિટી સમક્ષ રજૂઆત કરેલી છે તે જોતાં અને સમગ્ર પૂર્વ-પરા વિસ્તારમાં બી.બી.એ.ની એકપણ કૉલેજ નથી અને તે અંગેની અન્ય કોઈ અરજી પણ નથી તે જોતાં આ ટ્રસ્ટની બી.બી.એ.ની કૉલેજ માટેની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સુગનાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.બી.એ., બી.સી.એ. અને સેલ્ફ ફાઈનાન્સ કૉમર્સ કૉલેજમાંથી બી.બી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૪. લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, ઉસ્માનપુરા, અમદાવાદ :**

આ ટ્રસ્ટે ઉસ્માનપુરા વિસ્તારમાં બી.સી.એ. અને સેલ્ફ ફાઇનાન્સ કૉમર્સ કૉલેજો શરૂ કરવા અરજીઓ કરી છે. અમદાવાદના ઉસ્માનપુરા વિસ્તારમાં ત્રણ કૉમર્સ કૉલેજો અને બી.સી.એ. કૉલેજ હાલ અસ્તિત્વમાં છે અને આ ઉસ્માનપુરા વિસ્તારની પડોશમાં આશ્રમરોડ, નવરંગપુરા અને એલિસબ્રિજ વિસ્તારોમાં વીસ ઉપરાંત કૉલેજો આવેલી છે તે જોતા, આ વિસ્તારમાં નવી કૉમર્સ કે બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, ઉસ્માનપુરા, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. અને સેલ્ફ ફાઈનાન્સ કૉમર્સ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૫. કે. કે. શાહ જરોદવાલા સાયન્સ કૉલેજ, રામબાગ, મણીનગર, અમદાવાદ :**

આ સંસ્થાએ તેમની બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટેની અરજીના સંદર્ભમાં યુનિવર્સિટીને જણાવ્યું છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માગતા નથી, તેની નોંધ લેવામાં આવે.

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની નોંધ લેવી."

**૬. શ્રી રામ વિદ્યાવર્ધક ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી હતી. ટ્રસ્ટે યુનિવર્સિટીને તેમની આ અરજી રદ ગણવા જણાવ્યું છે, તે બાબતની નોંધ લેવામાં આવે.

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની નોંધ લેવી."

**૭. મેઘદૂત એજ્યુકેશન ટ્રસ્ટ, ઘોડાસર, અમદાવાદ :**

આ ટ્રસ્ટે ઘોડાસર વિસ્તારમાં બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. મણિનગર, ઇસનપુર-ઘોડાસર જેવા વિશાળ વિસ્તારમાં પથરાયેલ લગભગ પાંચ લાખની વસ્તીમાં બી.સી.એ.ની કોઈ કૉલેજ નથી. આ સમગ્ર વિસ્તારની વસ્તી, સ્કુલોની સંખ્યા અને પ્રોફેશનલ કોર્સ માટેની માંગને જોતાં, આ સ્થળે બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, મેઘદૂત એજ્યુકેશન ટ્રસ્ટ,

ઘોડાસર, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૮. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ :**

આ ટ્રસ્ટે સોમેશ્વરપાર્ક, ગુલાબટાવર નજીક બી.સી.એ. કૉલેજ શરૂ કરવા અરજી કરી છે, આ વિસ્તારની પડોશના વિસ્તારો સોલા, ભૂયંગદેવ, ઘાટલોડિયા, નારણપુરા સહિતના આ પરા વિસ્તારમાં બી.સી.એ.ની એક પણ કૉલેજ નથી, અંદાજે ત્રણ લાખ ઉપરાંતની વસ્તીવાળા આ વિસ્તારોમાં સ્કુલોની સંખ્યા વગેરે જોતાં અને ત્યાં એક માત્ર બી.એડ.ની કૉલેજ છે તે ધ્યાનમાં લેતાં અને બી.સી.એ. જેવા પ્રોફેશનલ કોર્સ માટેની માગ જોતાં અહીં બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૯. શ્રી સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો શરૂ કરવા અરજીઓ કરેલી છે, આ ટ્રસ્ટે યુનિવર્સિટીને જણાવ્યું છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી આ કૉલેજો શરૂ કરવા માગતા નથી તેની નોંધ લેવામાં આવે.

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની નોંધ લેવી."

**૧૦. લોકજાગૃતિ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બોડકદેવ, જજીસ બંગલા પાસે, સરખેજ-ગાંધીનગર હાઈવે પર કૉમર્સ કૉલેજ સેલ્ફ-ફાઇનાન્સના ધોરણે શરૂ કરવા અરજી કરી છે, કૉમર્સ કૉલેજોમાં પ્રવેશ માટેની વિદ્યાર્થીઓની માગ જોતા અને સરખેજ-ગાંધીનગર હાઈવે વિસ્તારમાં અમદાવાદ શહેર તરફની બાજુએ સેટેલાઈટ રોડથી ઘાટલોડિયા સુધીના વિશાળ વિસ્તારમાં કોઈ કૉમર્સ કૉલેજ નથી, હાઈવેથી પશ્ચિમ તરફથી થલતેજ, આંબલીરોડ, બોપલ વગેરેનો વિસ્તાર પણ ઘણો વિકાસ પામ્યો છે. આ વિસ્તારની વસ્તી તેમજ આ વિસ્તારમાં આવેલી શાળાઓની સંખ્યા જોતાં, આ વિસ્તારમાં કૉલેજોની તાતી જરૂરિયાત છે તેથી અહીં કૉમર્સ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

આ ટ્રસ્ટે સેલ્ફ ફાઈનાન્સ કૉમર્સ કૉલેજનું સ્થળ ઈન્ફોટેક ટાવર, સરખેજ-ગાંધીનગર હાઈવે દર્શાવેલ છે. પરંતુ તેના સ્થળ અંગેની બાબતે ચોકસાઈ બાબત સૂચન થતાં તે સંબંધી વિગતો ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

(ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા માગણી કરવામાં આવેલ નવી સેલ્ફ ફાઈનાન્સ કૉમર્સ કૉલેજ માટેના સ્થળના અગાઉ આપેલા વિકલ્પો પાછા ખેંચીને છેલ્લે કરેલ રજૂઆત પ્રમાણે સદરહુ કૉલેજનું સ્થળ ઈન્ફોટેક ટાવર, સરખેજ-ગાંધીનગર હાઈવે રાખવાના છે.)

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, લોકજાગૃતિ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી કૉમર્સ સેલ્ફ ફાઈનાન્સ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૧૧. ન્યુ સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે નરોડા રોડ વિસ્તારમાં બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા અરજી કરી છે, નરોડા, રખીયાલ, સરસપુર જેવા વિસ્તારોને આવરી લેતાં શહેરના આ વિભાગમાં પાંચ લાખ ઉપરાંતની વસ્તી છે, તે ઉપરાંત સમગ્ર પૂર્વ-પરા વિસ્તારમાં બી.સી.એ.ની એકપણ કૉલેજ નથી, આ વિસ્તારની વસ્તી, સ્કૂલોની મોટી સંખ્યા અને બી.સી.એ. કૉલેજની સુવિધાના અભાવમાં આ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, ન્યુ સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ, દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે એવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૧૨. શિવમ્ એજ્યુકેશન ટ્રસ્ટ, કાલોલ :**

આ ટ્રસ્ટે કાલોલ શહેરના સીમાડે બી.સી.એ. અને બી.બી.એ.ની કૉલેજો શરૂ કરવા અરજીઓ કરી છે, કાલોલ પંચમહાલ જિલ્લામાં આવેલ છે, આખા પંચમહાલ જિલ્લામાં અને તેની બાજુના દાહોદ જિલ્લામાં બી.સી.એ. અને બી.બી.એ. અભ્યાસક્રમની ક્યાંય પણ સુવિધા નથી, આ જિલ્લાઓનો વિશાળ વિસ્તાર, મોટી વસ્તી અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિશાળ સંખ્યા જોતાં તેમને માટે વિનયન-વાણિજ્ય અને વિજ્ઞાનની કૉલેજો છે, પરંતુ પ્રોફેશનલ અભ્યાસક્રમ માટેની માગ જોતાં અને ટ્રસ્ટે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટેની તેની પ્રાથમિકતા દર્શાવી છે તે જોતાં આ સ્થળે બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, શિવમ્ એજ્યુકેશન ટ્રસ્ટ, કાલોલ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. અને બી.બી.એ. કૉલેજોમાંથી બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે એવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૧૩. ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર :**

આ ટ્રસ્ટે બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો ગાંધીનગરમાં શરૂ કરવા અરજીઓ કરી છે. ટ્રસ્ટે યુનિવર્સિટીને જાણ કરી છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી આ કૉલેજો તેઓ શરૂ કરવા માગતા નથી. તેની નોંધ લેવામાં આવે.

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની નોંધ લેવી."

**૧૪. સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર :**

આ ટ્રસ્ટે ગાંધીનગરમાં બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. ગાંધીનગરમાં હાલ બી.સી.એ. અને બી.બી.એ.ની કૉલેજો આવેલી છે. આ ટ્રસ્ટે જે સ્થળે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માગણી કરી છે તેની નજીકમાં-પડોશમાં હાલની બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો છે તેમજ ગાંધીનગરમાં બી.બી.એ. બી.સી.એ.ની તેમજ કૉમર્સ વિદ્યાશાખાની વિદ્યાર્થીઓની માગના પ્રમાણમાં પૂરતી સુવિધાઓ સ્નાતક કક્ષાએ હોઈ આ બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ.ની કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૧૫. ગાયત્રી કેળવણી મંડળ, મહેમદાવાદ :**

આ ટ્રસ્ટે મહેમદાવાદ ખાતે બી.પી.ઈ. અભ્યાસક્રમ તેમજ યોગના ડિપ્લોમા અભ્યાસક્રમની કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ધોરણ બાર પછીનો ત્રણ વર્ષનો બી.પી.ઈ. અભ્યાસક્રમ તેમજ યોગનો ડિપ્લોમાં અભ્યાસક્રમ ચલાવતી એકપણ કૉલેજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર વિસ્તારમાં નથી. યુનિવર્સિટી સાથે આવી કોઈપણ કૉલેજ સંલગ્ન નથી અને આ અભ્યાસક્રમ કરેલાં વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં તેમજ વ્યાયામની રમતગમતની સંસ્થાઓમાં નોકરીની તકો જોતાં, આ અભ્યાસક્રમની કૉલેજ શરૂ કરવાની આવશ્યક્તા છે તેથી આ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, ગાત્રી કેળવણી મંડળ, મહેમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ બી.પી.ઈ. અભ્યાસક્રમ તેમજ યોગના ડિપ્લોમા અભ્યાસક્રમની કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે, તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૧૬. શ્રી બાલાજી ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, વાસદ :**

આ ટ્રસ્ટે વાસદ ખાતે બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. વાસદ, આણંદ જિલ્લામાં આવેલ હાઈ-વે પરનું મથક છે. આખા આણંદ જિલ્લામાં બી.સી.એ.ની ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એક પણ કૉલેજ નથી. આ જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા જોતાં તેમજ બી.સી.એ. સિવાયની અન્ય અભ્યાસક્રમોના કૉલેજોની સુવિધાની સામે બી.સી.એ.ની સુવિધાનો અભાવ જોતાં આ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, શ્રી બાલાજી ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, વાસદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે, તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૧૭. નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ :**

આ ટ્રસ્ટે નડિયાદમાં બી.સી.એ. કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ટ્રસ્ટ જે વિસ્તારમાં કૉલેજ શરૂ કરવા માગે છે તે જ વિસ્તારમાં પાડોશમાં જ બી.સી.એ.ની કૉલેજ આવેલી છે તે જોતાં આ વિસ્તારમાં એટલે કે નડિયાદમાં બી.સી.એ.ની નવી કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલના કેટલાક સભ્યશ્રીઓનું સૂચન :**

ભૌગોલિક દૃષ્ટિએ ખેડા જિલ્લાનું નડિયાદ મુખ્ય મથક છે, તે ઉપરાંત ખેડા જિલ્લાની વસ્તીની દૃષ્ટિએ નડિયાદ મોટું શહેર છે. નડિયાદ શહેરમાંની બી.સી.એ. કૉલેજ ધર્મસિંહ દેસાઈ ડીમ્ડ યુનિવર્સિટી સાથે સંલગ્ન છે તેમજ ખેડા જિલ્લામાં ખાસ કરીને નડિયાદમાં ઉચ્ચતર માધ્યમિક શાળાની સ્કૂલોની સંખ્યા વધુ છે અને ધોરણ ૧૨નું ઉત્તીર્ણ વિદ્યાર્થીઓનું પરિણામ ઉત્તરોત્તર વધતું ગયું છે તેમજ બાર લાખની વિશાળ વસ્તીનું પ્રમાણ જેવી વિગતો પણ એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

(ઉપરોક્ત સોસાયટી દ્વારા નડિયાદ ખાતે માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની નજીકમાં જ

બી.સી.એ. કૉલેજ આવેલી છે. સૂચનની વિચારણા કરી સૂચનની નોંધ લેવામાં આવી.)

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૧૮. સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પીપલિયા, તા. વાઘોડિયા, જિ. વડોદરા :**

આ ટ્રસ્ટે વડોદરા જિલ્લામાં પીપલિયા ખાતે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. આખા વડોદરા જિલ્લામાં બી.સી.એ.ની એકપણ કૉલેજ નથી. વડોદરા જિલ્લાની વસ્તી, ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા તેમજ જિલ્લામાં ઉદ્યોગોના થયેલા વિકાસના સંદર્ભમાં બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પીપલિયા દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૧૯. કે. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, પીપલિયા, વડોદરા :**

આ ટ્રસ્ટે પિપલીયા ખાતે ફિઝિયોથેરાપીની કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ફિઝિયોથેરાપી અભ્યાસક્રમની હાલ ઘણી માગ છે. આ અભ્યાસક્રમ કરેલા વિદ્યાર્થીઓને નોકરીની તેમજ સેલ્ફ એમ્પ્લોયમેન્ટની ઘણી તકો છે. યુનિવર્સિટી સંલગ્ન ફિઝિયોથેરાપીની માત્ર બે કૉલેજો છે અને બન્ને અમદાવાદમાં છે તેથી વડોદરા જિલ્લામાં આ વિસ્તારમાં આ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, કે. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, પીપલિયા દ્વારા માગણી કરવામાં આવેલ નવી ફિઝિયોથેરાપીની કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે. તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૨૦. કપડવંજ કેળવણી મંડળ, કપડવંજ :**

આ ટ્રસ્ટે ખેડા જિલ્લામાં કપડવંજમાં બી.સી.એ. કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ખેડા જિલ્લામાં યુનિવર્સિટી સંલગ્ન એકપણ બી.સી.એ. કૉલેજ નથી. સમગ્ર જિલ્લાની વસ્તી, સ્કૂલોની સંખ્યા અને અન્ય અભ્યાસક્રમોની અનેક કૉલેજો સુવિધાની સામે બી.સી.એ.ની સગવડોનો સદંતર અભાવ જોતાં આ બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, કપડવંજ કેળવણી મંડળ, કપડવંજ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૨૧. સાધુ વાસવાણી મિશન, સરદારનગર ટાઉનશીપ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે અમદાવાદમાં સરદારનગર ખાતે કૉમર્સ કૉલેજ (બહેનો માટેની)ની અરજી કરી છે. તેમણે સેલ્ફ-ફાઇનાન્સના ધોરણે કૉલેજ ચલાવવા માગણી કરી છે. સરદારનગર ટાઉનશીપ અને તેની આજુબાજુનો કુબેરનગરનો સમગ્ર વિસ્તાર વિશાળ વસ્તીને આવરી લેતો હોવા છતાં ત્યાં એકપણ કૉલેજ નથી અને ખાસ કરીને આ વિસ્તારની બહેનો માટે ઉચ્ચશિક્ષણની તકો રૂંધાઈ જાય છે તે જોતાં, બહેનો માટેની આ સેલ્ફફાઇનાન્સ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સાધુ વાસવાણી મિશન દ્વારા માગણી કરવામાં આવેલ સેલ્ફ ફાઈનાન્સ બહેનો માટેની કૉમર્સ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૨૨. સરદાર પટેલ વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બહેનોની કૉમર્સ કૉલેજ, બાપુનગર ખાતે શરૂ કરવા અરજી કરી છે અને સેલ્ફ ફાઇનાન્સના ધોરણે કૉલેજ શરૂ કરવા માગણી કરી છે. બાપુનગર એક વિશાળ વિસ્તારમાં છે. અને મોટી જનસંખ્યા ધરાવે છે. ઉપરાંત તેની આજુબાજુના પડોસના વિસ્તારોમાં પણ વિશાળ જનસમુદાય વસે છે. બાપુનગર અને તેની પડોશમાં આ વિસ્તરેલા વિભાગની વસ્તી, શાળાઓની મોટી સંખ્યા અને તેની સામે ઉચ્ચશિક્ષણની સુવિધાનો અભાવ નોંધપાત્ર છે. તેમાં પણ ખાસ કરીને બહેનોની ઉચ્ચશિક્ષણની તકો રૂંધાઈ જાય છે તે જોતાં, બહેનો માટેની આ સેલ્ફ ફાઇનાન્સ કૉલેજ માટેની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સરદાર પટેલ વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી સેલ્ફ ફાઈનાન્સ બહેનોની કૉમર્સ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૨૩. સેંટ ઝેવિયર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ :**

આ સંસ્થાએ બી.સી.એ.ની કૉલેજ અમદાવાદમાં નવરંગપુરામાં શરૂ કરવા અરજી કરી છે. આ સંસ્થા જે વિસ્તારમાં બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા માગે છે તે વિસ્તારમાં તદ્દન નજીકમાં-પડોશમાં બી.સી.એ.ની બે સંસ્થાઓ આવેલી છે. ઉપરાંત બેથી ત્રણ કિલોમીટરના વિસ્તારમાં બીજી ત્રણ બી.સી.એ. કૉલેજો આવેલી છે. એકંદરે નવરંગપુરા, એલિસબ્રિજ વિસ્તારોમાં ખૂબ મોટી સંખ્યામાં બી.સી.એ. સહિતની કૉલેજો કેન્દ્રીત થયેલી છે. હકીકતમાં આ વિસ્તારમાં નવી કૉલેજની જરૂરિયાતના બદલે કૉલેજોની ગીચતાનો અને તે કૉલેજોમાં વિદ્યાર્થીઓની ગીચતાનો પ્રશ્ન વિકટ બન્યો છે, તે જોતાં, આ કૉલેજની આ વિસ્તારમાં જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૨૪. સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર :**

આ ટ્રસ્ટે ગાંધીનગરમાં એમ.સી.એ. અભ્યાસક્રમ શરૂ કરવા અરજી કરી છે, એમ.સી.એ. અભ્યાસક્રમમાં ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં અને ગાંધીનગરમાં મર્યાદિત સુવિધાઓ છે, એકંદરે ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યોની સરખામણીમાં એમ.સી.એ.ની સુવિધા મર્યાદિત છે, આ અભ્યાસક્રમ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હી તરફથી મંજુરી મળી છે, તે જોતાં એમ.સી.એ.ના આ અભ્યાસક્રમની અને તેની સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર દ્વારા માગણી કરવામાં આવેલ નવી એમ.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૨૫. સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે એમ.સી.એ.ના અભ્યાસક્રમની સંસ્થા સ્થાપવા અરજી કરી છે, એમ.સી.એ.ના અભ્યાસક્રમની સુવિધા બીજા રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં ઓછી છે અને આ અભ્યાસક્રમ માટેની વિદ્યાર્થીઓની માગ ઘણાં વિપુલ પ્રમાણમાં રહે છે, આ અભ્યાસક્રમ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન તરફથી ટ્રસ્ટને મંજુરી મળી છે, તે જોતાં, એમ.સી.એ. અભ્યાસક્રમની અને તે માટેની આ સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી એમ.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૨૬. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉ-ઑપરેટિવ મેનેજમેન્ટ, ગાંધીનગર :**

આ સંસ્થાએ ગાંધીનગર ખાતે એમ.સી.એ. અભ્યાસક્રમ માટેની સંસ્થા શરૂ કરવા અરજી કરી છે, ગુજરાતમાં અને ગાંધીનગરમાં આ અભ્યાસક્રમ માટેની મર્યાદિત સગવડો જોતાં અને અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં આ અભ્યાસક્રમની સુવિધા ઘણી ઓછી છે, તેથી તે માટેની વિદ્યાર્થીઓની વિશેષ માગ રહે છે, આ અભ્યાસક્રમ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હી તરફથી મંજુરી મળી છે, તે જોતાં, આ અભ્યાસક્રમની અને તેને માટેની આ સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉ-ઑપરેટિવ મૅનેજમેન્ટ, ગાંધીનગર દ્વારા માગણી કરવામાં આવેલ નવી એમ.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૨૭. શ્રી અખિલ આંજણા કેળવણી ટ્રસ્ટ મંડળ, ગાંધીનગર :**

આ મંડળે ગાંધીનગરમાં એમ.સી.એ.નો અભ્યાસક્રમ શરૂ કરવા માટેની સંસ્થાની માગણી કરી છે, બીજાં રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં એમ.સી.એ.ના અભ્યાસક્રમની તકો મર્યાદિત છે અને તેથી વિદ્યાર્થીઓના આ કોર્સ માટેની માગ ઘણી તીવ્ર રહે છે, ગુજરાતમાં અને ગાંધીનગરમાં આ અભ્યાસક્રમની એકંદરે ઉપલબ્ધ સુવિધાઓ

જોતાં, આ અભ્યાસક્રમની અને તેને માટેની સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ દ્વારા માગણી કરવામાં આવેલ નવી એમ.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૨૮. લોકજાગૃતિ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે એમ.બી.એ.ના અભ્યાસક્રમ માટેની સંસ્થા શરૂ કરવા અરજી કરી છે. બીજાં રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં એમ.બી.એ.ના અભ્યાસક્રમની સગવડ ખૂબજ મર્યાદિત છે અને તેની સામે આ અભ્યાસક્રમ માટેની માગ વિદ્યાર્થીઓમાં ઘણી તીવ્ર છે. ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હીના આ અભ્યાસક્રમ માટેની મંજુરી આ ટ્રસ્ટને મળી છે. તે જોતાં આ અભ્યાસક્રમ માટેની અને તે અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, લોકજાગૃતિ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી એમ.બી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૨૯. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ :**

આ કૉલેજ અનુસ્નાતક કક્ષાના ત્રણ અભ્યાસક્રમો : (૧) એમ.ઈ. ટ્રાન્સપોર્ટેશન એન્જિનિયરિંગ (૨) એમ.ઈ. એન્વાયરમેન્ટલ મેનેજમેન્ટ (૩) એમ.ઈ. ઇલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન સિસ્ટમ શરૂ કરવા માટે અરજી કરી છે. ગુજરાતમાં આ પ્રકારના અભ્યાસક્રમોની સુવિધા નહીંવત છે અને બી.ઈ. પાસ થયેલા વિદ્યાર્થીઓ તેમજ નોકરીમાં હોય તેવા શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષાના આ અભ્યાસક્રમોની ખુબજ તાતી જરૂરિયાત છે. ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હી તરફથી આ ત્રણે અભ્યાસક્રમો માટે કૉલેજને મંજુરી મળી છે તે જોતાં આ અભ્યાસક્રમો માટેની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ અનુસ્નાતક કક્ષાના ત્રણ નવા અભ્યાસક્રમો (૧) એમ.ઈ. : ટ્રાન્સપોર્ટેશન એન્જિનિયરિંગ (૨) એમ.ઈ. : એન્વાયરોનમેન્ટ મૅનેજમેન્ટ (૩) એમ.ઈ. : ઇલેક્ટ્રોનિક્સ અને કૉમ્યુનિકેશન સિસ્ટમ અભ્યાસક્રમોની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૩૦. ચંપાબહેન ભગત ટ્રસ્ટ :**

આ ટ્રસ્ટે બી.એસસી. ફાયરનો અભ્યાસક્રમ શરૂ કરવા અરજી કરી છે. ભારતભરમાં આવો અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓની એક બાજુએ બહુ જરૂર છે તો બીજી બાજુએ આવી સંસ્થાઓ જુદા જુદા રાજ્યોમાં હોવી જોઈએ એમ અમે માનીએ છીએ. ગુજરાતમાં આવો અભ્યાસક્રમ ચલાવતી એકપણ સંસ્થા નથી તેથી આવો અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે ચંપાબેન ભગત ટ્રસ્ટ દ્વારા માગણી કરવામાં આવેલ બી.એસસી. ફાયરના અભ્યાસક્રમની કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**૪. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૯-૬-૨૦૦૧ના રોજ મળેલ સભામાં થયેલ ઠરાવ નં. ૨ અનુસાર એમ.ઈ. ઇલેક્ટ્રિકલનાં સેમેસ્ટર-૨નાં અભ્યાસક્રમમાં થયેલ સુધારો જૂન,૨૦૦૧થી અમલમાં મૂકવા થયેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.**

(તા. ૧૯-૬-૨૦૦૧ની ઇજનેરી વિદ્યાશાખાની મિનિટ્સ તથા એમ.ઈ. ઇલેક્ટ્રિકલનાં સેમેસ્ટર-૨નાં સુધારેલો અભ્યાસક્રમ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે)

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૯-૬-૨૦૦૧ની સભામાં થયેલ ઠરાવ નં. ૨ સ્વીકારવો અને એમ.ઈ. ઇલેક્ટ્રિકલના સેમેસ્ટર-૨નાં અભ્યાસક્રમમાં થયેલ સુધારો જૂન, ૨૦૦૧થી અમલમાં મૂકવો.

**૫. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૯-૬-૨૦૦૧ની સભામાં થયેલ ઠરાવ નં. ૪ અનુસાર એન્જિનિયરિંગ વિદ્યાશાખામાં રેગ્યુલર-૧૦ (જંપીંગપ્રથા) રદ કરવા થયેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.**

(નોંધ : તા. ૧૯-૬-૨૦૦૧ની ઇજનેરી વિદ્યાશાખાની મિનિટ્સ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત ઇજનેરી વિદ્યાશાખા સમક્ષ પુન: વિચારણા માટે રજૂ કરવાનું રાખવું.

**૬. ગૃહવિજ્ઞાન અભ્યાસસમિતિની તા. ૧૫-૩-૨૦૦૧ની સભામાં એમ.એ. ભાગ-૧ (ગૃહવિજ્ઞાન)નાં અભ્યાસક્રમમાં જૂન, ૨૦૦૧થી સુધારો (Revised) કરવા આવેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.**

(ગૃહવિજ્ઞાન અભ્યાસસમિતિની તા. ૧૫-૩-૨૦૦૧ની સભાની મિનિટ્સ અને એમ.એ. ભાગ-૧નો સુધારેલો અભ્યાસક્રમ **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગૃહવિજ્ઞાન અભ્યાસસમિતિની તા. ૧૫-૩-૨૦૦૧ની સભામાં એમ.એ. ભાગ-૧ (ગૃહવિજ્ઞાન)નાં અભ્યાસક્રમમાં જૂન, ૨૦૦૧થી સુધારો કરવા કરેલ ભલામણ ક્રમાંક ૧ સ્વીકારવી અને તદ્નુસાર સુધારેલ અભ્યાસક્રમ જૂન, ૨૦૦૧થી અમલમાં મૂકવો.

ઉપરોક્ત સમિતિએ કરેલ અન્ય ભલામણો ક્રમાંક ૨, ૩, ૪ અને ૫ વિનયન વિદ્યાશાખાને રીફર કરવાનું ઠરાવવામાં આવ્યું.

**૭. આ ક્રમાંક ઉપરની બાબત રદ કરવી.**

**૮. બી. જે. મેડિકલ કૉલેજ અને એન.એચ.એલ. મ્યુનિસિપલ કૉલેજ અંગે તા. ૧૭-૧૨-૨૦૦૦નાં રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં તા. ૧૦-૧૨-૨૦૦૦ની એકેડેમિક કાઉન્સિલે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરેલ નીચેની ભલામણો રીફરબેક કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.**

ક્રમાંક ૧ મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા અને યુનિવર્સિટીના નિયમોનુસાર જરૂરી શિક્ષકગણની તેમજ બિનશિક્ષકગણની નિમણૂક કરવામાં આવે.

ક્રમાંક ૧૨ યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકોના પગારધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું અને પ્રો. ફંડનો તથા ગ્રેજ્યુઇટીનો લાભ આપવામાં આવે.

(નોંધ : તા. ૧૭-૧૨-૨૦૦૦ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં બા. ક. ૪૩/૪૪થી ઉપરોક્ત બે બાબતો સિવાય જોડાણ આપવા અંગેની અન્ય બાબતો મંજૂર કરી છે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ ભલામણો નીચે પ્રમાણે વંચાય તેમજ તે રીતે સ્વીકારવી.

ક્રમાંક ૧ : મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના નિયમોનુસાર જરૂરી શિક્ષકગણની તેમજ બિનશિક્ષકગણની નિમણૂક કરવામાં આવે.

ક્રમાંક ૧૨ : મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા/રાજ્ય સરકારશ્રીના ધારાધોરણ મુજબ શિક્ષકોના પગારધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડાં ભથ્થું અને પ્રો. ફંડના તથા ગ્રેચ્યુઇટીનો લાભ આપવામાં આવે.

**૯. તા. ૧૦-૧૨-૨૦૦૦ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલમાં મુલતવી રહેલ નીચેની બાબત અંગે વિચારણા કરવા બાબત.** (એ.કા.બા.ક. ૧૯).

"સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગરની જૂન, ૧૯૯૮થી જોડાણ મેળવવાની આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર કૉલેજે કરેલ શરતોના પરિપાલન અંગેની વિગતો તેઓના પત્ર તા. ૧/૨-૧-૨૦૦૧થી કરેલી છે, તે પરત્વે વિચારણા કરવા બાબત."

[નોંધ : (૧) સદરહુ એકેડેમિક કાઉન્સિલમાં નીચે મુજબ ઠરાવ થયો હતો :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો હેવાલ મોકલીને કૉલેજ પાસેથી શરતોના પરિપાલનની પૂર્તતા મેળવવી અને એકેડેમિક કાઉન્સિલને સંતોષ ના થાય ત્યાં સુધી જોડાણ અરજીની બાબત મુલતવી રાખવી."

(૨) કૉલેજે ક્ષતિ પૂર્તતા કરી છે, જેનો હેવાલ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.,

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે સરકારી કૉલેજોની ઊણપો અંગેની સમિતિને સોંપવાનું રાખવું.

**૧૦. ગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ (સાંજની), અમદાવાદની ૧૯૯૮-૯૯ના વર્ષે જોડાણ મળેલ નથી, તે અંગે યુનિવર્સિટીએ નિયુક્ત કરેલ સમિતિએ આપેલ હેવાલ મુજબ જે શરતોનું પાલન કરવા જણાવેલ હતું તેમાં વ્યાખ્યાતાઓની ખૂટતી નિમણૂકોમાં ૪ વ્યાખ્યાતાઓની નિમણૂક કરેલ છે, તે જોતાં વાણિજ્ય વિદ્યાશાખા માટે કુલ છ વ્યાખ્યાતાઓ કામ કરે છે. વળી ટૂંક સમયમાં જાહેર સેવા આયોગ દ્વારા નિમણૂક કરાશે તેથી નિમણૂકો અંગેની ઊણપ દૂર થાય છે તેથી જોડાણ આપવા અંગે સદરહુ કૉલેજના પત્ર અંગે વિચારણા કરવા બાબત.**

[નોંધ : (૧) એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૧૨-૨૦૦૦ની સભામાં બા. ક. ૨૫થી ક્ષતિપૂર્તતાની જાણ ન થાય ત્યાં સુધી જોડાણની બાબત મુલતવી રાખવા ઠરાવેલ છે.

(૨) સદરહુ કૉલેજના પત્ર **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે સરકારી કૉલેજોની ઊણપો અંગેની નિયુક્ત થયેલી સમિતિને સોંપવાનું રાખવું.

**૧૧. આર. સી. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને ૧૯૯૯-૨૦૦૦નાં વર્ષના જોડાણ મળેલ નથી, તે અંગે યુનિવર્સિટીએ નિયુક્ત કરેલ સમિતિએ આપેલ હેવાલ મુજબ (૧) શરતોનું પાલન કરવા જણાવેલ હતું, તે શરતો પૈકી વ્યાખ્યાતાઓની જગ્યાઓ ભરેલ છે, (૨) લાઇબ્રેરી માટે રૂપિયા ૧ લાખ પુસ્તકોનો અને બીજા ૧ લાખ ફર્નિચર ઇત્યાદિ સરકાર ફાળવશે અને (૩) ભૌતિક સુવિધાઓ જેમ કે બેન્ચિસ, પંખા ઇત્યાદિ સુવિધા ઉપલબ્ધ કરી છે તે મુજબની ક્ષતિપૂર્તતા અંગે કૉલેજે કરેલ તા. ૧-૧-૨૦૦૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

[નોંધ : (૧) ઍકેડેમિક કાઉન્સિલ તા. ૧૦-૧૨-૨૦૦૦ની સભામાં બાબત ક્રમાંક ૨૫થી ક્ષતિપૂર્તતાની જાણ ન થાય ત્યાં સુધી જોડાણની બાબત મુલતવી રાખવા ઠરાવેલ છે.

(૨) કૉલેજનો તા. ૧-૧-૨૦૦૧નો પત્ર **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે સરકારી કૉલેજોના ઉણપો અંગેના નિયુક્ત થયેલી સમિતિને સોંપવાનું રાખવું.ફ

**૧૨. તા. ૧૦-૧૨-૨૦૦૦ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલમાં મુલતવી રહેલ નીચેની બાબત અંગે વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક્ર. ૧૯).**

"સરકારી ઇજનેરી કૉલેજ, ભૂજને જૂન, ૧૯૯૮થી જોડાણ મેળવવાની આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર કરેલ શરતોના પરિપાલન પર પાલનની ચકાસણી માટે નિયુક્ત થયેલ સમિતિના હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત."

[નોંધ : (૧) સદરહુ ઍકેડેમિક કાઉન્સિલમાં નીચે મુજબ ઠરાવ થયો હતો :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો હેવાલ મોકલીને કૉલેજ પાસેથી શરતોના પરિપાલનની પૂર્તતા મેળવવી અને ઍકેડેમિક કાઉન્સિલને સંતોષ ના થાય ત્યાં સુધી જોડાણ અરજીની બાબત મુલતવી રાખવી."

(૨) કૉલેજે ક્ષતિ પૂર્તતા કરી છે, જેનો હેવાલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત હાલ મુલતવી રાખવી.

**૧૩. જૂન, ૨૦૦૦થી ડી. એચ. પટેલ આર્ટ્સ કૉલેજ ઍન્ડ એસ. એસ. પટેલ કૉમર્સ કૉલેજ, ઓડની બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, સમાજશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત; બી.એ. (ગાણ)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, સ્ટેટેસ્ટિકલ મેથડ્સ; બી.કૉમ. (મુખ્ય)માં એડ.એકા. ઍન્ડ ઓડિટિંગ; બી.કૉમ. (ગૌણ) સ્ટેટેસ્ટિક્સ ઍન્ડ એસ.પી., કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઓપરેશનના વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(નોંધ : અગાઉ સ્થાનિક તપાસમિતિ નિયુક્ત કરેલ હતી, તેનો તા. ૧૨-૧૦-૨૦૦૦નો હેવાલ ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૨-૧૦-૨૦૦૦ની સભામાં વિચારણા માટે મૂકેલો હતો, જે પરત્વે વિચારણા કરી હેવાલ આપવા પુનઃ એક સ્થાનિક તપાસસમિતિ નિયુક્ત કરેલ હતી સદરહુ તા. ૧૯-૨-૨૦૦૧નો તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૨-૧૦-૨૦૦૦ની સ્થાનિક તપાસસમિતિના હેવાલના સંદર્ભમાં તારીખ ૨૨-૧૦-૨૦૦૦ની ઍકેડેમિક કાઉન્સિલમાં નિયુક્ત થયેલ સ્થાનિક તપાસસમિતિનો તા. ૧૯-૨-૨૦૦૧નો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને પરિપાલન માટે મોકલી આપવી જેમાં દર્શાવેલ શરતોનુ તારીખ ૧૫-૯-૨૦૦૧ સુધીમાં પરિપાલન કરવામાં આવે તે શરતે આ કૉલેજને તા ૧૫-૬-૨૦૦૦થી તા. ૧૪-૬-૨૦૦૧ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**૧૪. ગુજરાત કૉલેજ, નાટ્યવિદ્યા વિભાગ, અમદાવાદમાં જૂન, ૧૯૯૯થી નાટ્ય વિભાગનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકેલ શરતોના પરિપાલનના હેવાલ પર ચકાસણી સમિતિએ આપેલ હેવાલ પર વિચારણા કરવા બાબત.**

(ચકાસણી સમિતિનો તા. ૫-૩-૨૦૦૧નો હેવાલ **પરિશિષ્ટ "૧૦"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હેવાલની પૂર્તતા સ્થળ પર જઈને આ સમિતિ કરવાનું રાખે અને હેવાલ આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

**૧૫. પટેલ જે. બી. આર. આર્ટ્સ પટેલ એ. એમ. રૂદેલવાલા કૉમર્સ અને જે. ડી. કે. સાયન્સ કૉલેજ, બોરસદની ૨૦૦૧થી બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ; બી.એસસી. (ગૌણ)માં કોમ્પ્યુટર સાયન્સ, બી.કૉમ. (ગૌણ)માં કોમ્પ્યુટર ઇન બિઝનેસ ઓપરેશનના વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસગિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૧૧"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને પરિપાલન માટે મોકલી આપવો જેમાં દર્શાવેલ શરતોનુ તા ૧૫-૯-૨૦૦૧ સુધીમાં પરિપાલન કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને તા ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**૧૬. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદની જૂન, ૨૦૦૦થી બેઝિક બી.એસસી. (નર્સિંગ)ના વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૧૨"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને પરિપાલન માટે મોકલી આપવો જેમાં દર્શાવેલ શરતોનુ તા ૧૫-૯-૨૦૦૧ સુધીમાં પરિપાલન કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને તા ૧૫-૬-૨૦૦૦થી તા. ૧૪-૬-૨૦૦૧ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**૧૭. જૂન, ૨૦૦૧-૨૦૦૨થી બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદની વિદ્યાર્થી સંખ્યા વધારવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૧૩"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને પરિપાલન માટે મોકલી આપવો જેમાં દર્શાવેલ શરતોનુ તા ૧૫-૯-૨૦૦૧ સુધીમાં પરિપાલન કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને જૂન, ૨૦૦૧થી જૂન, ૨૦૦૨ના વર્ષનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**૧૮. જૂન, ૨૦૦૧થી સ્કૂલ ઑફ ફિઝિયોથેરાપી, પેરાપ્લેજિયા હૉસ્પિટલ, અમદાવાદની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૧૪"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને પરિપાલન માટે મોકલી આપવો જેમાં દર્શાવેલ શરતોનુ તા ૧૫-૯-૨૦૦૧ સુધીમાં પરિપાલન કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને જૂન, ૨૦૦૧થી જૂન, ૨૦૦૨ના વર્ષનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**૧૯. સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર તરફથી જૂન, ૨૦૦૧થી ડી.ટી.પી./ડી.એલ.પી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિના હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.**

[નોંધ : (૧) સમિતિએ લો કૉલેજના મકાનમાં જ સદરહુ અભ્યાસક્રમો શીખવવા માટે ભલામણ કરી છે.
(૨) સાંજના સમયે જ સદરહુ વર્ગો ચલાવવા ભલામણ કરેલી છે.
(૩) સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૧૫"** તરીકે સામેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત મુલત્વી રાખવી.

**૨૦. સોમલલિત કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની જૂન, ૨૦૦૧થી પ્રથમ, દ્વિતીય વર્ષ બી.કૉમ. (સેલ્ફ ફાઇનાન્સ) ચાલુ અને થર્ડ બી.કૉમ. (સેલ્ફ ફાઇનાન્સ)નું નવું જોડાણ આપવા માટેની અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૧૬"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને પરિપાલન માટે મોકલી આપવી. જેમાં દર્શાવેલ શરતોનું તા. ૧૫-૯-૨૦૦૧ સુધીમાં પરિપાલન કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને પ્રથમ અને દ્વિતીય વર્ષનું ચાલુ અને તૃતિય વર્ષ વાણિજ્યનું (નવું) સેલ્ફ ફાઇનાન્સ ધોરણે તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**૨૧. ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.કૉમ., ફર્સ્ટ બી.એસસી. તથા થર્ડ બી.એ., થર્ડ બી.કૉમ. તથા થર્ડ બી.એસસી. પરીક્ષા એપ્રિલ, ૨૦૦૧માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓ કે જેઓના આંતરિક ગુણાંકન નથી તેઓ હવે પછી એપ્રિલ, ૨૦૦૨માં લેવાનાર ઉપરોક્ત પરીક્ષામાં બેસે ત્યારે તેઓના આંતરિક ગુણ ગણવા, આંતરિક કસોટી કૉલેજે કઈ રીતે લેવી ઉપરાંત જે વિદ્યાર્થીઓનાં પ્રેક્ટિકલ કેરીફોરવર્ડ કરવાના થાય છે તેવા વિદ્યાર્થીઓ કે જેમના આંતરિક ગુણાંકન નથી તેમના આંતરિક ગુણ હવે પછી કઈ રીતે ગણવા તેની વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે એપ્રિલ, ૨૦૦૧માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત પરીક્ષાઓમાંથી ઑક્ટોબર, ૨૦૦૧માં લેવાતી પરીક્ષાઓ એપ્રિલ, ૨૦૦૧માં લીધેલ પરીક્ષાઓ માટે નક્કી કરેલા ધોરણો અનુસાર જ લેવાનું રાખવું અને એપ્રિલ, ૨૦૦૨માં લેવાનાર પરીક્ષાઓ માટે સમગ્ર પાસાઓની વિચારણા કરીને હેવાલ આપવા નીચેના સભ્યશ્રીઓની કમિટી નીમવી :

(૧) ઉપકુલપતિશ્રી
(૨) ડીનશ્રી, આર્ટ્સ ફેકલ્ટી
(૩) ડીનશ્રી, કૉમર્સ ફેકલ્ટી અને
(૪) ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

**૨૨. પ્રથમ વર્ષ બી.બી.એ.ના પેપર ગ્રોથ ઍન્ડ સ્ટ્રક્ચર ઑફ ઇન્ડસ્ટ્રીઝનાં અભ્યાસક્રમમાં નીચેનાં ચાર ઉદ્યોગો જૂન, ૨૦૦૧થી ભણાવવા માટે આવેલ એડહોક અભ્યાસસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.**

(૧) કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ

(૨) ડેરી ઇન્ડસ્ટ્રીઝ

(૩) સુગર ઇન્ડસ્ટ્રીઝ

(૪) આયર્ન ઍન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ.

(ઉપરોક્ત સમિતિની ભલામણો **પરિશિષ્ટ "૧૭"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સમિતિની ભલામણ સ્વીકારવી અને તદ્નુસાર ઉપરોક્ત ઉદ્યોગો શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટે ભણાવવાની મંજૂરી આપવી.

**૨૩. શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત મહિલા આટ્‌ર્સ કૉલેજ, ગાંધીનગરની જૂન, ૧૯૯૯થી બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતી; બી.એ. (ગૌણ)માં સંસ્કૃત, ગુજરાતીના વિષયો શીખવવા માટે આવેલ જોડાણ અરજી પરત્વે નીમેલ સ્થાનિક તપાસસમિતિ તેના હેવાલમાં દર્શાવેલ ક્ષતિઓની પૂર્તતા કરતો સદરહુ કૉલેજ તરફથી આવેલ તા. ૫-૫-૨૦૦૧ના પત્ર પર પરિપાલન ચકાસણી સમિતિના હેવાલ અંગે વિચારણા કરવા બાબત.**

[નોંધ : (૧) તા. ૧૦-૧૨-૨૦૦૦ની ઍકેડેમિક કાઉન્સિલની સભાએ સ્થાનિક તપાસસમિતિના હેવાલમાં દર્શાવેલ ક્ષતિઓની પૂર્તતા કરીને યુનિવર્સિટીને જાણ કરવા ઠરાવવામાં આવ્યું હતું.

(૨) સ્થાનિક તપાસસમિતિના હેવાલમાં દર્શાવેલ ક્ષતિઓની પૂર્તતા કરતો કૉલેજ તરફથી આવેલ તા. ૫-૫-૨૦૦૧ના પત્રની નકલ **પરિશિષ્ટ "૧૮"** તરીકે સામેલ છે.

(૩) પરિપાલન ચકાસણી સમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૧૯"** તરીકે સામેલ છે.ઝ

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત પરિપાલન ચકાસણી સમિતિનો હેવાલ સ્વીકારવો અને તદનુસાર સદરહુ કૉલેજને તા ૧૫-૬-૧૯૯૯થી તા. ૧૪-૬-૨૦૦૧ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**૨૪. પીએચ.ડી. ઇન બાયોમેડિકલ ટેકનોલોજી અંગે ઝૂલોજી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી તથા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કીડની ડીસીઝ ઍન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ વચ્ચે માનનીય કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ મેમોરેન્ડમ ઑફ અન્ડર સ્ટેન્ડિંગ પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત તબીબી વિદ્યાશાખાને રીફર કરવાનું રાખવું.

**૨૫. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ ખાતે ચાલતો ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન બેચલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.)નો અભ્યાસક્રમ, ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદને ડીમ્ડ યુનિવર્સિટીનો દર્જો પ્રાપ્ત થતાં, સદરહુ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.બી.એ.ના અભ્યાસક્રમને ડિમ્ડ યુનિવર્સિટીના નેજા હેઠળ લઈ જવા ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી તરફથી આવેલ રજૂઆત પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ ખાતે ચલાવવામાં આવતો ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બેચલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.)ના અભ્યાસક્રમને ક્રમશ: (શૈક્ષણિક વર્ષ ૨૦૦૧થી પ્રથમ વર્ષ બી.બી.એ. ૨૦૦૨થી દ્વિતીય વર્ષ બી.બી.એ. અને ૨૦૦૩થી તૃતીય વર્ષ (બી.બી.એ.) ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, ડિમ્ડ યુનિવર્સિટી, નડિયાદના નેજા હેઠળ લઈ જવા મંજૂરી આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**૨૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારૂં) :**

૨૬ (૧). થર્ડ બી.એસસી. (સ્પે.) પરીક્ષા, એપ્રિલ, ૨૦૦૧નું પરિણામ તા. ૨૭-૬-૨૦૦૧નાં રોજ જાહેર કરવામાં આવેલ હતું અને આ પરિણામની ટકાવારી ૭૩.૮૪ ટકા જાહેર કરવામાં આવેલ હતી. આ અંગે થર્ડ બી.એસસી. કેમિસ્ટ્રી વિષયના વિદ્યાર્થીઓ તરફથી યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી સમક્ષ થર્ડ બી.એસસી. કેમિસ્ટ્રીનું પરિણામ નબળું હોવાની રજૂઆત થયેલી હતી જે અંગે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી કમિટીએ આપેલ હેવાલના સંદર્ભમાં કુલપતિશ્રીએ થર્ડ બી.એસસી. કેમિસ્ટ્રી વિષયના વિદ્યાર્થીઓનું પુન:મૂલ્યાંકન (રી-એસેસમેન્ટ) હાલમાં બે પેપરના બદલે ત્રણ પેપરમાં કરવાનું મંજૂર કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પુરું થયું. હતું.

નં. ઍકે. કાઉ./ ૧૦૪૮૭ /૨૦૦૧ — **સતીષચન્દ્ર અં. ભટ્ટ**

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, — કાર્યકારી કુલસચિવ

અમદાવાદ-૯ તા. ૨૧-૮-૨૦૦૧

## પરિશિષ્ટ "૧"

કામકાજ ક્રમાંક ૨ (૧)

વાણિજ્ય વિદ્યાશાખાની સભા તા. ૩૦-૬-૨૦૦૧ના રોજ બપોરે ૧-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

| | | |
|---|---|---|
| ૧. | પ્રિ. ડી. એમ. શીખ | હાજર |
| ૨. | પ્રો. એસ. બી. વોરા | ગેરહાજર |
| ૩. | પ્રો. બી. એચ. દેસાઈ | હાજર |
| ૪. | પ્રો. જે. સી. ત્રિવેદી | હાજર |
| ૫. | શ્રી આર. એચ. વ્યાસ | હાજર |
| ૬. | ડૉ. સરલા અચ્યુતન | ગેરહાજર |
| ૭. | પ્રો. ગોપાલ ક્રિશ્નન | ગેરહાજર |
| ૮. | ડૉ. એસ. સી. બ્રહ્મભટ્ટ | ગેરહાજર |
| ૯. | શ્રી કે. વી. પાટીદાર | ગેરહાજર |
| ૧૦. | શ્રી અમૃતલાલ સી. શાહ | હાજર |
| ૧૧. | શ્રી દિનેશ ચંદુલા શાહ | ગેરહાજર |
| ૧૨. | શ્રી જયંતિભાઈ એસ. પ્રજાપતિ | હાજર |
| ૧૩. | શ્રી દેવેન્દ્રસિંહ બી. સોલંકી | ગેરહાજર |
| ૧૪. | શ્રી જશવંત એચ. ઠક્કર | ગેરહાજર |
| ૧૫. | શ્રી એન. ડી. શાહ | ગેરહાજર |
| ૧૬. | પ્રિ. અંબારામ એમ. પટેલ | હાજર |
| ૧૭. | પ્રિ. કે. એસ. ગાંધી | હાજર |
| ૧૮. | પ્રિ. પી. ડી. પંડ્યા | ગેરહાજર |
| ૧૯. | પ્રિ. કે. જી. પટેલ | હાજર |
| ૨૦. | પ્રિ. એસ. એ. પટેલ | હાજર |
| ૨૧. | પ્રિ. પી. સી. ઉપાધ્યાય | હાજર |
| ૨૨. | પ્રિ. એચ. ડી. શીખ | ગેરહાજર |
| ૨૩. | શ્રી જી. એસ. શાહ | ગેરહાજર |
| ૨૪. | શ્રી એલ. એમ. પટેલ | ગેરહાજર |
| ૨૫. | શ્રી એસ. કે. શાહ | હાજર |
| ૨૬. | શ્રી કે. આર. પટેલ | ગેરહાજર |
| ૨૭. | શ્રી એમ. એચ. શાહ | હાજર |

સભાનું પ્રમુખસ્થાન વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રી પ્રિ. ડી. એમ. શીખે સંભાળ્યું હતું.

લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબના કામકાજનો નિકાલ કરવામાં આવ્યો હતો.

૧. તા. ૧૭-૬-૨૦૦૧ અને તા. ૧૮-૬-૨૦૦૧ના રોજ મળેલ બી.સી.એ. એડહોક સમિતિની સભાએ ઘડી કાઢેલ અને મંજૂર કરેલ (આ સાથેના પરિશિષ્ટ મુજબ) તૃતિય વર્ષ બી.સી.એ.ના અભ્યાસક્રમો અને તેના નિયમો વિદ્યાશાખાની સભાએ સર્વાનુમતે સ્વીકાર્યા અને જૂન, ૨૦૦૧થી અમલ કરવા ભલામણ કરવામાં આવી.

૨. કૉમર્સ વિષયની અભ્યાસસમિતિની તા. ૧-૬-૨૦૦૧ની સભાએ મંજૂર કરેલા પ્રથમ-દ્વિતિય વર્ષ બી.કૉમ.ના સી.સી. અને બિઝનેશ કૉમ્યુનિકેશનના પાઠ્ય પુસ્તકની યાદી આ સાથેના પરિશિષ્ટ મુજબ મંજૂર કરવામાં આવી.

૩. બિઝનેશ મૅનેજમેન્ટની અભ્યાસસમિતિએ તેની તા. ૧૮-૬-૨૦૦૧ની સભામાં એમ.કૉમ. ભાગ-૨ના માર્કેટિંગ મૅનેજમેન્ટ વિષયના પેપરમાં સેક્શન-૨ના યુનિટ-૨ના એ, બી, સી અને ડી ઈન્ડસ્ટ્રીયલ માર્કેટિંગને લગતો ભાગ રદ કરવા કરેલી ભલામણ સ્વીકારવામાં આવી. આ અંગેનો સુધારેલો અભ્યાસક્રમ આ સાથેપરિશિષ્ટ તરીકે સામેલ છે.

૪. એમ.ફીલ. માટે ડેઝર્ટેશન (લઘુશોધ નિબંધ) તૈયાર કરી સુપ્રત કરવા માટે હાલમાં જે સમય મર્યાદા નિયત કરવામાં આવી છે તે કોઈ પણ સંજોગોમાં લંબાવી આપવી જોઈએ નહીં. તેવી ભલામણ કરવામાં આવે છે.

૫. વાણિજ્ય વિદ્યાશાખાનો પ્રથમ-દ્વિતિય અને તૃતિય વર્ષ બી.કૉમ.નો કૉમ્પ્યુટર એપ્લિકેશનનો વોકેશનલ અભ્યાસક્રમ આ સાથેના પરિશિષ્ટ મુજબ જૂન, ૨૦૦૧થી અમલી બને તે રીતે સુધારવામાં આવ્યો.

૬. બિઝનેશ મૅનેજમેન્ટની અભ્યાસસમિતિએ તેની તા. ૧૮-૬-૨૦૦૧ની સભામાં એમ.ફીલ. (કૉમર્સ)માં બિઝનેશ મૅનેજમેન્ટ વિષયનો સુધારેલો અને મંજૂર કરેલો અભ્યાસક્રમ આ સાથેના પરિશિષ્ટ મુજબ મંજૂર કરવામાં આવ્યો.

૭. એમ.ફીલ. (કૉમર્સ)માં એકાઉન્ટન્સી વિષયના અભ્યાસક્રમ અંગે આ સાથેના પરિશિષ્ટ મુજબ જૂન, ૨૦૦૧થી અમલી બને તે રીતે સુધારવા માટે આ વિષયની તા. ૮-૬-૨૦૦૧ની ભલામણો સર્વાનુમતે સ્વીકારવામાં આવી.

૮. બી.બી.એ.ના સ્નાતકોને એમ.કૉમ. ભાગ-૧માં કૉસ્ટિંગ વિષયમાં પ્રવેશ આપવા અંગે આવેલ દરખાસ્તના સંદર્ભમાં બી.બી.એ.માં ઓછામાં ઓછો દ્વિતિય વર્ગ (સેકન્ડ ક્લાસ) હોય તો એમ.કૉમ. ભાગ-૧માં કૉસ્ટિંગ વિષયમાં પ્રવેશપાત્ર ગણવા માટે ભલામણ કરવામાં આવી.

એલ. જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશનના અધ્યક્ષના તા. ૨૭-૬-૨૦૦૦ના પત્રના અનુસંધાનમાં રાજ્ય પરીક્ષા બોર્ડની કૉમર્સ વિષયની ડિપ્લોમા પરીક્ષાઓ પસાર કરનાર વિદ્યાર્થીઓને જેમ દ્વિતિય વર્ષ બી.કૉમ. માટે પ્રવેશપાત્ર ગણવામાં આવે છે તે રીતે સદરહુ ડિપ્લોમા પરીક્ષાઓ પસાર કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષ બી.બી.એ. માટે પ્રવેશપાત્ર ગણવા આવેલ અરજીના સંદર્ભમાં સદરહુ વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષ બી.બી.એ.માં પ્રવેશપાત્ર ગણી શકાય નહીં. તેમ ઠરાવવામાં આવ્યું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

સહી

અધ્યક્ષ

## પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૩

શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી નવી કૉલેજો શરૂ કરવા માટે સાથેના પરિશિષ્ટ મુજબની સંસ્થાઓ તરફથી કરવામાં આવેલ અરજીઓ પરત્વે નિયુક્ત કરવામાં આવેલ નીડ સમિતિની સભા બુધવાર તા. ૧-૮-૨૦૦૧ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે અને શુક્રવાર તા. ૩-૮-૨૦૦૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જે બંને દિવસો દરમિયાન સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યનું નામ | તા. ૧-૮-૨૦૦૧ | તા. ૩-૮-૨૦૦૧ |
|---|---|---|---|
| ૧. | પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૨. | ડૉ. એમ. એન. દેસાઈ | હાજર | હાજર |
| ૩. | ડૉ. એચ. એમ. દેસાઈ | ગેરહાજર | હાજર |
| ૪. | પ્રિ. ડી. એમ. શીખ | હાજર | હાજર |
| ૫. | શ્રી નરહરિભાઈ પરીખ | ગેરહાજર | ગેરહાજર |
| ૬. | ડૉ. સી. એ. દેસાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૭. | પ્રો. કે. જી. મહેતા | હાજર | હાજર |
| ૮. | પ્રિ. જે. એન. પંડ્યા | હાજર | હાજર |
| ૯. | પ્રિ. વાડીભાઈ પટેલ | હાજર | હાજર |
| ૧૦. | શ્રી દામુભાઈ પંચાસરા | હાજર | હાજર |
| ૧૧. | શ્રી જગદીશભાઈ ભાવસાર | હાજર | હાજર |
| ૧૨. | શ્રી બી. જે. પંડ્યા | હાજર | હાજર. |

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન પ્રિ. ડી. એમ. શીખે સંભાળ્યું હતું.

તા. ૧-૮-૨૦૦૧ના રોજ નવી કૉલેજ માટે જે તે સંસ્થા (ટ્રસ્ટ)ને તેમની નવી કૉલેજોનાં નીડ પરત્વેના વિગતો સહિત રૂબરૂ ઉપસ્થિત રહેવા જણાવેલું, તે મુજબ જે સંસ્થાઓ તરફથી તેમના પ્રતિનિધિઓ વિગતો સહિત તારીખ ૧-૮-૨૦૦૧ના રોજ રૂબરૂ નીડ કમિટી સમક્ષ ઉપસ્થિત રહીને રજૂઆતો કરેલી જે નીડ કમિટીએ સાંભળી હતી.

ત્યાર બાદ તા. ૩-૮-૨૦૦૧ના રોજ નીડ કમિટીની સભા યુનિવર્સિટી કાર્યાલયમાં બપોરના ૧૨-૦૦ વાગ્યે મળી હતી. સદરહુ સભા દરમિયાન ચેરમેનશ્રી તરફથી બે સંસ્થાઓ (૧) સોનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ અને (૨) સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન ટ્રસ્ટના પ્રતિનિધિઓ અંગે પૃચ્છા કરતાં રજિસ્ટ્રારશ્રીએ સભાગૃહ સમક્ષ જણાવેલું કે સોનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ ઉપસ્થિત રહેલ નથી તેમજ સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન ટ્રસ્ટ તરફથી આવેલ પત્ર તા. ૩-૮-૨૦૦૧ રજિસ્ટ્રારશ્રીએ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો, જેમાં સદરહુ સંસ્થાએ બી.બી.એ. તેમજ બી.સી.એ. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી જે અરજીઓ કરેલી છે તે અરજીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માટે વિચારણામાં લેવા વિનંતી કરેલી. સદરહુ બાબતમાં સભ્યશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન ટ્રસ્ટ તરફથી આવેલ પત્ર તા. ૩-૮-૨૦૦૧ની નકલની માગણી કરતો પત્ર રજિસ્ટ્રારશ્રીને આપ્યો, જે રજિસ્ટ્રારશ્રીએ ચેરમેનશ્રીની પરવાનગીથી કુલપતિશ્રી સમક્ષ ઘટિત આદેશ માટે મૂક્યો.

ત્યાર બાદલ ડૉ. એમ. એન. દેસાઈ તરફથી માગણી કરવામાં આવી કે નવી કૉલેજો અંગેની નીડ કમિટીના સભામાં નીડ અંગે નિર્ણય કરવા માટે સ્થળ ઉપર જવુ અને ચકાસણી કરવી અને તેઓની આ માગણી સ્વીકારો છો કે કેમ તેમ પૃચ્છા કરતાં ચેરમેનશ્રીએ જણાવ્યું કે તેઓશ્રીની આ માગણી યુનિવર્સિટી ધારાની જોગવાઈઓ તેમજ કલમો-પેટા કલમો સાથે સુસંગત ન હોઈ સ્વીકારી શકાય નહીં. તે પછી સભ્યશ્રી ડૉ. એમ. એન. દેસાઈ તેમજ શ્રી વાડીભાઈ પટેલ સભા ત્યાગ કર્યો હતો.

તે પછી લંબાણ પૂર્વક ચર્ચાવિચારણાને અંતે સંસ્થાઓએ તેમની અરજી અને તેના અનુસંધાનમાં રજૂ કરેલ લેખિત માહિતી/રજૂઆત તેમજ તા. ૧-૮-૨૦૦૧ના રોજ કરેલી રૂબરૂ રજૂઆત પર પૂરતી અને ઊંડી વિચારણા કર્યા બાદ નવી કૉલેજો અંગે નીડ (જરૂરિયાત) નક્કી કરવા અંગે નીચે મુજબ વિચારણા કરીને ઠરાવો કરવામાં આવ્યાં :

જૂન, ૨૦૦૧માં ધોરણ બારની પરીક્ષામાં અગાઉના વર્ષો કરતા ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમ કે જૂન, ૨૦૦૦ કરતાં ૭૦,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહમાં અને ૭,૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં આ વર્ષે પાસ થયા છે, તેના પરિણામે ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળ આવતાં અમદાવાદ અને અન્ય જિલ્લાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થયા છે તેથી પ્રવેશ માટે વિદ્યાર્થીઓની માગ અને જરૂરિયાત ઊભી થઈ છે. વર્ષો વર્ષ વિદ્યાર્થી સંખ્યામાં વધારો થવાનું વલણ સ્થાપિત થયું છે.

૧૯૯૯માં પણ જ્યારે અગાઉના વર્ષ કરતાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થયા ત્યારે બી.સી.એ., બી.બી.એ. તેમજ કૉમર્સ વિદ્યાશાખા જેવી પંદર જેટલી નવી કૉલેજોની મંજૂરી યુનિવર્સિટીએ તાકિદના ધોરણે આપી હતી. આ કૉલેજોની તાતી જરૂરિયાત હતી એ બાબત એ હકીકતથી સાબિત થાય છે કે સદરહુ પંદર કૉલેજો શરૂ થયા પછી પણ આજે ૨૦૦૧માં વિદ્યાર્થી પ્રવેશની સમસ્યા છે અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની માગ અને નવી સંસ્થાઓની જરૂરિયાત ઉપસ્થિત થઈ છે.

આ માગને જોતાં અને નવી કૉલેજો શરૂ કરવા માગણી કરનાર સંસ્થાઓની મોટી સંખ્યા જોતાં કયા વિસ્તારમાં નવી કૉલેજો માટેની જરૂરિયાત છે તે નક્કી કરવા માટે ભૌગોલિક- સ્થાનિક વિસ્તારની વસ્તુલક્ષી માપદંડ યુનિવર્સિટી માટે અનિવાર્ય બની જાય છે.

યુનિવર્સિટી ધારાની જોગવાઈ પ્રમાણે નવી કૉલેજ માટેની દરખાસ્ત પર વિચારણા કરવા અને સ્થાનિક વિસ્તારની જરૂરિયાત (Need in the locality) જે તે વિસ્તારની હાલની સુવિધાઓ અને નવી કૉલેજની આવશ્યકતા ચકાસવાની રહે છે.

આ વિચારણામાં જે તે વિસ્તારમાં આજુબાજુમાં કે નજીકમાં (in the neighbourhood) આ જ પ્રકારનું શિક્ષણ આપતી અન્ય સંસ્થાઓની સુવિધા અસ્તિત્વમાં છે કે કેમ તે ધ્યાનમાં લઈ, જે તે સ્થાનિક વિસ્તારની નવી કૉલેજ માટેની પાત્રતા (suitability of the locality) વિચારવાની રહે છે.

હાલ સ્થિતિ એવી છે કે અમદાવાદ શહેરના નદીની પશ્ચિમ તરફના વિસ્તારોમાં અને ખાસ કરીને એલિસબ્રિજ, નવરંગપુરા, આશ્રમરોડ, ઉસ્માનપુરા અને યુનિવર્સિટીના આજુબાજુના વસ્ત્રાપુર સહિતના વિસ્તારોમાં ૫૦ જેટલી કૉલેજો આવેલી છે જ્યારે વિશાળ વિસ્તારમાં પથરાયેલ ઘણી મોટી વસ્તી અને સ્કૂલો આવેલી છે તેવા શહેરના પૂર્વ વિસ્તારમાં કૉલેજોનું પ્રમાણ નહિવત્ છે. આ વિસ્તારો જેવાં કે સરદારનગર, બાપુનગર, ઓઢવ, નરોડા, સરસપુર, અસારવા, ગિરધરનગર, શાહીબાગ વગેરેમાં લાખોની વસ્તી અને સેકડો શાળાઓની સામે કૉલેજો નથી. તે જ રીતે ઘોડાસર, ઇસનપુર અને મણિનગર જેવાં વિસ્તારોમાં અપવાદરૂપ ત્રણ કૉલેજો (એક કૉમર્સ, એક આર્ટ્સ, અને એક સાયન્સ) અસ્તિત્વમાં છે.

એ જ રીતે શહેરના પશ્ચિમ વિસ્તારમાં પણ ઘાટલોડિયા, ભૂયંગદેવ, સોલારોડ, નારણપુરા જેવાં વિસ્તારોમાં કૉલેજોની સુવિધાઓ નથી.

આ માટેના ઐતિહાસિક કારણો જણાય છે અને તેથી એક પ્રકારની ભૌગોલિક રીતે શૈક્ષણિક અને સામાજિક અસમતુલા ઊભી થઈ છે. એક બાજુ કૉલેજોની ગીચતા અને તે કૉલેજોમાં વિદ્યાર્થી સંખ્યાની ગીચતાના વિકટ પ્રશ્નો ઊભા થયા છે જ્યારે બીજી તરફ વધુ મોટા અને ઘણી મોટી જનસંખ્યા ધરાવતા વિસ્તારો ઉચ્ચશિક્ષણની સુવિધાઓથી વંચિત છે.

આ જ રીતે અમદાવાદ શહેર સિવાયના અન્ય જિલ્લાઓમાં પણ કેટલાંક કેન્દ્રો પર કૉલેજોના સંકુલોનું અને મોટી વિદ્યાર્થી સંખ્યાનું કેન્દ્રીકરણ થયું છે જ્યારે ગ્રામ વિસ્તારમાં અન્ય સ્થળોએ ઉચ્ચ શિક્ષણના વૈવિધ્યના અભાવને કારણે આવી જ અસમતુલા સર્જાઈ છે.

આ સંજોગોમાં આ સમિતિનો અભિપ્રાય છે કે યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ની જોગવાઈ, તેનું હાર્દ અને તેનો ઉદ્દેશ જોતાં, જે તે સ્થાનિક વિસ્તારની જરૂરિયાત અને પડોશમાં (nighbourhood) આવેલી વર્તમાન સુવિધાઓના સંદર્ભમાં નવી કૉલેજો માટેની જરૂરિયાત અંગે વિચારણા કરવી જોઈએ અને નિર્ણય કરવો જોઈએ. આ સંદર્ભમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલ અરજીઓ પરત્વે ચર્ચાવિચારણા કરી નીચે પ્રમાણે ઠરાવે છે.

વિવિધ અરજીઓની વિચારણા કરવામાં આવી અને નીચે મુજબ જરૂરિયાત અંગેનો અભિપ્રાય આપવામાં આવે છે :

**૧. એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ સંસ્થાએ બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો ડ્રાઇવ-ઇન-રોડ, સનરાઇઝ પાર્ક વિસ્તારમાં સ્થાપવા માટે અરજીઓ કરી છે.

આ સંસ્થાની નજીકમાં લગભગ એક કિલોમીટર વિસ્તારમાં જ (વસ્ત્રાપુર)માં બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો આવેલી છે અને ત્રણથી પાંચ કિલોમીટરના વિસ્તારમાં બી.બી.એ. અને બી.સી.એ.ની બીજી આઠ કૉલેજો આવેલી છે તે જોતાં, આ સ્થળે બી.બી.એ. કે બી.સી.એ.ની નવી કૉલેજોની જરૂરિયાત નથી.

**૨. સોનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ :**

આ ટ્રસ્ટે ચાંગોદર ખાતે બી.બી.એ. અને બી.સી.એ.ની નવી કૉલેજો શરૂ કરવા અરજીઓ કરી છે. ટ્રસ્ટે જે વિસ્તાર અને સ્થળે કૉલેજ શરૂ કરવા માગણી કરી છે અને તેમની અરજીમાં દર્શાવ્યા પ્રમાણે તેમજ તા. ૩૧-૫-૨૦૦૧ના રોજ કરેલ રૂબરૂ રજૂઆત જોતા ઔદ્યોગિક વિસ્તારમાં કૉલેજ શરૂ કરવા માગે છે તે વિસ્તાર અને તેના આજુબાજુની પરિસ્થિતિ જોતાં કૉલેજ શરૂ કરવા માટે આ સ્થળ યોગ્ય જણાતુ નથી એટલે suitability of the localityની દૃષ્ટિએ ત્યાં કૉલેજની જરૂરિયાત સ્વીકારી શકાય તેમ નથી.

**૩. શ્રીમતી સુગનાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બી.બી.એ., બી.સી.એ. અને સેલ્ફ ફાઇનાન્સ (Self Finance) કૉમર્સ કૉલેજ શરૂ કરવા અરજીઓ કરી છે. આ ટ્રસ્ટ ઠક્કરબાપા નગર, નારોલ હાઈવે પર આ કૉલેજો શરૂ કરવાં માગે છે. નરોડા-નારોલ અને તેના આજુબાજુના વિશાળ વિસ્તારમાં હાલ બી.બી.એ., બી.સી.એ.ની કૉલેજો નથી. ઘોડાસરમાં એક કૉમર્સ કૉલેજ છે. બાપુનગર વિસ્તારમાં એક કૉમર્સ કૉલેજ શરૂ કરવા યુનિવર્સિટીએ ગત વર્ષે મંજૂરી આપી હતી જે શરૂ થઈ નથી અને ચાલુ વર્ષે તેની અરજી હાલ વિચારણામાં છે. નરોડા રોડ વિસ્તારમાં એ અન્ય સંસ્થાની બી.સી.એ. કૉલેજ માટેની અરજી છે જે વિચારણામાં છે.

આ વિગતોના સંદર્ભમાં અને સુગનાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીએ ત્રણમાંથી કોઈપણ એક કૉલેજ શરૂ કરવા માટેની યુનિવર્સિટી સમક્ષ રજૂઆત કરેલી છે તે જોતાં અને સમગ્ર પૂર્વ- પરા વિસ્તારમાં બી.બી.એ.ની એકપણ કૉલેજ નથી અને તે અંગેની અન્ય કોઈ અરજી પણ નથી તે જોતાં આ ટ્રસ્ટની બી.બી.એ.ની કૉલેજ માટેની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૪. લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, ઉસ્માનપુરા, અમદાવાદ :**

આ ટ્રસ્ટે ઉસ્માનપુરા વિસ્તારમાં બી.સી.એ. અને સેલ્ફ ફાઇનાન્સ કૉમર્સ કૉલેજો શરૂ કરવા અરજીઓ કરી છે. અમદાવાદના ઉસ્માનપુરા વિસ્તારમાં ત્રણ કૉમર્સ કૉલેજો અને બી.સી.એ. કૉલેજ હાલ અસ્તિત્વમાં છે અને આ ઉસ્માનપુરા વિસ્તારની પાડોશમાં આશ્રમરોડ, નવરંગપુરા અને એલિસબ્રિજ વિસ્તારોમાં વીસ ઉપરાંત કૉલેજો આવેલી છે તે જોતા, આ વિસ્તારમાં નવી કૉમર્સ કે બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

**૫. કે. કે. શાહ જરોડવાલા સાયન્સ કૉલેજ, રામબાગ, મણીનગર, અમદાવાદ :**

આ સંસ્થાએ તેમની બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટેની અરજીના સંદર્ભમાં યુનિવર્સિટીએ જણાવ્યું છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માગતા નથી. તેની નોંધ લેવામાં આવે છે.

**૬. શ્રી રામ વિદ્યાવર્ધક ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી હતી. ટ્રસ્ટે યુનિવર્સિટીને તેમની આ અરજી રદ ગણવા જણાવ્યું છે તે બાબતની નોંધ લેવામાં આવે છે.

**૭. મેઘદૂત એજ્યુકેશન ટ્રસ્ટ, ઘોડાસર, અમદાવાદ :**

આ ટ્રસ્ટે ઘોડાસર વિસ્તારમાં બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. મણિનગર, ઇસનપુર-ઘોડાસર જેવા વિશાળ વિસ્તારમાં પથરાયેલ લગભગ પાંચ લાખની વસ્તીમાં બી.સી.એ.ની કોઈ કૉલેજ નથી. આ સમગ્ર વિસ્તારની વસ્તી, સ્કુલોની સંખ્યા અને પ્રોફેશનલ કોર્સ માટેની માગને જોતાં આ સ્થળે બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૮. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ :**

આ ટ્રસ્ટે સોમેશ્વરપાર્ક, ગુલાબટાવર નજીક બી.સી.એ. કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. આ વિસ્તાર પડોશના વિસ્તારો સોલા, ભૃયંગદેવ, ઘાટલોડિયા, નારણપુરા સહિતના આ પરા વિસ્તારમાં બી.સી.એ.ની એક પણ કૉલેજ નથી. અંદાજે ત્રણ લાખ ઉપરાંતની વસ્તીવાળા આ વિસ્તારોમાં સ્કુલોની સંખ્યા વગેરે જોતાં અને ત્યાં એક માત્ર બી.એડ.ની કૉલેજ છે તે ધ્યાનમાં લેતાં અને બી.સી.એ. જેવા પ્રોફેશનલ કોર્સ માટેની માગ જોતાં અહીં બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૯. શ્રી સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો શરૂ કરવા અરજીઓ કરેલી છે, આ ટ્રસ્ટે યુનિવર્સિટીને જણાવ્યું છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી આ કૉલેજો શરૂ કરવા માગતા નથી તેની નોંધ લેવામાં આવે છે.

**૧૦. લોકજાગૃતિ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બોડકદેવ, જજીસ બંગલા પાસે, સરખેજ-ગાંધીનગર હાઈવે પર કૉમર્સ કૉલેજ સેલ્ફ-ફાઇનાન્સના ધોરણે શરૂ કરવા અરજી કરી છે, કૉમર્સ કૉલેજોમાં પ્રવેશ માટેની વિદ્યાર્થીઓની માગ જોતા અને સરખેજ-ગાંધીનગર હાઈવે વિસ્તારમાં અમદાવાદ શહેર તરફની બાજુએ સેટેલાઈટ રોડથી ઘાટલોડિયા સુધીના વિશાળ વિસ્તારમાં કોઈ કૉમર્સ કૉલેજ નથી. હાઈવેથી પશ્ચિમ તરફથી થલતેજ, આંબલીરોડ, બોપલ વગેરેનો વિસ્તાર પણ ઘણો વિકાસ પામ્યો છે, આ વિસ્તારની વસ્તી તેમજ આ વિસ્તારમાં આવેલી શાળાઓની સંખ્યા જોતાં, આ વિસ્તારમાં કૉલેજોના તાતી જરૂરિયાત છે તેથી અહીં કૉમર્સ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૧. ન્યુ સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે નરોડા રોડ વિસ્તારમાં બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા અરજી કરી છે, નરોડા, રખીયાલ, સરસપુર જેવા વિસ્તારોને આવરી લેતાં શહેરના આ વિભાગમાં પાંચ લાખ ઉપરાંતની વસ્તી છે, તે ઉપરાંત સમગ્ર પૂર્વ-પરા વિસ્તારમાં બી.સી.એ.ની એકપણ કૉલેજ નથી, આ વિસ્તારની વસ્તી, સ્કૂલોની મોટી સંખ્યા અને બી.સી.એ. કૉલેજના સુવિધાના અભાવમાં આ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૨. શિવમ્ એજ્યુકેશન ટ્રસ્ટ, કાલોલ :**

આ ટ્રસ્ટે કાલોલ શહેરના સીમાડે બી.સી.એ. અને બી.બી.એ.ની કૉલેજો શરૂ કરવા અરજીઓ કરી છે, કાલોલ પંચમહાલ જિલ્લામાં આવેલ છે, આખા પંચમહાલ જિલ્લામાં અને તેની બાજુના દાહોદ જિલ્લામાં બી.સી.એ. અને બી.બી.એ. અભ્યાસક્રમની ક્યાંય પણ સુવિધા નથી, આ જિલ્લાઓનો વિશાળ વિસ્તાર, મોટી વસ્તી અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિશાળ સંખ્યા જોતાં તેમને માટે વિનયન-વાણિજ્ય અને વિજ્ઞાનની કૉલેજો છે, પરંતુ પ્રોફેશનલ અભ્યાસક્રમ માટેની માગ જોતાં અને ટ્રસ્ટે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટેની તેની પ્રાથમિકતા દર્શાવી છે તે જોતાં આ સ્થળે બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૩. ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર :**

આ ટ્રસ્ટે બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો ગાંધીનગરમાં શરૂ કરવા અરજીઓ કરી છે. ટ્રસ્ટે યુનિવર્સિટીને જાણ કરી છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી આ કૉલેજો તેઓ શરૂ કરવા માગતા નથી. તેની નોંધ લેવામાં આવી.

**૧૪. સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર :**

આ ટ્રસ્ટે ગાંધીનગરમાં બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. ગાંધીનગરમાં હાલ બી.સી.એ. અને બી.બી.એ.ની કૉલેજો આવેલી છે. આ ટ્રસ્ટે જે સ્થળે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માગણી કરી છે તેની નજીકમાં-પડોશમાં હાલની બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો છે તેમજ ગાંધીનગરમાં બી.બી.એ. બી.સી.એ.ની તેમજ કૉમર્સ વિદ્યાશાખાની વિદ્યાર્થીઓની માગના પ્રમાણમાં પૂરતી સુવિધાઓ સ્નાતક કક્ષાએ હોઈ આ બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતા નથી.

**૧૫. ગાયત્રી કેળવણી મંડળ, મહેમદાવાદ :**

આ ટ્રસ્ટે મહેમદાવાદ ખાતે બી.પી.ઈ. અભ્યાસક્રમ તેમજ યોગના ડિપ્લોમા અભ્યાસક્રમની કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ધોરણ બાર પછીનો ત્રણ વર્ષનો બી.પી.ઈ. અભ્યાસક્રમ તેમજ યોગનો ડિપ્લોમાં અભ્યાસક્રમ ચલાવતી એકપણ કૉલેજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર વિસ્તારમાં નથી. યુનિવર્સિટી સાથે આવી કોઈપણ કૉલેજ સંલગ્ન નથી અને આ અભ્યાસક્રમ કરેલાં વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં તેમજ વ્યાયામની રમતગમતની સંસ્થાઓમાં નોકરીના તકો જોતાં, આ અભ્યાસક્રમની કૉલેજ શરૂ કરવાની આવશ્યક્તા છે તેથી આ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૬. શ્રી બાલાજી ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, વાસદ :**

આ ટ્રસ્ટે વાસદ ખાતે બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. વાસદ, આણંદ જિલ્લામાં આવેલ હાઈ-વે પરનું મથક છે. આખા આણંદ જિલ્લામાં બી.સી.એ.ની ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એક પણ કૉલેજ નથી. આ જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા જોતાં તેમજ બી.સી.એ. સિવાયની અન્ય અભ્યાસક્રમોની કૉલેજોના સુવિધાની સામે બી.સી.એ.ની સુવિધાનો અભાવ જોતાં આ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૭. નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ :**

આ ટ્રસ્ટે નડિયાદમાં બી.સી.એ. કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ટ્રસ્ટ જે વિસ્તારમાં કૉલેજ શરૂ કરવા માગે છે તે જ વિસ્તારમાં પાડોશમાં જ બી.સી.એ.ની કૉલેજ આવેલી છે તે જોતાં આ વિસ્તારમાં એટલે કે નડિયાદમાં બી.સી.એ.ની નવા કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતા નથી.

**૧૮. સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પીપલિયા, તા. વાઘોડિયા, જિ. વડોદરા :**

આ ટ્રસ્ટે વડોદરા જિલ્લામાં પીપલિયા ખાતે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. આખા વડોદરા જિલ્લામાં બી.સી.એ.ના એકપણ કૉલેજ નથી. વડોદરા જિલ્લાની વસ્તી, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંખ્યા તેમજ જિલ્લામાં ઉદ્યોગોના થયેલા વિકાસના સંદર્ભમાં બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૯. કે. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, પીપલિયા, વડોદરા :**

આ ટ્રસ્ટે પિપલીયા ખાતે ફિઝિયોથેરાપીની કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ફિઝિયોથેરાપી અભ્યાસક્રમની હાલ ઘણી માગ છે. આ અભ્યાસક્રમ કરેલા વિદ્યાર્થીઓને નોકરીની તેમજ સેલ્ફ એમ્પ્લોયમેન્ટની ઘણી તકો છે. યુનિવર્સિટી સંલગ્ન ફિઝિયોથેરાપીની માત્ર બે કૉલેજો છે અને બન્ને અમદાવાદમાં છે તેથી વડોદરા જિલ્લામાં આ વિસ્તારમાં આ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૦. કપડવંજ કેળવણી મંડળ, કપડવંજ :**

આ ટ્રસ્ટે ખેડા જિલ્લામાં કપડવંજમાં બી.સી.એ. કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ખેડા જિલ્લામાં યુનિવર્સિટી સંલગ્ન એકપણ બી.સી.એ. કૉલેજ નથી. સમગ્ર જિલ્લાની વસ્તી, સ્કૂલોની સંખ્યા અને અન્ય અભ્યાસક્રમોની અનેક કૉલેજો સુવિધાની સામે બી.સી.એ.ની સગવડોનો સદંતર અભાવ જોતાં આ બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૧. સાધુ વાસવાણી મિશન, સરદારનગર ટાઉનશીપ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે અમદાવાદમાં સરદારનગર ખાતે કૉમર્સ કૉલેજ (બહેનો માટેની)ની અરજી કરી છે. તેમણે સેલ્ફ-ફાઇનાન્સના ધોરણે કૉલેજ ચલાવવા માગણી કરી છે. સરદારનગર ટાઉનશીપ અને તેની આજુબાજુનો કુબેરનગરનો સમગ્ર વિસ્તાર વિશાળ વસ્તીને આવરી લેતો હોવા છતાં ત્યાં એકપણ કૉલેજ નથી અને ખાસ કરીને આ વિસ્તારના બહેનો માટે ઉચ્ચશિક્ષણની તકો રૂંધાઈ જાય છે તે જોતાં, બહેનો માટેની આ સેલ્ફફાઇનાન્સ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૨. સરદાર પટેલ વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બહેનોની કૉમર્સ કૉલેજ, બાપુનગર ખાતે શરૂ કરવા અરજી કરી છે અને સેલ્ફ ફાઇનાન્સના ધોરણે કૉલેજ શરૂ કરવા માગણી કરી છે. બાપુનગર એક વિશાળ વિસ્તારમાં છે. અને મોટી જનસંખ્યા ધરાવે છે. ઉપરાંત તેની આજુબાજુના પડોસના વિસ્તારોમાં પણ વિશાળ જનસમુદાય વસે છે. બાપુનગર અને તેની પડોશમાં આ વિસ્તરેલા વિભાગની વસ્તી, શાળાઓની મોટી સંખ્યા અને તેની સામે ઉચ્ચશિક્ષણની સુવિધાનો અભાવ નોંધપાત્ર છે. તેમાં પણ ખાસ કરીને બહેનોની ઉચ્ચશિક્ષણની તકો રૂંધાઈ જાય છે તે જોતાં, બહેનો માટેની આ સેલ્ફ ફાઇનાન્સ કૉલેજ માટેની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૩. સેંટ ઝેવિયર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ :**

આ સંસ્થાએ બી.સી.એ.ની કૉલેજ અમદાવાદમાં નવરંગપુરામાં શરૂ કરવા અરજી કરી છે. આ સંસ્થા જે વિસ્તારમાં બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા માગે છે તે વિસ્તારમાં તદ્દન નજીકમાં-પડોશમાં બી.સી.એ.ની બે સંસ્થાઓ આવેલી છે. ઉપરાંત બેથી ત્રણ કિલોમીટરના વિસ્તારમાં બીજી ત્રણ બી.સી.એ. કૉલેજો આવેલી છે. એકંદરે નવરંગપુરા, એલિસબ્રિજ વિસ્તારોમાં ખૂબ મોટી સંખ્યામાં બી.સી.એ. સહિતની કૉલેજો કેન્દ્રીત થયેલી છે. હકીકતમાં આ વિસ્તારમાં નવી કૉલેજની જરૂરિયાતના બદલે કૉલેજોની ગીચતાનો અને તે કૉલેજોમાં વિદ્યાર્થીઓની ગીચતાનો પ્રશ્ન વિકટ બન્યો છે, તે જોતાં, આ કૉલેજની આ વિસ્તારમાં જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

**૨૪. સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર :**

આ ટ્રસ્ટે ગાંધીનગરમાં એમ.સી.એ. અભ્યાસક્રમ શરૂ કરવા અરજી કરી છે, એમ.સી.એ. અભ્યાસક્રમમાં ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં અને ગાંધીનગરમાં મર્યાદિત સુવિધાઓ છે, એકંદરે ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યોની સરખામણીમાં એમ.સી.એ.ની સુવિધા મર્યાદિત છે, આ અભ્યાસક્રમ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હી તરફથી મંજુરી મળી છે, તે જોતાં એમ.સી.એ.ના આ અભ્યાસક્રમની અને તેની સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૫. સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે એમ.સી.એ.ના અભ્યાસક્રમની સંસ્થા સ્થાપવા અરજી કરી છે, એમ.સી.એ.ના અભ્યાસક્રમની સુવિધા બીજા રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં ઓછી છે અને આ અભ્યાસક્રમ માટેની વિદ્યાર્થીઓની માગ ઘણાં વિપુલ પ્રમાણમાં રહે છે. આ અભ્યાસક્રમ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશન તરફથી ટ્રસ્ટને મંજુરી મળી છે, તે જોતાં. એમ.સી.એ. અભ્યાસક્રમની અને તે માટેની આ સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૬. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉ-ઑપરેટિવ મેનેજમેન્ટ, ગાંધીનગર :**

આ સંસ્થાએ ગાંધીનગર ખાતે એમ.સી.એ. અભ્યાસક્રમ માટેની સંસ્થા શરૂ કરવા અરજી કરી છે, ગુજરાતમાં અને ગાંધીનગરમાં આ અભ્યાસક્રમ માટેની મર્યાદિત સગવડો જોતાં અને અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં આ અભ્યાસક્રમની સુવિધા ઘણી ઓછી છે, તેથી તે માટેની વિદ્યાર્થીઓની વિશેષ માગ રહે છે, આ અભ્યાસક્રમ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હી તરફથી મંજુરી મળી છે, તે જોતાં, આ અભ્યાસક્રમની અને તેને માટેની આ સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૭. શ્રી અખિલ આંજણા કેળવણી ટ્રસ્ટ મંડળ, ગાંધીનગર :**

આ મંડળે ગાંધીનગરમાં એમ.સી.એ.નો અભ્યાસક્રમ શરૂ કરવા માટેની સંસ્થાની માગણી કરી છે. બીજા રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં એમ.સી.એ.ના અભ્યાસક્રમની તકો મર્યાદિત છે અને તેથી વિદ્યાર્થીઓના આ

કોર્સ માટેની માગ ઘણી તીવ્ર રહે છે, ગુજરાતમાં અને ગાંધીનગરમાં આ અભ્યાસક્રમની એકંદરે ઉપલબ્ધ સુવિધાઓ જોતાં, આ અભ્યાસક્રમની અને તેને માટેની સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૮. લોકજાગૃતિ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે એમ.બી.એ.ના અભ્યાસક્રમ માટેની સંસ્થા શરૂ કરવા અરજી કરી છે, બીજાં રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં એમ.બી.એ.ના અભ્યાસક્રમની સગવડ ખૂબજ મર્યાદિત છે અને તેની સામે આ અભ્યાસક્રમ માટેની માગ વિદ્યાર્થીઓમાં ઘણી તીવ્ર છે. ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હીની આ અભ્યાસક્રમ માટેની મંજુરી આ ટ્રસ્ટને મળી છે, તે જોતાં આ અભ્યાસક્રમ માટેની અને તે અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૯. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ :**

આ કૉલેજ અનુસ્નાતક કક્ષાના ત્રણ અભ્યાસક્રમો : (૧) એમ.ઈ. ટ્રાન્સપોર્ટેશન એન્જિનિયરિંગ (૨) એમ.ઈ. એન્વાયરમેન્ટલ મેનેજમેન્ટ (૩) એમ.ઈ. ઇલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન સિસ્ટમ શરૂ કરવા માટે અરજી કરી છે. ગુજરાતમાં આ પ્રકારના અભ્યાસક્રમોની સુવિધા નહીવત છે અને બી.ઈ. પાસ થયેલા વિદ્યાર્થીઓ તેમજ નોકરીમાં હોય તેવા શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષાના આ અભ્યાસક્રમોની ખુબજ તાતી જરૂરિયાત છે, ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હી તરફથી આ ત્રણે અભ્યાસક્રમો માટે કૉલેજને મંજુરી મળી છે તે જોતાં આ અભ્યાસક્રમો માટેની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

તા. ૩-૮-૨૦૦૧

સહી

૧. શ્રી ડી. એમ. શીખ
૨. શ્રી દામુભાઈ પંચાસરા
૩. પ્રો. કે. જી. મહેતા
૪. પ્રિ. જે. એન. પંડ્યા
૫. શ્રી જગદીશભાઈ ભાવસાર
૬. શ્રી બી. જે. પંડ્યા
૭. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૮. ડૉ. એચ. એમ. દેસાઈ

સમિતિના સભ્યો

ત્યાર બાદ ચેરમેનશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

**૩૦. ચંપાબહેન ભગત ટ્રસ્ટ :**

આ ટ્રસ્ટે ફાયરનો અભ્યાસક્રમ શરૂ કરવા અરજી કરી છે. ભારતભરમાં આવો અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓની એક બાજુએ બહુ જરૂર છે તો બીજી બાજુએ આવી સંસ્થાઓ જુદા જુદા રાજ્યોમાં હોવી જોઈએ એમ અમે માનીએ છીએ. ગુજરાતમાં આવો અભ્યાસક્રમ ચલાવતી એકપણ સંસ્થા નથી તેથી આવો અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

તા. ૩-૮-૨૦૦૧

સહી

૧. શ્રી ડી. એમ. શીખ
૨. શ્રી દામુભાઈ પંચાસરા
૩. પ્રો. કે. જી. મહેતા
૪. પ્રિ. જે. એન. પંડ્યા
૫. શ્રી જગદીશભાઈ ભાવસાર
૬. શ્રી બી. જે. પંડ્યા
૭. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૮. ડૉ. એચ. એમ. દેસાઈ

સમિતિના સભ્યો

## પરિશિષ્ટ

| ક્રમ | સંસ્થાનું નામ | અભ્યાસક્રમ | સ્થળ |
|---|---|---|---|
| ૧. | એશીયા ચેરિટેબલ ટ્રસ્ટ, એશીયા કોમ્પ્લેક્ષ, ડ્રાઇવઇન રોડ, અમદાવાદ | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | અમદાવાદ |
| ૨. | સોનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ, સરસ્વતી નગર, આંબાવાડી, અમદાવાદ-૧૫ | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | ચાંગોદર |
| ૩. | શ્રીમતી સુગ્નાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા : પી.ટી.આર.બી. શાસ્ત્રી કૉલેજ, ઠક્કરબાપા નગર હાઈ-વે, અમદાવાદ | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ.<br>(૩) વાણિજ્ય વિદ્યાશાખા | અમદાવાદ |
| ૪. | લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, સોમનાથ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ | (૧) બી.સી.એ.<br>(૨) કૉમર્સ | અમદાવાદ |
| ૫. | કે. કે. શાહ જરોદવાલા સાયન્સ કૉલેજ, રામબાગ, મણીનગર, અમદાવાદ | (૧) બી.સી.એ. | અમદાવાદ |
| ૬. | શ્રી રામ વિદ્યાવર્ધક ટ્રસ્ટ દ્વારા : એન. સી. બોડીવાલા કૉલેજ, કાલુપુર, અમદાવાદ | (૧) બી.સી.એ. | અમદાવાદ |
| ૭. | મેઘદૂત એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા : પી. ડી. પંડ્યા મહિલા કૉલેજ, અમદાવાદ | (૧) બી.સી.એ. | અમદાવાદ |
| ૮. | વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, રાયપુર દરવાજા, અમદાવાદ | (૧) બી.સી.એ. | અમદાવાદ |
| ૯. | શ્રી સંસ્કૃતિ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, અમદાવાદ | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | અમદાવાદ |
| ૧૦. | લોકજાગૃતિ ટ્રસ્ટ, એલ. જે. કૉમર્સ કૉલેજ બિલ્ડિંગ, વસ્ત્રાપુર, અમદાવાદ | (૧) કૉમર્સ | અમદાવાદ |
| ૧૧. | ન્યુ સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ | (૧) બી.સી.એ. | અમદાવાદ |
| ૧૨. | શીવમ્ એજ્યુકેશન ટ્રસ્ટ, કાલોલ | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | કાલોલ |
| ૧૩. | ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | ગાંધીનગર |
| ૧૪. | સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર, સ્વામીનારાયણ, ગુરુકુળ, સેક્ટર-૨૩, ગાંધીનગર | (૧) બી.સી.એ. | ગાંધીનગર |
| ૧૫. | ગાયત્રી કેળવણી મંડળ, મહેમદાવાદ | (૧) બી.પી.ઈ. | મહેમદાવાદ |
| ૧૬. | શ્રી બાલાજી ખાદી ગ્રામોદ્યોગ ઉદ્યોગ વિકાસ સંઘ, વાસદ | (૧) બી.સી.એ. | વાસદ |
| ૧૭. | નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ | (૧) બી.સી.એ. | નડિયાદ |
| ૧૮. | સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પીપલિયા તા. વાઘોડિયા, જિ. વડોદરા | (૧) બી.સી.એ. | પીપલિયા |
| ૧૯. | કે. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, પીપલિયા ગામ, જિ. વડોદરા | (૧) ફિઝિયોથેરાપી | પીપલિયા |
| ૨૦. | કપડવંજ કેળવણી મંડળ, કપડવંજ | (૧) બી.સી.એ. | કપડવંજ |
| ૨૧. | સાધુ વાસવાણી મિશન, સરદારનગર ટાઉનશીપ, અમદાવાદ | (૧) કૉમર્સ (ગર્લ્સ) | અમદાવાદ |
| ૨૨. | સરદાર પટેલ વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ | (૧) કૉમર્સ (ગર્લ્સ) | અમદાવાદ |
| ૨૩. | સેંટ ઝેવિયર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ | (૧) બી.સી.એ. | અમદાવાદ |
| ૨૪. | સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર | (૧) એમ.સી.એ. | ગાંધીનગર |
| ૨૫. | સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ | (૧) એમ.સી.એ. | અમદાવાદ |
| ૨૬. | નેશનલ ઇન્સ્ટિ. ઑફ કો. ઑ. મેનેજમેન્ટ, ગાંધીનગર | (૧) એમ.સી.એ. | ગાંધીનગર |
| ૨૭. | શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર | (૧) એમ.સી.એ. | ગાંધીનગર |
| ૨૮. | લોકજાગૃતિ ટ્રસ્ટ, અમદાવાદ | (૧) એમ.બી.એ. | અમદાવાદ |
| ૨૯. | એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ | (૧) એમ.ઈ. ટ્રાન્સ. એન્જિ.<br>(૨) એમ.ઈ. એન્વા. મેનેજમેન્ટ<br>(૩) એમ.ઈ. ઇલેક્ટ્રો. અને કોમ્પ્યુ. સીસ્ટમ | અમદાવાદ |

ચેરમેનશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

| | | | |
|---|---|---|---|
| ૩૦. | ચંપાબહેન ભગત ટ્રસ્ટ | (૧) બી.એસસી. (ફાયર) | |

## પરિશિષ્ટ "૩"

કામકાજ ક્રમાંક ૪

ઈજનેરી વિદ્યાશાખાની એક મિટિંગ તા. ૧૯-૬-૨૦૦૧ના રોજ ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

| | |
|---|---|
| ૧. ડૉ. એચ. એમ. દેસાઈ (ડીનશ્રી) | હાજર |
| ૨. પ્રો. જી. એન. પટેલ | હાજર |
| ૩. પ્રો. આર. એન. શુક્લ | હાજર |
| ૪. ડૉ. એન. વી. વસાણી | ગેરહાજર |
| ૫. પ્રો. ટી. આર. શાહ | ગેરહાજર |
| ૬. પ્રો. કે. જે. પરમાર | ગેરહાજર |
| ૭. પ્રો. જી. એન. ગાંધી | હાજર |
| ૮. પ્રો. યુ. એ. પટેલ | હાજર |

સભાનું પ્રમુખસ્થાન ડૉ. એચ. એમ. દેસાઈ સાહેબે સંભાળ્યું હતું.

૧. એન્જિનિયરિંગ વિદ્યાશાખાની વિવિધ પરીક્ષાઓ કૉમ્પ્યુટર રાઈઝડ પરીક્ષા પદ્ધતિ અમલમાં મૂકવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, આ પદ્ધતિ દાખલ કરવા અંગે આવેલ દરખાસ્તના સંબંધિત પ્રપોઝલ આ વિદ્યાશાખાના તમામ સભ્યોને અગાઉથી પરિપત્રિત કરી તેઓ જો કોઈ સૂચન કરે તો તેની સાથે આગામી સભામાં વિચારણા માટે રજૂ કરવાનું રાખવું.

૨. એમ.ઈ. (ઇલેક્ટ્રિકલ)ના સેમેસ્ટર-૨ના નવા અભ્યાસક્રમ માટે આવેલ સંબંધિત અભ્યાસ સમિતિની ભલામણ સર્વાનુમતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે.

સદરહુ સમિતિની ભલામણ આ સાથે **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.

૩. ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગની પ્રેક્ટિકલ પરીક્ષાઓના મહેનતાણાના દર અને જરૂરી સ્ટાફ માટેના સ્કીમમાં સુધારો કરવા માટે આવેલ સદરહુ અભ્યાસ સમિતિની ભલામણના સંદર્ભમાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે તા. ૧૭-૧૨-૨૦૦૦ની ઍકેડેમિક કાઉન્સિલમાં જોઈ-તપાસીને હેવાલ આપવા વિવિધ વિદ્યાશાખાઓના ડીનશ્રીની નિયુક્ત કરેલ સમિતિ હેવાલ આપે અને તેના પર નિર્ણય લેવાય ત્યાં સુધી રાહ જોવાનું રાખવું.

૪. એન્જિનિયરિંગ વિદ્યાશાખામાં રેગ્યુલર ૧૦ (જંપિંગ પ્રથા) સર્વાનુમતે રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

૫. બેચલર ઑફ આર્કિટેક્ચરના સેમેસ્ટર-૩ થી સેમેસ્ટર-૧૦નો અભ્યાસક્રમ અને સ્કીમ તેનું અભ્યાસક્રમનું માળખું નિયત કરવા માટે સદરહુ વિષયની એડહોક અભ્યાસ સમિતિની ભલામણના સંદર્ભમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસ સમિતિએ કરેલ સેમેસ્ટર-૩થી સેમેસ્ટર-૧૦ના અભ્યાસક્રમ અને સ્કીમને સંબંધિત તમામ પત્રો આ વિદ્યાશાખાના તમામ સભ્યોને પરિપત્રિત કર્યા બાદ હવે પછી મળનાર વિદ્યાશાખાની સભામાં રજૂ કરવાનું રાખવું.

૬. પ્રથમ વર્ષ બી.ઈ. કૉમ્પ્યુટર એન્જિનિયરિંગ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઈ.સી. અને આઈ.સી.ના અભ્યાસક્રમો માટે આવેલ સદરહુ અભ્યાસ સમિતિની ભલામણોના સંદર્ભમાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત એલાઈડ વિષયોની અભ્યાસ સમિતિઓની સંયુક્ત સભા ગોઠવી કોમન અભ્યાસક્રમ નિયત કરવાનું રાખવું.

ડીનશ્રી
ઈજનેરી વિદ્યાશાખા

## પરિશિષ્ટ "ક"

## M.E. (Electrical)

### E-201 Computer Techniques in Power System

(Effect from January, 2001)

| Teaching Scheme | | | Examination Scheme | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Theory | Pract. | Total | Exam. marks | Sessional marks | Term-work marks | Pract. marks | Total marks |
| 4 | 2 | 6 | 100 | 50 | 25 | 25 | 200 |

Introduction : Digital computers in power system simulation. Nature and scope of power system studies.

Component graph theory and multipoint representation of transmission network. Multi pole representation. Bus impedance matrix and algorithm, bus admittance matrix and algorithm, addition and removal of the branches.

Short circuit studies - symmetrical and unsymmetrical faults-symmetrical components, sequence impedances network, computation of currents and voltages under faulted conditions.

Different methods of load flow studies, Types of buses, Flow chart and algorithm for G-S and N-R method.

Stability studies, types of stabilities, mathematical defination. Methods of simulation of stability. Steady state solution and numerical integration method. Representation of transmission network, generators and load.

Sparsity techniques and diakoptic methods.

***References :***


1. Computer Techniques in Power System Analysis : M.A. Pai (Tata McGraw Hill).
2. Computer Methods in Power System Analysis : STAGG and ELABIAD.
3. Diakoptic and Network : H.H.HAPP Academic Press New York.


### E-202 High Voltage Techniques

(Effect from January, 2001)

| Teaching Scheme | | | Examination Scheme | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Theory | Pract. | Total | Exam. marks | Sessional marks | Term-work marks | Pract. marks | Total marks |
| 4 | 2 | 6 | 100 | 50 | 25 | 25 | 200 |

1. Electrical field stress, liquid gaseous and solid insulating materials used for H.V. their properties, Electrical properties of vaccum. Process of ionisation in gas. Break downsolid. liquid and 7 gases. Application of insulating materials in rotating m/c transformer. C.B., cables, capacitors and electronic equipments insulation of transmission lines and s/s. D.C. circuits special insulation for contaminated atmosphere.
2. Generation of high voltage D.C. and power frequency, impulse voltage and current generation. Over voltage phenomenon and insulation converter-ordination. Measurement of high voltages and current.
3. H.V. testing of electrical equipments, non destructive testing.
4. Design and planning of E.H.V. s/s and H.V. laboratory.

***Reference books :***


1. H.V. Engineering by Naidu and Kamraju
2. H.V. Engineering by M. Khalifa
3. H.V. Engineering by M. P. Chaurasia
4. H.V. Engineering by C. L. Wadhwa.


### E-203(A) Electronic Instruments and Measurements (E-P-I)

(Effect from January, 2001)

| Teaching Scheme | | | Examination Scheme | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Theory | Pract. | Total | Exam. marks | Sessional marks | Term-work marks | Pract. marks | Total marks |
| 4 | 2 | 6 | 100 | 50 | 25 | 25 | 200 |

1. Review : Review of electronic circuit, differential and operation amplifier, oscillators, comparators, clipping and clamping circuits, multivibrators logic gates, flipflop, multiplexers demultiplexers and decoders, ripple and ring counters, shift registers, A/D and D/A converters. Digital read out devices.
2. Analog Instruments and Measurements : Instruments for measuring voltage and current : average, peak and peak-to-peak responding voltmeters, electronic voltmeters for non-sinusoidal voltages, D.C. voltmeter sampling voltmeters, synchronous detection voltmeters; current probs for a.c. and D.C. measurement.

   Instruments for measuring circuit parameters : Active and passive resonant circuit methods for small inductances and capacitances meter, vector impedance meter.

   Instruments for measuring A.F. and R.F. power : Dual square law voltmeter method, three ammeter method, output power meters, measurement with C.R.O. calorimetric and bolometric methods, directional couplers and attenuators.

   Instruments for measuring frequency time and phase angles : Frequency measurement. C.R.O. Heterodynes method, Wien Bridge, wave meter, analog electronic time interval meters; phase angle measurement. C.R.O., analog electronic meter.

   Testing of semiconductor devices : Checkers, service type testers, analysisers and curve tracers for transistors; testing of diodes thyristor lineal I.C. and digital I.C.
3. Digital Instruments and Measurements : Digital counters and timers; basic elements of digital counters, application to the measurement of pulse count, frequency, frequency ratio, time period, average time interval, digital multimeter-arrangements for measuring d.c. and a.c. voltages, D.C. and A.C. current resistance.
4. Interface and Noise in Electronic Instruments and Systems : Theory of interference and random noise, their measurement and reduction.

*Reference books :*


1. Electronic Instrumentation by H. S. Kalsi
2. A course in Electrical and Electronic Measurements and Instrumentation by A. K. Sawhney.


**E-204(A) Industrial and Process Instrumentation (E-P II)**

(Effect from January, 2001)

| Teaching Scheme | | | Examination Scheme | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Theory | Pract. | Total | Exam. marks | Sessional marks | Term-work marks | Pract. marks | Total marks |
| 4 | 2 | 6 | 100 | 50 | 25 | 25 | 200 |

1. Transducer Fundamentals : Review of transducer for electrical quantity, their characteristic and classification.
2. Transducer for Industrial Measurement : Working principle and characteristics of transducers used for measuring weight, density vibration, distance, thickness, capacity etc.
3. Transducer for Process Measurement : Working principle and characteristics of transducer (pnumetic, electric, optical, magnetic nucleonic) used for measuring pressure, level, temperature, flow, moisture, and humidity and PH value.
4. Process Controllers : Controller principles, analog controllers, digital controllers.
5. Final Control Elements : Introduction, pnumetic actuation, hydrulic actuation, electric actuation, motor actuators, control valves.
6. Design of Instrumentation System : Selection of instruments for a given process and their placement in the loops, instrumentation diagram with standard symbols.
7. Computer Application in Process Plant : On line measurement and control of process variables using microcomputers.
8. Case Study : Study of instrumentation schemes used in thermal power plant, water treatment plant and steel plant.

*Reference books :*


1. Computer Based Industrial Control by Krishnakant
2. Process Control Instrumentation Technology by Curtis Johnson.

## E-205 (A) Measurment System (E-P III)

(Effect from January, 2001)

| Teaching Scheme | | | Examination Scheme | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Theory | Pract. | Total | Exam. marks | Sessional marks | Term-work marks | Pract. marks | Total marks |
| 4 | 2 | 6 | 100 | 50 | 25 | 25 | 200 |

1. **General Concepts :** Fundamental methods of measurement, concept of generalised measurement system, types of measurements, experimental engineering analysis.
2. **Generalised performance characteristics :** Static performance characteristics, static sensitivity, linearity, theresold resolution, hysteresis and dead span and readability of scale. Generalised static stiffness and input and output impedances.

   Dynamic performance characteristic generalised mathematical model of measurement system. Operational transfer function. Input types, order of instruments. Response of zero, first and second order instruments to step, ramp and sinusoidal input. Transient and frequency response requirements of instrument transfer function for accurate measurement. Numerical correction of dynamic data. Experimental determination of measurement system parameters. Loading effect under dynamic conditions.
3. **Measurment error and its analysis :** Accuracy and precision, types of errors, statistical analysis of data, systematic (non-random) errors, determination and minimisation of systematic errors, probability concept and distribution law, accidental (random) errors, calculation of mean value and standard deviation from the measurements, confidence limits, conversion tables, testing a distribution for nomalcy, propagation of error.
4. **Analysis of instrument system :** Analysis using mechanical properties, analysis using thermal property. Analysis using electrical properties, analysis using radiant energy, gas chromatography.
5. **Standards :** International standards, primary and secondary standard, for voltage current resistance inductance capacitance frequency and time.
6. **Testing of instruments :** Routine and type testing of electrical meter, transducers and instrument transformer.

*Reference books :*


1. A course in electrical & electronic measurement & instrumentation by A. K. Sawhney.
2. Measurement system by Doebelin.
3. Principle of industrial instrumentation by Patranabis.


## E-203(B) Power System Reliability (E-P I)

(Effect from January, 2001)

| Teaching Scheme | | | Examination Scheme | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Theory | Pract. | Total | Exam. marks | Sessional marks | Term-work marks | Pract. marks | Total marks |
| 4 | 2 | 6 | 100 | 50 | 25 | 25 | 200 |

1. **Introduction :** Meaning of reliability in engineering failures, Distribution of failure probability, Basic definition Derivation of reliability function. Discrete and continuous Markov process, Transient behaviour and absorbing state, Reliability Model of maintained system, fault tree analysis, Monte Carlo Simulation, Compound Event and joint Density function approach.
2. **Generating capacity reserve evaluation :** Generating Model, Load Model, Loss of Load Method, Loss of Energy Method, Frequency and Duration Method. Comparison of Reliability indices. Generation Expansion planning, uncertainties in Load ands Generation Models Operating Reserve evaluation.
3. **Transmission and Distribution System Reliability :** Markove Approach. Weather dependence in transmission system Modelling Deterministic Contingency Analysis. Probabilistic Transmission system Reliability analysis, Capacity State Classification by Subsets Subset Decomposition for System LOLP Calculations, Subset Decomposition for Element LOLP and (DNS) Calculations, Reliability Calculations for Single Areas. Multiarea Reliability Analysis, Distribution System Reliability for Mesh and radial system.

4. **Interconnected System :** Intterconnected system with independent loads, recursive technique for two area reliability assessment, substation and switching station reliability.
5. **Introduction to applications of Monte Carlo simulation :** Application to generation capacity reliability evaluation, application to composite generation and transmission system, application to distribution system.

***Reference books :***

1. Reliability evaluation for engineering systems by Roy Bilinton & Allon.
2. Reliability Engineering for Power Systems by Roy Bilinton & Allon.
3. Power System Planning by R. L. Sullivan.

**E-204(B) Advanced Switchgear & Interupting Devices (E-P II)**

(Effect from January, 2001)

| Teaching Scheme | | | Examination Scheme | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Theory | Pract. | Total | Exam. marks | Sessional marks | Term-work marks | Pract. marks | Total marks |
| 4 | 2 | 6 | 100 | 50 | 25 | 25 | 200 |

1. Salient features of design fuses, High power in circuit breakers, conductors etc., Specifications, application and determination of rating of circuit breaker, fra-oscillogram. Synthetic testing.
2. **Physics of circuit breakers arcs :** ( a ) High pressure arcs, electrode designs and arc column, ionisation processes and recombination, current flow conductivity and power dissipation, magnetic and thermal phenomenon, themperature distribution, static and transient characteristics, dynamic arc equations and arc extinction. Post zero currents and arc time constants, current chopping. (b) Vaccum arcs : Eletrode phenomenon, plasma region, diffuse and constructed vaccum arcs, interrupting atrility, postzero currents.
3. **Measurements of arc parameters :** Voltage current and pressure arc geometry. Fundamental studies, arc temperature, gas density, electron densities.
4. **Network switching conditions :** Short circuit switching, effect of neutral earthing, short line faults, load system switching, effect of load power factor, out of phase switching, single phase switching, closing and reclosing on long transmission lines, reactive current switching, capacitance swithcing.

***Books references :***

Power circuit breaker theory and disign : By C. H. Fulrschaim I.

**E-205(B) Modern Power System Planning (E.P. III)**

(Effect from January, 2001)

| Teaching Scheme | | | Examination Scheme | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Theory | Pract. | Total | Exam. marks | Sessional marks | Term-work marks | Pract. marks | Total marks |
| 4 | 2 | 6 | 100 | 50 | 25 | 25 | 200 |

1. **Introduction :** The electric utility industry, generation systems, transmission systems.
2. **Load Forcasting :** Classification and characteristics of loads, approaches to load forecasting, forecasting methodology, energy forecasting, peak demand forecasting, non-weather-sensitive forecast (NWSF), weather-sensitive forecast (WSF), total forecast, annual and monthly peak demand forecast.
3. **Generation system cost analysis :** Cost analysis, corporate models, production analysis, production costing, fuel inventories, energy transactions and off peak loading environmental cost.
4. **Energy production cost models for fuel budgeting and planning :** Introduction, types of production cost programs, probabilistic production cost programs, sample computation and exercise.
5. **Control of generation :** Introduction, generator model, load model, prime-mover model, governer model, tie line model generation control.
6. **Interchange evaluation and power pools :** Introduction, economy interchange, economy interchange evaluation, interchange evaluation with unit commitment, multiple interchange contracts, after - the - fact production costing, transmission losses in transaction evaluation, other types of interchange, power pools.

7. **Power system security :** Introduction, factors affecting power system security, contingency analysis : Detection of network problems, correcting the generation dispatch.
8. **An introduction to state estimatio in power system :** Introduction, power system state estimation, maximum likelihood weighted least-squares estimation, Staste estimation of an A.C. network, an introduction to advanced topics in state estimation, application of power system estimation.

***Reference books :***

1. Power System Planning : R. L. Sullivan.
2. Power Generation, Operation & Control : Allen J. Wood & Bruce F. Wollenberg.

**E-203(C) Modern Control System (E-P I)**

(Effect from January, 2001)

| Teaching Scheme | | | Examination Scheme | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Theory | Pract. | Total | Exam. marks | Sessional marks | Term-work marks | Pract. marks | Total marks |
| 4 | 2 | 6 | 100 | 50 | 25 | 25 | 200 |

1. Introduction to nonlinear control system, classification of non-linearities and it's effect on stability. Describing function defination, describing function of various non-linearities, describing function analysis of non-linear control system.
2. Phase plane method of analysis on non-linear control system.
3. State space analysis : Representation of systems, solving time invariant state equations transfer matrix, linear time varying system, state space analysis of discrete time system, discrete time state equation.
4. Liyapunov's method of stability analysis-positive definite & negative definite stasbility, introduction to second method of Liyapunov and use for optimisation.
5. Optimal and adaptive control system, Observability and controllability as applied to non-linear systems.

***Books :***

1. Modern Control Engineering - K. Ogata (Prentice Hall of India).
2. Digital Control & State Variable Methods - M. Gopal (Tata Mcgrawhill Co. Ltd.).

**E-204 (C) Automation & Control Group (Digital Control (Elective Paper II)**

(Effect from January, 2001)

| Teaching Scheme | | | Examination Scheme | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Theory | Pract. | Total | Exam. marks | Sessional marks | Term-work marks | Pract. marks | Total marks |
| 4 | 2 | 6 | 100 | 50 | 25 | 25 | 200 |

1. Digital Control : Computer based control - modem - trend in D.C. - configuration of basic D.C. system - principles of signal conversion - basic discrete time signal.
2. Discrete time systems : Introduction discrete time systems - and it's utility with digital computers - the z transform - pulse transfer function - stability analysis in z plane.
3. Z - domain description of sampled continuous time plants : Z - domain description of systems with deam - time implementation of digital controller - illustration of protective D.C. system.
4. Z - plane specifications of control system design : Digital compensator design - z plane systems.
5. Modern digital communication using computer : Global communication - introduction to INTERNET - file transfer protocol (FTP) - hyper text mark - up language (HTML) - domain & address - introduction - development - interpretation - internet protocol address - TCP/IP accounts - E-Mail communication - INTERNET MAILING PROTOCOL - introduction to WORLD WIDE WEB - core JAVA script.

***Books :***

1. Digital Control and State Variable Methods - by M. Gopal TMH.
2. INTERNET - by CIStems, TMH.

## પરિશિષ્ટ "૪"

કામકાજ ક્રમાંક ૬

ગૃહવિજ્ઞાન વિષયની અભ્યાસ સમિતિની સભા તા. ૧૫-૩-૨૦૦૧ના રોજ ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં એમ.એ. ભાગ-૧ના અભ્યાસક્રમમાં જરૂરી સુધારા કરવા માટે મળી હતી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી નીતાબહેન એન. શાહ | હાજર |
| ૨. | શ્રીમતી શીલા કે. નાણાવટી | હાજર |
| ૩. | શ્રીમતી ગીતાબહેન ડી. દેસાઈ | હાજર |
| ૪. | શ્રીમતી જુઈબહેન ડી. દેસાઈ | હાજર |
| ૫. | શ્રીમતી નિવેદીતા એ. પંડ્યા | ગેરહાજર |
| ૬. | શ્રીમતી સાઝીયા એ. ખાન | હાજર |
| ૭. | શ્રીમતી શશીકલા જે. મહેશ્વરી | ગેરહાજર |
| ૮. | શ્રીમતી મીનાબહેન પી. શાજા | ગેરહાજર |
| ૯. | શ્રી ઈલાબહેન કે. પટેલ | હાજર |
| ૧૦. | શ્રી મંજરીબહેન એસ. આચાર્ય | હાજર |
| ૧૧. | શ્રી કલ્પનાબહેન આર. પરલીકર | ગેરહાજર |
| ૧૨. | પ્રો. ભાવનાબહેન શાહ | હાજર |
| ૧૩. | પ્રો. સુધાબહેન શાહ | ગેરહાજર |
| ૧૪. | પ્રો. શોભનાબહેન પંડિત | ગેરહાજર |
| ૧૫. | ડૉ. અંજનાબહેન ગાંધી | હાજર |
| ૧૬. | ડૉ. વિનાયકભાઈ પટેલ | હાજર |

સભાનું પ્રમુખસ્થાન શ્રીમતી નીતાબહેન શાહે સંભાળ્યું હતું. લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબના ઠરાવ પસાર કર્યા હતા :

આજરોજ તા. ૧૫-૩-૨૦૦૧ને ગુરુવારના રોજ ૧૨-૩૦ કલાકે ગૃહવિજ્ઞાનની અભ્યાસ સમિતિની બેઠક યુનિવર્સિટી કાર્યાલયમાં મળી, જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી. ઠરાવ નીચે પ્રમાણે છે :

૧. એમ. એ. ભાગ-૧ (હોમસાયન્સ)ના અભ્યાસક્રમની સુધારણા કરવામાં આવી. આ અભ્યાસક્રમનો અમલ જૂન, ૨૦૦૧થી થાય.

૨. ચાલુ સાલે વિશિષ્ટ પરિસ્થિતિને કારણે આંતરિક ગુણાંકન રદ થવાથી પેપર ૧૦૦ માર્કના રાખવામાં આવેલ હોવાથી હોમસાયન્સમાં પ્રેક્ટિકલના પેપરમાં થિયરી ૭૫ માર્કસ વત્તા પ્રેક્ટિકલ ૨૫ માર્કસ એ મુજબ માર્કસની ફાળવણી કરવી.

૩. યુનિવર્સિટી પ્રેક્ટિકલ પરીક્ષામાં મટીરિયલ ખર્ચ પેટે યુનિવર્સિટી દ્વારા એફ.વાય. બી.એ. માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૨૫ અને ટી. વાય. બી.એ. માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૩૦ આપવામાં આવે છે. અભ્યાસ સમિતિની આ સભા એમ.એ.ની પરીક્ષા માટે મટીરિયલ ખર્ચ માટે યુનિવર્સિટી વિદ્યાર્થી દીઠ રૂ. ૫૦ ફાળવે એમ ઠરાવે છે. અગાઉની મિટિંગમાં પણ આ મુજબ ઠરાવ થયેલ છે. તો આ બાબતે તાત્કાલિક અમલ થાય તેમ આ સભા ઠરાવે છે.

૪. યુનિવર્સિટી પરીક્ષામાં હોમસાયન્સમાં પ્રેક્ટિકલ હોવાથી હંમેશા થિયરી પરીક્ષા પૂરી થયા પછીથી પ્રેક્ટિકલની પરીક્ષા લેવાય છે. જેથી પરીક્ષાના પરિણામો તૈયાર થવામાં વિલંબ થાય છે. આજની આ સભા હોમસાયન્સ વિષયમાં પણ સાયન્સ ફેકલ્ટી પ્રમાણે પ્રેક્ટિકલ પરીક્ષા થિયરી પરીક્ષાની પહેલાં થાય એમ ઠરાવે છે.

૫. યુનિવર્સિટીમાં હોમસાયન્સ વિષયની શરૂઆત થઈ ત્યારથી તે વિષય વિનયન વિદ્યાશાખા હેઠળ શીખવવામાં આવે છે. આથી ત્રણ વર્ષના ડિગ્રી કોર્સને અંતે વિદ્યાર્થિનીને બી.એ. અને અનુસ્નાતક અભ્યાસને અંતે એમ.એ.ની ડિગ્રી આપવામાં આવે છે. નોર્થ ગુજરાત યુનિવર્સિટી, પાટણ; એમ. એસ. યુનિવર્સિટી, બરોડા; એસ. પી. યુનિવર્સિટી, વિદ્યાનગર; સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ વગેરેમાં હોમસાયન્સની અલગ ફેકલ્ટી છે. અને વિદ્યાર્થિનીને બી.એસસી. (હોમસાયન્સ) અને એમ.એસસી. (હોમસાયન્સ) એ પ્રમાણે ડિગ્રી અપાય છે. ગુજરાત યુનિવર્સિટીમાં પણ વિદ્યાર્થિનીને બી.એસસી. (હોમસાયન્સ) અને એમ.એસસી. (હોમસાયન્સ) એ પ્રમાણેની ડિગ્રી મળે એવું આ સભા ભારપૂર્વક ઠરાવે છે. વિદ્યાર્થિનીઓની પણ ઘણાં વર્ષોથી આ માગણી છે જે ધ્યાનમાં લેવું.

સહી

અધ્યક્ષ

## પરિશિષ્ટ "૫"

કામકાજ ક્રમાંક ૯

**ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કૉલેજ**

**૪થે માળ, એમ. એસ. બિલ્ડિંગ, સેક્ટર ૧૧, ગાંધીનગર.**

રેફ. નં. જીઈસી-યુનિ. જોડાણ-વિવિ/૧૩. તા. ૧/૨-૧-૨૦૦૧

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

વિષય : ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન સરકારી કૉલેજની સ્થાનિક તપાસસમિતિના હેવાલમાંની ક્ષતિઓ, ઊણપોને કારણે યુનિવર્સિટીના જોડાણ મંજૂર કરવા અંગે.

સંદર્ભ : ગુજરાત યુનિવર્સિટી પત્ર ક્રમાંક : ઍકેડેમિક/૨૨૦૦/૨૦૦૦, તા. ૨૨-૧૨-૨૦૦૦.

મા. સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અન્વયે તા. ૩૦-૧૨-૨૦૦૦ના રોજ સચિવશ્રી (સાયન્સ અને ટેકનોલોજી) શિક્ષણ વિભાગના ચેમ્બરમાં આપશ્રીની ઉપસ્થિતિમાં ઉપરોક્ત વિષયે દરેક મુદ્દાની વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી છે. તેમજ જણાવેલ વિગતો ફરીથી આ સાથે રજૂઆત કરવામાં આવે છે.

સરકારી ઈજનેરી કૉલેજ, ગાંધીનગરની તા. ૨૩-૧૧-૨૦૦૦ના રોજ સ્થાનિક તપાસ કમિટીએ સવારે નવ વાગ્યે મુલાકાત લીધી હતી. તેમાં જણાવેલ મુદ્દા-૧થી ૭ની વિગતવાર સ્પષ્ટતા નીચે મુજબ છે :

(૧) **ઓછો શૈક્ષણિક સ્ટાફ :**

(અ) કૉલેજમાં વિદ્યાર્થી-અધ્યાપકોનું પ્રમાણ ૧૦:૧ હોવું જોઈએ. આ પ્રમાણ હાલ કોઈ પણ કૉલેજમાં નથી તેમજ એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ મુજબ ૧૫:૧નું હોવું જોઈએ.

(બ) ૧૫:૧ના પ્રમાણ મુજબ ૬૨ અધ્યાપકોની જરૂર છે. તેના સામે ૪૪ અધ્યાપકો છે. જે ૭૦:૯૬ ટકા બતાવે છે. હાલના સંજોગોમાં આ ટકાવારી ઘણી જ સાર ગણી શકાય.

(ક) કૉલેજમાં જે કુલ અધ્યાપકો છે તેમનું વર્ગીકરણ પાન નં. ૨ અને ૩માં દર્શાવેલ છે તેમજ હાલમાં કુલ ૩૨ વ્યાખ્યતાઓ છે. (જે અત્રે ટાઈપ કરેલ નથી).

(ડ) હાલમાં ૩૨ વ્યાખ્યાતાઓમાંથી ૧૪ વ્યાખ્યાતાઓ એડહોક ધોરણે નિમાયેલ છે. ૧૧ અધ્યાપકોને વિઝિટિંગ અધ્યાપક તરીકે બોલાવવામાં આવે છે. જેથી કૉલેજમાં શૈક્ષણિક કાર્ય અંગે કોઈ ક્ષતિ રહેતી નથી. તેમજ દરેક અભ્યાસક્રમમાં સિનિયર પ્રાધ્યાપકની નિમણૂક હોવાથી શૈક્ષણિક વ્યવસ્થા સારી છે તેમ જણાય છે.

(ઈ) ઈલેક્ટ્રિકલના પ્રાધ્યાપકની નિમણૂક અંગે સરકારમાં કાર્યવાહી ચાલુ છે. ટૂંક સમયમાં એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવશે. હાલમાં કોર્ટમાં સ્ટે. હોવાથી જે ભરાયેલી નથી. પરંતુ તા. ૪-૧-૨૦૦૧ના આવનાર ચુકાદા અન્વયે તાત્કાલિક ભરવાની કામગીરી કરવામાં આવશે.

૨. કેમિકલ એન્જિનિયરિંગમાં એક પ્રાધ્યાપક, બે સહા. પ્રાધ્યાપક છે. વધારાના પ્રાધ્યાપક તેમજ સહા. પ્રાધ્યાપકની નિમણૂક સમયાંતરતર રિક્રુટમેન્ટ નિયમો અનુસાર કરવામાં આવશે.

૩. આઈ.સી.માં સહા. પ્રાધ્યાપકની નિમણૂક અંગે સરકારમાં કાર્યવાહી ચાલે છે. બઢતીથી મળવાની શક્યાતા છે. ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીએ દરખાસ્ત કરેલી છે.

૪. આઈ.ટી. અભ્યાસક્રમમાં પ્રથમ અને બીજા વર્ષની થઈને કુલ ૧૨૯ વિદ્યાર્થી છે. પ્રથમ વર્ષમાં આઈ.ટી.નો ફક્ત એક જ વિષય છે. બીજા વર્ષમાં ત્રણ વિષય છે. જે અન્વયે ફક્ત આઈ.ટી. વિષયના બે જ અધ્યાપકની જરૂર રહે છે. તેની સામે હાલ ૫ વ્યાખ્યાતા નિમાયેલ છે. ભવિષ્યમાં ત્રીજા વર્ષના અભ્યાસક્રને ધ્યાનમાં લઈને જૂન, ૨૦૦૧માં વધારાના અધ્યાપકની નિમણૂક અંગે કાર્યવાહી કરવામાં આવશે.

૫. મંજૂર થયેલી કુલ ૧૩ જગ્યાઓ સાથે હાલ આ સંસ્થામાં કુલ ૬૨ જગ્યાઓ મંજૂર થયેલી છે. જેમાં ૪૫ જગ્યાઓ ભરાયેલી છે. ખાલી રહેતી જગ્યાઓ ભરવાની કાર્યવાહી સરકારશ્રીના હાથ ઉપર છે.

(૨) **બિનશૈક્ષણિક કર્મચારીઓ અને સપોર્ટિંગ સ્ટાફની ઘટ :**

આ અંગે હાલમાં સરકારશ્રીના હુકમ અન્વયે ૨૦ ટકા કાપની ગણતરીને ધ્યાનમાં લઈને વણપુરાયેલી જગ્યા ભરવા માટે ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી પ્રયત્નશીલ છે. તદુપરાંત ૨૦ ટકા વધારે કાર્યભાર ગણીને જગ્યા ભરવાની હાલની સરકારની નીતિ હોવાને કારણે ટૂંક સમયમાં જરૂરી જગ્યા ભરવામાં આવશે.

(૩) **કૉમ્પ્યુટર ઘટ :**

કૉલેજમાં કૉમ્પ્યુટર લેબમાં આવેલ કૉમ્પ્યુટરની સંખ્યા આ સાથેના પાના નં. ૪માં દર્શાવેલ છે. કૉમ્પ્યુટરની દરેક લેબનો મહત્તમ ઉપયોગ કરવા માટે ઇલેક્ટ્રિકલ, કેમિકલ એન્જિનિયરિંગના વિદ્યાર્થી માટે પણ ટાઈમ ટેબલમાં જોગવાઈ કરવામાં આવે છે. આઈ.ટી.ના વિદ્યાર્થી માટે દરેકે દરેક કૉમ્પ્યુટરનો ઉપયોગ થાય છે. કમિટીની નોંધમાં જે રીતે ગણતરી કરી છે તે બરાબર નથી. જૂન, ૨૦૦૧માં વધારાનાં ૬૦ કૉમ્પ્યુટર ખરીદવાની માગણી કરી છે તેની નકલ આ સાથે પાના ૫થી ૮માં સામેલ છે. જે રૂમ બતાવવામાં આવેલા છે તે નવા રૂમો બનતા હતા જે આજે સંપૂર્ણ બની ગયા છે. તેમાં નવાં આવનારાં કૉમ્પ્યુટર ઈન્સ્ટોલ કરવામાં આવશે.

(૪) **લાઇબ્રેરીમાં પુસ્તકોની ખરીદી :**

લાયબ્રેરીમાં એ.આઈ.સી.ટી.ના ધારાધોરણ મુજબ ૫૪૧૦ પુસ્તકો હોવાં જોઈએ જેમાં હાલ સંસ્થાનાં કુલ ૪૮૫૮ પુસ્તકો છે. જેથી ૫૫૨ પુસ્તકો ઘટ બતાવે છે. હાલમાં બીજાં ૫૧૬ પુસ્તકો ખરીદવામાં આવી રહ્યાં છે. રેફરન્સ માટેનાં પુસ્તકો જુદા જુદા વિષયો માટે કુલ રૂપિયા ૧ લાખનાં ખરીદવામાં આવશે. તેમજ ભવિષયના આયોજનમાં તેનાંથી પણ વધારે કિંમતનાં રેફરન્સ પુસ્તકો ખરીદ કરવામાં આવશે. વિગત પાના નં. ૯થી ૧૨ (જે અત્રે ટાઈપ કરેલ નથી).

(૫) **મંજૂર થયેલ સંખ્યા કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ :**

આ બાબત અન્વયે કમિટી સમક્ષ વિગતવાર સ્પષ્ટતા કરવામાં આવી હતી. તેમજ સરકારશ્રીના નિયમોની માહિતી પ્રો. વાય. કે અગ્રવાલ સાહેબને નિયમોની નકલ તેમજ રિપોર્ટની નકલો રૂબરૂ તારીખ ૨૪-૧૧-૨૦૦૦ના રોજ પહોંચાડવામાં આવી હતી. સરકારની ચાલુ નીતિને કારણે બહેનોને પ્રવેશ આપવા માટે સુપરન્યુમરી જગ્યા ભરી છે. જે નિયમો અનુસાર છે.

(૬) **કૉલેજનું મકાન :**

મકાન અંગે કાર્યપાલક ઈજનેરશ્રીના એક્શન પ્લાન મુજબ અને ટેન્ડરની શરત મુજબ લઘુતમ બાંધકામ કૉલેજની જરૂરિયાતવાળા એક બ્લોકનું સંપૂર્ણ બાંધકામ ડિસેમ્બર, ૨૦૦૧ સુધીમાં કરવામાં આવશે. તેવી આચાર્યશ્રી બાંયધરી આપે છે.

(૭) **આઈ.ટી. બ્રાન્ચની મંજૂરી અન્વયે :**

આ અંગે જરૂરી દરખાસ્ત ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીએ ગુજરાત રાજ્યમાં આઈ.ટી. બ્રાન્ચના વિકાસ માટે કરી હતી જે રાજ્યના ટેકનિકલ શિક્ષણના વિકાસના આયોજનનો સારો ભાગ ગણી શકાય તેમ છે. તેથી આઈ.ટી. બ્રાન્ચ સરકારી ઈજનેરી કૉલેજ, ગાંધીનગર ખાતે શરૂ કરવા એ.આઈ.સી.ટી.એ મંજૂરી આપી છે. આઈ.ટી. બ્રાન્ચની મંજૂરી એ.આઈ.સી.ટી.એ જુલાઈ-ઑગસ્ટ, ૧૯૯૯માં આપી છે. ત્યાર બાદ આચાર્યશ્રીએ સપ્ટેમ્બર, ૧૯૯૯માં યુનિવર્સિટી પાસે જોડાણ મેળવવા અરજી કરી છે. એ.આઈ.સી.ટી.ની મંજૂરી નકલ સામેલ છે. પાના નં. ૧૪ (જે અત્રે ટાઈપ કરેલ નથી).

પ્રથમ વર્ષના અભ્યાસક્રમ માટે નવાં કોઈ સાધનોની જરૂરિયાત ઊભી થતી નથી. પાના નં. ૧૩ (જે અત્રે ટાઈપ કરેલ નથી).

બીજા વર્ષ માટે જરૂરી સાધનસામગ્રી તેમજ સોફ્ટવેર સાથે ત્રણ મુખ્ય લેબોરેટરી ઊભી થઈ ગયેલી છે. જે ખરેખર પ્રસંશનીય કાર્ય છે. આ સાથે કૉમ્પ્યુટર લેબની માહિતી ધરાવતું પત્રક સામેલ છે. પાના નં. ૪ (જે અત્રે ટાઈપ કરેલ નથી).

ઉપરોક્ત સર્વે બાબતો ધ્યાનમાં લઈને આ કૉલેજને હાલના સંજોગોમાં જોડાણ આપવા માટે યોગ્ય કાર્યવાહી તાત્કાલિક કરવા વિનંતી છે.

આભાર સહ,

સહી

આપનો વિશ્વાસુ,

આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કૉલેજ,

ગાંધીનગર

બિડાણ :

પાના નં. ૧થી ૧૪ દરેક મુદ્દાને અનુરૂપ સ્પષ્ટતા માટે.

નકલ સાદર રવાના :

(૧) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૨, બીજો માળ, ગાંધીનગર.

(૨) સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.

## પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૧૦

**ગુજરાત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ (સાંજની), અમદાવાદ**

નં. મકજા/ગુવાવિસાંકો/જોડાણ/૩૨૪-૩૨૫ તા. ૧-૧-૨૦૦૧

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

વિષય : ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન સરકારી કૉલેજોની સ્થાનિક તપાસસમિતિના હેવાલમાંની ક્ષતિઓ-ઊણપોને કારણે યુનિવર્સિટીના જોડાણ મંજૂર કરવા અંગે.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કૉલેજ જોડાણ બાબત સચિવશ્રી, શિક્ષણ વિભાગ સાથે તા. ૩૦-૧૨-૨૦૦૦ના રોજ એક મિટિંગ બોલાવી હતી. અને તેમાં જરૂરી મહેકમ ભરવાનું જણાવેલ હતું. સરકારશ્રીએ હવે ગુજરાત કૉમર્સ કૉલેજ, (સવાર)માંથી ૪ પૂર્ણ સમયના વ્યાખ્યાતાઓને તાત્કાલિક બદલીથી અત્રેની કૉલેજમાં મૂકેલ છે. વળી અંગ્રેજી અને અર્થશાસ્ત્રમાં પણ કાયમી વ્યાખ્યાતાઓ આ કૉલેજમાં કામ કરે છે. આમ કુલ છ પૂર્ણ સમયના વ્યાખ્યાતાઓ કૉમર્સ ફેકલ્ટી માટે મુકાયેલા છે. વળી વ્યાખ્યાતાની લાયકાત ધરાવતા અન્ય સાત ફાજલ શિક્ષકોને પણ કામગીરી માટે અત્રેની કૉલેજમાં મૂક્યા છે, જેઓ પૂર્ણ સમયના છે. વળી નજીકના ભવિષ્યમાં જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલા ઉમેદવારોમાંથી પણ સરકારશ્રી નિમણૂક કરશે. તેથી સ્થાનિક સમિતિની તા. ૮-૧૨-૨૦૦૦ના હેવાલમાં દર્શાવેલ ઊણપ દૂર થાય છે. તેથી કૉલેજનું જોડાણ મંજૂર કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,<br>
(......................)<br>
આચાર્ય,<br>
ગુજરાત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ<br>
(સાંજની), અમદાવાદ

## પરિશિષ્ટ "૭"

કામકાજ ક્રમાંક ૧૧

**આર. સી. કૉલેજ ઑફ કૉમર્સ, દિલ્હી ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧**

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

વિષય : ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન સરકારી કૉલેજની સ્થાનિક તપાસસમિતિના હેવાલમાંની ક્ષતિઓ ઊણપોને કારણે યુનિવર્સિટીના જોડાણ મંજૂર કરવા અંગે.

સંદર્ભ : ગુજરાત યુનિવર્સિટીનો પત્ર ક્રમાંક : ઍકેડેમિક/૨૨૦૦/૨૦૦૦, તા. ૨૨-૧૨-૨૦૦૦.

માનનીય સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે ઉપરોક્ત સંદર્ભ-વિષયવાળી પરિપત્રની એક નકલ તા. ૩૦-૧૨-૨૦૦૦ના રોજ શિક્ષણ સચિવશ્રી, ગૌરી કુમાર બહેનશ્રીની ચેમ્બરમાં મિટિંગ દરમિયાન હાથોહાથ મળી છે.

આ મિટિંગ માનનીય શિક્ષણ સચિવશ્રી, ગૌરી કુમાર બહેનશ્રીની ચેમ્બરમાં ૧૧-૦૦ વાગ્યે મળી હતી. આ મિટિંગમાં શ્રીમાન કુલપતિશ્રી વેદ સાહેબ, ગુજરાત યુનિવર્સિટી દ્વારા જોડાણને લગતા પ્રશ્નોના પ્રત્યુત્તરમાં સરકારશ્રી તરફથી જે નિર્ણયો લેવાયા તેનાથી હવે જોડાણ ન આપવાનો પ્રશ્ન રહેતો નથી

૧. સરકારશ્રીએ લીધેલ નિર્ણયોમાં ચાર ફાજલ શિક્ષકો કે જેઓ કૉલેજ વ્યાખ્યાતાની લાયકાતો ધરાવે છે. તેઓ તાત્કાલિક અસરથી અમારી કૉલેજમાં કામગીરી બજાવશે. આ શિક્ષકોનું લિસ્ટ જે ફેક્સ દ્વારા મળેલ છે. તે આ સાથે રજૂ કરેલ છે.

૨. લાઇબ્રેરી માટે રૂ. એક લાખ પુસ્તકોની ખરીદી માટે અને બીજા એક લાખ ફર્નિચર-મેન્ટેનન્સ વગેરે માટે, દરેક સરકારી કૉલેજને ફાળવશે.

૩. દરેક કૉલેજને કૉમ્પ્યુટરો લગભગ ૧૦-૧૦ નંગ ફાળવશે. વળી ભૌતિક સુવિધાઓથી અમારી કૉલેજ સજ્જ છે. સરકારશ્રીએ ફાળવેલ ૩ લાખ ૩૦ હજારની ગ્રાન્ટમાંથી ૧૧૫ બેન્ચીસ અને ૨૫ પંખા વર્ગખંડોમાં નંખાવી દીધા છે. પીવાના પાણીની, સંડાસ-બાથરૂમની વગેરે તમામ સુવિધાઓ આજની તારીખે ઉપલબ્ધ છે.

આશા છે કે હવે અમારી કૉલેજને કાયમી ધોરણે જોડાણ મળે તેવી કાર્યવાહી કરી, અમોને તથા સરકારશ્રીને જાણ કરી આભારી કરશોજી.

બિડાણ : કચેરી આદેશ, પરિપત્ર ક્રમાંક જિ. શિ.અ-ઉ.મા-૨૦૦૦-૮૯૧૬-૮૨૨, તા. ૩૦-૧૨-૨૦૦૦ની નકલ.
બે નકલમાં, જાણ સારુ, શિ. કમિશનરશ્રી, કૉલેજીસ ઍન્ડ યુનિવર્સિટી, ગાંધીનગર તરફ માનસહિત રવાના.

લિ. આપનો વિશ્વાસુ,
પ્રિન્સિપાલ,
આર. સી. કૉલેજ ઑફ કૉમર્સ
દિલ્હી ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧

## કચેરી આદેશ

ક્રમાંક-જિ.શિ.અ/ઉ.મા/૨૦૦૦-૮૯૧૬-૮૨૨,
જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી
અમદાવાદ શહેર વિસ્તાર, પાટનગર યોજના ભવન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
તા. ૩૦-૧૨-૨૦૦૦

આર. સી. કૉલેજ ઑફ કૉમર્સમાં કામગીરી માટે ઉ.મા. વિભાગના નીચે જણાવેલા ફાજલ કર્મચારીઓને તારીખ ૩૧-૩-૨૦૦૧ સુધી કામગીરી માટે ફાળવી આપવામાં આવે છે, આ ફાજલ કર્મચારીઓને તેઓના માતૃસંસ્થાએ પગાર ચૂકવવાનો રહેશે, તો સંબંધિત કર્મચારીઓને તાત્કાલિક છૂટા કરી અત્રે જાણ કરવાની રહેશે.

| અ.નં. | ફાજલ જનરલ નં. | ફાજલ શિક્ષકનું નામ | શાળાનું નામ |
|---|---|---|---|
| ૧. | ૭૮ | શ્રી જે. જે. રાવલ, એમ.એ., બી.એડ. | મહર્ષિ રંગ અવધૂત હાઈસ્કૂલ, પાલડી |
| ૨. | ૧૦૬ | શ્રીમતી જી. પી. ઓઝા, એમ.કૉમ., બી.એડ. | જી. બી. શાહ જ્યોતિ હાઈસ્કૂલ, ઘીકાંટા |
| ૩. | ૧૦૭ | શ્રી જી. પી. ભટ્ટ, એમ.કૉમ., બી.એડ. | મયુર હાઈસ્કૂલ |
| ૪. | ૧૦૮ | શ્રી વી. સી. પહેલાજાની | અભિચંદાણી સિંધી મોડર્ન હાઈસ્કૂલ, લાલ-દરવાજા. |

જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર,
અમદાવાદ

પ્રતિ,

૧. આચાર્યશ્રી, આર. સી. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૨. મા. નિ. શ્રી (માધ્ય) કમિશનર ઑફ સ્કૂલ્સની કચેરી, ગાંધીનગર, જાણ સારુ, આપની આજ્ઞાનુસાર
૩. સંબંધિત કર્મચારી, શાળા મારફત.

## પરિશિષ્ટ "૮"

કામકાજ ક્રમાંક ૧૨

### સરકારી ઈજનેરી કૉલેજ, ભૂજ

સંદર્ભ : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના પત્ર ક્રમાંક : ઍકેડેમિક/૨૨૦૦૦-૨૦૦૦, તા. ૨૨-૧૨-૨૦૦૦

જોડાણની શરતોની પૂર્તતા :

૧. આસિસ્ટન્ટ પ્રોફેસરોની કુલ ૮ જગ્યાઓ મંજૂર થયેલ છે. માત્ર ૩ જગ્યાઓ ભરાયેલ છે.

સરકાર ઈજનેરી કૉલેજ, ભૂજ ખાતે મંજૂર થયેલ, ભરાયેલ તથા ખાલી જગ્યાઓની માહિતી નીચે મુજબ છે :

| વિભાગ | મંજૂર થયેલ જગ્યાઓ | | | ભરાયેલ જગ્યાઓ | | | ખાલી જગ્યાઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રા. | સ.પ્રા. | વ્યા. | પ્રા. | સ.પ્રા. | વ્યા. | પ્રા. | સ.પ્રા. | વ્યા. |
| મિકે. એન્જિ. | ૨ | ૪ | ૧૦ | ૨ | ૧ | ૪+૬ | – | ૩ | ૦૦ |
| ઇલે. એન્જિ. | ૧ | ૩ | ૭ | – | ૧+૧ | ૩+૪ | ૧ | ૧ | ૦૦ |
| જનરલ વિભાગ | – | ૧ | ૪ | – | ૧ | ૧+૨ | – | – | ૦૧ |
| કૉ. એન્જિ. | – | ૧ | ૨ | – | – | – | – | ૧ | ૨ |

ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના સહા. પ્રાધ્યાપકની એક જગ્યા એડહોક વ્યાખ્યાતાથી ભરવામાં આવેલ છે. જનરલ વિભાગમા ખાલી રહેલ વ્યાખ્યાતાની જગ્યા ઉપર ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી દ્વારા ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક તા. ૨૫-૧૧-૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક જીઈસી-એડ. વ્યા.-૨૦૦૦-ઘ-૨-૭૦૧૭૮થી કરવામાં આવેલ છે. (બિડાણ-૧) જે અત્રે ટાઈપ કરેલ નથી.

૧૯૯૯-૨૦૦૦ની વિદ્યાર્થીઓની સંખ્યા ૪૭૫ ને ધ્યાને લેતાં સ્ટુડન્ટ્સ સ્ટાફ રેશિયો ૧૮:૨૬ થાય છે. અને હાલની વિદ્યાર્થી સંખ્યા ૪૦૫ ને ધ્યાને લેતાં સ્ટુડન્ટ્સ-સ્ટાફ રેશિયો ૧૫:૫૭ થાય છે. આમ શૈક્ષણિક સ્ટાફની પરિસ્થિતિ સંતોષકારક છે. વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય સારી રીતે કરવામાં આવે છે.

૨. કૉમ્પ્યુટર ડિપાર્ટમેન્ટની એક પ્રોફેસરની જગ્યા મંજૂર થયેલ છે. ભરાયેલ નથી. કૉમ્પ્યુટર ડિપાર્ટમેન્ટના પ્રોફેસરની જગ્યા સંસ્થા ખાતે જૂન-જુલાઈ, ૨૦૦૧થી શરૂ કરવામાં આવનાર માસ્ટર ઈન કૉમ્પ્યુટર એપ્લિકેશનના અભ્યાસક્રમ માટે મંજૂર કરવામાં આવેલ છે. હાલના ચાલુ અભ્યાસક્રમો માટે આ જગ્યા ભરવાની જરૂરિયાત રહેતી નથી.

૩. કૉમ્પ્યુટર વિભાગની ૨ જગ્યાઓ મંજૂર થયેલ છે. જે ભરાયેલ નથી અને જનરલ ડિપાર્ટમેન્ટની ૪ જગ્યાઓમાંથી એક જગ્યા હજુ ભરાયેલ નથી.

કૉમ્પ્યુટર વિભાગની વ્યાખ્યાતાઓની બે જગ્યાઓ હાલમાં ચાલતા મિકેનિકલ તથા ઇલેક્ટ્રિકલ વિષયો માટે ભરવી જરૂરી નથી. એમ.સી.એ.નો અભ્યાસક્રમ જૂન-જુલાઈ, ૨૦૦૧થી શરૂ કરવામાં આવશે ત્યારે આ જગ્યાઓ ભરવાની થશે.

જનરલ વિભાગની ખાલી રહેતી વ્યાખ્યાતાની એક જગ્યા ઉપર ટે. શિ.ના દ્વારા એડહોક ધોરણે ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક તા. ૨૫-૧૧-૨૦૦૦ના જાહેરનામાથી આપવામાં આવેલ છે. (બિડાણ) જે અત્રે ટાઈપ કરેલ નથી.

૪. કૉલેજમાં માત્ર બે પટાવાળા કામ કરે છે. કૉલેજમાં ઑફિસ તથા વિભાગોની કામગીરી માટે બે પટાવાળાને કામગીરી સોંપવામાં આવે છે. સંસ્થાનાં વિવિધ મકાનોની સફાઈ માટે સફાઈ કામનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે. આમ આ વ્યવસ્થા સંસ્થાની કામગીરી માટે પૂરતી છે.

૫. ૧૯૯૯-૨૦૦૦ના વર્ષમાં કૉલેજમાં કુલ ૪૭૫ વિદ્યાર્થીઓ હતા. જ્યારે અધ્યાપકોની સંખ્યા ૨૭ હતી. આમ વિદ્યાર્થી-અધ્યાપકનું પ્રમાણ લગભગ ૧૮:૧ હતું જે એ.આઈ.સી.ટી.ઈ.ના ધારાધોરણનો સરિયામ ભંગ સૂચવે છે.

એ.આઈ.સી.ટી.ઈ.ના તા. ૧૫-૩-૨૦૦૦ના પત્ર ક્રમાંક : એફ ૧ - ૬૫ - સીડી - એનઈસી - ૯૮ - ૯૯થી નવાં પગારધોરણોની શરતોમાં શૈક્ષણિક કામગીરી બાબતે થયેલ ભલામણો અનુસાર બે કલાકના પ્રાયોગિક શૈક્ષણિક કામને એક કલાકના વ્યાખ્યાન સમકક્ષ ગણવા સૂચવેલ છે. જે અનુસાર શૈક્ષણિક સ્ટાફની કામગીરીના કલાકોમાં વધારો કરાવવાનો થાય અને તે પ્રમાણે સ્ટાફ-સ્ટુડન્ટ્સ રેશિયો ૧૮થી ૨૦ જેટલો સ્વીકાર્ય બને છે. આમ એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સનો ભંગ થતો નથી.

૬. પાછલી કમિટીએ ઈજનેરી કૉલેજમાં સાધનોની ઊણપ અંગે ધ્યાન દોર્યું હતું. અને રૂ. ૨૦ લાખનાં સાધનો ખરીદવા ભલામણ કરી હતી. કૉલેજે મોકલેલ માહિતી પ્રમાણે ૧૯૯૬-૯૭થી ૯૮-૯૯ દરમિયાન કુલ ૪,૩૭,૧૯૬ રૂપિયાનાં સાધનો લેબોરેટરીઓમાં ખરીદવામાં આવ્યાં છે.

આ માહિતીમાં વિસંગતતા જણાય છે. હકીકતમાં સને ૧૯૯૬-૯૭થી ૯૮-૯૯ના વર્ષમાં લેબોરેટરી માટે નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે. (બિડાણ-૩) :

| વર્ષ | યંત્રસામગ્રી-સાધનો પાછળ કરવામાં આવેલ ખર્ચ | ભેગો સરવાળો |
|---|---|---|
| ૧૯૯૬-૯૭ | ૧૩,૧૫,૪૯૯ | ૧૩,૧૫,૪૯૯ |
| ૧૯૯૭-૯૮ | ૭,૦૭,૩૯૨ | ૨૦,૨૨,૮૯૧ |
| ૧૯૯૮-૯૯ | ૮,૧૬,૦૫૬ | ૨૮,૩૮,૯૪૭ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૪,૭૯,૮૪૦ | ૩૩,૧૮,૭૮૭ |

૭. કૉલેજે ચાલુ વર્ષે ૨૦૦૦-૨૦૦૧માં પ્રથમ વર્ષ મિકેનિકલ વિભાગમાં ૭૧ વિદ્યાર્થીઓને અને ઇલેક્ટ્રિકલ વિભાગમાં ૬૩ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે. જે એ.આઈ.સી.ટી.ઈ. તરફથી મંજૂર થયેલ પ્રવેશ સંખ્યા કરતા વધારે છે. યુનિવર્સિટી સત્તામંડળોએ આ અંગે નિર્ણય લેવો પડે.

હાલની પરિસ્થિતિએ પ્રથમ વર્ષમાં ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની માહિતી નીચે મુજબની છે :

| | |
|---|---|
| ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ | ૬૩ |
| મિકેનિલ એન્જિનિયરિંગ | ૬૨ |

મંજૂર થયેલ બેઠકો કરતાં વધારે બેઠકો ભરાવવાનું કારણ રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ નીતિવિષયક નિર્ણય મુજબ બહેનો માટે અનામત રાખવામાં આવેલ ૧૫ ટકા બેઠકોના કારણે સુપરન્યુમરી ઊભી કરવામાં આવેલ જગ્યાઓના કારણે ભરાઈ છે. આ સંસ્થા ખાતે મંજૂર થયેલ બેઠકો ઉપર રાજ્ય સરકારની કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા આપવામાં આવે છે.

સહી

આચાર્ય, સરકારી ઈજનેરી કૉલેજ, ભુજ

## પરિશિષ્ટ "૯"

કામકાજ ક્રમાંક ૧૩

**ડી. એમ. પટેલ આર્ટ્સ કૉલેજ તેમજ એસ. એસ. પટેલ કૉમર્સ કૉલેજ, ઓડનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

તા. ૧૯-૨-૨૦૦૧ના રોજ અમે આ કૉલેજની મુલાકાત લીધી હતી, ટ્રસ્ટના પ્રમુખશ્રી ભાખુભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી દિનેશભાઈ પટેલ અને કૉલેજના આચાર્યશ્રીએ અમને જરૂરી માહિતી અને વિગતો પૂરી પાડી હતી. અમારો હેવાલ નીચે પ્રમાણે છે :

૧. આ કૉલેજ જૂન, ૧૯૯૩થી શરૂ થયેલ છે અને જૂન, ૧૯૯૮થી ગ્રાન્ટેબલ થયેલ છે.

૨. ૨૦૦૦-૨૦૦૧ના શૈક્ષણિક વર્ષમાં કૉલેજમાં વિનયન વિદ્યાશાખામાં કુલ ૩૧૧ વિદ્યાર્થીઓ અને વાણિજ્ય વિદ્યાશાખામાં કુલ ૨૪૦ વિદ્યાર્થીઓ મળી કુલ ૫૫૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને છેલ્લાં ત્રણ વર્ષથી આ સંખ્યામાં વધારો થતો ગયો છે.

૩. કૉલેજમાં હાલ આચાર્ય, પાંચ પૂર્ણ સમયના વ્યાખ્યાતા, પાંચ ખંડ સમયના વ્યાખ્યાતા, આઠ અધ્યાપકો એડહોક વ્યાખ્યાતા તરીકે કામ કરે છે. કૉલેજમાં હાલ શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા નિમાયેલ છે પરંતુ હજુ સુધી લાઇબ્રેરિયન નિમાયેલ નથી, હાલ કૉલેજમાં સાત વહીવટી કર્મચારીઓ છે.

૪. કૉલેજમાં જૂન, ૨૦૦૦ સુધી લાઇબ્રેરી માટે રૂ. ૧,૯૨,૫૬૬નો ખર્ચ થયેલ છે.

૫. કૉલેજમાં હાલ જરૂરી વર્ગખંડો, ટ્યુટોરિયલ રૂમ, લાઇબ્રેરી, કોમ્પ્યુટર રૂમ વગેરેની સુવિધાઓ અમને પર્યાપ્ત લાગી છે.

૬. સંસ્થાએ કર્મચારીઓને છૂટા કરવા માટે જે નોટિસો આપેલી છે તે સરકાર ઉપર દબાણ કરવા માટે આપેલ છે એમ લેખિતમાં જણાવ્યું છે અને આ નોટિસો પાછી ખેંચી છે તેવો લેખિત પત્ર અમને આપેલ છે જે આ સાથે સામેલ છે.

૭. સંસ્થાએ જૂન, ૧૯૯૩થી જૂન, ૧૯૯૮ સુધીનો કર્મચારીઓનો પી.એફ.નો ફાળો સરકારમાં જમા કરાવ્યો છે. પરંતુ પોતાનો ફાળો હજુ જમા કરાવ્યો નથી. ટ્રસ્ટે અમને લેખિત ખાતરી આપી છે કે યુનિવર્સિટીમાંથી ડિપોઝિટની રકમ મળતાં મેનેજમેન્ટે ભરવાની થતી પી.એફ.ની રકમ રૂ. ૨,૮૩,૩૧૮ દિન ત્રણમાં સરકારમાં ભરશે.

૮. આથી અમે નીચેની શરતોએ આ કૉલેજને કાયમી જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ :

(અ) સંસ્થા સરકારમાં ભરવાનો થતો પોતાનો પી.એફ.નો ફાળો સરકારમાં ભરે.

(બ) સંસ્થા વહેલી તકે લાઇબ્રેરિયનની જગ્યા ભરે.

(ક) કર્મચારીઓ અને અધ્યાપકોને આપેલ નોટિસ પાછી ખેંચતા પત્રની નકલો તેમજ કર્મચારીઓનું પણ તે અંગેનું લખાણ યુનિવર્સિટીમાં સંસ્થા મોકલી આપે.

સહી

**દર્શનસિંગ શીખ**

## પરિશિષ્ટ "૧૦"

કામકાજ ક્રમાંક ૧૪

### ગુજરાત કૉલેજના નાટ્ય વિભાગ અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

અમે ગુજરાત કૉલેજના નાટ્ય વિભાગની તા. ૫-૩-૨૦૦૧ના રોજ સાંજે ૫-૩૦ કલાકે મુલાકાત લીધી હતી. કૉલેજનાં આચાર્યા કુ. મીનાક્ષીબહેન ઓઝા, નાટ્ય વિભાગના વડા શ્રી અજય સાગર અને વિભાગના બાકીના ત્રણે અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા અને અમને જરૂરી માહિતી આપી હતી. મુલાકાતના સંદર્ભમાં અમારાં અવલોકનો નીચે પ્રમાણે છે :

૧. હાલમાં વિભાગમાં એક ટ્યુટર સહિત ચાર અધ્યાપકો છે અને દરેક જણ ત્રેવીસ-ત્રેવીસ લેક્ચર્સ અઠવાડિયામાં લે છે. ઉપરાંત ચાર મુલાકાતી અધ્યાપકો મળીને કુલ અઢાર તાસ લે છે. વિભાગના વિશિષ્ટ અભ્યાસક્રમને ધ્યાનમાં લેતાં અને સમિતિ પરના વિષય નિષ્ણાંત પ્રો. માર્કંડ ભટ્ટે વિષદ સ્પષ્ટતા કરેલી તેને ધ્યાનમાં લેતાં હાલમાં નિમાયેલ કામ કરતી ફેકલ્ટીમાં શિક્ષકગણ પર્યાપ્ત ન ગણાય અને તે પૂરતો ન્યાય પણ અભ્યાસક્રમના વિવિધ પાસાને આપી ન શકે.

૨. ગ્રંથાલયમાં નાટ્ય વિભાગને લગતાં જરૂરી પુસ્તકો પૂરતા પ્રમાણમાં છે. પરંતુ નાટ્ય વિભાગનો સમય અને ગ્રંથાલયનો સમય સમાન્તર ન હોવાથી નાટ્ય વિભાગના વિદ્યાર્થીઓ ગ્રંથાલયનાં પુસ્તકોનો પૂરતો ઉપયોગ કરી શક્તા નથી. એ માટેની અલગ વ્યવસ્થા થાય અને વિભાગમાં જ એ પુસ્તકો ઉપલબ્ધ હોય તેવી વ્યવસ્થા કરવાની સમિતિ ભલામણ કરે છે.

૩. કૉલેજમાં આચાર્યશ્રીએ મોકલેલા પરિપાલનના હેવાલના પાન નં. ૨/૩ ઉપર દર્શાવેલ સને ૧૯૯૯માં ખરીદાયેલી રૂ. ૪૫,૦૦૦ની અને સન ૨૦૦૦માં ખરીદાયેલી રૂ. ૫૦,૭૦૦ની ચીજવસ્તુઓ તથા મિસ્ત્રીનાં સાધનો ઉપલબ્ધ છે. પરંતુ મિસ્ત્રી (કાર્પેન્ટર)ની જાન્યુઆરી, ૨૦૦૦માં ખાલી પડેલી જગ્યા હજુ ભરાઈ નથી. અને લાઈટમેન તથા કાર્પેન્ટરની જ્યારે જરૂર પડે છે, ત્યારે બોલાવી લેવામાં આવે છે તે વ્યવસ્થા અપૂરતી ગણાય મિસ્ત્રીની નિમણૂક તાકીદે કરવી જરૂરી છે.

૪. આ વિભાગ ૧૯૭૦થી ચાલે છે. ડિપ્લોમા અભ્યાસક્રમ તરીકે અસ્તીત્વમાં આવેલ આ અભ્યાસક્રમ વિભાગને મુખ્ય વિષય અને તેના વિભાગ હવે ચલાવવામાં આવે છે. આખા રાજ્યમાં નાટ્ય વિદ્યાનો આવો અભ્યાસક્રમ વડોદરાની પરફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટી (એમ. એસ. યુનિ.) પછી આ એક જ સંસ્થામાં ઉપલબ્ધ છે તે જોતાં આ અભ્યાસક્રમ વધારે વ્યવસ્થિત રીતે પૂરતી સગવડ સાથે ચાલે તે જરૂરી છે. ખાસ કરીને જ્યારે આ વિષય સાથે વ્યવસ્થિત તાલીમ પામેલ સ્નાતકોને કારકિર્દીની સારી તકો પ્રાપ્ત થાય તેવી સ્થિતિ સર્જાઈ છે તેથી એ માટે સમિતિ નીચેની શરતોનું તત્કાળ પાલન થાય તેવી ભલામણ કરે છે :

(અ) સ્ટેજ ક્રાફ્ટ, ડિરેક્શન, કોસ્ચ્યુમ ડિઝાઈન, બોર્ડ લેંગ્વેજ, વૉઇસ કલ્ચર જેવા વિષયો શીખવવા માટે તે તે વિષયના તજજ્ઞ હોવા જરૂરી છે. અમદાવાદ જેવા શહેરમાં આ વિષયો શીખવવા માટેના નિષ્ણાતો ન મળી શકે એમ નથી. પરંતુ હાલમાં મુલાકાતી અધ્યાપકોને માત્ર કન્વેયન્સના રૂ. ૪૦ ચૂકવવામાં આવે છે એ જોતાં નિષ્ણાતો આ કામ માટે મુલાકાતી અધ્યાપકો તરીકે આવે એમ જણાતું નથી. સમિતિ એવી ભલામણ કરે છે કે સ્ટેજ ક્રાફ્ટ, ડિરેક્શન, બોર્ડ લેંગ્વેજ વાઈસ કલ્ચર જેવા વિષયોમાં નિષ્ણાંત હોય તેવા એક પૂર્ણ સમયના અધ્યાપકની તત્કાલ નિમણૂક થવી જોઈએ.

(બ) કાર્પેન્ટર, વોર્ડરોબ ઇનચાર્જ, વાયરમેન, મેકપમેન વગેરેની અલગ અલગ નિમણૂક કરવાનું વ્યવહારુ ન ગણાય, અમે હોય તો એક સ્ટેજ-એટેન્ડન્ટ એવી જગ્યા કરીને તે જગ્યા તત્કાલ ભરવી જોઈએ અને સ્ટેજ-એટેન્ડન્ટ તરીકે કામ કરનાર પાસે કાર્પેન્ટર, વોર્ડરાબ ઇનચાર્જ, મેકપમેન વગેરેની થોડીઘણી આવડત કેળવાયેલી હોય તે જોવું જોઈએ એવી ભલામણ સમિતિ કરે છે.

(ક) વિદ્યાર્થીઓને પ્રાયોગિક કામ માટે પૂરતો સમય મળી રહે એ માટે નાટ્ય વિદ્યા વિભાગનો સમય બપોરના ૧૨થી સાંજના ૯ સુધીનો રાખવાની સમિતિ ભલામણ કરે છે.

(ડ) વિદ્યાર્થીઓએ પ્રાયોગિક કામ માટે જરૂરી એજ્યુકેશન ટૂર ગોઠવી હોય તેમ જણાતું નથી તે અંગે સમિતિ ભલામણ કરે છે કે ગ્રામ મેળાઓ, જુદી જુદી જગ્યાનાં થિએટરો વગેરેને એજ્યુકેશન ટૂર વર્ષમાં બેથી ત્રણની સંખ્યામાં ગોઠવવામાં આવે એવી સમિતિની ભલામણ છે.

તા. ૧૦-૪-૨૦૦૧

**માર્કંડ ભટ્ટ**
**આર. એચ. વ્યાસ**
**યોગેન્દ્ર વ્યાસ**

## પરિશિષ્ટ "૧૧"

કામકાજ ક્રમાંક ૧૫

### આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, બોરસદમાં કોમ્પ્યુટર સાયન્સ વિષયના કાયમી જોડાણ અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

અમે સ્થાનિક તપાસમિતિના સભ્યો તરીકે આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, બોરસદની તા. ૧૫-૪-૨૦૦૦ના રોજ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન આચાર્યશ્રીએ હાજર રહી માહિતી પૂરી પાડી હતી, જે નીચે પ્રમાણે છે :

૧. સંસ્થા ત્રણેય વિદ્યાશાખામાં કોમ્પ્યુટર સાયન્સનો વિષય શીખવે છે.

૨. પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે શ્રી વિજય ભોઈ સેવાઓ આપે છે.

૩. આ વિષયના આશરે ૧૨૫ જેટલાં પુસ્તકો પેટે રૂ. ૨૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો છે.

૪. કોમ્પ્યુટરની પ્રયોગશાળામાં એક સર્વર અને ૯ જેટલા વર્કસ્ટેશન પ્રિન્ટર સાથે વસાવવામાં આવ્યા છે.

૫. પ્રોગ્રામરની જગ્યા હાલ ખાલી છે તે પર નિમણૂક કરવામાં આવી નથી.

૬. ત્રણેય વિદ્યાશાખામાં કોમ્પ્યુટર સાયન્સ વિષયનું કાયમી જોડાણ મળે તેવી સંસ્થાની માગણી છે.

ઉપરોક્ત હકીકત જોતાં સમિતિ નીચે પ્રમાણે ભલામણ કરે છે.

પ્રોગ્રામરના પૂર્ણ સમયની જગ્યા પર યોગ્ય વ્યક્તિની તાત્કાલિક નિમણૂક કરવામાં આવે. તે દરમિયાન આ વિષયનું ત્રણેય વિદ્યાશાખાઓનું જોડાણ ૨૦૦૧-૨૦૦૨ સુધી તદર્થધોરણે (એડહોક) લંબાવવામાં આવે.

**શ્રી આર. પી. સોની**
**શ્રી વાય. કે. અગ્રવાલ**
**ડૉ. સરલા અચ્યુતન**

## પરિશિષ્ટ "૧૨"

કામકાજ ક્રમાંક ૧૬

### બેઝિક બી.એસસી. (નર્સિંગ)ના અભ્યાસક્રમનું ૨૦૦૦-૨૦૦૧નું જોડાણ અરજી પરત્વેની સ્થાનિક તપાસસમિતિની મુલાકાત અંગે રિપોર્ટ

માનનીય સાહેબશ્રી,

આપના પત્રના અનુસંધાનમાં જણાવવાનું કે આપે નીમેલા સ્થાનિક તપાસસમિતિ તા. ૧૭- ૫-૨૦૦૧ના રોજ ડૉ. સી. એ. દેસાઈ મેડિકલ ફેકલ્ટી ડીન અને શ્રીમતી કંચનબહેન એસ. શાહ ભૂતપૂર્વ સ્ટેટ નર્સિંગ સુપરિન્ટેન્ડેન્ટ ગુજરાત રાજ્યની બનેલી સ્થાનિક તપાસસમિતિએ નર્સિંગ કૉલેજની સ્થળ તપાસ માટે રૂબરૂ મુલાકાત લીધી હતી. નર્સિંગ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રીની તથા તેમના અધ્યાપક અને કર્મચારી પરિવાર એ સભ્યશ્રીઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું. અને તપાસ સાથે સઘળી માહિતી પૂરી પાડી હતી.

**મકાન અને અન્ય શૈક્ષણિક સગવડો :** બેઝિક બી.એસસી. નર્સિંગના અભ્યાસ માટે કૉલેજનું સ્વતંત્ર ગ્રાઉન્ડ ફ્લોર સહિત ત્રણ માળનું વિશાળ મકાન છે. આ મકાનમાં પુરતી હવાની તથા ઉજાસની વ્યવસ્થા છે. વિદ્યાર્થિનીઓના અભ્યાસ સગવડ માટે પ્રવચન ખંડો પ્રયોગશાળાઓ પરીક્ષા ખંડ શિક્ષકગણ માટે કેબીનો કાર્યાલયની વ્યવસ્થા તથા મુલાકાતીઓની ખંડની વ્યવસ્થા ઉપલબ્ધ છે. નર્સિંગ કૉલેજમાં શૈક્ષણિક પ્રદર્શન યોજવા માટે અલાયદો અને વિશાળખંડ પણ છે. ઉપરાંત વિશેષ સુવિધા માટે લીફ્ટ અને ચોથા માળનું બાંધકામ પૂર્ણ થયેલ છે. લીફ્ટનું કામ પૂર્ણ થયેલ છે. અને લીફ્ટ ચાલુ હાલતમાં છે. બીજી માહિતી નીચે મુજબ છે :

**નર્સિંગ કૉલેજના મકાનમાં ઉપલબ્ધ સગવડો :**

૧. ગ્રાઉન્ડ ફ્લોર : આચાર્યશ્રીનું કાર્યાલય બાજુના રૂમ સાથે ૧, અંગત મદદનીશનું કાર્યાલય ૧, માહકમ શાખા રૂમ ૧, એકાઉન્ટ્સની શાખા રૂમ ૧, કાઉન્સિલ-મુલાકાતી ખંડ ૧, સ્ટોર રૂમ ૧.

૨. પ્રથમ માળ : વ્યાખ્યાન ખંડ : કુલ-૪, અધ્યાપકોના કાર્યાલય-૫, પ્રયોગશાળા ૪, (ફન્ડામેન્ટલ્સ નર્સિંગ પબ્લિક હેલ્થ લેબ., એમ.સી.એચ. પ્રદર્શન યોજવા માટે મેડિકલ સર્જિકલ લેબ.).

૩. બીજો માળ : વિશાળ પરીક્ષા ખંડ : જેમાં એક સાથે ૮૦ વિદ્યાર્થિનીઓ બેસી શકે તેવી વ્યવસ્થા. પ્રયોગશાળા ૨ (માઇક્રો-એનોટોમી).

૪. ત્રીજો માળ : પ્રયોગશાળા ૧, ઓબ્સ્ટ ઍન્ડ ગાઇનેક લેબ. ૧, વર્ગ ખંડ-૧, અધ્યાપકોની ઑફિસો-૩. આ માળ ઉપર એક વિશાળ પરીક્ષા ખંડ કે જે શૈક્ષણિક પ્રોગ્રામો માટે વાપરી શકાય. અધ્યાપકોની ઑફિસ-૮ તે બાંધકામ પૂર્ણ થયેલ છે. લીફ્ટનું કામ પૂર્ણ થયેલ છે.

**હૉસ્ટેલની માહિતી :** હોસ્ટેલ નં. ૧ અને ૨ : કૉલેજ પાસે પોતાની બે વિશાળ હોસ્ટેલો છે. જેમાં ૨ વોર્ડનની નિમણૂક થયેલ છે. વિદ્યાર્થિનીઓ માટે રસોડા માટેની જોગવાઈ છે. જે હાલમાં ચાલુ છે. બધા વિદ્યાર્થિનીઓને હોસ્ટેલમાં રહેવાની સુવિધા છે. વોર્ડનને કુટુંબ સાથે રહેવાની સુવિધા છે. વિદ્યાર્થિનીઓને જમવા માટે કલબ સીસ્ટમ ચાલે છે. મહિનાનો કુલ ભોજન ખર્ચ આવે તેમાંથી દરેકને ભાગે આવતો ખર્ચ આપવાનો હોય છે. ભોજનની ગુણવત્તા સચવાય તે માટે મેશ કમિટીની રચના કરવામાં આવેલ છે.

**ગ્રંથાલય :** નર્સિંગ કૉલેજમાં પોતાનું વિશાળ ગ્રંથાલય છે. જેમાં અધ્યયન તથા અધ્યાપન કાર્યને લગતા દેશવિદેશના પુસ્તકો મોટી સંખ્યામાં અને નકલોમાં ઉપલબ્ધ છે. આ પુસ્તકો વિષય અનુસાર અને વિભાગો અનુસાર પ્રાપ્ય છે. અધ્યાપન અને અધ્યાપનમાં ઉપયોગ થાય એ માટે ગુજરાત સરકારશ્રી દર વર્ષે નવા અને જરૂરિયાતના પુસ્તકો ખરીદ માટે પૂરતી ગ્રાન્ટ આપે છે. દેશ-પરદેશનાં સામાયિકો (જનરલ્સ) પણ નિયમિત મંગાવવામાં આવે છે. જેની માહિતી નીચે મુજબ છે :

**ગ્રંથાલયની માહિતી :**

| | |
|---|---|
| કૉલેજની કુલ ગ્રાન્ટ-પ્લાન- | રૂ. ... ૧૬,૨૨,૦૦૦ |
| નોન પ્લાન | રૂ. ... ૭૬,૯૭,૦૦૦ |
| કુલ ગ્રાન્ટ | રૂ. ... ૯૩,૧૯,૦૦૦ |

**ગ્રંથાલયમાં આવતા જનરલ્સ (લિસ્ટ સામેલ છે) :** વધુમાં જણાવવાનું કે આ સંસ્થાના ૭૮,૦૦૦ના લાઇબ્રેરીના પુસ્તક અને જર્નલ્સના બી ગ્રાન્ટના અભાવે ગયા વર્ષે પેન્ડિંગ હતા તે આ વર્ષે પૂર્ણ થયેલ છે. ઉપરાંત ગ્રંથાલયમાં શૈક્ષણિક કાર્ય માટે ટી.વી. અને વી.સી.આર. પણ ઉપલબ્ધ છે.

આ ઉપરાંત કોમ્પ્યુટર પણ વસાવવામાં આવેલ છે. જે સ્ટુડન્ટસના શૈક્ષણિક કાર્ય માટે તેમજ ઑફિસના કાર્ય માટે વપરાય છે.

નર્સિંગ કૉલેજને પોતાનું વિશાળ ગ્રંથાલય છે જેમાં એક સાથે ૬૦ વિદ્યાર્થીઓ બેસીને અધ્યાપન કરી શકે છે. ઉપરાંત ગ્રંથાલયમાં ગ્રંથપાલ માટે અલગ કાર્યાલયની અલાયદી વ્યવસ્થા છે.

વધુમાં આ વર્ષે કેન્દ્ર સરકાર તરફથી લાઇબ્રેરી માટે રૂ. ત્રણ લાખ સહાય મળેલ છે તેમાંથી નીચે મુજબના વસ્તુઓ વસાવવામાં આવેલ છે :

| ક્રમ | વસ્તુ | નંગ |
|---|---|---|
| ૧. | પુસ્તકો | ૧૦૦ |
| ૨. | પ્લાસ્ટિક ચેર | ૬૦ |
| ૩. | લાઇબ્રેરી કાઉન્ટર | ૧ |
| ૪. | લાઇબ્રેરી જનરલ રેક | ૧ |
| ૫. | કોમ્પ્યુટર ટેબલ | ૧ |
| ૬. | પ્રિન્ટર ટેબલ | ૧ |
| ૭. | ટી. વી. કેબીનેટ | ૧ |
| ૮. | લાઇબ્રેરી રીડિંગ ટેબલ પાર્ટિશન સાથે | ૧ |
| ૯. | લાઇબ્રેરી બુક ટ્રોલી | ૧ |
| ૧૦. | સી.ડી. કેસેટ અભ્યાસક્રમને લગતી જુદા જુદા વિષયોની | ૨૦ |

**ક્લિનિકલ અનુભવ :** નર્સિંગ કૉલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની બહેનોના ક્લિનિકલ અનુભવ માટે નવી સિવિલ હોસ્પિટલ કીડની ઇન્સ્ટિટ્યૂટ, કેન્સર હોસ્પિટલ, આંખની હોસ્પિટલ, પેરાપ્લેજીયા હોસ્પિટલ, વી. એસ. હોસ્પિટલ, અમદાવાદની મદદ લેવામાં આવે છે. કોમ્યુનિટી હેલ્થ નર્સિંગના અનુભવ માટે પ્રાયમરી હેલ્થ સેન્ટર, અસારવા કેન્દ્ર, અમદાવાદ, પી.એચ.સી. અડાલજ, ગાંધીનગર તેમજ ડોમીસિલયરી મીડવાઇફરી નર્સિંગ પી.એચ.સી. આંકલાવ અને પી.એચ.સી. ચાંગા, નડિયાદ અને ખેડા જિલ્લાનો ઉપયોગ કરવામાં આવે છે. આ અનુભવ ફેકલ્ટીના ડાયરેક્ટર સુપરવિઝન હેઠળ આપવામાં આવે છે અને ત્યાં તેમની સાથે ફેકલ્ટી મેમ્બર્સ રહે છે.

નર્સિંગ કૉલેજ પાસે અધ્યયન-અધ્યાપનોને લગતા અને ઉપયોગી ઓડિયો વિઝ્યુઅલ એઇડ્સ (A.V. aids) ના પૂરતા સાધનો જવાં કે ઓવરહેડ પ્રોજેક્ટર, સ્લાઇડર પ્રોજેક્ટર મોડલ્સ, ચાર્ટ વગેરે ઉપલબ્ધ છે. (ચાલુ હાલતમાં).

**રમતગમત ક્ષેત્રે નર્સિંગ કૉલેજ :** રમતગમતની પ્રવૃત્તિ માટે વૉલીબૉલ, બેડમિંગ્ટન, કેરમબોર્ડ, ચેસ તથા અન્ય રમતોની વ્યવસ્થા છે. બી. જે. મેડિકલ કૉલેજનું મેદાન રમત માટે ઉપયોગમાં લેવામાં આવે છે તથા વિદ્યાર્થીઓના આનંદ પ્રમોદ માટે ટી.વી.ની પણ વ્યવસ્થા પ્રાપ્ય છે. કૉલેજ પ્રોગ્રામ સમયે ઉપયોગ માટે કોમ્યુનિકેશન સીસ્ટમ ઉપલબ્ધ છે.

**વધારાની શૈક્ષણિક કામગીરી :** કેન્દ્ર સરકાર તરફથી આ વર્ષ માટે કુલ ૧૦ નર્સિંગ ટ્રેનિંગ પ્રોગ્રામ માટે રૂ. ૫-૦૦ (પાંચ લાખ) મળેલા તેમાંથી કૉલેજ ઑફ નર્સિંગ દ્વારા વર્ષ દરમિયાન કુલ ૧૦ નર્સિંગ ટ્રેનિંગ પ્રોગ્રામ

કરેલ જે નીચે મુજબ છે :

| ક્રમ | વિષય | સ્થળ | સંસ્થા |
|---|---|---|---|
| ૧. | હ્યુમન રિલેશન્સ ઇન હેલ્થ કેર | સ્કૂલ ઑફ નર્સિંગ એસ.એસ.જી. હૉસ્પિટલ, બરોડા | ગુજરાત નર્સિંગ કાઉન્સિલના સહયોગથી |
| ૨. | ,, ,, | ,, ,, | ,, ,, |
| ૩. | ,, ,, | ,, ,, | ,, ,, |
| ૪. | ,, ,, | ,, ,, | ,, ,, |
| ૫. | મોડર્ન ટ્રેન્ડઝ ઍન્ડ ટેકનોલોજી | સ્કૂલ ઑફ નર્સિંગ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ | ,, ,, |
| ૬. | રોલ ઑફ નર્સ ઇન એડવાન્સ કાર્ડિયોલોજી ઍન્ડ યુરોલોજી | કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ | કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ |
| ૭. | એડવાન્સ પિડિયાટ્રિક નર્સિંગ | ,, ,, | ,, ,, |
| ૮. | ,, ,, | ,, ,, | ,, ,, |
| ૯. | મેનેજમેન્ટ : ટ્રેન્ડઝ ઇન કોમ્યુનિટી હેલ્થ નર્સિંગ | ,, ,, | ,, ,, |
| ૧૦. | ,, ,, | ,, ,, | ,, ,, |

**અભ્યાસક્રમ અને પ્રવેશ :** નર્સિંગ કૉલેજમાં સરકારશ્રીએ અને ગુજરાત યુનિવર્સિટીના નિયમાનુસાર ૧૨ વિજ્ઞાન સાથે ઉત્તીર્ણ થનાર ૩૦ બહેનોને મેરિટ અનુસાર પ્રવેશ આપવામાં આવે છે. બેઝિક બી.એસસી. નર્સિંગ વાર્ષિક પરીક્ષાઓ (સેમેસ્ટર-સીસ્ટમ) ગુજરાત યુનિવર્સિટીની સીધી દેખરેખ હેઠળ લેવામાં આવે છે અને ચાર વર્ષના અભ્યાસના અંતે બી.એસસી. નર્સિંગની ડિગ્રી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે છે. અધીક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન વિભાગ (તબીબી શિક્ષણ) આરોગ્ય વિભાગ હેઠળ નર્સિંગ કૉલેજનું સંચાલન છે.

૧. પ્રિન્સિપાલ વર્ગ ૧ : પગારધોરણ ૧૨,૦૦૦-૧૬,૩૦૦ પાંચ વર્ષ બાદ રૂ. ૧૪,૩૦૦- ૧૯,૨૫૦. આ પોસ્ટ ઉપર કુ. કલ્પના એસ. મકવાણા હાલના તબક્કે ઇન્ચાર્જ પ્રિન્સિપાલ તરીકે કામ કરે છે. આ પોસ્ટ માટે ભલામણ કરવામાં આવે છે કે તાત્કાલિક નિયમ મુજબ ભરી દેવી.

૨. લેક્ચરર (સિલેક્શન સ્કેલ) વર્ગ ૧ : પગારધોરણ રૂ. ૧૨,૦૦૦-૧૬,૩૦૦. આ પોસ્ટ પર ૬ જગ્યાઓ મંજૂર થયેલ છે. ૪ જગ્યા ભરેલી છે. ૨ જગ્યા ખાલી છે. આ બાકી રહેલ પોસ્ટો તાત્કાલિક રેગ્યુલર ધોરણે ભરવી.

૩. લેક્ચરર (સિનિયર સ્કેલ) વર્ગ ૧ : પગારધોરણ ૧૦,૦૦૦-૧૫,૦૦૦. આ પોસ્ટ પર કુલ ૭ જગ્યા મંજૂર થયલ છે. ૩ જગ્યા એડહોક ધોરણે ભરેલ છે. ૪ જગ્યા ખાલી છે. આ ૪ જગ્યાઓ ભરવા માટે ભલામણ કરવામાં આવે છે કે તે તાત્કાલિક ભરી દેવી.

૪. લેક્ચરર વર્ગ ૨ : પગારધોરણ રૂ. ૮,૦૦૦-૧૩,૫૦૦. આ પોસ્ટ પર કુલ ૮ જગ્યા મંજૂર થયેલ છે. બધી જગ્યાઓ ખાલી છે. આ માટે તાત્કાલિક પગલા ભરવા.

૫. ટ્યુટર ડેમોસ્ટ્રેટર વર્ગ ૩ : પગારધોરણ રૂ. ૫,૫૦૦-૯૦૦૦. આ પોસ્ટ પર કુલ ૧૭ જગ્યા મંજૂર થયલ છે. જેમાં ૧૦ જગ્યા ભરેલી છે. ૭ જગ્યાઓ ભરવાની બાકી છે. સદર ૭ જગ્યાઓ તાત્કાલિક ભરવા પગલા ભરવા.

૬. ઉપર જણાવ્યા મુજબ ખાલી જગ્યાઓ ભરવા ભલામણ કરવામાં આવે છે કે જેમ બને તેમ તાત્કાલિક જગ્યાઓ ભરવી.

| | |
|---|---|
| **ડૉ. સી. એ. દેસાઈ** | **શ્રીમતી કંચનબહેન શાહ** |
| મેડિકલ ડીન, ગુજરાત યુનિ. | સ્ટેટ નર્સિંગ સુપરિન્ટેન્ડેન્ટ ઑફ ગુજરાત (માજી) |
| રહેઠાણ : | |
| બી-૨, સ્ટેટ્સ એપાર્ટમેન્ટ, નવરંગપુરા, | સંગાથ એપાર્ટમેન્ટ નં. ૨, |
| ટેલિફોન એક્ષચેન્જ સામે, | સ્ટેટ બૅન્ક ઑફ સૌરાષ્ટ્રની પાછળ, |
| અમદાવાદ | ૧૮/એ, સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા, |
| | સી. જી. રોડ, અમદાવાદ-૯. |

## પરિશિષ્ટ "૧૩"

કામકાજ ક્રમાંક ૧૭

**તા. ૮-૬-૨૦૦૧ શુક્રવારના રોજ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા નીમેલ સ્થાનિક તપાસસમિતિનો બી.જે. મેડિકલ કૉલેજ તેમજ સિવિલ હૉસ્પિટલનો પ્રત્યક્ષ નિરીક્ષણનો હેવાલ**

પ્રતિ :

માનનીય કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

**બાબત :** બી. જે. મેડિકલ કૉલેજના શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટે વિદ્યાર્થી સંખ્યાના જોડાણ અંગે.

**સંદર્ભ :** ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક-ઍકૅડેમિક-જોડાણ-૧૦૪૦૫, ૨૦૦૧ તા. ૩-૬- ૨૦૦૧.

માનનીય સાહેબ,

ઉપરોક્ત વિષયના સંદર્ભ બાબતે સ્થાનિક સમિતિના સભ્યશ્રી ડૉ. સી. એ. દેસાઈ, ડૉ. કે. એચ. શાહ, ડૉ. એન. જે. ચિનોયે તા. ૮-૬-૨૦૦૧ને શુક્રવારના રોજ બી. જે. મેડિકલ કૉલેજ અને તેની સાથે સંલગ્ન સિવિલ હૉસ્પિટલ, અમદાવાદની મુલાકાત ડીનશ્રી, ડૉ. કે. વી. ભટ્ટ સાથે લીધેલ હતી. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ ૧૯૯૨ સુધી ૨૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી હતી. ૧૯૯૨માં ગુજરાત સરકારે બી. જે. મેડિકલ કૉલેજને ૨૧૦ બેઠકોમાંથી ૨૫૦ બેઠકો કરવા માટે પરવાનગી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક-એનસીજી-૧૦૯૦-૨૧૫૫-૯૨-જ તા. ૩૧-૭-૧૯૯૨થી આપેલ હતી. આ માટે જરૂરી શૈક્ષણિક સ્ટાફ અને અન્ય ખર્ચની જોગવાઈ ૧૯૯૩-૯૪ના વાર્ષિક વિકાસ કાર્યક્રમમાંથી કરી હતી.

ગુજરાત યુનિવર્સિટીએ પત્ર ક્રમાંક ૯૩૭૦૨ તા. ૮-૭-૧૯૯૨ના પત્રથી મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાને ૨૫૦ બેઠકો ભરવા માટેની પરવાનગી આપવા માટેની વિનંતી કરેલ. હાલમાં બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ૪૩ પ્રોફેસર, ૬૮ એસોસિએટ પ્રોફેસર, ૧૩૮ આસિસ્ટન્ટ પ્રોફેસર અને ૯૧ ટ્યૂટરો ફરજ બજાવે છે. જે ૨૫૦ વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે પૂરતો છે. બી. જે. મેડિકલ કૉલેજ અને સિવિલ હૉસ્પિટલ લગભગ ૧૧૦ એકરના વિસ્તારમાં પથરાયેલ છે. આ સંસ્થા ગુજરાત સરકાર દ્વારા સંચાલિત હોવાથી તેને માટે જરૂરી સંપૂર્ણ ખર્ચ ગુજરાત સરકાર પૂરો પાડે છે અને અવારનવાર વધારાની જરૂરિયાત પ્રમાણે સ્ટાફ જરૂરી માળખુ અને સાધન સામગ્રીનો ખર્ચ દર વર્ષે પૂરો પાડે છે. કૉલેજમાં વિદ્યાર્થીઓને ગુણવત્તા યાદી અનુસાર કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા સરકારશ્રીના પ્રવેશના નિયમોનુસાર પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ માટે અનામત બેઠકોની ટકાવારી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ભરવામાં આવે છે.

કૉલેજના મુખ્ય મકાનમાં ડીનશ્રીની કચેરી, એનોટોમી, ફિઝિયોલોજી, બાયોકેમિસ્ટ્રી, પેથોલોજી, માઇક્રોબાયોલોજી, ફાર્માકોલોજી, પી.એસ.એમ., ફોરેન્સિક મેડિસિન વગેરે વિભાગો આવેલા છે. આ ઉપરાંત કૉલેજમાં સાત લેક્ચર થિયેટર્સ (વ્યાખ્યાન ખંડ) ૧૭૫થી ૨૦૦ની બેઠકો ક્ષમતા ધરાવે છે. દરેક લેક્ચર થિયેટર્સમાં ઓડિયો વિઝ્યુઅલ સાધનો પૂરા પાડવામાં આવેલ છે. કૉલેજમાં લગભગ ૮૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે તેવો ઓડિટોરિયમ હોલ અને ૭૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવો પરીક્ષા ખંડ છે.

ઉપરોક્ત જણાવેલ કૉલેજના વિભાગોમાં શિક્ષકગણને બેસવા અને કાર્ય કરવા માટે જરૂરી જગ્યા પૂરી પાડવામાં આવેલ છે. આ ઉપરાંત શૈક્ષણિક કાર્ય માટે જરૂરી પ્રયોગશાળા, ડેમોસ્ટ્રેશન રૂમ, સેમિનાર રૂમ, ડિપાર્ટમેન્ટલ લાઇબ્રેરી, ડિપાર્ટમેન્ટલ એનિમલ હાઉસ મ્યુઝિયમ વગેરેની જરૂરી સગવડો પૂરતા પ્રમાણમાં છે. આ માટે જરૂરી ટેકનિકલ અને વર્ગ- ૪નો સ્ટાફ પણ પૂરો પાડવામાં આવેલ છે. દરેક વિષયોમાં ગુજરાત યુનિવર્સિટી ફેકલ્ટી ઑફ મેડિસિન તેમજ મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ઠરાવેલ ધોરણ મુજબ દરેક વિષયમાં વ્યાખ્યાનો, પ્રાયોગિક વર્ગો, ટ્યુટોરિયલ વગેરે યુનિવર્સિટીના અભ્યાસક્રમ અનુસાર ચુસ્તપણે આનો અમલ કરવામાં આવે છે.

કૉલેજમાં એક વિશાળ સેન્ટ્રલ લાઇબ્રેરી ૬૦૦૦ ચો. વાર વિસ્તારમાં આવેલ છે જેમાં ૪૦૦ સ્નાતક અને ૧૦૦ અનુસ્નાતક વિદ્યાર્થીઓ તેમજ ૫૦ સ્ટાફ મેમ્બર બેસી શકે તેવી જોગવાઈ છે. લાઈબ્રેરીમાં ૨૧૮૯૭ પુસ્તકો છે દર વર્ષે ૧૮૫ ફોરેન જર્નલ અને ૫૦ ઇન્ડિયન જર્નલનું લવાજમ ભરી મંગાવવામાં આવે છે. હાલમાં ૧૮,૮૮૮ જર્નલ બેકવોલ્યુમ ઉપલબ્ધ છે. લાઇબ્રેરીમાં અદ્યતન સગવડો મેડલાર, મેડલિન, ઇન્ટરનેટ માઇક્રોફિલ્મ રીડર વગેરે ઉપલબ્ધ છે. આ ઉપરાંત લાઇબ્રેરી સી. ડી. રોમ ટાવર તેમજ તેના ઉપરના મજલે ૮ ટી.વી.ના જોડાણ સાથે શિક્ષકો, વિદ્યાર્થીઓ જરૂરી વૈજ્ઞાનિક સંશોધનને લગતા તેમજ શૈક્ષણિક માહિતી મેળવી શકે તેમજ નેશનલ મેડિકલ લાઇબ્રેરી સાથે પણ સમગ્ર ભારતમાં ૨૭ કૉલેજો પૈકી આ સંસ્થાની લાઇબ્રેરી પણ આ પ્રોગ્રામ હેઠળ આવરી લેવાયેલ છે જે કેન્દ્ર સરકાર દ્વારા અનુસાનથી ચાલશે જેનો પણ શિક્ષકો, વિદ્યાર્થીઓ અદ્યતન તબીબી તેમજ આધુનિક જ્ઞાન મેળવી શકે. વિદ્યાર્થીઓને ઝેરોક્ષની સગવડ પૂરી પાડવામાં આવે છે. લાઇબ્રેરીમાં જરૂરી લાયકાત ધરાવતો સ્ટાફ પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત વિડિયો લાઇબ્રેરી પણ છે. કૉલેજમાં શિક્ષકોને ટ્રેનિંગ માટે તથા જરૂરી શૈક્ષણિક માહિતી

પૂરી પાડવા માટે મેડિકલ એજ્યુકેશન યુનિટની જોગવાઈ છે. અનુસ્નાતક વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે સ્ટેટિસ્ટિકલ એકમ પણ ઉપલબ્ધ છે. વિશાળ સેન્ટ્રલ એનિમલ હાઉસ પણ છે. કૉલજેના અને હોસ્પિટલના જરૂરી સાધનોની જાળવણી અને મરામત માટે વર્કશોપ છે. શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ માટે જરૂરી સરકારી રહેઠાણની સુવિધા પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

વિદ્યાર્થીઓના મનોરંજન માટે વિશાળ ક્રીડાંગણ અને ઇન્ડોરગેમ માટેની પણ સગવડ છે. વિદ્યાર્થીઓને રહેવા માટે ૯૮૨ અને વિદ્યાર્થિનીઓને રહેવા માટે ૨૬૪ની ક્ષમતા ધરાવતી હોસ્ટેલો છે. દરેક વિદ્યાર્થીઓને રહેવા માટે જરૂરી ફર્નિચર કૉલેજ તરફથી પુરું પાડવામાં આવેલ છે. જમવા-નાસ્તા માટે મેસની સુવિધા છે. આમ કૉલેજના ૨૫૦ વિદ્યાર્થીઓ માટેની જરૂરી સગવડો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

બી. જે. મેડિકલ કૉલેજ સાથે સંકળાયેલ સિવિલ હોસ્પિટલ ૧૪૪૦ પથારીઓ ધરાવે છે. આ હોસ્પિટલમાં મેડિસિન, પિડિયાટ્રિક્સ, ટી.બી. સ્કીન અને વીડી સાયક્યાટ્રી, સર્જરી, એનેસ્થેસિયા, રેડિયોલોજી, ઓર્થોપેડિક, ઓપ્થોલ્મોલોજી, ઈ.એન.ટી. ઓબ. ઍન્ડ ગાયનેકોલોજી, યુરોલોજી, ન્યૂરો સર્જરી, બન્સ-પ્લાસ્ટીક સર્જરીના વિભાગો આવેલા છે. દરેક વિભાગમાં દર્દીઓને સારવાર માટેના અદ્યતન સાધનો તથા શૈક્ષણિક કાર્ય માટે જરૂરી સગવડો પૂરી પાડવામાં આવેલ છે, હોસ્પિટલની વિશાળ ઓ.પી.ડી. છે, હોસ્પિટલની આ ઓ.પી.ડી.માં લગભગ ૨૦૦૦ દર્દીઓ દરરોજ સારવાર લેવા માટે આવે છે, હોસ્પિટલની બેડ ઓક્યુપર્સ ૧૦૦ ટકાથી પણ વધારે છે, આ હોસ્પિટલમાં જરૂરી ઓપરેશન થિયેટર્સ, કેજ્યુલ્ટી ડિપાર્ટમેન્ટ, ફાર્મસી સેન્ટર, સ્ટરિલાઇઝેશન, લોન્ડ્રી, કીચન, કેન્ટીન, ઇન્સિનેટર વગેરે સગવડો ઉપલબ્ધ છે, હોસ્પિટલમાં જરૂરી નર્સિંગ સ્ટાફ ટેકનિકલ અને વર્ગ-૪ કર્મચારીઓની નિમણૂકો કરવામાં આવેલ છે, સિવિલ હોસ્પિટલ ઉપરાંત વિદ્યાર્થીઓને શૈક્ષણિક અનુભવ મળી શકે તે માટે આજ કેમ્પસમાં કેન્સર, ડેન્ટલ, પેરાપ્લેજિયા, કીડની, આંખની હોસ્પિટલો આવેલ છે.

ડીનશ્રી બી. જે. મેડિકલ કૉલેજના જણાવ્યા અનુસાર મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ ૨૦૦૧-૨૦૦૨ના શૈક્ષણિક વર્ષ માટે ૨૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મંજૂરી આપેલ છે, આથી આ સમિતિ શૈક્ષણિક વર્ષ ૨૦૦૨ સુધી બી. જે. મેડિકલ કૉલેજ ૨૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા ગુજરાત યુનિવર્સિટીને ભારપૂર્વક ભલામણ કરે છે.

| સહી | સહી | સહી |
|---|---|---|
| **ડૉ. સી. એ. દેસાઈ** | **ડૉ. કે. એચ. શાહ** | **ડૉ. એન. જે. ચિનોય** |

## પરિશિષ્ટ "૧૪"

કામકાજ ક્રમાંક ૧૮

**તા. ૧૪-૬-૨૦૦૧ના ગુરૂવારના રોજ ગુજરાત યુનિવર્સિટી દ્વારા નીમેલ સ્થાનિક તપાસસમિતિની સ્કૂલ ઑફ ફિઝિયોથેરાપી અને પેરાપ્લેજિયા હોસ્પિટલનો પ્રત્યક્ષ નિરીક્ષણ હેવાલ**

પ્રતિ :

માનનીય કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
નવરંગપુરા, અમદાવાદ-૯.

**બાબત :** સ્કૂલ ઑફ ફિઝિયોથેરાપી, પેરાપ્લેજિયા હોસ્પિટલ, અમદાવાદના શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ના જોડાણ માટે.

**સંદર્ભ :** ગુજરાત યુનિવર્સિટીનાં પત્રાંક ઍકેડેમિક /૨૧/૨૫૬૫૨/૨૦૦૧, તા. ૧૫-૫- ૨૦૦૧.

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષયને લગતાં સંદર્ભના આદેશથી સ્થાનિક સમિતિના સભ્ય શ્રી (૧) ડૉ. આર. કે. પટેલ (૨) ડૉ. વાય. કે. અગ્રવાલ (૩) પ્રિ. શ્રી યુ. એ. પટેલ (૪) ડૉ. કે. એચ. શાહ દ્વારા તા. ૧૪-૬-૨૦૦૧ના ગુરૂવારના રોજ સ્કૂલ ઑફ ફિઝિયોથેરાપી અને તેને સંલગ્ન પેરાપ્લેજિયા હોસ્પિટલ, અમદાવાદની મુલાકાત લેવા સભ્યશ્રીઓની યુનિવર્સિટીએ નિમણૂક કરેલ. જે પૈકી ડૉ. આર. કે. પટેલ અને ડૉ. કે. એમ. શાહ આ સંસ્થાની મુલાકાત પ્રિન્સિપાલ અને ડાયરેક્ટર, ફિઝિયોથેરાપી સ્કૂલ અને પેરાપ્લેજીયા હોસ્પિટલની સાથે લીધેલી હતી.

સ્થાનિક સમિતિએ પેરાપ્લેજિયા હોસ્પિટલમાં વિવિધ વિભાગો, ફિઝિયોથેરાપી સ્કૂલ તથા સિવિલ હોસ્પિટલ અમદાવાદના બી-૧માં આવેલ, ફિઝિયોથેરાપી વિભાગની મુલાકાત લીધેલ, જેમાં ફિઝિયોથેરાપીની સારવાર તેમજ શૈક્ષણિક હેતુઓ માટેનાં સાધનસામગ્રી પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ તેમજ ચાલુ હાલતમાં જોવા મળેલ છે.

સ્કૂલ ખાતે હાલમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ફીની પ્રથા અમલી છે અને આ અંગે યુનિવર્સિટી દ્વારા થતાં ફેરફારો અને ધોરણો જાળવી રાખવાનાં રહેશે.

ફિઝિયોથેરાપી વિભાગ દ્વારા ક્લિનિકલ વર્ગ અને દર્દીઓની સંખ્યા પર્યાપ્ત પ્રમાણમાં જોવા મળેલ છે.

શૈક્ષણિક સ્ટાફ દ્વારા નિયમિત અને નિયત માપદંડ મુજબ વ્યાખ્યાનો લેવામાં આવે છે. વ્યાખ્યાતાઓ યુનિવર્સિટીની ધારાધોરણ મુજબની લાયકાત ધરાવે છે.

સ્કૂલ ખાતેની લાઇબ્રેરીમાં ગત નિરીક્ષણ વખતે અપાયેલ સૂચના સંદર્ભે સંસ્થા દ્વારા નવા જરૂરી પુસ્તકો ખરીદવામાં આવેલ છે અને વિદ્યાર્થીઓનાં ઉપયોગમાં મૂકવામાં આવેલ છે તેમજ આગામી વર્ષે લાઇબ્રેરીના વિકાસ માટે જરૂરી અનુદાન ઉપલબ્ધ થનાર છે.

સ્કૂલ માટે બંધાયેલ નવા બિલ્ડિંગની મુલાકાત સ્થાનિક સમિતિ દ્વારા લેવામાં આવેલ, જેમાં નવા વ્યાખ્યાન ખંડો, પુસ્તકાલય અને લેબોરેટરી માટેની જગ્યાનું નિરીક્ષણ કરી સંતોષ વ્યક્ત કરેલ, સમિતિએ સદરહુ મકાનનો કબજો સત્વરે મેળવી લેવા દિન-૧૫ (પંદર)માં કાર્યવાહી કરવા તેમજ નવા મકાનમાં સ્કૂલની શૈક્ષણિક કાર્યવાહી શીઘ્રતાથી કાર્યાન્વિત કરવા ભલામણ કરે છે.

શૈક્ષણિક સ્ટાફમાં ફિઝિયોથેરાપિસ્ટ લેક્ચરર અને સિનિયર લેક્ચરર પૈકીના એક લેક્ચરર તેમજ એક સિનિયર લેક્ચરરની જગ્યા ખાલી છે. જે ભરતી નિયમોનુસાર અથવા ભરતી નિયમોમાં છૂટછાટ મૂકીને પણ સત્વરે આ શૈક્ષણિક ખાલી જગ્યાઓ ભરવા ભલામણ છે.

આથી આ સમિતિ શૈક્ષણિક ૨૦૦૨ સુધી વિદ્યાર્થીઓને પ્રવેશ અને જોડાણ આપવા ગુજરાત યુનિવર્સિટીને ભારપૂર્વક ભલામણ કરે છે.

| સહી | સહી |
|---|---|
| **ડૉ. આર. કે. પટેલ** | ડૉ. કે. એચ. શાહ |

## <u>પરિશિષ્ટ "૧૫"</u>

કામકાજ ક્રમાંક ૧૯

**સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર ડીટીપી અને ડીએલપીના નવા જોડાણનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ તા. ૨૩-૩-૨૦૦૧ના રોજ રૂબરૂ કૉલેજની મુલાકાત લીધી હતી. સંસ્થા તરફથી આચાર્યશ્રીએ સમિતિના સભ્યોને જરૂરી માહિતી અને વિગતો પૂરી પાડી હતી.

૧. સિદ્ધાર્થ લૉ કૉલેજમાં પ્રથમ/દ્વિતીય/તૃતીય વર્ષ એલએલ.બી.નું કાયમી જોડાણ મળેલું છે, ડીટીપી અને ડીએલપીના વર્ગો શરૂ કરવા વધારાનું જોડાણ માગ્યું છે.

૨. કૉલેજને પોતાનું આગવું સ્વતંત્ર મકાન છે, જેમાં યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે શૈક્ષણિક તેમજ ભૌતિક સુવિધાઓ છે.

૩. કૉલેજની છેલ્લાં ત્રણ વર્ષની વિદ્યાર્થીઓની વર્ગ વાર સંખ્યા આચાર્યશ્રી તરફથી સમિતિના સભ્યોને પૂરી પાડવામાં આવી છે. (**પરિશિષ્ટ "ક"**) (છાપેલ નથી) સામેલ છે. આ વિગતોમાં દર વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતો રહ્યો છે.

૪. કૉલેજ દ્વારા શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની વિગત પૂરી પાડવામાં આવી હતી જે (**પરિશિષ્ટ "ખ"**) (છાપેલ નથી) તરીકે સામેલ છે.

૫. કૉલેજના આચાર્યશ્રી દ્વારા જણાવ્યા પ્રમાણે તા. ૨૩-૩-૨૦૦૧ના પત્રાંક નં. ડીટીપી/ડીએલપી/૩૬૮થી દર્શાવ્યું છે. ડીટીપી અને ડીએલપીનું જોડાણ મળેથી આ કોર્સના વર્ગો લૉ કૉલેજનાં મકાનમાં સાંજના સમયે ચલાવવામાં આવશે (**પરિશિષ્ટ "ગ"**) (છાપેલ નથી) તરીકે સામેલ છે.

૬. ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન લૉ કૉલેજો પૈકી અમદાવાદની એમ. એન. નાણાવટી લૉ કૉલેજ તેમજ નડીયાદની એમ. એસ. ભગત સોનાવાલા લૉ કૉલેજમાં ડીટીપી/ડીએલપીનો કોર્ષ ચાલે છે. ગાંધીનગર કે તેની આસપાસ નજીકમાં આ પ્રકારના અભ્યાસક્રમ ચાલતા નથી.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા સ્થાનિક તપાસસમિતિના સભ્યો સર્વાંગી ચર્ચાને અંતે સર્વાનુમતે ભલામણ કરે છે કે ગાંધીનગર કે તેની આસપાસના નજીકના વિસ્તારમાંથી લૉનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં લેતા સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરને ડીટીપી/ડીએલપીનું નવું જોડાણ જૂન, ૨૦૦૧થી જૂન, ૨૦૦૧ સુધાનું સાંજે વર્ગો ચલાવવાની શરતે આપવાની ભલામણ કરે છે.

સહી

તા. ૭-૫-૨૦૦૧

**એન. કે. પાઠક**

**પ્રિ. એ. એન. કારિયા**

સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

## પરિશિષ્ટ "૧૬"

કામકાજ ક્રમાંક ૨૦

**સોમલલિત કૉલેજ ઑફ કૉમર્સનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

તા. ૭-૭-૨૦૦૧ના રોજ અમે સોમલલિત કૉલેજ ઑફ કૉમર્સની મુલાકાત લીધી હતી. સોમલલિત ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી પ્રશંસભાઈ અને કૉલેજના આચાર્યશ્રીએ અમને જરૂરી માહિતી અને વિગતો પૂરી પાડી હતી. અમારો હેવાલ નીચે પ્રમાણે છે :

૧. આ કૉલેજ જૂન, ૧૯૯૯થી સેલ્ફ ફાઇનાન્સ કૉમર્સ કૉલેજ તરીકે શરૂ થઈ છે અને હાલમાં કૉલેજમાં પ્રથમ વર્ષ બી.કૉમ.ના ૪ વર્ગો, દ્વિતીય વર્ષ બી.કૉમ.ના ૪ વર્ગો અને તૃતીય વર્ષ બી.કૉમ.ના ૨ વર્ગ મળી કુલ ૧૦ વર્ગો કૉલેજમાં ચાલે છે.

૨. કૉલેજમાં નીમાયલ અધ્યાપકો વચ્ચે યુનિવર્સિટીના ધારાધોરણો અનુસાર કાર્યબોજની વહેંચણી કરવામાં આવી છે.

૩. કૉલેજમાં સેન્ટ્રલ લાઇબ્રેરીની વ્યવસ્થા છે. આ કૉમર્સ કૉલેજમાં રૂ. ૫૮,૨૩૭ના પુસ્તકો વસાવવામાં આવ્યા છે અને સેન્ટ્રલ લાઇબ્રેરીમાં હાલ રૂ. ૬૦,૦૦૦ના મેગેઝિન મંગાવવામાં આવે છે.

૪. કૉલેજની કોમ્પ્યુટર રૂમની વ્યવસ્થા અમને સંતોષકારક લાગી છે.

કૉલેજને ૧૪ જૂન, ૨૦૦૧ સુધી પ્રથમ વર્ષ બી.કૉમ. તેમજ દ્વિતીય વર્ષ બી.કૉમ. સુધીનું જોડાણ મળેલ છે. અમ આ કૉલેજને ૧૫મી જૂન, ૨૦૦૧થી ૧૪ જૂન, ૨૦૦૨ સુધી પ્રથમ વર્ષ બી.કૉમ. અને દ્વિતીય વર્ષ બી.કૉમ.નું ચાલુ જોડાણ ચાલુ રાખવા અને તૃતીય વર્ષ બી.કૉમ.નું નવું જોડાણ નીચેની શરતોએ આપવા ભલામણ કરીએ છીએ :

૧. યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર લાઇબ્રેરી માટે જરૂરી ખર્ચ કરવામાં આવે.

૨. તૃતીય વર્ષ બી.કૉમ. માટે જરૂરી અધ્યાપકોની નિમણૂક કરવામાં આવે.

સહી

**દર્શનસિંગ શીખ**

**ડૉ. ભૈરવભાઈ દેસાઈ**

**પ્રો. એન. કે. પાઠક**

## પરિશિષ્ટ "૧૭"

કામકાજ ક્રમાંક ૨૨

**સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

બી.બી.એ.ના એડહોક અભ્યાસસમિતિની સભા તા. ૨૩-૭-૨૦૦૧ના રોજ મળી હતી. આ સભામાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ના માટે પ્રથમ વર્ષ બી.બી.એ.ના પેપર ગ્રોથ ઍન્ડ સ્ટ્રક્ચર ઑફ ઇન્ડસ્ટ્રીઝના પ્રશ્નપત્ર માટેના અભ્યાસક્રમમાં નીચેના ચાર ઉદ્યોગો ભણાવવાનું નક્કી કરવામાં આવે છે :

૧. કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ

૨. ડેરી ઇન્ડસ્ટ્રીઝ

૩. સુગર ઇન્ડસ્ટ્રીઝ

૪. આર્યન ઍન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ.

**દર્શનસિંગ શીખ**

એડહોક સમિતિના સભ્યો.

## પરિશિષ્ટ "૧૮"

કામકાજ ક્રમાંક ૨૩

**શ્રી અખિલ અંજના કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

નં. ૬૨/૨૦૦૧-૦૨ તા. ૫-૫-૨૦૦૧

પ્રતિ :

કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.

બાબત : (૧) ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૦-૨૦૦૧ની કાયમી જોડાણ અરજી સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિએ કરેલ સૂચનોના અમલીકરણ અંગે.

**ઍકેડેમિક કાઉન્સિલ : તા. ૯-૮-૨૦૦૧**

(૨) ઍકેડેમિક કાઉન્સિલની શરતોના પરિપાલન અંગે.

**સંદર્ભ :** આપના તા. ૩-૧-૨૦૦૧ના પત્રાંક : ઍકેડેમિક-૩૧૨૨૪/૨૦૦૧.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય સંદર્ભમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૧૨-૨૦૦૦ની સભામાં બાબત ક્રમાંક ૧૫થી વિચારણા માટે મૂકવામાં આવેલ અમારી કૉલેજની જરૂરી માહિતી આ સાથે મોકલી આપું છું.

**ગ્રંથાલયમાં પુસ્તકો અંગેનો ખર્ચ :** સંસ્થામાં વર્ષો વર્ષ પુસ્તકોની ખરીદી કરવામાં આવે છે. જૂન, ૨૦૦૦-૨૦૦૧ના વર્ષ દરમિયાન રૂ. ૩૩,૫૫૦ની રકમના પુસ્તકોની ખરીદી કરવામાં આવેલ છે. હાલમાં રૂ. ૯૪,૨૦૭-૮૦ પૈસાની કિંમતના પુસ્તકો લાઇબ્રેરીમાં છે.

વહીવટી કર્મચારીઓના પ્રમોશન અંગેની દરખાસ્ત તૈયાર કરી સરકારશ્રીમાં બઢતી માટે જરૂરી કાર્યવાહી અંગે મોકલી આપેલ છે.

**નવાં પગારધોરણ પ્રમાણે એરિયર્સની ચુકવણી :** ૧૫ જૂન, ૧૯૯૯થી કૉલેજ અનુદાનપાત્ર થતાં સરકારશ્રીની સીધા પગાર યોજના મુજબ કર્મચારીઓને નવું પગારધોરણ મળેલ છે. ઑક્ટોબર, ૧૯૯૮થી ૧૫ જૂન, ૧૯૯૯ સુધીના એરિયર્સની તમામ રકમની ચુકવણી ૩૧ માર્ચ, ૨૦૦૦ પહેલાં કરી દીધી છે. જાન્યુઆરી ૧૯૯૬થી સપ્ટેમ્બર, ૧૯૯૮ સુધીના બાકી રહેતાં એરિયર્સની ચુકવણી પણ સંસ્થાએ કરી દીધી છે. કુલ રકમ રૂ. ૪ ,૬૯,૪૯૦ (અંકે રૂપિયા ચાર લાખ અગણોસિત્તેર હજાર ચારસો નેવું) (બૅંક એડવાઇઝની નકલ સામેલ છે.)

**પી.એફ. અંગે :** સરકારશ્રીના પી.એફ.ના નિયમ મુજબ કૉલેજે અનુદાન પાત્ર થતાં દરેક કર્મચારીઓના પી.એફ.ની રકમ રૂ. ૩,૯૯,૩૫૦ તા. ૨૫-૧-૨૦૦૧ના રોજ ટ્રેઝરીમાં જમા કરવામાં આવેલ છે. કર્મચારીઓના પી.એફ.ની વિગત તથા ચલનની નકલ સામેલ છે. (કુલ રકમ ત્રણ લાખ નવ્વાણું હજાર ત્રણસો પચાસ રૂપિયા પૂરા.)

જૂન, ૧૯૯૪થી કૉલેજ શરૂ થયા બાદ હાલ સુધીમાં કર્મચારીઓની કોઈ જ રકમ લહેણી રહેતી નથી. નવા પગારધોરણ તથા પી.એફ. અંગેના તમામ ચુકવણી થયેલ છે.

**મહેકમ મુજબ ખૂટતી નિમણૂકો :** કૉલેજ માટે જરૂરી શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓની નિમણૂકો માટે જરૂરી કાર્યવાહી કરેલ છે. સરકારશ્રીમાં યુનિવર્સિટીના છેલ્લાં જોડાણના જાહેરનામાને આધારે એન.ઓ.સી. આપવામાં આવતી હોઈ નિમણૂકો અંગેની કાર્યવાહી અટકેલ છે. યુનિવર્સિટીની માગણી અનુસારની ઉપરોક્ત પૂર્તતાને આધારે જોડાણનું જાહેરનામું સત્વરે મળે તે માટે સંસ્થા અનુરોધ કરે છે જેથી ભરતીની કાર્યવાહી સત્વરે પૂર્ણ થાય અને સત્ર શરૂ થતા શૈક્ષણિક કાર્યમાં કોઈ અવરોધ ઊભો ન થાય.

વિશેષમાં જણાવવાનું કે અમારી કૉલેજ ૧૫ જૂન, ૧૯૯૪થી શરૂ થઈ. જૂન, ૨૦૦૧માં સાત વર્ષ પૂરા કરશે. કૉલેજ દ્વારા ધારાધોરણ મુજબની પૂર્તતાઓ કરાઈ છે. કૉલેજને યુનિવર્સિટી દ્વારા કાયમી જોડાણ આપવામાં આવે તો યુ.જી.સી. દ્વારા મળતી શૈક્ષણિક સુવિધાઓનો લાભ પણ વિદ્યાર્થીઓને મળે.

આપશ્રીને કાયમી જોડાણ આપવા વિનંતી સહ.

આભાર સહ,

પ્રિન્સિપાલ
ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,
ગાંધીનગર

## પરિશિષ્ટ "૧૯"

કામકાજ ક્રમાંક ૨૩

**પરિપાલન ચકાસણી સમિતિનો હેવાલ**

સદરહુ અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર તરફથી તેઓના પત્ર ક્રમાંક તા. ૫-૫-૨૦૦૧થી સ્થાનિક તપાસસમિતિના હેવાલ તેમજ યુનિવર્સિટીના પત્ર તા. ૩-૧-૨૦૦૧ હેઠળની ક્ષતિપૂર્તતાઓ કરેલી છે, તે જોઈતપાસીને બારોબાર માલૂમ પડેલી છે. વહીવટી કર્મચારીઓના પ્રમોશન અંગે વેળાસર કાર્યવાહી થાય તેવી ભલામણ કરવામાં આવે છે, તે ઉપરાંત કૉલેજ માટેના જરૂરી શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓની નિમણૂકો માટેની કાર્યવાહી સત્વરે થાય તે જરૂરી છે.

સહી
**યોગેન્દ્ર વ્યાસ**
**આર. એચ. વ્યાસ**

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલની સભા શુક્રવાર, તા. ૨૪-૮-૨૦૦૧ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એન. એલ. વેદે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યનું નામ | તા. ૯-૮-૨૦૦૧ |
|---|---|---|
| ૧. | ડૉ. એન. એલ. વેદ, કુલપતિશ્રી | હાજર |
| ૨. | પ્રો. ચૈતન્ય ખંભોળજા, ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩. | પ્રો. એન. એમ. પરીખ | ગેરહાજર |
| ૪. | પ્રો. કે. જી. મહેતા | હાજર |
| ૫. | પ્રિ. ડી. એમ. શીખ | હાજર |
| ૬. | ડૉ. જશવંતલાલ એન. પંડ્યા | હાજર |
| ૭. | પ્રિ. એચ. એમ. દેસાઈ | હાજર |
| ૮. | ડૉ. સી. એ. દેસાઈ | ગેરહાજર |
| ૯. | ડૉ. એન. જે. થિનોય | હાજર |
| ૧૦. | પ્રો. વાય. ડી. વ્યાસ | ગેરહાજર |
| ૧૧. | ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ | હાજર |
| ૧૨. | પ્રો. વી. પી. ભારદ્વાજ | હાજર |
| ૧૩. | પ્રો. સુરેશચંદ્ર દાણી | હાજર |
| ૧૪. | શ્રી જગદીશભાઈ ભાવસાર | હાજર |
| ૧૫. | પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર |
| ૧૬. | આલોક ગુપ્તા | હાજર |
| ૧૭. | શ્રી એ. આર. શુક્લ | હાજર |
| ૧૮. | ડૉ. વાય. એસ. શાસ્ત્રી | હાજર |
| ૧૯. | શ્રીમતી નીતાબહેન એન. શાહ | હાજર |
| ૨૦. | ડૉ. વી. બી. ગોહેલ | ગેરહાજર |
| ૨૧. | ડૉ. વાય. કે. અગ્રવાલ | હાજર |
| ૨૨. | પ્રિ. આર. જી. ભટ્ટ | હાજર |
| ૨૩. | પ્રિ. એ. એમ. પટેલ | હાજર |
| ૨૪. | ડૉ. સુમન જી. શાહ | ગેરહાજર |
| ૨૫. | પ્રો. એસ. બી. વોરા | ગેરહાજર |
| ૨૬. | શ્રી આર. એચ. વ્યાસ | હાજર |
| ૨૭. | પ્રો. જે. સી. ત્રિવેદી | હાજર |
| ૨૮. | પ્રિ. એમ. એમ. દેસાઈ | ગેરહાજર |
| ૨૯. | ડૉ. કેતન દેસાઈ | ગેરહાજર |
| ૩૦. | પ્રો. આર. એન. શુક્લ | હાજર |
| ૩૧. | ડૉ. અંજનાબહેન દેસાઈ | હાજર |
| ૩૨. | ડૉ. જે. બી. શાહ | ગેરહાજર |
| ૩૩. | શ્રીમતી મીરાબહેન ડી. મેનન | હાજર |
| ૩૪. | પ્રો. એન. કે. પાઠક | હાજર. |

**બાબત ક્રમાંક ૧. તા. ૯-૮-૨૦૦૧ ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.**

**ઠરાવ :** તા. ૯-૮-૨૦૦૧ ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

**બાબત ક્રમાંક ૨ : કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેના કાર્યો (જાણ સારુ) :**

૨ (૧). સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, નસવાડી, જિ. વડોદરાને જૂન, ૨૦૦૧થી નવી કૉલેજ શરૂ કરવા નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું;

૨ (૨). શ્રી કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન, નખત્રાણા (કચ્છ)ને જૂન, ૨૦૦૧થી નવી વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવા નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું;

૨ (૩). શ્રી ગુજરાત રાજ્ય અખિલ ગ્રામ્ય કબીર વિકાસ મંડળ, તા. લીમખેડાને વિનયન અને વાણિજ્ય સંચાલિત મુ. ફતપુરાની જૂન, ૨૦૦૧થી નવા કૉલેજ શરૂ કરવાનો નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિ નિમ્યાનું;

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપરોક્ત ક્રમાંક ૨(૧)થી ૨(૩)નાં કાર્યોની નોંધ લેવી.

**બાબત ક્રમાંક ૩.: એક્ઝિક્યુટિવ કાઉન્સિલના તા. ૧૩/૧૪-૮-૨૦૦૧ની સભામાં વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી નવી કૉલેજ શરૂ કરવા અંગે નીચેની સંસ્થાઓની નીડ (જરૂરિયાત) પ્રસ્થાપિત થતી નથી તે મુજબના ઍકેડેમિક કાઉન્સિલની તારીખ ૯-૮-૨૦૦૧ની સભાના અભિપ્રાયોના સંદર્ભમાં નીચે મુજબ ઠરાવ થયેલા છે તે અંગે વિચારણા કરવા બાબત.**

"નીચેની સંસ્થાઓની સ્વનિર્ભર ધોરણે નવી કૉલેજ શરૂ કરવા અંગેની નીડ (જરૂરિયાત) પ્રસ્થાપિત થતી નથી તે કિસ્સાઓમાં એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, નડિયાદ એજ્યુકેશન સોસાયટી ટ્રસ્ટ તેમજ સેંટ ઝેવિયર્સ કૉલેજ તરફથી મળેલી રજૂઆતો તેમજ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રીઓ તરફથી તા. ૧૬-૮-૨૦૦૧ સુધીમાં યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રીને નોંધ મળે તો તેની સાથે આગામી ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ વિચારણા માટે રીફરબેક કરવાનું રાખવું."

| ક્રમ | સંસ્થાનું નામ | અભ્યાસક્રમ | સ્થળ |
|---|---|---|---|
| ૧. | એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, ડ્રાઈવ-ઈન રોડ, અમદાવાદ (ક્રમ નં. ૧) | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | અમદાવાદ |
| ૨. | સોનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ, સરસ્વતીનગર, આંબાવાડી, અમદાવાદ-૧૫ (ક્રમ નં. ૨) | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | અમદાવાદ |
| ૩. | શ્રીમતી સુગ્નાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પી.ટી.આર.બી. શાસ્ત્રી કૉલેજ, ઠક્કરબાપા નગર હાઈવે, અમદાવાદ (ક્રમ નં. ૩) | (૧) બી.સી.એ.<br>(૨) વાણિજ્ય | અમદાવાદ |
| ૪. | લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, સોમનાથ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ (ક્રમ નં. ૪) | (૧) બી.સી.એ.<br>(૨) વાણિજ્ય | અમદાવાદ |
| ૫. | સત્સંગ શિક્ષા પરિષદ સ્વામિનારાયણ ગુરુકુળ, સેક્ટર-૨૩, ગાંધીનગર (ક્રમ નં. ૧૪ | (૧) બી.સી.એ | ગાંધીનગર |
| ૬. | નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ (ક્રમ નં. ૧૭) | (૧) બી.સી.એ. | નડિયાદ |
| ૭. | સેંટ ઝેવિયર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ (ક્રમ નં. ૨૩) | (૧) બી.સી.એ. | અમદાવાદ |

[નોંધ : (૧) ઍકેડેમિક કાઉન્સિલની તા. ૯-૮-૨૦૦૧ની સભામાં ઉપરોક્ત સંસ્થાઓ અંગે આપેલા અભિપ્રાયો **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે.

(૨) તા. ૧૩-૮-૨૦૦૧ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ થયેલા સેંટ ઝેવિયર્સ કૉલેજના પત્ર તા. ૧-૮-૨૦૦૧, એશિયા ચેરિટેબલ ટ્રસ્ટના પત્ર તા. ૬-૮-૨૦૦૧ તેમજ નડિયાદ એજ્યુકેશન સોસાયટીના પત્ર તા. ૧૩-૮-૨૦૦૧ **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.

(૩) લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટની રજૂઆત પત્ર તા. ૧૬-૮-૨૦૦૧ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.

(૪) એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રીઓ શ્રી સુધીરભાઈ નાણાવટી, શ્રી નરહરીભાઈ અમીન તેમજ પ્રિ. વાડીભાઈ પટેલની સંયુક્ત સહીઓ સાથેનો પત્ર તા. ૧૬-૮-૨૦૦૧ અને સભ્યશ્રી પી. સી. ઉપાધ્યાયનો તા. ૧૬-૮-૨૦૦૧નો પત્ર **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.]

**ઠરાવ :** લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સંસ્થાઓની નવી કૉલેજ શરૂ કરવા અંગેની નીડ પ્રસ્થાપિત થયેલી નથી, તેના સંદર્ભમાં પરિશિષ્ટ ૨ હેઠળની સંસ્થાઓની તેમજ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રીઓની પરિશિષ્ટ ૪ હેઠળની આવેલી રજૂઆતો પરત્વે પ્રથમ જોઈતપાસીને સુચિચિત હેવાલ

આપવા નીચે સભ્યશ્રીઓની સમિતિ નિયુક્ત કરવાનું રાખવું :

(૧) પ્રિ. ડી. એમ. શીખ, ડીન, કૉમર્સ ફેકલ્ટી

(૨) પ્રો. કે. જી. મહેતા, ડીન, સાયન્સ ફેકલ્ટી

(૩) ડૉ. જે. એન. પંડ્યા, ડીન, એજ્યુકેશન ફેકલ્ટી

(૪) ડૉ. એચ. એમ. દેસાઈ, ડીન, એન્જિનિયરિંગ ફેકલ્ટી

(૫) પ્રો. કે. એસ. શાસ્ત્રી

(૬) પ્રો. એન. કે. પાઠક

(૭) શ્રી જગદીશભાઈ ભાવસાર.

**બાબત ક્રમાંક ૪ : ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદની શૈક્ષણિક વર્ષ ૧૯૯૨-૯૩થી પ્રવેશ માટે ૧૦૦ વિદ્યાર્થી સંખ્યાના સંદર્ભમાં આવેલ જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.**

(સદરહુ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને પરિપાલન માટે મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું તા. ૧૫-૯-૨૦૦૧ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને શૈક્ષણિક વર્ષ ૧૯૯૨-૯૩થી ૨૦૦૧-૨૦૦૨ સુધી ૧૦૦ વિદ્યાર્થીની સંખ્યાની મર્યાદામાં ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૫ : સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૨૦૦૦થી બી.એ. (મુખ્ય)માં માનસશાસ્ત્ર, હિન્દી, ઇતિહાસ; બી.એ. (ગૌણ)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.કૉમ. (મુખ્ય)માં એડ.એકા. એન્ડ ઓડિટિંગ તથા બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સદરહુ સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપસસિતિનો હેવાલ સ્વીકારવો અને તની નકલ સદરહુ કૉલેજને પરિપાલન માટે મોકલી આપવી જેમાં દર્શાવેલ શરતોનું તા. ૧૫-૯-૨૦૦૧ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને શૈક્ષણિક વર્ષ તા. ૧૫-૬-૨૦૦૦થી તા. ૧૫-૬-૨૦૦૨ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૬ : લૉ કૉલેજ, ગોધરાની જૂન, ૧૯૯૪થી ડિપ્લોમા ઈન લેબર લૉઝ એન્ડ પ્રેક્ટિસ માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન, ૧૯૯૪થી જૂન, ૨૦૦૨ સુધી પ્રત્યેક વર્ષ માટે જરૂરી ફી સાથે અલગ અલગ જોડાણ અરજીઓ મોકલવા પ્રથમ જણાવવું.

**બાબત ક્રમાંક ૭ : એલ. જે. કૉલેજ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, અમદાવાદ બી.સી.એ. પ્રથમ, દ્વિતીય વર્ષ ચાલુ તથા તૃતિય વર્ષ બી.સી.એ. વધારાનું અભ્યાસક્રમ જૂન, ૨૦૦૧થી જૂન, ૨૦૦૨ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને પરિપાલન માટે મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું તા. ૧૫-૯-૨૦૦૧ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને શૈક્ષણિક વર્ષ તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધીનું ચાલુ જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૮ : એ.ઈ.એસ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કૉમ્પ્યુટર સ્ટડીઝ, અમદાવાદને એમ.બી.એ. અભ્યાસક્રમ માટે ૨૦૦૦-૨૦૦૧ માટે વિદ્યાર્થી સંખ્યાની ક્ષમતા ૪૦ની મંજૂરી એ.આઈ.સી.ટી.ઈ.એ આપેલ હતી, હવે તા. ૨૪-૬-૨૦૦૧ના પત્રથી એ.આઈ.સી.ટી.ઈ.એ વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટે વિદ્યાર્થી સંખ્યાની ક્ષમતા ૪૦ને બદલે ૬૦ની આપેલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

**ઠરાવ :** આથી ઠરાવવામાં આવે છે કે એ આઈ. સી. ટી., ન્યૂ દિલ્હીની શરતો/ધારાધોરણોને આધીન સદરહુ કૉલેજની વિદ્યાર્થી ક્ષમતા ૪૦ને બદલે ૬૦ સ્વીકારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૯ : અમદાવાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એ.ઈ.એસ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝ, દ્વારા એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, એમ.સી.એ.ના ૨૦૦૧-૨૦૦૨ માટેના અભ્યાસક્રમમાં એ.આઈ.સી.ટી.ઈ.ના તા. ૨૧-૬-૨૦૦૧ના પત્રથી ૪૦ વિદ્યાર્થી ક્ષમતાને બદલે ૬૦ વિદ્યાર્થીઓ લેવાની મંજૂરી આપેલ છે. તે પરત્વે વિચારણા કરવા બાબત.**

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે એ. આઈ. સી. ટી., ન્યૂ દિલ્હીની શરતો/ધારાધોરણોને આધીન સદરહુ કૉલેજની વિદ્યાર્થી ક્ષમતા ૪૦ને બદલે ૬૦ સ્વીકારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૧૦ : એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ ઍન્ડ કૉમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગરને એમ.બી.એ. અભ્યાસક્રમ માટે ૨૦૦૦-૨૦૦૧ માટે વિદ્યાર્થી સંખ્યાની ક્ષમતા ૬૦ની મંજૂરી એ.આઈ.સી.ટી.ઈ.એ આપેલ હતી, હવે તા. ૩-૭-૨૦૦૧ના તેઓના પત્રથી એ.આઈ.સી.ટી.ઈ.એ વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટે વિદ્યાર્થી સંખ્યાની ક્ષમતા ૬૦ને બદલે ૯૦ની આપેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જોઈતપાસીને હેવાલ આપવા નીચેનાં સભ્યશ્રીઓની સમિતિ નિયુક્ત કરવી :

૧. પ્રિ. ડી. એમ. શીખ
૨. પ્રિ. આર. એસ. વ્યાસ
૩. પ્રો. એ. સી. બ્રહ્મભટ્ટ.

**બાબત ક્રમાંક ૧૧ : ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૦-૮-૨૦૦૧ની સભાની કાર્યવાહીની નોંધ (મિનિટ્સ) અન્વયે ઈજનેરી વિદ્યાશાખાના બેચેલર ઑફ આર્કિટેક્ચરના સેમિસ્ટર ૧થી ૪ની સ્કીમ, માળખું અને અભ્યાસક્રમ તેમજ એમ.ઈ. ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કૉમ્યુનિકેશન સિસ્ટમના નવા અભ્યાસક્રમો ઉપરાંત જુદી જુદી બ્રાન્ચના અભ્યાસક્રમોમાં સૂચવેલ સુધારા મંજૂર રાખી અભ્યાસક્રમો સુધારવા કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.**

(નોંધ.–ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૦-૮-૨૦૦૧ની મિનિટ્સ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૦-૮-૨૦૦૧ની ભલામણો મંજૂર કરવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

**બાબત ક્રમાંક ૧૨ : ફાર્મસી વિષયની એડહોક બોર્ડની અભ્યાસસમિતિમાં ચોથા વર્ષના અભ્યાસક્રમમાં જૂન, ૨૦૦૧થી સુધારાઓ કરવા, ત્રીજા વર્ષની પ્રેક્ટિકલ પરીક્ષાનાં સમયગાળામાં ફેરફાર કરવા અને ત્રીજા વર્ષની પરીક્ષાના પ્રશ્નપત્રનાં માળખામાં ફેરફાર કરવા અંગેની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.**

(નોંધ : સદરહુ ફાર્મસી વિષયની એડહોક બોર્ડની અભ્યાસસમિતિની ભલામણો **પરિશિષ્ટ "૧૦"** તરીકે સામેલ છે.)

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસી વિષયની એડહોક બોર્ડની અભ્યાસસમિતિની ભલામણો મંજૂર કરવી.

**બાબત ક્રમાંક ૧૩ : આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મુવાલ તરફથી તેઓના પત્ર તા. ૨૪-૮-૨૦૦૧થી જોડાણની શરતના ભાગ રૂપે તેઓના કર્મચારીઓના પગાર અને ભથ્થાંઓની લેણી રકમો ચૂકવી આપેલી હોવાથી તા. ૧૫-૬-૧૯૯૯થી તા. ૧૪-૬-૨૦૦૨ સુધી જોડાણ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.**

ઠરાવ : આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ કૉલેજે જોડાણની શરતના ભાગરૂપે તેઓના કર્મચારીઓની લેણી પગાર અને ભથ્થાઓની રકમ ચૂકવી આપેલી છે તે અંગેના પૂરાવા રૂપે રજૂ કરેલા પત્રકો જોતાં તા. ૧૫-૬-૧૯૯૯થી તા. ૧૪-૬-૨૦૦૧ સુધીનું જોડાણનું જાહેરનામું બહાર પાડવાનું મંજૂર કરવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પુરું થયું. હતું.

નં. ઍકે. કાઉ./ ૧૦૫૦૮ /૨૦૦૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા. ૧-૯-૨૦૦૧

**એમ. પી. જડિયા**
કાર્યકારી કુલસચિવ

## પરિશિષ્ટ "૧"

કામકાજ ક્રમાંક ૩

**(૧) એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ સંસ્થાએ બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો ડ્રાઇવ-ઇન-રોડ, સનરાઇઝ પાર્ક વિસ્તારમાં સ્થાપવા માટે અરજીઓ કરી છે.

આ સંસ્થાની નજીકમાં લગભગ એક કિલોમીટર વિસ્તાર (વસ્ત્રાપુર)માં જ બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો આવેલી છે અને ત્રણથી પાંચ કિલોમીટરના વિસ્તારમાં બી.બી.એ. અને બી.સી.એ.ની બીજી આઠ કૉલેજો આવેલી છે તે જોતાં, આ સ્થળે બી.બી.એ. કે બી.સી.એ.ની નવી કૉલેજોની જરૂરિયાત નથી.

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલના કેટલાક સભ્યશ્રીઓનું સૂચન :**

સદરહુ ટ્રસ્ટની બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજ ડ્રાઈવ-ઈન રોડ, સનરાઈઝ પાર્ક વિસ્તારમાં સ્થાપવા અંગેની અરજીઓના સંદર્ભમાં નીડ સમિતિએ બી.બી.એ. અને બી.સી.એ.ની વર્તમાન કૉલેજોના વિસ્તાર અંગે ઉલ્લેખ કર્યો છે તે અંગેના અંતર અને નામો સંબંધી વિગતો એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.બી.એ. અને બી.સી.એ. કૉલેજોનો દર્શાવેલ વિસ્તાર ટેકનિકલી વસ્ત્રાપુર અને થલતેજ વિસ્તારની બોર્ડર ઉપર છે એટલે તેની નજીકમાં જ વસ્ત્રાપુરમાં એલ. જે.ની બી.બી.એ. તેમજ બી.સી.એ.ની કૉલેજો આવેલી છે અને પાંચ કિલોમીટરના વિસ્તારમાં જોઈએ તો બીજી આઠ કૉલેજો (અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની બે કૉલેજ, સોમલલિતની બે કૉલેજ, જી.એલ.એસ.ની બે કૉલેજ, બ્રહ્મચારી વાડીની એક કૉલેજ અને નવગુજરાતની એક કૉલેજ) આવેલી છે. સૂચન પર વિચારણા કરીને સૂચનની નોંધ લેવામાં આવી.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.બી.એ. અને બી.સી.એ. કૉલેજોની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**(૨) સોનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ :**

આ ટ્રસ્ટે ચાંગોદર ખાતે બી.બી.એ. અને બી.સી.એ.ની નવી કૉલેજો શરૂ કરવા અરજીઓ કરી છે. ટ્રસ્ટે જે વિસ્તાર અને સ્થળે કૉલેજ શરૂ કરવા માગણી કરી છે અને તેમની અરજીમાં દર્શાવ્યા પ્રમાણે તેમજ તારીખ ૩૧-૫-૨૦૦૧ના રોજ કરેલ રૂબરૂ રજૂઆત જોતા જે ઔદ્યોગિક વિસ્તારમાં કૉલેજ શરૂ કરવા માગે છે તે વિસ્તાર અને તેની આજુબાજુની પરિસ્થિતિ જોતાં કૉલેજ શરૂ કરવા માટે આ સ્થળ યોગ્ય જણાતુ નથી એટલે suitability of the localityની દૃષ્ટિએ ત્યાં કૉલેજની જરૂરિયાત સ્વીકારી શકાય તેમ નથી.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સોનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.બી.એ. અને બી.સી.એ. કૉલેજોની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**(૩) શ્રીમતી સુગનાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બી.બી.એ., બી.સી.એ. અને સેલ્ફ ફાઇનાન્સ (Self Finance) કૉમર્સ કૉલેજ શરૂ કરવા અરજીઓ કરી છે. આ ટ્રસ્ટ ઠક્કરબાપા નગર, નારોલ હાઈવે પર આ કૉલેજો શરૂ કરવા માગે છે. નરોડા-નારોલ અને તેની આજુબાજુના વિશાળ વિસ્તારમાં હાલ બી.બી.એ., બી.સી.એ.ની કૉલેજો નથી. ઘોડાસરમાં એક કૉમર્સ કૉલેજ છે. બાપુનગર વિસ્તારમાં એક કૉમર્સ કૉલેજ શરૂ કરવા યુનિવર્સિટીએ ગત વર્ષે મંજૂરી આપી હતી જે શરૂ થઈ નથી અને ચાલુ વર્ષે તેની અરજી હાલ વિચારણામાં છે. નરોડા રોડ વિસ્તારમાં અન્ય સંસ્થાની બી.સી.એ. કૉલેજ માટેની અરજી છે જે વિચારણામાં છે.

આ વિગતોના સંદર્ભમાં અને સુગનાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીએ ત્રણમાંથી કોઈપણ એક કૉલેજ શરૂ કરવા માટેની યુનિવર્સિટી સમક્ષ રજૂઆત કરેલી છે તે જોતાં અને સમગ્ર પૂર્વ-પરા વિસ્તારમાં બી.બી.એ.ની એકપણ કૉલેજ નથી અને તે અંગેની અન્ય કોઈ અરજી પણ નથી તે જોતાં આ ટ્રસ્ટની બી.બી.એ.ની કૉલેજ માટેની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સુગનાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.બી.એ., બી.સી.એ. અને સેલ્ફ ફાઈનાન્સ કૉમર્સ કૉલેજમાંથી બી.બી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**(૪) લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, ઉસ્માનપુરા, અમદાવાદ :**

આ ટ્રસ્ટે ઉસ્માનપુરા વિસ્તારમાં બી.સી.એ. અને સેલ્ફ ફાઇનાન્સ કૉમર્સ કૉલેજો શરૂ કરવા અરજીઓ કરી છે. અમદાવાદના ઉસ્માનપુરા વિસ્તારમાં ત્રણ કૉમર્સ કૉલેજો અને બી.સી.એ. કૉલેજ હાલ અસ્તિત્વમાં છે અને આ ઉસ્માનપુરા વિસ્તારની પડોશમાં આશ્રમરોડ, નવરંગપુરા અને એલિસબ્રિજ વિસ્તારોમાં વીસ ઉપરાંત કૉલેજો આવેલી છે તે જોતા, આ વિસ્તારમાં નવી કૉમર્સ કે બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, ઉસ્માનપુરા, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. અને સેલ્ફ ફાઈનાન્સ કૉમર્સ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**(૫) સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર :**

આ ટ્રસ્ટે ગાંધીનગરમાં બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. ગાંધીનગરમાં હાલ બી.સી.એ. અને બી.બી.એ.ની કૉલેજો આવેલી છે. આ ટ્રસ્ટે જે સ્થળે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માગણી કરી છે તેની નજીકમાં-પડોશમાં હાલની બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો છે તેમજ ગાંધીનગરમાં બી.બી.એ. બી.સી.એ.ની તેમજ કૉમર્સ વિદ્યાશાખાની વિદ્યાર્થીઓની માગના પ્રમાણમાં પૂરતી સુવિધાઓ સ્નાતક કક્ષાએ હોઈ આ બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ.ની કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**(૬) નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ :**

આ ટ્રસ્ટે નડિયાદમાં બી.સી.એ. કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ટ્રસ્ટ જે વિસ્તારમાં કૉલેજ શરૂ કરવા માગે છે તે જ વિસ્તારમાં પાડોશમાં જ બી.સી.એ.ની કૉલેજ આવેલી છે તે જોતાં આ વિસ્તારમાં એટલે કે નડિયાદમાં બી.સી.એ.ની નવી કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલના કેટલાક સભ્યશ્રીઓનું સૂચન :**

ભૌગોલિક દૃષ્ટિએ ખેડા જિલ્લાનું નડિયાદ મુખ્ય મથક છે, તે ઉપરાંત ખેડા જિલ્લાની વસ્તીની દૃષ્ટિએ નડિયાદ મોટું શહેર છે. નડિયાદ શહેરમાંની બી.સી.એ. કૉલેજ ધર્મસિંહ દેસાઈ ડીમ્ડ યુનિવર્સિટી સાથે સંલગ્ન છે તેમજ ખેડા જિલ્લામાં ખાસ કરીને નડિયાદમાં ઉચ્ચતર માધ્યમિક શાળાની સ્કૂલોની સંખ્યા વધુ છે અને ધોરણ ૧૨નું ઉત્તીર્ણ વિદ્યાર્થીઓનું પરિણામ ઉત્તરોત્તર વધતું ગયું છે તેમજ બાર લાખની વિશાળ વસ્તીનું પ્રમાણ જેવી વિગતો પણ ઍકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.

(ઉપરોક્ત સોસાયટી દ્વારા નડિયાદ ખાતે માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની નજીકમાં જ બી.સી.એ. કૉલેજ આવેલી છે. સૂચનની વિચારણા કરી સૂચનની નોંધ લેવામાં આવી.)

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

**(૭) સેંટ ઝેવિયર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ :**

આ સંસ્થાએ બી.સી.એ.ની કૉલેજ અમદાવાદમાં નવરંગપુરામાં શરૂ કરવા અરજી કરી છે. આ સંસ્થા જે વિસ્તારમાં બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા માગે છે તે વિસ્તારમાં તદ્દન નજીકમાં-પડોશમાં બી.સી.એ.ની બે સંસ્થાઓ આવેલી છે. ઉપરાંત બેથી ત્રણ કિલોમીટરના વિસ્તારમાં બીજી ત્રણ બી.સી.એ. કૉલેજો આવેલી છે. એકંદરે નવરંગપુરા, એલિસબ્રિજ વિસ્તારોમાં ખૂબ મોટી સંખ્યામાં બી.સી.એ. સહિતની કૉલેજો કેન્દ્રીત થયેલી છે. હકીકતમાં આ વિસ્તારમાં નવી કૉલેજની જરૂરિયાતના બદલે કૉલેજોની ગીચતાનો અને તે કૉલેજોમાં વિદ્યાર્થીઓની ગીચતાનો પ્રશ્ન વિકટ બન્યો છે, તે જોતાં, આ કૉલેજની આ વિસ્તારમાં જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

"ઉપરોક્ત બાબત અંગે ચર્ચાવિચારણા કરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ દ્વારા માગણી કરવામાં આવેલ નવી બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી તેવો આ સભાગૃહનો અભિપ્રાય છે. સભાગૃહ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે વિચારણા માટે મોકલેલ નીડ કમિટીના આ અંગેના અભિપ્રાય સાથે સંમત છે."

## પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૩

**સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ**

No. Aff(comp.)/306 તા. ૧ ઑગસ્ટ, ૨૦૦૧

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ-૩૮૦ ૦૦૯.

વિષય : જૂન, ૨૦૦૧થી નવી કૉલેજ (બી.સી.એ.) શરૂ કરવા અંગે.

શ્રીમાન,

સવિનય આપના પત્રક્રમાંક ઍકેડેમિક-૫૨૧૧૬/૨૪/૨૦૦૧, તા. ૩૦-૭-૨૦૦૧ અન્વયે જણાવવાનું કે,

(૧) જે તે વિદ્યાશાખાની અન્ય કૉલેજ બાબત : સોમલલિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ કૉલેજ કેમ્પસથી ૨૦૦ મીટર દૂર આવેલ છે. તથા ગુજરાત લૉ સોસાયટીની કૉલેજ આ કૉલેજથી ૨ કિ.મી. દૂર આવેલ છે.

(૨) આસપાસમાં આવેલ ધો. ૧૨ની શાળાઓ બાબત : એ. જી. હાયર સેકન્ડરી લગભગ એક કિલોમીટર, પંકજ હાયર સેકન્ડરી એક કિલોમીટર, સેન્ટ ઝેવિયર્સ લોયોલા સ્કૂલ બે કિલોમીટર, સી. એન. વિદ્યાલય અઢી કિલોમીટર દૂર આવેલ છે. આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી બધી હોય છે. તેમજ આ સંસ્થાઓનાં પરિણામો પણ સામાન્ય રીતે ૧૦૦ ટકા હોય છે.

(૩) અન્ય માહિતી :

— કૉમ્પ્યુટર શિક્ષણ ક્ષેત્રે અમદાવાદ ખાતે અમે પહેલ કરેલી છે. અમારા કેમ્પસમાં ૧૯૮૫થી કૉમ્પ્યુટર શિક્ષણના વર્ગો ચાલુ છે.

— ૧૯૮૭થી ઓલ ઈન્ડિયા કક્ષાએ ઝેવિયર બોર્ડ ઑફ કૉમ્પ્યુટર એજ્યુકેશન દ્વારા અમારા કૉમ્પ્યુટર વર્ગોને માન્યતા મળેલી છે અને એ જ વરસથી અમે પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન કૉમ્પ્યુટર એજ્યુકેશન (પી.જી.ડી.સી.એ.)નો કોર્સ ચલાવીએ છીએ.

ઉપરોક્ત કોર્સ કરનાર વિદ્યાર્થીને માર્કેટ યુનિવર્સિટી, યુ.એસ.એ. વધુ અભ્યાસાર્થે સ્વીકારે છેઅને અહીંના શિક્ષણનીક્રેડિટ આપે છે.

— ધી અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ સોસાયટી સંચાલિત આ લઘુમતી સંસ્થા છે. લઘુમતી કોમના વિદ્યાર્થીઓને આગળ લઈ આવવા માટે આ પ્રકારની કૉલેજની ખાસ જરૂરિયાત છે. એને કારણે નજીકમાં આ વિદ્યાશાખાની અન્ય કૉલેજો છે કે કેમ એ હકીકત અપ્રસ્તુત બની રહે છે.

— ધી અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ સોસાયટી સંચાલિત સેન્ટ ઝેવિયર્સ કૉલેજ ગુજરાતની શ્રેષ્ઠ સંસ્થાઓમાંની એક છે. એને લીધે અમદાવાદ અને ગુજરાત ભરમાંથી વિદ્યાર્થીઓ આ કૉલેજમાં ઊમટી પડે છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન માન્ય નેશનલ એસેસમેન્ટ ઍન્ડ ઍક્રેડિટેશન કાઉન્સિલે પણ આ કૉલેજને પંચતારક એવોર્ડ આપેલ છે જે સમગ્ર ગુજરાતમાં અન્ય કોઈ કૉલેજને મળેલ નથી.

આભાર,

(...........)

મંત્રી

## પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૩

**એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ**

No. Aff(comp.)/306 Date : 6-8-2001

To,

The Vice-Chancellor,

Gujarat University,

Navrangpura, Ahmedabad-380009.

Sir,

We are writing this communication in respect of our pending Application for starting of new colleges for B.B.A. as well as B.C.A. The said application, as we understand, is under

consideration by the Gujarat University for which Need Committee is appointed and recently we have been called upon 1-8-2001 to present our case as per the provisions of section 33 of the Gujarat University Act, 1949. The Chairman of the Trust along with others represented the case on behalf of the Trust and satisfied, as per our understanding, in all respects about the need in the locality to start B.B.A. as well as B.C.A. Colleges and also shown the necessary infra-structure and financial position, etc.

However, to our surprise we have come to know that the Need Committee has already prepared its report in which very few Institutions are not considered on one or the other ground and the case of our Trust i.e. Asia Charitable Trust, Ahmedabad, is not considered either for B.B.A. or for B.C.A., on the ground that the location and the place shown by the Trust for starting the aforesaid colleges is opposite the Drive-in-Cinema and according to the report of the Need Committee, within the radius of 1 Km. from the existing College of B.B.A. and B.C.A. It is also stated in the report that within 3 to 5 Km. radius from the location shown above, there are 8 Colleges running both B.B.A. and B.C.A. courses and, therefore, the need in the locality is not satisfied.

We are making this application to bring to your notice that the aforesaid fact is factually incorrect. Secondly it is felt by the management of this Trust that the contents of the report is engineered in such a way that this Trust had made a requisite application to start B.B.A. course and in 1999 requisite Application was made to start B.C.A. course. At that time, applications of many other Institutions were considered for B.B.A. and B.C.A., as the case may be, and some of them are from the aforesaid 8 colleges which were granted permission, through the application of this Trust was not granted nor rejected. And as such the Trust was not having any other alternative but to renew its application for the subsequent years. After permitting the other Institutions to be accommodated and having started the aforsaid courses now, the reasosn shown in the so-called report is that since those 8 colleges are situated within 5 Kms radius, this Trust cannot be considered for the need in the locality. When all the aforsaid 8 colleges were granted the permission, the Application Trust of this Trust was also there and, therefore, it is not befitting to the Institution like Gujarat University to reject our application or not to consider the application on such grounds.

One of the 8 colleges situated as per the said report, within 5 Kms. radius was started by Lokmanya Trust. The same Trust was not having any facility in the beginning and the said Trust was permitted by our Trust and the University has also permitted them to run their B.C.A. course at the place shown by this Trust, i.e. Opposite Drive-in-Cinema, Ahmedabad and the same was for 1 academic year. Even for academic year 1999-2000 for the final examination for B.C.A. the aforsaid place and the Trust was considered eligible for the Examination Centre of the University for theory as practical examinations.

Aforsaid fact is also factually incorrect on the following count :

( a ) The Report is not correct to the extent that there is no college for B.C.A. as well as B.B.A. within 1 Km radius.

( b ) Within 3 to 5 Kms. there are not 8 such colleges which are situated. But only one college i.e. L. J. College for B.C.A. and B.B.A. which is situated within above 3 Km. but within 5 Kms. radius and, therefore, the aforesaid finding is factually incorrect.

There is no requirement of law nor there are any fixed norms that while considering the need in the locality, one should try to find out the distance of 3 to 5 Kms., that whether there are such type of other colleges situated or not. In 1998-99 when the B.B.A. and B.C.A. colleges were granted, neither of the aforesaid norms was followed and permissions were given to various Trusts and Managements irrespective of condition of 3 to 5 Kms. radius.

At the same time, one Vivekanand Education Foundation, Ahmedabad, whose educational activity is situated at Raipur, within the old city area of Ahmedabad, had asked to start B.C.A. college and in the report under reference, the said Trust has been recommended by the Need Committee to start B.C.A. College at Someshwar Park, near Gulab Tower, which within $1^1/_2$ Kms. from the location and space shown by this Trust to start B.C.A. College. If the said criteria and norms of 3 to 5 Kms radius are made applicable as well as existence of 8 colleges situated within the same radius are considered, then the said Vivekanand Education Trust cannot be recommended for the B.C.A. College near Gulab Tower area.

If the same criteria of 3 to 5 Kms. radius is to be made applicable, one another Trust i.e. Lok Jagruti Trust, Ahmedabad, has been recommended in the said Report to start the Self-Finance Commerce College near Judges' Bungalows, which is hardly within 2 Kms. radius from the location of the Self-Finance Commerce College of this Trust.

Over and above this, the financial position, infra-structure facilities, experience in the field of education and from all points of view, this Trust is having a much stronger position compared to any other application whose applications are recommended either for B.B.A. or B.C.A. Colleges.

This Trust also runs the School known as ASIA English School with 400 students in the higher secondary stream. There are many other Schools in the same locality and looking to the number of schools situated in surrounding locality, on the country, there is a need to start B.B.A. and B.C.A. Colleges in the area in which the Trust has shown the location.

We feel that either there is non-application of mind in not recommending our Institution for B.B.A. and B.C.A. courses or there is deliberate intention not to permit this Institution to start either B.B.A. or B.C.A. course. Therefore, this Trust would like to call upon your Honour to give your decision as per the provisions of Section 33 (3) of the Gujarat University Act, 1949, which reads as under :

> **"Section 33 (3) If any question arises as to the interpretation of the expression 'a need in the locality' occurring in sub-section (2) the question shall be referred by the Executive Council to the Vice-Chancellor for his decision which shall be final."**

We understand that this Section gives power to the Vice-Chancellor to decide a need in the locality and the decision of the Vice-Chancellor has to be final. As per the provisions of this Section, you can be requested by the Executive Council to give your decision, but we are making this humble request under the same provisions as a party aggrieved in respect of the decision by the Need Committee and requesting your Honour to give your decision on the point of a need in the locality. Before giving any decision if you require any information or details, kindly call us so as to enable us to provide the same.

Neither under the Act nor otherwise, we have got any other remedy and, therefore, this communication may be considered as our representation in your capacity as the Head of the Institution and for the reasons stated above, we are requesting you to intervene in the matter and to give decision on the aforesaid point of need in the locality.

For your ready reference, we enclose copy of our Note showing chronology of events, copy of the Patrak in which the requirement was communicated to all the Applicants by the University as well as the copy of the details submitted by us at the time of personal hearing of our Application before the Need Committee.

As we understand from the realiable sources in the University that further procedure on the basis of the report of the Need Committee is going to be started and completed within a few days, you are requested to kindly give us your decision and communicate the same to us at your earliest, preferably within 3 days from the receipt of this request.

Thanking you,

Yours truly,
**M. P. Chandran**
Trustee & Director.

## CHRONOLOGY OF EVENTS

ASIA is a 36 year old public charitable trust that manages ASIA English School and JG College of Commerce at Ahmedabad. Owns Land and building with a constructed area of more than 1,20,000 sq. ft. dedicated to educational activities. Has student strength of over 4,000. Apart from the requisite furniture and fixture it has a well-stocked library, ultra modern computer lab and spacious conference rooms equipped with latest audio-visual facilities.

Upon repeated suggestions from parents and students of the school, the trust applied to Gujarat University for commencing a BBA college on 21-2-1998.

On receiving no response despite repeated visits to The University, approached the Chief Minister on 12th June, 1998.

Special Officer at the Office of the Chief Minister wrote to the University on 16-6-1998 to approve affiliation for BBA to the Trust. Followed up with a reminder on 15-7-1998.

Reminder request sent to the University on 18-6-1998.

Again submitted application for BBA course on 26-3-1999. NO RESPONSE TILL TODAY.

On persistent follow up, we were advised by the university to start a B.Com. College so as to "facilities" granting affiliation for BBA and BCA in the next academic year. Thus in good faith we started JG College of Commerce in 1999-2000. Applied in September, 1999 for commencing a BCA course in the academic year 2000-2001.

However, Vardhman Charitable Trust, with no background in educational activities nor any infrastructure was granted permission to start a BCA college. The university officially advised ASIA to provide entire infrastructure including classrooms and computer lab to Vardhman Trust to enable them to start a BCA college at ASIA premises. This was ostensibly required to enable ASIA to create the requisite infrastructure and thus become eligible for BCA in the next academic year 2000-2001.

ASIA complied with all the "requirements" and was approved as a centre for University exams in BCA, for both theory and practical, conducted in April, 2000.

Applied to the University on 10-8-1999 for permission to start BCA in 2000-2001. University replied on 4-9-1999 that the application was late for 2000-2001.

Took up the matter with the then Pro-Vice-Chancellor who advised us not to worry as University can consider applications received even later by condoning the delay.

On receiving no intimation again wrote to the University on 12-6-2000 to consider our pending application for BCA during 2001-2002.

The University sent us a letter dated 19-5-2001 asking us to remain present before the Need Committee at the University on 30-5-2001 with all the requisite papers for supporting our application for starting BCA and BBA college.

We presented all the papers including AUDA permission for Construction, Maps of buildings as well as class rooms, photo copies of Fixed Deposit Receipts and Bank statements amounting to over Rs. 85.00 lacs and arrangement for play ground etc. The Committee was satisfied with our infrastructure as well as capability to manage BCA and BBA college.

A Committee consisting of Prof. D. M. Sikh and Dr. Sarala Achuthan conducted personnel visit ast ASIA premises and physically checked each and every facility on 17-6-2001.

On 23rd June 2001, the newspapers carried a press note issued by Gujarat University regarding permission granted for new colleges for 2001-2001. The list does not contain ASIA's name for no apparent reason. On enquiry at the University no reason was assigned to the exclusion.

Approached High Court for justice.

High Court admits ASIA petition on 29th June, 2001.

Notice served on University on 30th June, 2001.

First Hearing on 11th, July, 2001.

In the meanwhile University has started admission procedure for BCA.

Newspaper again publishes a list of Trusts being granted permission to start new colleges on 7th July, 2001. Does not contain ASIA. Wrote again to University to inform the fate of ASIA. No response.

It is understood from very reliable sources that ASIA is not being granted permission on the plea that there are BCA, BBA colleges at a distance of 1 to 1.5 Kms. This is totally false.

Never in the past has the University taken this stance as far as Ahmedabad a metro is concerned.

It is known that Vivekananda Education Foundation is being given permission to start BCA in the same area, though the premises has NOT YET BEEN FINALISED, NOR FUNDS RAISED.

The university submits to the High Court resolutions stating that the entire process of affiliation shall be undertaken afresh by Executive Council asking the Need Committee to submit its report according to the norms laid down by the university.

**એકેડેમિક કાઉન્સિલ : તા. ૨૪-૮-૨૦૦૧**

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ-૩૮૦ ૦૦૯.

વિષય : ઓગસ્ટ, ૨૦૦૧થી નવી કૉલેજ શરૂ કરવા અંગે.

આપના તા. ૩૦-૭-૨૦૦૧ના પત્ર ક્રમાંક એકેડેમિક-૫૨૧૧૬/૨૪/૨૦૦૧ના સંદર્ભમાં જણાવવાનું કે, અમોએ બી.બી.એ./બી.સી.એ. નવી કૉલેજ શરૂ કરવા અરજી કરેલ છે. તેના સંદર્ભમાં જરૂરી માહિતી તા. ૩૦-૫-૨૦૦૧ના રોજ પૂરી પાડવામાં આવેલ છે. આમ છતાં આપશ્રી દ્વારા માગવામાં આવેલ માહિતી ફરીથી નીચે મુજબ રજૂ કરીએ છીએ :

૧. નવી કૉલેજ શરૂ કરવાની દરખાસ્ત છે. તેની આસપાસ તે જ વિદ્યાશાખાની કૉલેજો નીચે પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| ૧. | એલ. જે. કૉલેજ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન | ૩ કિ.મી. |
| ૨. | એલ. જે. કૉલેજ ઑફ બી.બી.એ. | ૩ કિ.મી. |
| ૩. | એચ. એલ. કૉલેજ ઑફ બી.સી.એ. | ૫ કિ.મી. |
| ૪. | એચ. એલ. કૉલેજ ઑફ બી.બી.એ. | ૫ કિ.મી. |
| ૫. | સોમલલિત કૉલેજ ઑફ બી.સી.એ. | ૬ કિ.મી. |
| ૬. | સોમલલિત કૉલેજ ઑફ બી.બી.એ. | ૬ કિ.મી. |

૨. સૂચિત કૉલેજના સ્થળની આસપાસની શાળાઓની વિગત :

| સ્કૂલનું નામ | અંતર | ગત વર્ષે પાસ થયેલ વિદ્યાર્થીઓ | | ચાલુ વર્ષે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ | |
|---|---|---|---|---|---|
| | | સાયન્સ | કૉમર્સ | સાયન્સ | કૉમર્સ |
| એશિયા ઇંગ્લિશ સ્કૂલ | — | ૭૨ | ૧૪૦ | ૨૪૦ | ૧૬૩ |
| ઉદ્‌ગમ સ્કૂલ | ૧.૫ કિ.મી. | ૬૦ | ૬૦ | ૭૦ | ૭૦ |
| વિશ્વભારતી સ્કૂલ | ૩ કિ.મી. | ૭૦ | ૧૩૦ | ૧૦૦ | ૧૫૦ |
| ત્રિપદા સ્કૂલ | ૫ કિ.મી. | ૫૦ | ૭૦ | ૧૦૦ | ૭૫ |
| સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ | ૩ કિ.મી. | ૨૦૦ | ૨૫૦ | ૨૨૦ | ૨૬૦ |
| શારદા હાયર સેકન્ડરી | ૫ કિ.મી. | ૬૦ | ૯૦ | ૬૦ | ૯૫ |

ઉપરોક્ત શાળાઓ સિવાય ઘણી નવી શાળાઓ આ વિસ્તારમાં આવેલ છે. જ્યાં લગભગ ૧૦૦૦ વિદ્યાર્થીઓ શૈક્ષણિ વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી હાયર સેકન્ડરીમાં ભણે છે. જેની વિગત નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| (૧) | એચ. બી. કે. કાપડિયા સ્કૂલ | સાયન્સ-કૉમર્સ |
| (૨) | એ-વન હાઈસ્કૂલ | સાયન્સ-કૉમર્સ |
| (૩) | સેન્ટ એન્સ સ્કૂલ | સાયન્સ-કૉમર્સ |
| (૪) | સંત કબીર સ્કૂલ | સાયન્સ-કૉમર્સ |
| (૫) | શ્રી નારાયણગુરુ વિદ્યાલય | સાયન્સ-કૉમર્સ |
| (૬) | તુલીપ હાયર સેકન્ડરી | સાયન્સ-કૉમર્સ |
| (૭) | હીરામણી | સાયન્સ-કૉમર્સ. |

**વધારાની માહિતી :**

અમારી સંસ્થા મ્યુનિસિપલ કૉર્પોરેશનની બહાર ઔડા વિસ્તારમાં આવે છે. આ વિસ્તારમાં બોડકદેવ, થલતેજ, વસ્ત્રાપુર, ડ્રાઈવ-ઈન, મેમનગર, સોલા રોડ, રન્નાપાર્ક, નિર્ણયનગર વિસ્તારના તમામ વિદ્યાર્થીઓ માટે નજીકમાં કોઈ પણ કૉલેજ નથી. હાલમાં અમે સ્વનિર્ભર કૉમર્સ કૉલેજ છેલ્લાં ત્રણ વર્ષથી ચલાવીએ છીએ. કૉમર્સ કૉલેજમાં લગભગ ૧૦૦૦ વિદ્યાર્થીઓ છે.

સહકાર બદલ આભાર.

**કૉલેજના મકાન અંગેની માહિતી :**

૧. સંસ્થાનું અલાયદું મકાન, પ્રત્યેક ખંડના ચોરસફૂટમાં માપ સહિતની નકશા સાથે માહિતી આપવી.

૨. કૉલેજ માટે શાળાનું મકાન ઉપયોગમાં લઈ શકાશે નહીં, આમ છતાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે શરૂઆતના તબક્કે જો શાળાનું મકાન ઉપયોગમાં લેવાના હોય તો શાળા સંચાલક મંડળના ટ્રસ્ટનો આ અંગે સંમતિ દર્શાવતો ઠરાવ-પત્રની નકલ.

૩. રમતગમતનું મેદાન ૧૦,૦૦૦ ચો. વારનું. હોવું જોઈએ તે અંગેની વિગતો.

**નાણાકીય :**

૧. કૉલેજ માટેની સાધનસામગ્રી (બેન્ચ, પંખા, ખુરશી, વોટરકુલર, ગ્રંથાલય માટેનાં પુસ્તકો વગેરે) માટે ઓછામાં ઓછા રૂ. છ લાખની નાણાકીય જોગવાઈ હોવી જોઈએ આ માટે આપની પાસે શી જોગવાઈ છે ? તેની સવિસ્તાર જાણ કરશો.

૨. એક વિદ્યાશાખાવાળી કૉલેજ હોય તો પ્રથમ વર્ષ માટે ઓછામાં ઓછા રૂ. ૧૮ લાખ વાર્ષિક પગાર ખર્ચ માટે હોવા જોઈએ, અને બે વિદ્યાશાખાવાળી કૉલેજ હોય તો રૂ. ૨૧ લાખ ખર્ચ માટે હોવા જોઈએ, તે શરતના પરિપાલન અંગે સંસ્થા પાસે શી નાણાકીય જોગવાઈ છે ? તેની વિગતો.

૩. સંસ્થા પાસે બૅન્કમાં ઋણમુક્તિ કેટલી રકમ ડિપોઝિટ તરીકે જમા છે ? તે અંગેનું બૅન્કનું તાજેતરનું પ્રમાણપત્ર તથા સંસ્થાએ બૅન્કમાં મુકેલ ફિક્સ્ડ ડિપોઝિટની પ્રમાણિત નકલો.

૪. કૉલેજને જોડાણ આપવાનું યુનિવર્સિટી વિચારશે તો એક વિદ્યાશાખા હોય તો રૂ. ૧૮ લાખ અને બે વિદ્યાશાખા હોય તો રૂ. ૨૧ લાખ યુનિવર્સિટીમાં ડિપોઝિટ તરીકે મૂકવાના રહેશે, જેનું વ્યાજ તે ડિપોઝિટમાં બૅન્કના નિયમોનુસાર ઉમેરાતુ જશે.

(નં. ૧ અને ૨માં દર્શાવેલ રકમ ઉપરાંતની આ રકમ રહેશે.)

**વિદ્યાર્થી સંખ્યા :**

૧. જે નવી કૉલેજ શરૂ કરવાની દરખાસ્ત હોય તેની આસપાસ તે જ વિદ્યાશાખાની કઈ કઈ કૉલેજો કેટલા અંતરે (કી.મી.)માં આવેલ છે તેની વિગતો.

૨. સૂચિત કૉલેજના સ્થળની આસપાસમાં આવેલ ધોરણ ૧૨ની શાળાઓનાં નામ, સૂચિત કૉલેજની તેમનું અંતર, ચાલુ વર્ષે અભ્યાસ કરતા સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યા તથા ગતવર્ષે તે શાળાઓમાંથી પાસ થયેલ વિદ્યાર્થીઓની પ્રવાહવાર સંખ્યાં.

આપનો વિશ્વાસુ,
એજ લિ.

## પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૩

**ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી,**

પ્રતિ, તા. ૧૩-૮-૨૦૦૧

કુલપતિશ્રી,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય :** અમારી સેલ્ફ ફાઇનાન્સ કૉમર્સ કૉલેજ તથા બી.સી.એ. કૉલેજ અંગે વિચારણા કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે અમારા ટ્રસ્ટે સેલ્ફ ફાઇનાન્સ કૉમર્સ કૉલેજ તથા બી.સી.એ. કૉલેજની માગણી કરેલ છે અને તે હાલમાં વિચારણા હેઠળ છે. અમારી લાગણી અને માગણી વિદ્યાર્થીઓના વિશાળ વિદ્યાકીય હિતમાં બેમાંથી કોઈ એક કૉલેજ ફાળવવા આગ્રહભરી વિનંતી છે.

૧. ભૌગોલિક દૃષ્ટિએ નડિયાદ એ જિલ્લાનું મુખ્ય મથક છે.

૨. વિદ્યાર્થીઓની ઉત્તરોત્તર પરિણામ વધતાં વિદ્યાર્થી સંખ્યા વધી રહી છે.

૩. ખેડા જિલ્લામાં અને વિશેષ કરીને નડિયાદ શહેર તથા આસપાસના તાલુકામાં ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની સંખ્યા વધુ આવેલી છે.

૪. ખેડા જિલ્લામાં માત્ર નડિયાદમાં હાલમાં સેલ્ફ ફાઇનાન્સ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની શાળા આવેલી છે જેમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરે છે.

૫. અમારા ટ્રસ્ટ પાસે જમીન, મકાન, ભૌતિક સુવિધાઓ તથા નાણાકીય પૂરી ક્ષમતાઓ છે.

૬. નડિયાદ તથા તેની નજીકના અસંખ્ય વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહે છે તેથી પણ આ અંગે વિચારણા કરવા વિનંતી.

આ બધા જ પાસાઓનો અભ્યાસ કરતાં અમારી વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા અમારી બી.સી.એ. તથા સેલ્ફ પાઇનાન્સ કૉમર્સ કૉલેજ આ બેમાંથી એક કૉલેજ ફાળવી મહેરબાની કરશોજી.

**પી. એમ. પટેલ**
સેક્રેટરી
ધી નડિયાદ એજ્યુકેશન, નડિયાદ.

## પરિશિષ્ટ "૩"

કામકાજ ક્રમાંક ૩

**લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ**

તા. ૧૩-૮-૨૦૦૧

પ્રતિ,

રજિસ્ટ્રારશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**વિષય :** ધી લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત (૧) બી.સી.એ. (અંગ્રેજી માધ્યમ) અને (૨) એફ.વાય. કૉમર્સ (અંગ્રેજી માધ્યમ)ની બે કૉલેજના યુનિવર્સિટી જોડાણ અંગેની અમારી અરજીઓ.

**સંદર્ભ :** ગુજરાત યુનિવર્સિટી નીડ કમિટી સમક્ષ તા. ૩૦-૫-૨૦૦૧ અને તા ૧-૮- ૨૦૦૧ના રોજ અમોએ કરેલ રૂબરૂ રજૂઆત.

માનનીયશ્રી,

સાદર વંદન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભે, જયભારત સાથે જણાવવાનું કે :

૧. ધી લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ-૩૮૦ ૦૧૩, ૧૯૮૦ના વર્ષમાં સ્થપાયેલ ૨૧ વર્ષો જૂનું સાર્વજનિક ટ્રસ્ટ છે.
૨. આ ટ્રસ્ટ ૧૯૮૦થી કે.જી./પ્રાયમરી/હાઇસ્કૂલ/હાયર સેકન્ડરીના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના વર્ગો ચલાવે છે.
૩. આ શાળાના ધો. ૧૨ (અંગ્રેજી માધ્યમ)ના વર્ગોનું પરિણામ છેલ્લાં પાંચ વર્ષોથી ૯૮ ટકા થી ૯૯ ટકાની રેન્જમાં આવે છે.
૪. આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓમાં ૬ મુસ્લિમ અને ૫ હિન્દુ મળીને ૧૧ ટ્રસ્ટીઓ છે જે દેશની ભાવનાત્મક એકતાના પ્રતિક સમાન છે.
૫. આ ટ્રસ્ટે, ગુજરાત યુનિવર્સિટીમાં ઉપરોક્ત જોડાણ મેળવવા રૂ. ૫,૦૦૦ વત્તા રૂ. ૫,૦૦ કુલ્લે રૂ. ૧૦,૦૦૦ ભરીને ૧૯૯૯માં નિયત નમૂનામાં અરજીઓ કરેલ હતી. આમ અમારા ટ્રસ્ટની જોડાણ અરજીઓ ત્રણ વર્ષોથી પેન્ડિંગ છે. અમારી સાથેની અરજીઓ વાળી વિવિધ સંસ્થાઓની માગણીઓ સ્વીકારાઈ ગયેલ છે જે એક હકીકત છે.
૬. સંસ્થા પાસે કુલ્લે ૭૨ વત્તા ૧૩ મળીને ૮૫ ઓરડાઓ અને ૫,૦૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવો વિશાળ હોલ છે. શાળાના મકાનમાં પાંચ સીડીઓ આવેલ છે.
૭. સંસ્થા પાસે ૩,૦૦૦ ચો.વારનું વિશાળ ખુલ્લું મેદાન છે અને ૧૦ ફૂટ ઊંચી કમ્પાઉન્ડ વોલ કરીને ત્રણ ગેટ દ્વારા આવન-જાવન નિયંત્રિત થાય છે.
૮. સંસ્થા પાસે પીવાના પાણી માટે પોતાનો ૮" નો પાણીનો બોર તથા અમદાવાદ મ્યુ. કોર્પોરેશનનું ૪" પાઈપલાઈનનું જોડાણ છે.
૯. સંસ્થા આશ્રમરોડથી થોડેક દૂર સોસાયટીઓના વચ્ચેના ચાલીસ ફૂટના રોડ પર આવેલ છે જે પોલિસ કમિશનર ટ્રાફિક શાખા દ્વારા 'વન-વે' જાહેર કરેલ છે.
૧૦. સંસ્થા પાસે રૂ. ૪૨,૦૦,૦૦૦ (બેતાલીસ લાખ રૂપિયા)નું ભંડોળ છે જે અંગેના પુરાવા અમોએ રજૂ કરેલ છે.
૧૧. સંસ્થાના નિયામકશ્રી ગુજરાત યુનિવર્સિટીના વહીવટ સાથે 'સેનેટ સભ્ય' તરીકે ૧૯૮૮થી સંકળાયેલા છે.
૧૨. સંસ્થાની મેનેજમેન્ટ, ભવિષ્યમાં સૂચિત કૉલેજને મંજૂરીના સ્થળે જ ચાલુ રાખવાની બાયધરી આપે છે.
૧૩. સંસ્થાએ ફક્ત અંગ્રેજી માધ્યમના જ વર્ગો માટે માગણી કરેલ છે જે આપની જાણ સારું.

માનનીયશ્રી, ઉપરોકત હકીકતોનો સ્વીકાર કરીને અમારા ટ્રસ્ટની અરજીઓ અન્વયે પુનઃ વિચારણા કરવા માટે આપને પુનઃ વિનંતી કરીએ છીએ.

આભાર સહ.

આપનો વિશ્વાસુ
સહી
ટ્રસ્ટી

પરિશિષ્ટ "૪"

કામકાજ ક્રમાંક ૩

Ahmedabad
August 16, 2001

To :

The Registrar,
Gujarat University,
Navrangpura,
Ahmedabad-380 009.

Sir,

We are sending this representatio in respect of the decision taken in the last Executive Council meeting i.e. any member of the Executive Council, desirous of sending its point for consideration of various Institutions in respect of their need being satisfied or not for which the matter has been referred back to the Academic Council can do so.

We are sending herein our points which may be put up before the Academic Council for its consideration.

At the outset, it is required to be stated that the Report of the Need Committee, on the basis of which the Academic Council, which has almost accepted the said Report, are not absolutely correct so far as the facts stated therein are concerned. The Need Committee which has proceeded on the footing of those facts and tried to give reason for not having the need in the locality in question has relied upon some bare information without disclosing the source of such information and without having any document into consideration.

We, the following members strongly believe that if the Trust is having a good past record about imparting education, having strong financial strength, is capable of providing good infra-structure, etc. then such Trust, if they have applied for B.C.A. or B.B.A. Courses must be considered and should be granted the permission for several reasons, a few of them are as under :

**Regarding B.C.A. Course :**

( a ) The B.C.A. is the course which has been introduced by the Gujarat University only from last 2 years and, therefore, still there is a scope for more institution for B.C.A. to come up.

( b ) Last year's applications for B.C.A. Course were about more 7000 and the existing capacity for the B.C.A. Course in various institutions together is approx. 1000. This year, though the number has been reduced due to students seeking admissions to B.C.A. Course, it seems that reduction is due to some transit circumstances and those circumstances are not going to remain for ever. Even this year also about 1500 applicants have still remained without geeting admission in B.C.A. Course.

( c ) Due to limited number of seats for B.C.A. the students of Gujarat and particularly of Ahmedabad City are forced to go outside their residential area, which fact itself proves that still there is a scope for more B.C.A. institutions to come up.

( d ) This year itself, the Need Committee and the Academic Council both have thought it fit to consider the need for B.C.A. course to the extent of at least 7 institutions.

**Regarding B.B.A. Course** : The same reasons as stated for B.C.A. Course are also applicable for B.B.A. Course. Over and above the aforesaid reasons, for B.B.A. it was found that there is tremendous rush seeking the admissions in the institutions who are running B.B.A. Course at present. In all the existing B.B.A. institutions, total number of seats available are full. Looking to the change of trend to B.B.A., it is absolutely necessary to grant more institutions to start the B.B.A. Course.

Over and above the aforesaid general reasons, we will now come to our points for individual institution to the extent the facts and information are available with us. However, the following members also believe that for considering the basis of the existing institutions in the neighbourhood, it is always desirable to have on-the-spot inquiry to gather the correct facts about the distance, number of schools/colleges, etc. and for that purpo9se the Academic Council must consider to ask the University to send a Committee for verification and information to be collected.

**St. Xavier's College, College Society, Navrangpura, Ahmedabad** : The aforesaid institution, who has applied for B.C.A. Course, the reasons given about the need is that in the area in which the said College wants to start B.C.A. Course, there are 2 other institutions situated almost opposite to the St. Xavier's College and there are other 3 institutions for B.C.A. in the

radius of 2 to 2 Kms. Therefore, if St. Xavier's College is permitted, there will be congestion of colleges as well as the students stydying the Colleges and, therefore, the need is not established. We draw the attention of the members of the Academic Council to the letter dt. 1-8-2001 written by the Ahmedabad St. Xavier's College Society to the Registrar, Gujarat University in which various reasons are given why the said College should be granted the permission for B.C.A. (Copy of the said letter dt. 1-8-2001 is enclosed for ready reference).

On and above the same, we would like to draw the attention of the members to the fact that the said the Ahmedabad St. Xavier's College Society is Minority Institution. Being a minority institution, they have certain privileges under the provisions of the Constitution of India. The said society being aminority institution wants to start B.C.A. Course with main intention to serve their own community (Christian). Once that point is taken into consideration, all other factors stated in the earlier reasons of the Need Committee and the Academic Council becomes irrelevant Once the minority institution wants to start the course in the locality, assuming that any other institution for running such course is situated at the nearest distance should not be taken into consideration and the said institution, therefore, must be considered as providing the need in the locality for this particular reason.

One of the reasons given in the earlier decision of the Need Committee and the Academic Council is that almost opposite the said College there are 2 institutions i.e. Som Lalit Institute and H. L. College Institute are running the B.C.A. Course. It is significant to note that the said two Institutions were granted permission for B.C.A. Course in 1999 and at that time the Application of the St. Xavier's College for starting the B.C.A. Course was already before the University, but for the reasons best known to the Administration of the University the said application was not taken into consideration at all. If at that time application of the St. Xavier's College would have been considered, such a question of other institutions in existence in the vicinity of St. Xavier's College would not have arisen. This raason is not the fault of the St. Xavier's College and this is one of the most important reasons which requires to be considered, so that injustice may not happen to such applicant whose application was there right from the beginning, when B.C.A. course was decided to be given to different applicant institutions.

**ASIA Charitable Trust, Ahmedabad :** For the aforesaid Trust, the reason given 'not establishing the need' is that the said Trust want to start the course for B.B.A. as well as B.C.A. Opposite the Drive- in-Cinema, Nr. Sun Rise Park, Ahmedabad, that in the near area of Vastrapur within a distance of 1 km there is a college known as L. J. Commerce College running the B.B.A. and B.C.A. Courses. There are other 8 Colleges situated within the radius of 5 kms for the said courses and, therefore, the need is not established.

This is absolutely untenable reason as given in the earlier meeting of the Need Committee as well as the Academic Council. The application for the said Trust was pending and not considered from year after another when all these Colleges whose names are mentioned, were granted permission to start the Courses for B.B.A. and B.C.A. If the application of this Trust would have been considered at that point of time, such reason would not have remained for establishing the need.

It is factually incorrect that L. J. College is situated within the distance of 1 km. The distance has already been measured from all the roads which goes from Asia Charitable Trust to L. J Commerce College and the same is found that the distance is about 2.5 km (by the shortest possible route). As the aforesaid fact is correct as stated by us, the reason for not considering the application of the Asia Charitable Trust fails and they are required to be considered for the need being established.

Looking to the rush in B.B.A. as well as B.C.A. Courses otherwise also, more institutions are required to be granted permission and the Asia Trust, looking at their background in imparting education, the financial strength of the Trust, the experience and good management having the best possible infra-structure, we would go to the extent of stating that by denying the said Courses to be started by the Trust, it will be injustice to them as well as the parents who at large will have to suffer as they will not be able to send their children to a good institution for study of the professional courses.

The said Trust, according to the information, has already sent their points by their letter dt. 6-8-2001 and for the purpose of ready reference, a copy of the said letter is also enclosed herewith.

Assuming that the distance of 1 km is the criteria to be taken into account for granting same Courses to the other institutions is good criteria, then the same criteria is not followed while considering the applications of the other institutions by the Need Committee or the Academic

Council. For example, the L. J. Commerce College who has been considered and established the need for starting the Self- Finance Commerce College is situated within 1 km (place which has been shown to start Self-finance Commerce College. i.e. Info Tower on Highway) from the J. G. Commerce College (Self-finance) and the said J. G. Commerce College is 11.5 km approx. This shows that for considering the applications of different institutions. different yard stick of distance is applied which nothing but doing the injustice to one or the other institution.

The Vardhman Trust. which was granted the affiliattion for B.C.A. Course in 1999-2000 had started running the said course at the said ASIA Charitable Trust premises which itself shows that the said locality is just and proper for granting permission for B.C.A. and B.B.A. courses.

**Nadidad Education Society :** The said Society has applied for B.C.A. as well as B.B.A. Courses. So far as the B.C.A. course is concerned. situation in Nadiad is that Dharamsinh Desai Institute of Technology has been converted into Deemed University and. therefore. there is no Institutions for B.C.A. in Nadiad affiliated to Gujarat University. Therefore. the said society should be considered for B.C.A. course. For B.B.A.. though Dharamsinh Desai institute is running the same course. it seems-it is absolutely necessary that the said society should also be permitted to start the B.B.A. course considering the fact that it is the only institute in nadiad and surrounding area which runs such a course.

For all other institutions. whose need is not established according to the Report. are also required to be reconsidered. Since the necessary facts are not available with the signatories of this communication we request the members of the Academic Council to get all the necessary information and thereafter reconsider about the establishing the need by such institutions.

With the aforesaid. we request the members of the Academic Council to reconsider and recommend the case of all those Trusts who are otherwise found proper and capable for starting the B.C.A. and/or B.B.A. courses.

**Yours truly,**
**Sd/- Sudhir Nanavati**
**Sd/- Narhari Amin**
**Sd/- Vadibhai Patel**
**R. K. Patel.**

Encl : as above.

## પરિશિષ્ટ "૪"

કામકાજ ક્રમાંક ૩

પ્રતિ : તા. ૧૬-૮-૨૦૦૧

કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.

**વિષય :** ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા સેલ્ફ ફાઇનાન્સ કૉમર્સ કૉલેજ તથા બી.સી.એ. કૉલેજના જોડાણ બાબત.

**સંદર્ભ :** (૧) કુલપતિશ્રી દ્વારા તા. ૧૪-૮-૨૦૦૧ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા આ અંગે લખાયેલ પત્રની જાણ......

(૨) કુલપતિશ્રી દ્વારા તા. ૧૪-૮-૨૦૦૧ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં સભ્યશ્રીઓ દ્વારા આ અંગે મંગાવવામાં આવેલ સૂચન....

સુજ્ઞશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે મારા નીચે મુજબના સૂચનોને ઍકેડેમિક કાઉન્સિલની સભામાં વિધેયાત્મક રીતે વિચારણા કરવા મોકલવા વિનંતી :

૧. ધોરણ ૧૨ની પરીક્ષામાં ઉત્તરોત્તર પરિણામ વધતાં વિદ્યાર્થીઓની ઉત્તિર્ણ થવાની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયો છે. નડિયાદ શહેર અને આજુબાજુના ગામડાની શાળામાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓ આજે પણ પ્રવેશથી વંચીત છે. તો ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા માગવામા આવેલ બે કૉલેજો પૈકી છેવટે વિદ્યાર્થીઓના હિતમાં એક કૉલેજ ફાળવવા વિનંતી.

૨. ખેડા જિલ્લામાં ભૌગોલિક રીતે નડિયાદ મુખ્ય મથક છે.

૩. ખેડા જિલ્લામાં મુખ્ય મથક નડિયાદ તથા તેની આસપાસ વિસ્તારમાં મોટી સંખ્યામાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે.

૪. ખેડા જિલ્લામાં માત્ર એક નડિયાદમાં સેલ્ફ-ફાઇનાન્સ ઉચ્ચતર માધ્યમિક શાળા (કૉમર્સ) આવેલી છે. તે રીતે જોતાં આ વિદ્યાર્થીઓને પણ ઉચિત ન્યાય મળી રહેશે.

૫. ખેડા જિલ્લામાં અંદાજિત બાર લાખની વસ્તી આવેલી છે. તે રીતે જોતાં પણ મારી આ લાગણીને ધ્યાનમાં લેવા વિનંતી છે.

૬. ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી ખેડા જિલ્લામાં લગભગ ૫૩ વર્ષ પહેલાની સ્થપાયેલ છે અને સાચેજ શૈક્ષણિક મૂલ્યોનું જતન, સંવર્ધન થાય છે.

૭. આ ટ્રસ્ટ પાસે જમીન, મકાન, નાણાકીય સદ્ધરતાં, હોસ્ટેલ, ભૌતિક સુવિધાઓ તથા વિદ્યાર્થીલક્ષી અભિગમ અને દૃષ્ટિકોણ છે.

મારી યોગ્ય વ્યાજબી, ન્યાયી, સત્ય અને તાર્કિક લાગણી અંગે ઘટતું કરવા આગ્રહ ભરી વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

**પી. સી. ઉપાધ્યાય**

## પરિશિષ્ટ "૫"

કામકાજ ક્રમાંક ૪

**ઇન્સ્પેક્શન રિપોર્ટ**

કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટીના પત્રક્રમાંક : એકેડેમિક/૨૧/૧૨૧૦૯/૨૦૦૧ તા. ૧૨-૩-૨૦૦૧ અન્વયેથી ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદની વધારાની બેઠકો માટે યુનિવર્સિટીનું જોડાણ મેળવવા નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવામાં આવેલ છે :

૧. ડૉ. સી. એ. દેસાઈ, ડીનશ્રી, મેડિકલ વિદ્યાશાખા.

૨. ડૉ. જે. આર. પટેલ, આચાર્યશ્રી, કે. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, ડેન્ટલ કૉલેજ, મુ. પો. પીપળજ, વડોદરા.

૩. ડૉ. એમ. એન. દેસાઈ.

ઉપરોક્ત કમિટી દ્વારા ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલ, અમદાવાદનું તા. ૯-૫- ૨૦૦૧ના રોજ ઇન્સ્પેક્શન કરવામાં આવેલ છે. ઇન્સ્પેક્શન સાથે સ્થાનિક તપાસમિતિના ઉપરોક્ત બધા સભ્યોએ ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલનો રાઉન્ડ લઈને ફિઝિકલ વેરિફિકેશન કરેલ છે. ડેન્ટલ કૉલેજ, અમદાવાદના ડીનશ્રી, ડૉ. કે. એચ. શાહ દ્વારા કમિટીને ડેન્ટલ કૉલેજની સંપૂર્ણ માહિતી આપેલ છે અને કૉલેજ અને હોસ્પિટલનો રાઉન્ડ લેવડાવીને જુદા જુદા વિભાગો, ટીચિંગ સ્ટાફ, ડેન્ટલ ચેર-યુનિટ અને ઇક્વિપમેન્ટ, લાઇબ્રેરી, કૉમ્પ્યુટર રૂમ ઇન્ટરનેટ ફેસિલિટી, ઑડિયો વિઝ્યુઅલ હોલ, સેન્ટ્રલ ક્લિનિક, ડેન્ટલ વોર્ડ, હોસ્ટેલ, લેક્ચરર હોલ, સ્ટાફ ક્વાટર્સ વગેરે બતાવેલ છે.

કમિટીએ નીચેની બાબતોની ચકાસણી કરેલ છે :

૧. ડેન્ટલ કૉલેજ, હોસ્પિટલ, હોસ્ટેલ સ્ટાફ ક્વાટર્સ અને ડિન બંગલાની કંપાઉન્ડ સહિત કુલ ૧૦.૧૫૮ એકર જમીન ધરાવે છે.

૨. ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલ, ઓ.પી.ડી., હોસ્પિટલ, ડેન્ટલ વોર્ડ, ગેસપ્લાન્ટ, ડેન્ટલ હોસ્ટેલ સ્ટાફ ક્વાટર્સ વગેરેનું કુલ બાંધકામ ૪,૦૮૨૯૮.૯૬ સ્કે. ફીટ છે.

૩. યુજી/પીજી વિદ્યાર્થીઓને રહેવા માટે જૂની હોસ્ટેલમાં ૬૦ વિદ્યાર્થીઓ, ૭૬ વિદ્યાર્થિનીઓને તેમ જ નવી હોસ્ટેલમાં ૧૨૦ વિદ્યાર્થીઓ, ૧૩૨ વિદ્યાર્થિનીઓને રહેવા માટે રૂમ ઉપલબ્ધ છે. પી.જી. હોસ્ટેલમાં ૫૦ વિદ્યાર્થીઓ માટે રૂમો ઉપલબ્ધ છે. ટીચિંગ સ્ટાફ, ટેકનિકલ સ્ટાફ અને એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફના વર્ગ ૧, ૨, ૩ અને ૪ના અધિકારી/કર્મચારીઓ માટે કુલ ૧૫૦ ક્વાટર્સ ઉપલબ્ધ છે. ડીનશ્રી માટે અલગ ડીન બંગલો ઉપલબ્ધ છે.

૪. સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક : ડીએનટી-૧૦૯૨- ૩૦૬૬-જ તા. ૯-૭-૧૯૯૨ અન્વયેથી પ્રથમ બીડીએસની પ્રવેશ સંખ્યા ૫૦થી વધારીને ૧૦૦ની કરવામાં આવેલ છે.

૫. ગુજરાત યુનિવર્સિટીના પત્ર ક્રમાંક : ૨૭૮૩૬ તા. ૨૬-૫-૧૯૯૪થી ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી સાથે ૧૯૬૩થી જોડાયેલ છે. ભારત સરકારના પત્ર ક્રમાંક : વી-૧૨૦૭-૨૯-૯૪-પીએમએસ તા. ૧૩-૧૦-૨૦૦૦ અન્વયેથી આ સંસ્થાને પ્રથમ બી.ડી.એસ.માં વધારેલ પ્રવેશ સંખ્યા માટે વર્ષ ૨૦૦૦-૨૦૦૧ માટે મંજૂરી આપેલ છે.

૬. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત સંસ્થા છે. ડેન્ટલ કૉલેજમાં દરેક વિભાગો સ્વતંત્ર છે, દરેક વિભાગો પૂરતા પ્રમાણમાં ટીચિંગ સ્ટાફ ઉપલબ્ધ છે. જે નીચે પ્રમાણે છે :

| ક્રમ હોદ્દો | સંખ્યા |
|---|---|
| ૧. ડીન | ૧ |
| ૨. પ્રાધ્યાપક ડેન્ટલ | ૮ |
| બેઝિક મેડિકલ | ૩ |
| ૩. મદદ. પ્રાધ્યાપક ડેન્ટલ | ૧૮ |
| બેઝિક મેડિકલ | ૬ |
| ૪. ટ્યૂટર ડેન્ટલ | ૩૫ |
| બેઝિક મેડિકલ | ૫ |

ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે વર્ગ-૩ના કુલ ૫૮ કર્મચારીઓ અને વર્ગ-૪ના ૭૮ કર્મચારીઓનો સ્ટાફ ઉપલબ્ધ છે.

૭. ડેન્ટલ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓને જનરલ મેડિસિન અને જનરલ સર્જરી વિષયો શીખવાડવા માટે બી. જે. મેડિકલ કૉલેજ સાથે જોડાણ મેળવેલ છે. ડીનશ્રી બી. જે. મેડિકલ કૉલેજના પત્ર ક્રમાંક : રજસ્ટ/ ટીચિંગ ડેન્ટલ/૬૯૫૩/૨૦૦૧, તા. ૧૭-૪-૨૦૦૧ના અન્વયેથી જોડાણ મેળવેલ છે. અન્ય બેઝિક મેડિકલ વિષયો જેવાં કે જનરલ એનૉટોમી, જનરલ ફિઝિયોલોજી, જનરલ ફાર્માકોલોજી અને જનરલ પેથોલોજી ડેન્ટલ કૉલેજમાં જ શીખવાડાય છે. જે માટે ડેન્ટલ કૉલેજમાં ઉપરોક્ત વિષયો માટે અલગ અલગ વિભાગો ઉપલબ્ધ છે અને તેમાં પૂરતા પ્રમાણમાં ટીચિંગ સ્ટાફ ઉપલબ્ધ છે. ઉપરોક્ત બેઝિક મેડિકલ વિષયો આ કૉલેજની સ્થાપના ૧૯૬૩થી આ સંસ્થા ખાતે શીખવાડવામાં આવે છે.

૮. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે યુ.જી. ઉપરાંત નીચેનાં વિષયોમાં પી.જી. કોર્ષ ચાલે છે :

(૧) પ્રોસ્થેટિક ડેન્ટિસ્ટ્રી
(૨) ઑપરેટિવ ડેન્ટિસ્ટ્રી
(૩) ઑરલ સર્જરી
(૪) પેરિયોડોન્શિયા
(૫) ઑર્થોડોન્શિયા
(૬) ઑરલ પેથોલોજી
(૭) ઑરલ ડાયગ્નોસિસ.

ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલ, અમદાવાદ, સરકારી સંસ્થા હોવાથી દાંતની સારવાર માટેની હૉસ્પિટલ ફી નહીવત્ રાખવામાં આવેલ છે. જેથી આ સંસ્થામાં દાંતની સારવાર લેવા ખૂબ જ પ્રમાણમાં દર્દીઓ આવે છે. તેમજ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે ૨૩ પથારીઓનો ઇન્ડોર પેશન્ટ ડેન્ટલ વૉર્ડ છે. જેમાં અકસ્માતમાં ઈજા પામેલા દર્દીઓને જડબાના રોગોની સારવાર, ફ્રેક્ચર વગેરેની સારવાર આપવા દાખલ કરવામાં આવે છે. ડેન્ટલ વૉર્ડમાં દાખલ થયેલાં દર્દીઓને દાંતની સારવાર આપવા માટે ડેન્ટલ કૉલેજમાં અદ્યતન ઑપરેશન થિયેટર ઉપલબ્ધ છે. ડેન્ટલ કૉલેજ ખાતે અલગ લેક્ચર હૉલનું બિલ્ડિંગ છે. જેમાં ૧૫૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવા ચાર લેક્ચર હૉલ ઉપલબ્ધ છે. તેમજ વિદ્યાર્થીઓને ભણાવવા માટે ઑડિયો વિઝ્યુઅલ હૉલ ઉપલબ્ધ છે. ઑડિયો વિઝ્યુઅલ હૉલમાં સ્લાઇડ, પ્રોજેક્ટર, ઓવરહેડ પ્રોજેક્ટર, અેપીડાયોસ્કોપ, લેસર પોઇન્ટર, ઇલેક્ટ્રિક પોઇન્ટર, એલ. સી. ડી. પ્રોજેક્ટર, કલર ટી.વી., વી.સી.આર. વિડિયો કેસેટ્સ, સીડી. પ્રોજેક્ટિંગ સ્લાઇડ, કૉમ્પ્યુટર વીથ મલ્ટીમીડિયા કીટ વીથ ઇન્ટરનેટ વીથ પ્રિન્ટર, ડીઝિટલ કેમેરા, સ્કેનર સ્ક્રીન વગેરે સાધનો ઉપલબ્ધ છે. લેક્ચર હૉલ અને ઑડિયો વિઝ્યુઅલ હૉલમાં વિદ્યાર્થીઓને બેસવા માટે બૅંચીસ અને ચેર ઉપલબ્ધ છે. તેમજ બ્લેકબોર્ડ, ફેન વગેરે ઉપલબ્ધ છે.

૯. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ સરકારી સંસ્થા હોવાથી દર વર્ષે એન્યુઅલ બજેટમાં સરકારશ્રી દ્વારા અધિકારી/ કર્મચારીના પગાર ભથ્થાં, સાધનસામગ્રી ખરીદવા, ઇક્વિપમેન્ટસ માટે લાઈટ, ટેલિફોન બિલ, દર્દીઓને સારવાર આપવા અને વિદ્યાર્થીઓના અભ્યાસ માટે જરૂરી સાધનસામગ્રી ખરીદવા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

૧૦. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે જુદા જુદા ક્લિનિકલ વિભાગોમાં દર્દીઓને દાંતની સારવાર આપવા અને વિદ્યાર્થીઓના અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં ડેન્ટલ ચેર-યુનિટ ઉપલબ્ધ છે.

ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે જુદા જુદા ક્લિનિકલ વિભાગોમાં કુલ ૨૯૮ ડેન્ટલ ચેર-યુનિટ મુકવામાં આવેલ છે. જેનાથી દર્દીઓને યુજી/પીજી અને ટીચિંગ સ્ટાફ દ્વારા દાંતની સારવાર આપવામાં આવે છે. ડેન્ટલ ચેર-યુનિટ ઉપરાંત નીચે મુજબના ઇક્વિપમેન્ટ ડેન્ટલ કૉલેજ ખાતે ઉપલબ્ધ છે :

(૧) ઓ.પી.જી. એક્સરે મશીન અને અન્ય ક્વેન્શન એક્સ-રે મશીન સેફલોમેટિક એક્સ-રે મશીન વગેરે રેડિયોલોજી વિભાગમાં ઉપલબ્ધ છે.

(૨) પોર્સલીન ફર્નેશ મશીન, લાઈટક્યોર યુનિટ, એરરોટર, માઇક્રોમીટર, ટેબલ મૉડલ એન્જિન, કાસ્ટિંગ મશીન, કંટ્રોલ બોક્ષ રીસ્ટ જોઇન્ટ, રબર ડેમકીટ, પલ્પ ટેસ્ટર, સ્ટ્રેટ/કોન્ટ્રા એંગલ હેન્ડ પીસ વગેરે ઓપરેટિવ/વિભાગમાં ઉપલબ્ધ છે.

(૩) હનાઉ આર્ટિક્યુલેટર, ચેરરોટર, આર્ટિક્યુલેટર, બેચ ગ્રાઇન્ડર, લેથમશીન, લેબોરેટરી માઇક્રોમોટર મોડઈટ્રીમર, ટેબલ મોડેલ એન્જિન, માઇક્રોમોટર, એરકોમ્પ્રેસર, એર રોટર કંટ્રોલ બોક્ષ, ઇલેક્ટ્રો કોટ્રી, સક્શન મશીન, બોયલ એપરેટસ, ફાયબર ઓપ્ટિક લેરીંગસ્કોપ, એનેસ્થેટિક ટ્રોલી, બાયનોક્યુલર, મોનોક્યુલર માઇક્રોસ્કોપ રેફ્રિજરેટર, ઓર્થોડોન્ટિક સ્પોટ વેલ્ડર, માઇક્રોમોટર, કાર્ડિઆક મોનિટર કમ ડિફિબિલેટર, પલ્સ ઓક્સી મીટર, પોર્ટેબલ જનરેટર, ક્રાયોસર્જરી યુનિટ, ક્યુમિગેશન મશીન, ટ્રેકોસ્ટોમી ક્રમ, અલ્ટ્રાસોનિક સ્કેલર વગેરે ઇક્વિપમેન્ટસ અને ઇન્સ્ટ્રુમેન્ટસ જુદાં જુદાં વિભાગોમાં ઉપલબ્ધ છે.

૧૧. ડેન્ટલ કૉલેજ ખાતે ઉપલબ્ધ ટીચિંગ સ્ટાફ પૂરતા પ્રમાણમાં જરૂરી શૈક્ષણિક લાયકાત અને શૈક્ષણિક અનુભવ ધરાવે છે. આ અંગેનું કાઉન્સિલની જરૂરિયાત મુજબની માહિતી દર્શાવતું પત્રક ઇન્સ્પેક્શન ફાઈલમાં ઉપલબ્ધ છે. તેમજ ગુજરાત યુનિવર્સિટી દ્વારા માન્ય થયેલા શિક્ષકો, પી.જી. શિક્ષકો અને મદદનીશ પી.જી. શિક્ષકો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ સંસ્થાના ડીન પ્રાધ્યાપક અને ડીન તરીકે જરૂરી શૈક્ષણિક અનુભવ ધરાવ છે. તેઓને પી.જી. કોર્સના ડાયરેક્ટર તરીકે ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિમણૂક કરવામાં આવેલ છે. ડીનશ્રીની ગુજરાત સરકારના નોમીની તરીકે ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના મેમ્બર તરીકે પાંચ વર્ષ માટે નિમણૂક થયેલ છે. ડીનશ્રીએ કાઉન્સિલ વતી દેશભરની પ્રાઇવેટ/સરકારી ડેન્ટલ કૉલેજોનું ઇન્સ્પેક્શન કરેલ છે.

૧૨. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે અદ્યતન લાઇબ્રેરી ઉપલબ્ધ છે તેમજ પી.જી. વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી માટે અલગ લાઇબ્રેરી છે. લાઇબ્રેરી ખાતે પૂરતા પ્રમાણમાં પુસ્તકો અને જર્નલો ઉપલબ્ધ ચે. લાઇબ્રેરીમાં કુલ ૪૭૯૯ બુક્સ અને ૮૪ જર્નલો ઉપલબ્ધ છે તેમજ ઓડિયો વિઝ્યુઅલ હોલ ખાતે કુલ ૨૬૬ શૈક્ષણિક વીડિયો કેસેટ ઉપલબ્ધ છે.

૧૩. સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ ટર્મ ફી વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવે છે. વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર ટર્મ ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

૧૪. વિદ્યાર્થીઓને ફર્સ્ટ ટર્મ અને સેકન્ડ ટર્મમાં ટાઈમ ટેબલ મુજબ જુદા જુદા વિષયોના ગુજરાત યુનિવર્સિટીના સિલેક્શન મુજબ થિયરી અને પ્રેક્ટિકલમાં શિખવાડવામાં આવે છે. તેમજ ક્લિનિકલ ડ્યૂટી મુજબ જુદા જુદા ક્લિનિકલ વિભાગમાં વિદ્યાર્થીઓને, દર્દીઓને દાંતની સારવાર આપવા ક્લિનિકલ વિષયો શીખવવામાં આવે છે.

૧૫. કૉમ્યુનિટી ડેન્ટિસ્ટ્રી વિભાગ પેરિયોડોન્શિયા વિભાગમાંથી અલગ કરીને તેનો વિકાસ કરવામાં આવેલ છે. કોમ્યુનિટી ડેન્ટિસ્ટ્રીમાં પૂરતા પ્રમાણમાં પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક અને ટ્યુટર ટીચિંગ સ્ટાફ ઉપલબ્ધ છે. કોમ્યુનિટી ડેન્ટિસ્ટ્રી વિભાગમાં ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ શહેરી વિસ્તારોમાં ડેન્ટલ કેમ્પ કરવા માટે મોબાઈલ ડેન્ટલ વાન ડેન્ટલ કૉલેજ, ખાતે વસાવવામાં આવેલ છે, કોમ્યુનિટી ડેન્ટિસ્ટ્રી વિભાગ દ્વારા ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં ડેન્ટલ કેમ્પ કરવામાં આવેલ છે.

૧૬. સરકાર દ્વારા નિમાયેલ સેન્ટ્રલ એડમિશન કમિટી બી. જે. મેડિકલ કૉલેજ દ્વારા પ્રથમ બી.ડી.એસ.માં મેરિટના ધોરણે એડમિશન આપવામાં આવે છે.

૧૭. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે બી.ડી.એસ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવેલ સિલેબસ મુજબ અભ્યાસ કરાવવામાં આવે છે. આ સંસ્થા ખાતે વર્ષ ૧૯૯૨-૯૩થી ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રથમ બી.ડી.એસ.માં પ્રવેશ આપવામાં આવે છે.

૧૮. ડેન્ટલ કૉલેજ, અમદાવાદમાં ટીચિંગ સ્ટાફ તેમજ અન્ય ટેકનિકલ અને વહીવટી સ્ટાફને ગુજરાત સરકાર નક્કી કરેલ પાંચમાં પગારપંચ મુજબના પગારધોરણો મુજબ પગાર અને ભથ્થાં ચૂકવવામાં આવે છે.

૧૯. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે વર્ષ ૧૯૯૨-૯૩થી ૫૯ બેઠકો વધારીને ૧૦૦ની કરવામાં આવેલ છે. જેથી વર્ષ ૧૯૯૨-૯૩થી ૨૦૦૧-૨૦૦૨ સુધીના વર્ષ માટે વધેલી બેઠકો માટે ગુજરાત યુનિવર્સિટીના જોડાણ આપવાનું થાય છે.

૨૦. ડેન્ટલ કૉલેજ, અમદાવાદનો ટીચિંગ સ્ટાફ ગુજરાત યુનિવર્સિટી દ્વારા માન્ય થયેલ છે.

૨૧. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે અલગ અલગ યુજી/પીજી ડેન્ટલ હોસ્ટેલ ઉપલબ્ધ છે. જેમાં છોકરા-છોકરીઓ માટે અલગ અલગ હોસ્ટેલનું મકાન ઉપલબ્ધ છે. તેમજ અલગ પીજી હોસ્ટેલ ઉપલબ્ધ છે. ડેન્ટલ હોસ્ટેલ માટે વોર્ડનશ્રી અને હોસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટની નિમણૂક કરવામાં આવેલ છે.

૨૨. ડેન્ટલ કૉલેજની લાઇબ્રેરીમાં લાઇબ્રેરિયન ઉપલબ્ધ છે. લાઇબ્રેરિયન જરૂરી શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવે છે અને લાઇબ્રેરીયનને યુ.જી.સી.ના પગારધોરણો મુજબ સરકારશ્રી દ્વારા પગાર અને ભથ્થાં ચૂકવવામાં આવે છે.

૨૩. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયોનું પ્રેક્ટિકલ જ્ઞાન આપવા નીચે મુજબની લેબોરેટરીઓ ઉપલબ્ધ છે :

(૧) ફિઝિયોલોજી લેબોરેટરી
(૨) ફાર્માકોલોજી લેબોરેટરી
(૩) ડિસેક્શન હૉલ
(૪) પ્રોસ્થેટિક્સ પ્રિ-ક્લિનિક
(૫) ઓપરેટિવ પ્રિ-ક્લિનિક
(૬) જનરલ પેથોલોજી/ઓરલ પેથોલોજી લેબોરેટરી.

ઉપરોક્ત લેબોરેટરી અને પ્રિ-ક્લિનિકમાં પૂરતા પ્રમાણમાં સાધન સામગ્રી મટિરિયલ્સ ઇક્વિપમેન્ટ્સ, કેમિકલ્સ વગેરે ઉપલબ્ધ છે.

ઉપરોક્ત તમામ વિગતો કમિટીના દરેક સભ્ય દ્વારા ચેક કરવામાં આવેલ છે. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ ખાતે કાઉન્સિલની જરૂરિયાત મુજબ દરેક સગવડ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે તેમજ ગુજરાત યુનિવર્સિટીના રૂલ્સ અને રેગ્યુલેશન્સ ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. જેથી ડેન્ટલ કૉલેજ, અમદાવાદને કાયમી ધોરણે વધેલી પ્રવેશ સંખ્યા માટે ગુજરાત યુનિવર્સિટીનું જોડાણ આપવા કમિટી દ્વારા ભલામણ કરવામાં આવે છે.

કમિટિના સભ્યોની સહીઓ

| | | |
|---|---|---|
| **ડૉ. સી. એ. દેસાઈ** | **ડૉ. જે. આર. પટેલ** | **ડૉ. એમ. એન. દેસાઈ** |
| ડીનશ્રી મેડિકલ વિદ્યાશાખા | પ્રિ. કે. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, | |
| તા. ૧૦-૫-૨૦૦૧ | ડેન્ટલ કૉલેજ, મુ. પો. પીપલિયા, | |
| સ્થળ : અમદાવાદ. | જિ. વડોદરા. | |

## પરિશિષ્ટ "ડ"

કામકાજ ક્રમાંક ૫

**સાબરમતી આટ્‌ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

અમે આજે તા. ૨૪-૭-૨૦૦૧ના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે સાબરમતી આટ્‌ર્સ એન્ડ કૉમર્સ કૉલેજની મુલાકાત લીધી હતી. કૉલેજના આચાર્યશ્રી કારિયા સાહેબે અમને જરૂરી માહિતી આપી હતી અને અમે કૉલેજના અધ્યાપકો તથા કર્મચારીઓને મળ્યાં હતા. અમારા અવલોકનો નીચે પ્રમાણે છે :

૧. કૉલેજનું પોતાનું મકાન નથી, ભાડાના મકાનમાં બેસે છે અને આ જ મકાનમાં બપોરે બીજા ટ્રસ્ટની શાખા ચાલે છે, ગ્રંથાલય, અધ્યાપક ખંડ વગેરે સુવિધાઓ પહેલાંના સમયથી જે છે તે પ્રમાણે તથાવત છે.

૨. જોડાણ આપેલા વિષયનો યાદી પ્રમાણે અધ્યાપકો છે. એમાંથી ગુજરાતીના પ્રો. કડકિયા છ મહિના પછી નિવૃત્ત થવાના છે પરંતુ બે અધ્યાપકો બીજા છે. સંસ્કૃતમાં અર્થશાસ્ત્રના અધ્યાપકની નિમણૂક માટેની તજવીજ ચાલે છે પરંતુ હાલ વિઝિટિંગ અધ્યાપકો આવે છે. સરકાર જરૂરી એન.ઓ.સી. આપે તે માટે યુનિવર્સિટી ભલામણ કરે એવું સૂચન છે.

૩. લાંબા સમયથી આ કૉલેજને વાર્ષિક ધોરણે જોડાણ આપવામાં આવે છે. પરંતુ હજુ પોતાના મકાનની સુવિધા ન હોઈ નિયત પ્રમાણે કાયમી જોડાણ માટેની ભલામણ કરવાનું શક્ય જણાતું નથી તેથી અમે કૉલેજનો ૨૦૦૧-૨૦૦૨ માટે જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ.

Sd/- યોગેન્દ્ર વ્યાસ
Sd/- દામુભાઈ પંચાસરા
Sd/- વી. પી. ભારદ્વાજ.

## પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૬

**લૉ કૉલેજ, ગોધરા ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રેક્ટિસના અભ્યાસક્રમના કાયમી જોડાણ માટેનો હેવાલ.**

૧. લૉ કૉલેજ, ગોધરા દ્વારા ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસના ૧૯૯૨-૯૩થી ચલાવાતા અભ્યાસક્રમના કાયમી જોડાણ માટે અરજી કરવામાં આવી છે.

૨. યુનિવર્સિટીના તા. ૧૦-૪-૨૦૦૧ના પત્ર ક્રમાંક : ઍકેડેમિક/૨૧/૫૦૧૨૭/૨૦૦૧ના પત્રમાં દર્શાવ્યા પ્રમાણે પ્રિ. જી. એમ. પટેલની એક સભ્યની સ્થાનિક સમિતિની રચના કરવામાં આવી હતી.

૩. સ્થાનિક તપાસસમિતિના સભ્ય તરીકે મે તા. ૧-૫-૨૦૦૧ના રોજ કૉલેજની રૂબરૂમાં મુલાકાત લીધી હતી. કૉલેજ તરફથી પ્રિ. અશ્વિનભાઈ કારિયા વ્યાખ્યાતા શ્રી વી. આર. પરમાર, વ્યાખ્યાતા શ્રીમતી કે. ડી. પટેલ તેમજ વહીવટી કર્મચારીઓ હાજર રહ્યાં હતા અને જરૂરી માહિતી પૂરી પાડી હતી.

૪. કૉલેજ તા. ૨૨-૧૨-૧૯૯૩ના રોજ કાયમી જોડાણ માટે અરજી કરી હતી અને રૂ. ૧,૦૦૦ નિર્ધારિત ફી જમા કરવામાં આવેલ છે. તેના અનુસંધાનમાં યુનિવર્સિટીએ પત્ર ક્રમાંક:૩૮૨૭૭થી તા. ૫-૬-૧૯૯૬ના પત્રથી અને સભ્યની સ્થાનિક તપાસસમિતિની રચના કરી હતી. પરંતુ નિયુક્ત સભ્યએ કૉલેજની મુલાકાત નહીં લેતા અને કૉલેજે વારંવાર સ્મૃતિપત્રો લખવા છતાં કોઈ કાર્યવાહી નહીં થવાને કારણે કૉલેજમાં એડહોક ધોરણે ડી.એલ.પી. છે.

૫. હાલ કૉલેજ એસ.પી.ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજના મકાનમાં બેસે છે. અને ડી.એલ.પી.ના વર્ગ પણ આજ મકાનમાં લેવાય છે. આ મકાનમાં યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવેલ ધારાધોરણ પ્રમાણેની બધી જ સવલત ઉપલબ્ધ છે.

૬. ડી.એલ.પી.ના અભ્યાસક્રમની શરૂઆત થઈ ત્યારથી આજ દિન સુધી ૨૦૦૦ સુધીમાં ડી.એલ.પી.ના પરિણામમાં ઉત્તરોત્તર પ્રગતિ જોવા મળે છે. ૨૦૦૦ના વર્ષમાં ૨૦ વિદ્યાર્થીઓએ પરીક્ષાના આવેદનપત્રો ભરેલાં તેમાંથી ૧૬ વિદ્યાર્થીઓ બેઠેલા અને ૮ વિદ્યાર્થીઓ પાસ થતાં ૫૦ ટકા પરિણામ આવેલ છે.

૭. યુનિવર્સિટી સાથે આ વિસ્તારની સંકળાયેલી કૉલેજોમાંથી લૉ કૉલેજ માત્ર એક જ લૉ કૉલેજ છે કે જે આ વિદ્યાર્થીઓને ડી.એલ.પી.નું શિક્ષણ પૂરું પાડે છે.

૮. કૉલેજમાં ડી.એલ.પી. માટે જરૂરી તેવા પિરિયોડિકલ, ફેક્ટરીઝ ઍન્ડ લેબર રિપોર્ટ, એ.આઈ.આર. ગુજરાત લૉ હેરોલ્ડ, અમદાવાદ લૉ ટાઇમ્સ યુનિવર્સિટી ન્યૂઝ વગેરે મંગાવવામાં આવે છે જે પુસ્તકો પુસ્તકાલયમાં ઉપલબ્ધ છે.

૯. આ કૉલેજમાં ડી.એલ.પી.ના વર્ગો નિયમિત લેવામાં આવે છે. અઠવાડિયાના ત્રણ દિવસ આ અભ્યાસક્રમ શિખવાડાય છે. કૉલેજના વ્યાખ્યાતાઓ દ્વારા ડી.એલ.પી.ના તાસ લેવામાં આવે છે. જેનો સમાવેશ કૉલેજના કુલ વર્કલોડમાં ધ્યાનમાં લેવામાં આવે છે એટલે કે ડી.એલ.પી. માટે અલગ વ્યાખ્યાતાની નિમણૂક કરેલ છે.

૧૦. આ કૉલેજના શિક્ષણ તેમજ વહીવટી કર્મચારીઓનું કોઈ બાકી લેણું નથી. પરંતુ કૉલેજના આચાર્યશ્રીને ૧૯૯૦થી ૧૯૯૭ સુધી ડી.એ. આપેલ નથી. એચ.આર.એ. ૭.૫ ટકાને બદલે રૂ. ૬૦૦ ચૂકવાય છે તેમજ વચગાળાની રાહત ચૂકવવાની બાકી છે. તેમજ વહીવટી કર્મચારીઓ માટે ડી.એલ.પી.માં મહેનતાણાની જોગવાઈ કરેલ નથી. તેવું આચાર્ય તથા સ્ટાફને રૂબરૂમાં પૂછતા જાણવા મળેલ છે.

૧૧. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખી કૉલેજને ડી.એલ.પી. માટે વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે અને આચાર્યશ્રીને બાકી લેણું ચૂકવી આપવામાં આવે તે શરતે કૉલેજને ડી.એલ.પી.નું કાયમી જોડાણ આપવાની ભલામણ આ સમિતિ કરે છે.

**ઘનશ્યામભાઈ એમ. પટેલ**
સભ્ય
સ્થાનિક તપાસસમિતિ

## પરિશિષ્ટ "૮"

કામકાજ ક્રમાંક ૭

**એલ. જે. કૉલેજ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન્સ, અમદાવાદનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

અમે આજે તા. ૧૬-૬-૨૦૦૧ના રોજ બપોરે ૧૨-૦૦ વાગ્યે એલ. જે. કૉલેજ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશનની મુલાકાત લીધી હતી. સંસ્થાના હોદ્દેદારોએ અમને બધું બતાવ્યું હતું અને જરૂરી માહિતી આપી હતી. અમારાં અવલોકનો નીચે મુજબ છે.

૧. સંસ્થામાં પ્રથમ વર્ષ બી.સી.એ. અને બીજાં વર્ષ બી.સી.એ. માટે પૂર્ણ સમયના ચાર લેક્ચરરો, બે કૉમ્પ્યુટર ઓપરેટર, એક ગ્રંથપાલ અને બિ ઑફિસ કર્મચારીઓ છે.

૨. ૧૯૯૯-૨૦૦૦માં સંસ્થામાંથી ૧૦૦માંથી ૯૩ પ્રથમ વર્ગમાં વિદ્યાર્થીઓ પાસ થયા હતા. બીજાં વર્ષ (૨૦૦૦-૨૦૦૧)માં ૧૩૧ વિદ્યાર્થીઓ હતા. બીજા વર્ષ બી.સી.એ.માં ૯૭ વિદ્યાર્થી હતાં.

૩. જૂન, ૨૦૦૧ની પહેલી તારીખે સંસ્થામાં વિષયનાં રૂ. ૨,૪૮,૦૦૦ની કિંમતના કુલ ૯૫૦ પુસ્તકો છે તથા ૧૧૦ જર્નલ્સ છે. (જુઓ પરિશિષ્ટ-૫).

૪. હાલમાં તેમની પાસે કુલ ૬૦ કોમ્પ્યુટર છે અને બીજા ત્રીસ ગોઠવવાની પ્રક્રિયામાં છે.

૫. આવતે વર્ષે ત્રીજા વર્ષ બી.સી.એ.ના માન્યતા મળતાની સાથે તેઓ જરૂરી અધ્યાપકો, કર્મચારીઓ, પુસ્તકો તથા કૉમ્પ્યુટરો અને જરૂરી સામગ્રી ખરીદવાની બાયધરી આપે છે.

આ જોતાં સમિતિ આ સંસ્થાને (૨૦૦૧-૨૦૦૨)માં ત્રીજા વર્ષ બી.સી.એ.ના જોડાણ માટેની તથા ૨૦૦૧-૨૦૦૨માં પ્રથમ વર્ષ તથા બીજા વર્ષ બી.સી.એ.ના ચાલુ જોડાણને ચાલુ રાખવાની ભલામણ કરે છે.

સહી

**યોગેન્દ્ર વ્યાસ**

**સરલા અચ્યુતન**

**આર. પી. સોની**

## પરિશિષ્ટ "૯"

કામકાજ ક્રમાંક ૧૧

ઇજનેરી વિદ્યાશાખાની એક સભા આજરોજ તા. ૧૦-૮-૨૦૦૧ના રોજ ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. આ સભામાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

| | |
|---|---|
| ૧. ડૉ. એચ. એમ. દેસાઈ (ડીનશ્રી) | હાજર |
| ૨. પ્રો. જી. એન. પટેલ | હાજર |
| ૩. પ્રો. એ. બી. પટેલ | હાજર |
| ૪. પ્રો. આર. એન. શુક્લ | હાજર |
| ૫. ડૉ. એન. વી. વસાણી | ગેરહાજર |
| ૬. પ્રો. કે. જે. પરમાર | ગેરહાજર |
| ૭. પ્રો. ટી. આર. શાહ | હાજર |
| ૮. પ્રો. જી. એન. ગાંધી | હાજર |
| ૯. પ્રો. યુ. એ. પટેલ | હાજર. |

સભાનું પ્રમુખસ્થાન ડૉ. એચ. એમ. દેસાઈએ સંભાળ્યું હતું. લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યાં :

૧. એન્જિનિયરિંગ વિદ્યાશાખાની વિવિધ પરીક્ષાઓ કૉમ્પ્યુટર રાઇઝ્ડ પરીક્ષા પદ્ધતિથી યોજવા માટે આવેલ દરખાસ્ત પરત્વે સઘન અભ્યાસ બાદ ઠરાવવામાં આવ્યું કે આ દરખાસ્ત હાલ મુલતવી રાખવી અને જરૂર જણાયે ભવિષ્યમાં આ અંગે નવેસરથી વિચારણા કરવાનું રાખવું.

૨. બેચલર ઑફ આર્કિટેક્ચરનો સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૪નો અભ્યાસક્રમ, સ્કીમ અને તેનું માળખું આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ જરૂરી ફેરફાર સાથે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું અને બાકીના સેમેસ્ટરનો અભ્યાસક્રમ, સ્કીમ અને તેના માળખાની સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૪નાં સુધારાને લક્ષ્યમાં લઈ બાકીના સેમેસ્ટર-૫થી ૧૦ અંગે બોર્ડમાં પુન: સમીક્ષા કરી આ વિદ્યાશાખા સમક્ષ મૂકવાનું રાખ્યું.

૩. કૉમ્પ્યુટર એન્જિનિયરિંગ, ઇન્ફર્મેશન ટેકનોલોજી, ઈ.સી. અને આઈ.સી. વિષયની સંયુક્ત અભ્યાસસમિતિની તા. ૫-૭-૨૦૦૧ની ભલામણો આ સાથેનાં પરિશિષ્ટ મુજબ સર્વાનુમતે મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું.

૪. સિવિલ એન્જિનિયરિંગ વિષયની અભ્યાસસમિતિની તા. ૨૦-૭-૨૦૦૧ની સભાની ભલામણો આ સાથેના પરિશિષ્ટ મુજબ સર્વાનુમતે મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું.

૫. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૯-૬-૨૦૦૧ના સભાએ એન્જિનિયરિંગ રેગ્યુલેશન-૧૦ (જમ્પિંગ પ્રથા) રદ કરવા કરેલ ભલામણ અંગે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭-૮-૨૦૦૧ની સભાએ પુખ્ત વિચારણા કરવા (રિફરબૅક) કરેલ તે અન્વયે તા. ૧૦-૮-૨૦૦૧ની એન્જિનિયરિંગ ફેકલ્ટીએ નીચે મુજબ ભલામણ કરે છે :

૧. ઇજનેરી વિદ્યાશાખામાં વિષયો ક્રમાનુસાર ગોઠવાયેલા છે.

૨. Pre-Requisite (પૂર્વ જરૂરિયાત) વિષયોના અભ્યાસ સિવાય આગળના વિષયોનો અભ્યાસ થઈ શકે નહીં.

૩. યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ ઇજનેરી કૉલેજોના આચાર્યોની પણ આ પ્રકારની સંમતિ મેળવવા ભલામણ છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયેલું જાહેર કરવામાં આવ્યું હતું.

ડીનશ્રી
ઇજનેરી વિદ્યાશાખા,
ગુજરાત યુનિવર્સિટી,
નવરંગપુરા, અમદાવાદ

૧. બી.ઈ. (સિવિલ) કન્સ્ટ્રક્શન ટેકનોલોજી ઍન્ડ મેનેજમેન્ટના અભ્યાસક્રમમાં ફેરફારો કરીને સુધારેલો નવો અભ્યાસક્રમ શૈક્ષણિક સત્ર ૨૦૦૧-૨૦૦૨થી બધા સેમેસ્ટરમાં એક સાથે અમલમાં મૂકવો.

૨. બી.ઈ. (સિવિલ)ના કોર્સમાં સુચવેલા માળખામાં અને અભ્યાસક્રમમાં સુચવેલા ફેરફારો શૈક્ષણિક સત્ર ૨૦૦૧-૨૦૦૨થી સેમેસ્ટર-૩થી ક્રમશ: અમલમાં મુકવા સેમેસ્ટર-૭ અને ૮માં થયેલ ફેરફારો ચાલુ શૈક્ષણિક વર્ષથી અમલી બનશે.

૩. એમ.ઈ. (CASAD), એમ.ઈ. (WRM)ના માળખામાં અને અભ્યાસક્રમમાં સુચવેલા ફેરફાર શૈક્ષણિક સત્ર ૨૦૦૧-૨૦૦૨થી જ અમલમાં મુકવા.

૪. બી.ઈ. (સિવિલ) અને બી.ઈ. (સિવિલ) સી.ટી.એમ.ના અભ્યાસક્રમોની લંબાણપૂર્વક પુખ્ત ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબની ભલામણ કરવામાં આવે છે.

"બી.ઈ. (સિવિલ) અને બી.ઈ. (સિવિલ) સી.ટી.એમ.ના અભ્યાસક્રમને સમકક્ષ ગણાવા" એવું ઠરાવવામાં આવે છે.

૫. પરીક્ષકોને આપવામાં આવતા મહેનતાણા ઘણાં જ ઓછા અને ઘણા વર્ષોથી સુધર્યા વગરના હોવાથી Enclosure પ્રમાણે વધારો કરી તરત જ અમલ કરવો.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની ઍકૅડેમિક કાઉન્સિલની સભા સોમવાર, તા. ૩-૯-૨૦૦૧ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એન. એલ. વેદે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યનું નામ | તા. ૩-૯-૨૦૦૧ |
|---|---|---|
| ૧. | ડૉ. એન. એલ. વેદ, કુલપતિશ્રી | હાજર |
| ૨. | પ્રો. ચૈતન્ય ખંભોળજા, ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩. | પ્રો. એન. એમ. પરીખ | ગેરહાજર |
| ૪. | પ્રો. કે. જી. મહેતા | હાજર |
| ૫. | પ્રિ. ડી. એમ. શીખ | હાજર |
| ૬. | ડૉ. જશવંતલાલ એન. પંડ્યા | હાજર |
| ૭. | પ્રિ. એચ. એમ. દેસાઈ | હાજર |
| ૮. | ડૉ. સી. એ. દેસાઈ | ગેરહાજર |
| ૯. | ડૉ. એન. જે. ચિનોય | ગેરહાજર |
| ૧૦. | પ્રો. વાય. ડી. વ્યાસ | હાજર |
| ૧૧. | ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ | હાજર |
| ૧૨. | પ્રો. વી. પી. ભારદ્વાજ | હાજર |
| ૧૩. | પ્રો. સુરેશચંદ્ર દાણી | હાજર |
| ૧૪. | શ્રી જગદીશભાઈ ભાવસાર | હાજર |
| ૧૫. | પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર |
| ૧૬. | આલોક ગુપ્તા | હાજર |
| ૧૭. | શ્રી એ. આર. શુક્લ | હાજર |
| ૧૮. | ડૉ. વાય. એસ. શાસ્ત્રી | હાજર |
| ૧૯. | શ્રીમતી નીતાબહેન એન. શાહ | હાજર |
| ૨૦. | ડૉ. વી. બી. ગોહેલ | હાજર |
| ૨૧. | ડૉ. વાય. કે. અગ્રવાલ | હાજર |
| ૨૨. | પ્રિ. આર. જી. ભટ્ટ | હાજર |
| ૨૩. | પ્રિ. એ. એમ. પટેલ | હાજર |
| ૨૪. | ડૉ. સુમન જી. શાહ | ગેરહાજર |
| ૨૫. | પ્રો. એસ. બી. વોરા | ગેરહાજર |
| ૨૬. | શ્રી આર. એચ. વ્યાસ | હાજર |
| ૨૭. | પ્રો. જે. સી. ત્રિવેદી | હાજર |
| ૨૮. | પ્રિ. એમ. એમ. દેસાઈ | ગેરહાજર |
| ૨૯. | ડૉ. કેતન દેસાઈ | ગેરહાજર |
| ૩૦. | પ્રો. આર. એન. શુક્લ | હાજર |
| ૩૧. | ડૉ. અંજનાબહેન દેસાઈ | હાજર |
| ૩૨. | ડૉ. જે. બી. શાહ | ગેરહાજર |
| ૩૩. | શ્રીમતી મીરાબહેન ડી. મેનન | હાજર |
| ૩૪. | પ્રો. એન. કે. પાઠક | હાજર. |

**બાબત ક્રમાંક ૧. તા. ૨૪-૮-૨૦૦૧ ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.**

**ઠરાવ :** તા. ૨૪-૮-૨૦૦૧ ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

**બાબત ક્રમાંક ૨ : એફ. ડી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજને વિનયન વિદ્યાશાખાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૯૬થી કાયમી ધોરણે આપવામાં આવેલું છે તે સમયે તા. ૧૪-૧૦-૧૯૯૭ના રોજ બહાર પાડેલ જોડાણ જાહેરનામા ક્રમાંક ૪૭-૧૯૯૭માં ગૌણ વિષય તરીકે સંસ્કૃત અને અરેબિકનો ઉલ્લેખ રહી ગયેલ છે તો તે સુધારા અંગે વિચારણા કરવા બાબત.**

(**નોંધ :** એફ. ડી. આર્ટ્સ કોલેજના ૧૫-૬-૧૯૯૧થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધી જે જોડાણોના જાહેરનામા બહાર પાડવામાં આવ્યા હતા તેમાં સંસ્કૃત અને અરેબિક (ગૌણ) વિષય તરીકેનો ઉલ્લેખ (જોડાણ) કરવામાં આવેલો છે.)

**ઠરાવ :** આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ કોલેજના જોડાણ જાહેરનામામાં ગૌણ વિષય તરીકે સંસ્કૃત અને અરેબિક ઉમેરીને સુધારેલ જાહેરનામું બહાર પાડવાનું રાખવું.

**બાબત ક્રમાંક ૩ : શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ના એકેડેમિક કેલેન્ડર અંગે ડીનશ્રીઓની કમિટીએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

(**નોંધ :** એકેડેમિક કેલેન્ડરની નકલ **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે.)

**ઠરાવ :** આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ એકેડેમિક કેલેન્ડર અંગેની ડીનશ્રીઓની કમિટીની ભલામણો મંજૂર કરવી.

**બાબત ક્રમાંક ૪ : રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક-પરચ/૧૦૨૦૦૦/૨૮૯૭/સ, તા. ૧૫-૬-૨૦૦૧થી માસ્ટર ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (એમ.બી.એ.)ના તેમજ એમ.સી.એ.ના તમામ માન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે 'સામાન્ય પ્રાવેશિક પરીક્ષા' યોજી કેન્દ્રિયકૃત પ્રવેશ પદ્ધતિથી પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત.**

"ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટીઓ દ્વારા સ્નાતક પછીના માસ્ટર ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (એમ.બી.એ.)ના તમામ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે સામાન્ય પ્રાવેશિક પરીક્ષા યોજી કેન્દ્રિયકૃત પ્રવેશ પદ્ધતિથી પ્રવેશ આપવા અને તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી કરવા ઠરાવેલ, તેને બદલે હવે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-૨૦૦૩થી અમલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે."

**ઠરાવ :** આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે સદરહુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-૨૦૦૩થી અમલી થનાર એમ.બી.એ. તેમજ એમ.સી.એ.ની કેન્દ્રીય પ્રવેશ પરીક્ષાનું સંચાલન યુનિવર્સિટી દ્વારા થાય અને દરેક યુનિવર્સિટીના પ્રતિનિધિઓને તેમાં સામેલ કરવામાં આવે અને ૧૪મી જૂન કે ૧લી જુલાઈથી પ્રવેશની કામગીરી થઈ શકે તે રીતે પરીક્ષા આયોજન ગોઠવાય તેવી રજૂઆત રાજ્ય સરકારશ્રીને કરવાનું રાખવું.

**બાબત ક્રમાંક ૫ : સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, વાસદમાં નીચેના વિષયોમાં ઇનટેક કેપિસિટીમાં એ.આઈ.સી.ટી.ઈ.એ તેના તા. ૧૦-૮-૨૦૦૧ના પત્રાંક નં. એફ. ૭૪૦-૮૭-૧૧૯ (ઈ) ઈ.ટી.ઈ. ૯૭થી મંજુરી આપી છે તે અંગે વિચારણા કરવા બાબત.**

[**નોંધ :** (૧) આ સંસ્થાની ૧૯૯૯-૨૦૦૦ની જોડાણ પ્રક્રિયા ચકાસણી સમિતિ સમક્ષ મુકેલી છે.

(૨) સદરહુ સંસ્થાએ ૨૦૦૧-૨૦૦૨ જોડાણ અરજી કરી છે જે અંગે કમિટિ નિયુક્ત થઈ છે અને કમિટીએ હજી સુધી સ્થળ મુલાકાત લીધી નથી તો કમિટિ વીઝીટે જાય ત્યારે ઉપરોક્ત વધેલ ઇનટેક કેપિસિટીના સંદર્ભની પણ તપાસ કરવાની થશે.

(૩) ઉપરોક્ત ઇનટેક એ.આઈ.સી.ટી.ઈ.ના પત્રની નોંધ લેવાથી સેન્ટ્રલ એડમિશન કમિટિમાં તે વિષયોની એડમિશન કાર્યવાહી થઈ શકે.]

| ક્રમ | વિષય | પ્રવર્તમાન સંખ્યા | વધેલ સંખ્યા |
|---|---|---|---|
| ૧. | કોમ્પ્યુટર એન્જિનિયરિંગ | ૬૦ | ૯૦ |
| ૨. | ઇલેક્ટ્રોનિક એન્ડ કોમ્યુનિકેશન | ૬૦ | ૯૦ |
| ૩. | ઇન્ફર્મેશન ટેકનોલોજી | નવો વિષય | ૬૦ |

**ઠરાવ :** આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એ.આઈ.સી.ટી.ઈ.ની મંજૂરી પ્રમાણેના વિદ્યાર્થી પ્રવેશ ક્ષમતામાં થયેલ વધારાને કારણે તે મુજબની વર્ગ સંખ્યામાં વધારો તેમજ વધારાની સાધનસામગ્રી (Infrastructure) વસાવવા સહિત એ.આઈ.સી.ટી.ઈ.ના ધારાધોરણોનું પાલન થાય તે શરતે મંજૂરી આપવી અને સદરહુ શરતોના પરિપાલન અંગે સંસ્થા પાસેથી હેવાલ મંગાવવાનું રાખવું.

**બાબત ક્રમાંક ૬ : જૂન, ૨૦૦૧થી નિરમા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી, અમદાવાદમાં (1) Chemical Engg. (2) Civil Engg. (Construction Technology & Management) (3) Electrical Engg. (4) Electronics & Communication (5) Information Technology (6) Instrumentation & Control (7) Mechanical Engg. and Computer Engg. ના વિષયો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

**અને**

સદરહુ કૉલેજમાં નીચેના વિષયોમાં ઇનટેક કેપિસિટીમાં એ.આઈ.સી.ટી.ઈ.એ તેના તા. ૧૯-૬-૨૦૦૧ના પત્રાંક નં. એફ-૭૪૦-૮૭-૧૧૨ (ઈ) આરસી-૯૫થી મંજૂરી આપી છે તે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય | પ્રવર્તમાન સંખ્યા | વધેલ સંખ્યા |
|---|---|---|---|
| ૧. | કોમ્પ્યુટર એન્જિનિયરિંગ | ૧૦૦ | ૧૨૦ |
| ૨. | ઇલેક્ટ્રોનિક ઍન્ડ કોમ્યુનિકેશન | ૬૦ | ૯૦ |
| ૩. | ઇન્ફર્મેશન ટેકનોલૉજી | ૧૦૦ | ૧૨૦ |

[નોંધ : (૧) એ.આઈ.સી.ટી.ઈ.ના મંજૂરીનો પત્ર આવ્યો તે અગાઉ સ્થાનિક તપાસસમિતિના હેવાલ ઉપલબ્ધ થઈ ગયેલ હોઈ વધેલ ઇનટેક કેપિસિટીનો તપાસ હેવાલમાં ઉલ્લેખ હતો નહીં.

(૨) સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.]

**ઠરાવ :** આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ સ્થાનિક તપાસસમિતિના હેવાલ સ્વીકારવો અને તે મુજબ સદરહુ સંસ્થાને (1) Chemical Engg. (2) Civil Engg. (Construction Technology & Management) (3) Electrical Engg. (4) Electronics & Communication (5) Information Technology (6) Instrumentation & Control (7) Mechanical Engg. and Computer Engg.ના વિષયમાં કાયમી જોડાણ મંજૂર કરવું તેમજ કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વિષય માટે સદરહુ સંલગ્ન કૉલેજને સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ પરિપાલન માટે મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન તારીખ ૨૫-૯-૨૦૦૧ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને શૈક્ષણિક વર્ષ તા. ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૫-૬-૨૦૦૨ સુધીનું કોમ્પ્યુટર એન્જિનિયરિંગનું ચાલુ જોડાણ મંજૂર કરવું.

વધુમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એ.આઈ.સી.ટી.ઈ.ની મંજૂરી પ્રમાણેની વિદ્યાર્થી પ્રવેશ ક્ષમતામાં થયેલ વધારાને કારણે તે મુજબની વર્ગ સંખ્યા વધારો તેમજ સાધનસામગ્રી (Infrastracture) વસાવવા સહિત એઆઈસીટીઈના ધારાધોરણોનું પરિપાલન થાય તે શરતે મંજૂરી આપવી અને સદરહુ શરતોના પરિપાલન અંગેનો હેવાલ સંસ્થા પાસેથી મેળવવાનું રાખવું.

**બાબત ક્રમાંક ૭ : ઍકેડેમિક કાઉન્સિલની તા. ૯-૮-૨૦૦૧ની સભામાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી જે સંસ્થાઓએ જુદા જુદા અભ્યાસક્રમો માટે જોડાણની માગણી કરેલી તે પૈકી જે તે સંસ્થાઓની જે તે અભ્યાસક્રમ માટે જરૂરિયાત (Need) પ્રસ્થાપિત થતી નથી તેવા નીડ કમિટિ અને ઍકેડેમિક કાઉન્સિલના અભિપ્રાયનો પુનઃવિચારણા કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી જે તે હેવાલો પરત્વે તેમજ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના કેટલાક સભ્યો દ્વારા તથા કેટલીક સંસ્થાઓના સંચાલકો દ્વારા રજૂઆત થયેલી છે જે અંગે વિચારણા અને ચકાસણી કરી વિગતવાર નોંધ તૈયાર કરવા ઍકેડેમિક કાઉન્સિલે નીમેલ સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.**

(નોંધ : સદરહુ હેવાલ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

**ઠરાવ :** આથી ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો હેવાલ સ્વીકારવા અને આગામી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

**બાબત ક્રમાંક ૮ : એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગરને એમ.બી.એ. અભ્યાસક્રમ માટે એ.આઈ.સી.ટી.ઈ.એ શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી વિદ્યાર્થી સંખ્યા ૬૦ને બદલે ૯૦ની મંજૂરી આપેલ હોઈ સદરહુ બાબત અંગે જોઈતપાસીને હેવાલ આપવા માટે તા. ૨૪-૮-૨૦૦૧ના રોજ નિમાયેલ સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.**

(નોંધ : સમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.)

**ઠરાવ :** આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ સમિતિના હેવાલ સ્વીકારવા અને તેની નકલ સદરહુ કૉલેજને પરિપાલન માટે મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન તારીખ ૨૫-૯-૨૦૦૧ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટે વિદ્યાર્થી પ્રવેશ ક્ષમતા ૬૦થી ૯૦ સ્વીકારવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

**બાબત ક્રમાંક ૯ : સંલગ્ન કૉલેજોની જે તે અભ્યાસક્રમોની ચાલુ જોડાણ માન્યતાના સંદર્ભમાં શરતો અને પરિપાલનની ચકાસણી અંગેની કાર્યપદ્ધતિ અંગે વિચારણા કરવા બાબત.**

**ઠરાવ** : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નીચેના સભ્યશ્રીઓની સ્ટેન્ડિંગ કમિટિ નિયુક્ત કરવાનુ રાખવું :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૨. ડૉ. એચ. એમ. દેસાઈ
૩. પ્રિ. ડી. એમ. શીખ
૪. પ્રો. એન. કે. પાઠક
૫. પ્રો. સુરેશચંદ્ર દાણી.

ત્યાર બાદ સભાનું કામકાજ પુરું થયું હતું.

નં. ઍકે. કાઉ./ ૧૦૫૨૨ /૨૦૦૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા. ૯-૯-૨૦૦૧

**એમ. પી. જડિયા**
કુલસચિવ

પરિશિષ્ટ "૧"

કામકાજ ક્રમાંક ૩

# ACADEMIC CALENDAR : 2001 – 2002

**June, 2001 :**

(1) Dt. 15th : New Academic year starts. Beginning of all the academic activities.

**July, 2001 :**

(1) Dt. 31st : Last date for acceptance of the Enrollment forms by the University from the colleges. No Enrollment form to be accepted by the University beyond this date. (For this year extended up to 15th Sept., 2001)

(2) Dt. 16th July to 16th August : Dates to fill up the forms for Annual Convocation for Award of Degrees and Diplomas.(For this year extended up to 15th Sept., 2001)

**August, 2001 :**

(1) Meetings of different Boards of Studies to be arranged in the first week of August, 2001.

**September, 2001 :**

(1) Dt. 1st to 15th Sept. : Last date for sending the Examination forms for the October/Novemer, 2001 University Examinations by the Colleges. No Examination form from any college for October/November, 2001 University Examinations to be accepted by the University beyond this date.

(2) Dt. 15th Sept. to 12 Oct. : During this period Examination forms for M.A./M.Com. Part I & II External Examinations shall be accepted by the University.

(3) Dt. 18th : Last date for submitting Electoral Rolls for University Court and the Board for Students' Welfare by the Colleges.

(4) Dt. 19th to 29th : Regional Youth Festival shall be arranged during these dates.

(5) Dt. 24th : Last date for taking decision by the University in case of Rechecking and Reassessment applications.

**October/November, 2001 :**

(1) Dt. 4th October : Election for the student members of the University Court.

(2) Dt. 20th October to 7th November :

(a) First test for the internal marks to be arranged by the Colleges. The Colleges to complete the first test before 30th October.

(b) A.T.K.T. Examinations of Second Year B.A., B.Com., B.Sc., by the Colleges. These examinations to be completed by the colleges before 7th of November.

(3) Dt. 8th November to 30th November : Dipawali Vacation.

(4) Dt. 19th November to 26th November : October/November, 2001 Examinations of the University.

(5) Dt. 23rd November : University Establishment Day.

(6) Dt. 29th November : Annual Convocation function for award of Degrees and Diplomas.

(7) Dt. 1st December : Beginning of the Second Term.

**December, 2001 :**

(1) Dt. 5th to 14th : Inter-Collegiate Sports Festival to be arranged during these dates.

(2) Dt. 6th to 15th : Inter Regional Sports Festival to be arranged during these dates.

(3) Dt. 18th to 29th : Last date for submitting the March/April, 2002 University Examination forms by the Colleges.

(4) Dt. 31st : Last date for determining any changes in the Syllabus or Text Books for ensuing Academic Year.

**January, 2002 :**

(1) Meetings of the different Faculties to be held in the First Week of the month.

**March, 2002 :**

(1) Dt. 4th : Date for beginning of the practical examinations of B.Ed. Part II.

(2) Dt. 15th : Beginning of the practical examinations for the First Year B.Sc., Third Year B.Sc., M.Sc. (Part I & II), First Year B.A. and Third Year B.A.

(3) Dt. 12nd : Last date for completion of the Second Test as well as Additional Test for internal marks by the colleges.
(4) Dt. 23rd : Beginning of the University Examinations for B.Ed., Part I.
(5) To be completed by 31st March : The Colleges to arrange and complete Second Year theory and practical annual examinations.
(6) Dt. 30th and 31st : Special Convocation function for award of Degrees and Diplomas and University Court Meetings.

**April, 2002 :**
(1) Dt. 1st : Beginning of the other University Examinations.
(2) Dt. 25th : Last date for submitting of the Internal Marks of their students by the colleges to the University.
(3) Dt. 26th : Completion and close of the Second Term of the affiliated colleges.

**May, 2002 :**
(1) Dt. 10th : Completion and close of the second term of the Departments of University.

**June, 2002 :**
(1) Dt. 11th : All the results of the March/April, 2002 University Examinations to be declared before this date.

શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માટેનું ઉપર મુજબનું શૈક્ષણિક કેલેન્ડર મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે.

સહી

| | |
|---|---|
| ૧. ડીનશ્રી કોમર્સ ફેકલ્ટી | (ડી. એમ. શીખ) |
| ૨. ડીનશ્રી સાયન્સ ફેકલ્ટી | (કે. જી. મહેતા) |
| ૩. ડીનશ્રી એજ્યુકેશન ફેકલ્ટી | (જે. એન. પંડ્યા) |
| ૪. ડીનશ્રી આટ્ર્સ ફેકલ્ટી | (એન. એમ. પરીખ). |

## પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૩

### Report of the Local Inquiry Committee

***Subject :*** Permanent affiliation of Nirma Institute for its Degree Programmes in Engineering Technology.

***Reference :*** Application of the Institute vide its letter No. /NIT/GU/2001 dated March 3, 2001.

The Gujarat University consituted the Local Committee of the following members :

1. Dr. H. M. Desai, Convener
2. Prof. N. R. Dave
3. Prin. R. H. Vyas
4. Prin. J. R. Patel.

All the members of the LIC visited the Institute on 25th July, 2001.

The Committee visited all academic, administrative and amenities facilities in the campus. It also examined the Laboratory facilities created in all concerned disciplines, computer facilities, library and learning resource centre, and access thereto by the students and faculty.

The Committee perused the date of faculty position as updated on the date of visit.

The Committee undertook the verification of information submitted by the institute at the time of application.

Followed by the presentation of the growth of the institute since inception. The commitiee held the detailed discussion and interaction with the management representative (Shri Khodidas K. Patel) and Senior Faculty (Head of the Departments Dr. Bharadwaj, Prof. G. N. Patel, Dr. M. D. Desai, Prof. A. B. Patel, Prof. U. A. Patel and Prof. D. J. Patel).

(1) Building : The institute has more than sufficient building space (may be needed for future expansion)8 terms of academic space (class rooms, laboratories, workshops, tutorical rooms.

seminar rooms) and space for academic supporting facilities (library), computer centres, learning resource centre of non-print materials).

The institute has adequate administration space, for establishment, accounts, students section, officer, faculty and visitors.

Spacious canteen and gymnasium are very much used.

Vast playground and wel-laid and maintained green lawn carpets create good environment in the campus.

(2) Faculty :

1. Chemical engineering : 14 faculty including 2 professor and 2 assistant professors. Very good position.
2. Civil Engineering (Construction Technology & Management) : 20 faculty including 2 professors and 4 assistant professors, besides 1 contractual appointment at the Professor's level. Very good position.
3. Electrical Engineering : 15 faculty including 2 professor and 4 assistant professors, beside 1 contractual appointment at the professor's level very good position.
4. Electronics and Communication : 12 faculty including 5 assistant professor and 1 senior lecturer. Very good position.

5 &6 Information Technology & Computer Engineering : 20 faculty including 1 Professor and 4 assistant professor. Considering that the position excludes 1 professor and 6 lecturer for MCA programme, the position is very good.

7. Instrumentation and Control Engineering : 9 faculty including 1 professor. Good Position.
8. Mechanical Engineering : 22 faculty including 3 professors, 2 assistant professors and 4 senior lecturers, besides 2 contractual appointment at the professor's level very good position.

Mathematics & English, 7 faculty including 1 AP (Maths.) 1 AP English) and 1 Senior Lecturer in Maths. Very good position.

(3) All the laboratories and workshops are very well equipped with the state of the art equipment. It is interesting to note in many laboratories the institute has provided costly industrial production equipment, in place of scaled down laboratory instructional versions. Audio-visual aids are adequately provided and facilities for learning resource centre are quite good.

V-Library : The foundation has envisaged and established the Library as the central and common facility for all the three institutes in the campus viz. Nirma Institute of Technology, Nirma Institute of Management and Nirma Institute of Diploma Studies. This has rsulted in richness of the Library in terms of variety of title, total books, national and international Journals subscribed and library services system. Computerization is commendable. Access is easy. Ambience is conductive to the study.

Books Volumes 23,150

Journals : General 50, Electr. 6, Plastic 8, Mech 26, Civil 44, Teri 22, Comp. 42, Mgt. 146 Chem 18.

IV Results : The perusal of University examination results indicates that in absolute terms as well as in relation to the results of the institutes offering the same courses in the University, the result are very good.

VI Miscellaneous :

1. Campus interviews, training & placement are very effectively organized.
**Regarding B.B.A. Course :** The same reasons as stated for B.C.A. Course are also applicable for B.B.A. Course. Over and above the aforesaid reasons, for B.B.A. it was found that there is tremendous rush seeking the admissions in the institutions who are running B.B.A. Course at present. In all the existing B.B.A. institutions, total number of seats available are full. Looking to the change of trend to B.B.A., it is absolutely necessary to grant more institutions to start the B.B.A. Course.

Over and above the aforesaid general reasons, we will now come to our points for individual institution to the extent the facts and information are available with us. However, the following members also believe that for considering the basis of the existing institutions in the neighbourhood, it is always desirable to have on-the-spot inquiry to gather the correct facts about the distance, number of schools/colleges, etc. and for that purpo9se the Academic Council must consider to ask the University to send a Committee for verification and information to be collected.

**St. Xavier's College, College Society, Navrangpura, Ahmedabad :** The aforesaid institution, who has applied for B.C.A. Course, the reasons given about the need is that in the area in which the said College wants to start B.C.A. Course, there are 2 other institutions situated almost opposite to the St. Xavier's College and there are other 3 institutions for B.C.A. in the radius of 2 to 2 Kms. Therefore, if St. Xavier's College is permitted, there will be congestion of colleges as well as the students stydying the Colleges and, therefore, the need is not established. We draw the attention of the members of the Academic Council to the letter dt. 1-8-2001 written by the Ahmedabad St. Xavier's College Society to the Registrar, Gujarat University in which various reasons are given why the said College should be granted the permission for B.C.A. (Copy of the said letter dt. 1-8-2001 is enclosed for ready reference).

On and above the same, we would like to draw the attention of the members to the fact that the said the Ahmedabad St. Xavier's College Society is Minority Institution. Being a minority institution, they have certain privileges under the provisions of the Constitution of India. The said society being aminority institution wants to start B.C.A. Course with main intention to serve their own community (Christian). Once that point is taken into consideration, all other factors stated in the earlier reasons of the Need Committee and the Academic Council becomes irrelevant Once the minority institution wants to start the course in the locality, assuming that any other institution for running such course is situated at the nearest distance should not be taken into consideration and the said institution, therefore, must be considered as providing the need in the locality for this particular reason.

One of the reasons given in the earlier decision of the Need Committee and the Academic Council is that almost opposite the said College there are 2 institutions i.e. Som Lalit Institute and H. L. College Institute are running the B.C.A. Course. It is significant to note that the said two Institutions were granted permission for B.C.A. Course in 1999 and at that time the Application of the St. Xavier's College for starting the B.C.A. Course was already before the University, but for the reasons best known to the Administration of the University the said application was not taken into consideration at all. If at that time application of the St. Xavier's College would have been considered, such a question of other institutions in existence in the vicinity of St. Xavier's College would not have arisen. This raason is not the fault of the St. Xavier's College and this is one of the most important reasons which requires to be considered, so that injustice may not happen to such applicant whose application was there right from the beginning, when B.C.A. course was decided to be given to different applicant institutions.

**ASIA Charitable Trust, Ahmedabad :** For the aforesaid Trust, the reason given 'not establishing the need' is that the said Trust want to start the course for B.B.A. as well as B.C.A. Opposite the Drive- in-Cinema, Nr. Sun Rise Park, Ahmedabad, that in the near area of Vastrapur within a distance of 1 km there is a college known as L. J. Commerce College running the B.B.A. and B.C.A. Courses. There are other 8 Colleges situated within the radius of 5 kms for the said courses and, therefore, the need is not established.

This is absolutely untenable reason as given in the earlier meeting of the Need Committee as well as the Academic Council. The application for the said Trust was pending and not considered from year after another when all these Colleges whose names are mentioned, were granted permission to start the Courses for B.B.A. and B.C.A. If the application of this Trust would have

been considered at that point of time, such reason would not have remained for establishing the need.

It is factually incorrect that L. J. College is situated within the distance of 1 km. The distance has already been measured from all the roads which goes from Asia Charitable Trust to L. J. Commerce College and the same is found that the distance is about 2.5 km (by the shortest possible route). As the aforesaid fact is correct as stated by us, the reason for not considering the application of the Asia Charitable Trust fails and they are required to be considered for the need being established.

Looking to the rush in B.B.A. as well as B.C.A. Courses otherwise also, more institutions are required to be granted permission and the Asia Trust, looking at their background in imparting education, the financial strength of the Trust, the experience and good management having the best possible infra-structure, we would go to the extent of stating that by denying the said Courses to be started by the Trust, it will be injustice to them as well as the parents who at large will have to suffer as they will not be able to send their children to a good institution for study of the professional courses.

The said Trust, according to the information, has already sent their points by their letter dt. 6-8-2001 and for the purpose of ready reference, a copy of the said letter is also enclosed herewith.

Assuming that the distance of 1 km is the criteria to be taken into account for granting same Courses to the other institutions is good criteria, then the same criteria is not followed while considering the applications of the other institutions by the Need Committee or the Academic Council. For example, the L. J. Commerce College who has been considered and established the need for starting the Self- Finance Commerce College is situated within 1 km (place which has been shown to start Self-finance Commerce College, i.e. Info Tower on Highway) from the J. G. Commerce College (Self-finance) and the said J. G. Commerce College is 11.5 km approx. This shows that for considering the applications of different institutions, different yard stick of distance is applied which nothing but doing the injustice to one or the other institution.

The Vardhman Trust, which was granted the affiliation for B.C.A. Course in 1999-2000 had started running the said course at the said ASIA Charitable Trust premises which itself shows that the said locality is just and proper for granting permission for B.C.A. and B.B.A. courses.

**Nadidad Education Society :** The said Society has applied for B.C.A. as well as B.B.A. Courses. So far as the B.C.A. course is concerned, situation in Nadiad is that Dharamsinh Desai Institute of Technology has been converted into Deemed University and, therefore, there is no Institutions for B.C.A. in Nadiad affiliated to Gujarat University. Therefore, the said society should be considered for B.C.A. course. For B.B.A., though Dharamsinh Desai institute is running the same course, it seems-it is absolutely necessary that the said society should also be permitted to start the B.B.A. course considering the fact that it is the only institute in nadiad and surrounding area which runs such a course.

For all other institutions, whose need is not established according to the Report, are also required to be reconsidered. Since the necessary facts are not available with the signatories of this communication we request the members of the Academic Council to get all the necessary information and thereafter reconsider about the establishing the need by such institutions.

With the aforesaid, we request the members of the Academic Council to reconsider and recommend the case of all those Trusts who are otherwise found proper and capable for starting the B.C.A. and/or B.B.A. courses.

**Yours truly,**
**Sd/- Sudhir Nanavati**
**Sd/- Narhari Amin**
**Sd/- Vadibhai Patel**
**R. K. Patel.**

Encl. : as above.

## પરિશિષ્ટ "ગ"

### સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ

No. Aff(comp)/306 તા. ૧ ઓગસ્ટ, ૨૦૦૧

પ્રતિ,

કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

વિષય : જૂન, ૨૦૦૧થી નવી કૉલેજ (બી.સી.એ.) શરૂ કરવા અંગે.

શ્રીમાન,

સવિનય આપના પત્રક્રમાંક એકેડેમિક-પ૨૧૧૩/૨૪/૨૦૦૧, તા. ૩૦-૭-૨૦૦૧ અન્વયે જણાવવાનું કે,

(૧) જે તે વિદ્યાશાખાની અન્ય કૉલેજ બાબત : સોમલલિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ કૉલેજ કેમ્પસથી ૮૦૦ મીટર દૂર આવેલ છે, તથા ગુજરાત લૉ સોસાયટીની કૉલેજ આ કૉલેજથી ૨ કિ.મી. દૂર આવેલ છે.

(૨) આસપાસમાં આવેલ ધો. ૧૨ની શાળાઓ બાબત : એ. જી. હાયર સેકન્ડરી લગભગ એક કિલોમીટર, પંકજ હાયર સેકન્ડરી એક કિલોમીટર, સેન્ટ ઝેવિયર્સ લોયોલા સ્કૂલ બે કિલોમીટર, સી. એન. વિદ્યાલય અઢી કિલોમીટર દૂર આવેલ છે. આ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી મોટી હોય છે. તેમજ આ સંસ્થાઓનાં પરિણામો પણ સામાન્ય રીતે ૧૦૦ ટકા હોય છે.

(૩) અન્ય માહિતી :

- કોમ્પ્યુટર શિક્ષણ ક્ષેત્રે અમદાવાદ ખાતે અમે પહેલ કરેલી છે. અમારા કેમ્પસમાં ૧૯૮૪થી કોમ્પ્યુટર શિક્ષણના વર્ગો ચાલુ છે.

  ૧૯૮૭થી ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ઝેવિયર બોર્ડ ઑફ કોમ્પ્યુટર એજ્યુકેશન દ્વારા અમારા કોમ્પ્યુટર વર્ગોને માન્યતા મળેલી છે અને એ જ વરસથી અમે પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર એજ્યુકેશન (પી.જી.ડી.સી.એ.)નો કોર્સ ચલાવીએ છીએ.

  ઉપરોક્ત કોર્સ કરનાર વિદ્યાર્થીને માર્કેટ યુનિવર્સિટી, યુ.એસ.એ. વધુ અભ્યાસાર્થે સ્વીકાર કરીને ત્યાંના શિક્ષણનીક્રેડિટ આપે છે.

  ધી અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ સોસાયટી સંચાલિત આ લઘુમતી સંસ્થા છે. લઘુમતી સમાજના વિદ્યાર્થીઓને આગળ લઈ આવવા માટે આ પ્રકારની કૉલેજની ખાસ જરૂરિયાત છે, અને કોલેજ નજીકમાં આ વિદ્યાશાખાની અન્ય કોલેજો છે કે કેમ એ હકીકત અપ્રસ્તુત બની રહે છે.

- ધી અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ સોસાયટી સંચાલિત સેન્ટ ઝેવિયર્સ કૉલેજ ગુજરાતની શ્રેષ્ઠ સંસ્થાઓમાંની એક છે, અને તેથી અમદાવાદ અને ગુજરાત ભરમાંથી વિદ્યાર્થીઓ આ કોલેજમાં ઉમટી પડે છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન માન્ય નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડિટેશન કાઉન્સિલે પણ આ કૉલેજને પંચતારક અવાર્ડ આપેલ છે જે સમગ્ર ગુજરાતમાં અન્ય કોઈ કૉલેજને મળેલ નથી.

આભાર,

(............)
મંત્રી

## પરિશિષ્ટ "ઘ"

### લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ

તા. ૧૩-૮-૨૦૦૧

પ્રતિ,

રજિસ્ટ્રારશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**વિષય :** ધી લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત (૧) બી.સી.એ. (અંગ્રેજી માધ્યમ) અને (૨) એફ.વાય. કોમર્સ (અંગ્રેજી માધ્યમ)ની બે કૉલેજના યુનિવર્સિટી જોડાણ અંગેની અમારી અરજીઓ.

**સંદર્ભ :** ગુજરાત યુનિવર્સિટી નીડ કમિટી સમક્ષ તા. ૩૦-૭-૨૦૦૧ અને તા. ૧-૮-૨૦૦૧ના રોજ અમોએ કરેલ રૂબરૂ રજૂઆત.

માનનીયશ્રી,

સાદર વંદન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભે, જયભારત સાથે જણાવવાનું કે :

૧. ધી [illegible] એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ ૩૮૦ ૦૧૩, ૧૯૮૦ના વર્ષમાં સ્થપાયેલ ૨૧ વર્ષ જૂનું સાર્વજનિક ટ્રસ્ટ છે.
૨. આ ટ્રસ્ટ ૧૯૮૦થી કે.જી./પ્રાયમરી/હાઇસ્કૂલ/હાયર સેકન્ડરીના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના વર્ગો ચલાવે છે.
૩. આ શાળાના ધો. ૧૨ (અંગ્રેજી માધ્યમ)ના વર્ગોનું પરિણામ છેલ્લાં પાંચ વર્ષોથી ૯૮ ટકા થી ૯૯ ટકાની રેન્જમાં આવે છે.
૪. આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓમાં ૬ મુસ્લિમ અને ૫ હિન્દુ મળીને ૧૧ ટ્રસ્ટીઓ છે જે દેશની ભાવનાત્મક એકતાના પ્રતિક સમાન છે.
૫. આ ટ્રસ્ટે, ગુજરાત યુનિવર્સિટીમાં ઉપરોક્ત જોડાણ મેળવવા રૂ. ૫,૦૦૦ વત્તા રૂ. ૫,૦૦૦ કુલ રૂ. ૧૦,૦૦૦ ભરીને ૧૯૯૯માં નિયત નમૂનામાં અરજીઓ કરેલ હતી. આમ અમારા ટ્રસ્ટની જોડાણ અરજીઓ ત્રણ વર્ષોથી પડતર છે. અમારી સાથેની અરજીઓ વાળી વિવિધ સંસ્થાઓની માગણીઓ સ્વીકારાઈ ગયેલ છે જે એક હકીકત છે.
૬. સંસ્થા પાસે કુલ ૩૨ વત્તા ૧૩ મળીને ૪૫ ઓરડાઓ અને ૫,૦૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે તેવા વિશાળ હોલ છે. શાળાના મકાનમાં પાંચ સીડીઓ આવેલ છે.
૭. સંસ્થા પાસે ૩,૦૦૦ ચો.વારનું વિશાળ ખુલ્લું મેદાન છે અને ૧૦ ફૂટ ઊંચી કમ્પાઉન્ડ વોલ કરીને ત્રણ ગેટ દ્વારા આવન જાવન નિયંત્રિત થાય છે.
૮. સંસ્થા પાસે પીવાના પાણી માટે પોતાના ૪" ના પાણીના બોર તથા અમદાવાદ મ્યુ. કોર્પોરેશનનું ૪" પાઇપલાઇનનું જોડાણ છે.
૯. સંસ્થા આશ્રમરોડથી થોડેક દૂર સોસાયટીઓના વચ્ચેના ચાલીસ ફૂટના રોડ પર આવેલ છે જે પોલિસ કમિશનર ટ્રાફિક શાખા દ્વારા 'વન-વે' જાહેર કરેલ છે.
૧૦. સંસ્થા પાસે રૂ. ૪૨,૦૦,૦૦૦ (બેતાલીસ લાખ રૂપિયા)નું ભંડોળ છે જે અંગેના પુરાવા અગાઉ રજૂ કરેલ છે.
૧૧. સંસ્થાના નિયામકશ્રી ગુજરાત યુનિવર્સિટીના વહીવટ સાથે 'સેનેટ સભ્ય' તરીકે ૧૯૮૮થી સંકળાયેલા છે.
૧૨. સંસ્થાની મેનેજમેન્ટ, ભવિષ્યમાં ઉચિત કોલેજને મંજૂરીના ધોરણ જે ચાલુ રાખવાની બાંહેધરી આપે છે.
૧૩. સંસ્થાએ ફક્ત અંગ્રેજી માધ્યમના જ વર્ગો માટે માગણી કરેલ છે જે આપની જાણ સારું.

માનનીયશ્રી, ઉપરોક્ત હકીકતોના સ્વીકાર કરીને અમારા ટ્રસ્ટની અરજીઓ અન્વયે પુનઃ વિચારણા કરવા માટે આપને પુનઃ વિનંતી કરીએ છીએ.

આભાર સહ,

આપના વિશ્વાસુ

## પરિશિષ્ટ "થ"

**ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી,**

પ્રતિ, તા. [illegible]

કુલપતિશ્રી,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષય :** અમારી સેલ્ફ ફાઇનાન્સ કોમર્સ કોલેજ તથા બી.સી.એ. કોલેજ અંગે વિચારણા કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે અમારા ટ્રસ્ટે સેલ્ફ ફાઇનાન્સ કોમર્સ કોલેજ તથા બી.સી.એ. કોલેજની માગણી કરેલ છે અને તે હાલમાં વિચારણા હેઠળ છે. અમારી લાગણી અને માગણી વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં અમોને કોઈ એક કોલેજ ફાળવવા આગ્રહભરી વિનંતી છે.

૧. ભૌગોલિક દ્રષ્ટિએ નડિયાદ એ જિલ્લાનું મુખ્ય મથક છે.
૨. વિદ્યાર્થીઓના ઉત્તરોત્તર પરિણામ વધતાં વિદ્યાર્થી સંખ્યા વધી રહી છે.
૩. ખેડા જિલ્લામાં અને વિશેષ કરીને નડિયાદ શહેર તથા આસપાસના તાલુકામાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા વધુ આવેલી છે.
૪. ખેડા જિલ્લામાં માત્ર નડિયાદમાં હાલમાં સેલ્ફ ફાઇનાન્સ ઉચ્ચતર માધ્યમિક વિભાગની શાળા આવેલી છે જેમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરે છે.
૫. અમારા ટ્રસ્ટ પાસે જમીન, મકાન, ભૌતિક સુવિધાઓ તથા નાણાકીય પૂરી ક્ષમતાઓ છે.

૬. નડિયાદ તથા તેની નજીકના અસંખ્ય વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહે છે તેથી પણ આ અંગે વિચારણા કરવા વિનંતી.

આ બધા જ પાસાઓનો અભ્યાસ કરતાં અમારી વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા અમારી બી.સી.એ. તથા સેલ્ફ ફાયનાન્સ કોમર્સ કોલેજ આ બેમાંથી એક કોલેજ ફાળવી મહેરબાની કરશોજી.

પી. એમ. પટેલ

સેક્રેટરી

ધી નડિયાદ એજ્યુકેશન, નડિયાદ.

## પરિશિષ્ટ "૭"

### ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી

પ્રતિ : તા. ૧૩-૮-૨૦૦૧

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ.

**વિષય :** ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા સેલ્ફ ફાયનાન્સ કોમર્સ કોલેજ તથા બી.સી.એ. કોલેજના ફાળવણી બાબત.

**સંદર્ભ :** (૧) કુલપતિશ્રી દ્વારા તા. ૧૪-૮-૨૦૦૧ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા આ અંગે લખાયેલ પત્રની જાણ......

(૨) કુલપતિશ્રી દ્વારા તા. ૧૪-૮-૨૦૦૧ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં સભ્યશ્રીઓ દ્વારા આ અંગે જણાવવામાં આવેલ સૂચન....

સુજ્ઞશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે મારા નીચે મુજબના સૂચનોને એકેડેમિક કાઉન્સિલની સભામાં વિધેયાત્મક રીતે વિચારણા કરવા મોકલવા વિનંતી :

૧. ધોરણ ૧૨ની પરીક્ષામાં ઉત્તરોત્તર પરિણામ વધતાં વિદ્યાર્થીઓની ઉત્તીર્ણ થવાની ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયો છે. નડિયાદ શહેર અને આજુબાજુના ગામડાની શાળામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ આજે પણ પ્રવેશથી વંચીત છે. તો ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા માગવામા આવેલ બે કોલેજો પૈકી છેવટે વિદ્યાર્થીઓના હિતમાં એક કોલેજ ફાળવવા વિનંતી.
૨. ખેડા જિલ્લામાં ભૌગોલિક રીતે નડિયાદ મુખ્ય મથક છે.
૩. ખેડા જિલ્લામાં મુખ્ય મથક નડિયાદ તથા તેની આસપાસ વિસ્તારમાં મોટી સંખ્યામાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે.
૪. ખેડા જિલ્લામાં માત્ર એક નડિયાદમાં સેલ્ફ-ફાયનાન્સ ઉચ્ચતર માધ્યમિક શાળા (કોમર્સ) આવેલી છે. તે રીતે જોતાં આ વિદ્યાર્થીઓને પણ ઉચિત ન્યાય મળી રહેશે.
૫. ખેડા જિલ્લામાં અંતરિયાળ ગામડાની વસ્તી આવેલી છે. તે રીતે જોતાં પણ મારી આ લાગણીને ધ્યાનમાં લેવા વિનંતી છે.
૬. ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી ખેડા જિલ્લામાં લગભગ ૧૦૩ વર્ષ પહેલાની સ્થપાયેલ છે અને આથી જ શૈક્ષણિક મૂલ્યોનું જતન, સંવર્ધન થાય છે.
૭. આ ટ્રસ્ટ પાસે જમીન, મકાન, નાણાકીય સદ્ધરતા, હોસ્ટેલ, ભૌતિક સુવિધાઓ તથા વિદ્યાર્થીલક્ષી અભિગમ અને દ્રષ્ટિકોણ છે.

મારી યોગ્ય વાજબી, ન્યાયી, સત્ય અને તાર્કિક લાગણી અંગે ઘટતું કરવા આગ્રહ ભરી વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

પી. સી. ઉપાધ્યાય

## પરિશિષ્ટ "૩"

કામકાજ ક્રમાંક ૩

શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી નવી કૉલેજો શરૂ કરવા માટે સાથેના પરિશિષ્ટ મુજબની સંસ્થાઓ તરફથી કરવામાં આવેલ અરજીઓ પરત્વે નિયુક્ત કરવામાં આવેલ નીડ સમિતિની સભા બુધવાર તા. ૧-૮-૨૦૦૧ના રોજ સવારના ૧૧-૦૦ વાગ્યે અને શુક્રવાર તા. ૩-૮-૨૦૦૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જે બંને દિવસો દરમિયાન સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યનું નામ | તા. ૧-૮-૨૦૦૧ | તા. ૩-૮-૨૦૦૧ |
|---|---|---|---|
| ૧. | પ્રા. કે. એસ. શાસ્ત્રી | હાજર | હાજર |
| ૨. | ડૉ. એમ. એન. દેસાઈ | હાજર | હાજર |
| ૩. | ડૉ. એચ. એમ. દેસાઈ | ગેરહાજર | હાજર |
| ૪. | પ્રિ. ડી. એમ. શીખ | હાજર | હાજર |
| ૫. | શ્રી નરહરિભાઈ પરીખ | ગેરહાજર | ગેરહાજર |
| ૬. | ડૉ. બી. એ. દેસાઈ | ગેરહાજર | ગેરહાજર |
| ૭. | પ્રા. કે. જી. મહેતા | હાજર | હાજર |
| ૮. | પ્રિ. જે. એન. પંડ્યા | હાજર | હાજર |
| ૯. | પ્રિ. પાટીભાઈ પટેલ | હાજર | હાજર |
| ૧૦. | શ્રી હામુભાઈ પંચાસરા | હાજર | હાજર |
| ૧૧. | શ્રી જગદીશભાઈ ભાવસાર | હાજર | હાજર |
| ૧૨. | શ્રી બી. જે. પંડ્યા | હાજર | હાજર. |

નવી કૉલેજની સમિતિની સભાનું પ્રમુખસ્થાન પ્રિ. ડી. એમ. શીખ સંભાળ્યું હતું.

તા. ૧-૮-૨૦૦૧ના રોજ નવી કૉલેજ માટે જે તે સંસ્થા (ટ્રસ્ટ)ને તેમની નવી કૉલેજોની નીડ પરત્વેની વિગતો સહિત રૂબરૂ ઉપસ્થિત રહેવા જણાવેલું. તે મુજબ જે સંસ્થાઓ તરફથી તેમના પ્રતિનિધિઓ વિગતો સહિત તારીખ ૧-૮-૨૦૦૧ના રોજ રૂબરૂ નીડ કમિટી સમક્ષ ઉપસ્થિત રહીને રજૂઆતો કરેલી જે નીડ કમિટીએ સાંભળી હતી.

ત્યાર બાદ તા. ૩-૮-૨૦૦૧ના રોજ નીડ કમિટીની સભા યુનિવર્સિટી કાર્યાલયમાં બપોરના ૧૨-૦૦ વાગ્યે મળી હતી. સદરહુ સભા દરમિયાન ચેરમેનશ્રી તરફથી બે સંસ્થાઓ (૧) સાનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ અને (૨) સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન ટ્રસ્ટના પ્રતિનિધિઓ અંગે પૃચ્છા કરતાં રજિસ્ટ્રારશ્રીએ સભાગૃહ સમક્ષ જણાવેલું કે સાનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ ઉપસ્થિત રહેલ નથી તેમજ સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન ટ્રસ્ટ તરફથી આવેલ પત્ર તા. ૩-૮-૨૦૦૧ રજિસ્ટ્રારશ્રીએ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો, જેમાં સદરહુ સંસ્થાએ બી.બી.એ. તેમજ બી.સી.એ. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી જે અરજીઓ કરેલી છે તે અરજીઓ શૈક્ષણિક વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માટે વિચારણામાં લેવા વિનંતી કરેલી. સદરહુ બાબતમાં સભ્યશ્રી ડૉ. એમ. એન. દેસાઈએ સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન ટ્રસ્ટ તરફથી આવેલ પત્ર તા. ૩-૮-૨૦૦૧ની નકલની માગણી કરતો પત્ર રજિસ્ટ્રારશ્રીને આપ્યો, જે રજિસ્ટ્રારશ્રીએ ચેરમેનશ્રીની પરવાનગીથી કુલપતિશ્રી સમક્ષ ઉચિત આદેશ માટે મૂક્યો.

ત્યાર બાદ ડૉ. એમ. એન. દેસાઈ તરફથી માગણી કરવામાં આવી કે નવી કૉલેજો અંગેની નીડ કમિટીની સભામાં નીડ અંગે નિર્ણય કરવા માટે સ્થળ ઉપર જવું અને ચકાસણી કરવી અને તેઓની આ માગણી સ્વીકારવી કે કેમ તેમ પૃચ્છા કરતાં ચેરમેનશ્રીએ જણાવ્યું કે તેઓશ્રીની આ માગણી યુનિવર્સિટી બાબતની જોગવાઈઓ તેમજ કલમ-પેટા કલમ સાથે સુસંગત ન હોઈ સ્વીકારી શકાય નહીં. તે પછી સભ્યશ્રી ડૉ. એમ. એન. દેસાઈ તેમજ શ્રી પાટીભાઈ પટેલ સભા ત્યાગ કર્યો હતો.

તે પછી સંભાળપૂર્વક ચર્ચાવિચારણાને અંતે સંસ્થાઓએ તેમની અરજી અને તેના અનુસંધાનમાં રજૂ કરેલ ઉચિત માહિતી-રજૂઆત તેમજ તા. ૧-૮-૨૦૦૧ના રોજ કરેલી રૂબરૂ રજૂઆત પર પૂરતી અને ઊંડી વિચારણા કર્યા બાદ નવી કૉલેજો અંગે નીડ (જરૂરિયાત) નક્કી કરવા અંગે નીચે મુજબ વિચારણા કરીને ઠરાવો કરવામાં આવ્યાં :

જૂન, ૨૦૦૧માં ધોરણ બારની પરીક્ષામાં અગાઉના વર્ષો કરતા ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમ કે જૂન, ૨૦૦૦ કરતાં ૭૦,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહમાં અને ૩,૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં આ વર્ષે પાસ થયા છે. તેના પરિણામે ગુજરાત યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળ આવતો અમદાવાદ અને અન્ય જિલ્લાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થયા છે તેથી પ્રવેશ માટે વિદ્યાર્થીઓની માગ અને જરૂરિયાત ઊભી થઈ છે. તથા વર્ષે વર્ષે વિદ્યાર્થી સંખ્યામાં વધારો થવાનું વલણ સ્થાપિત થયું છે.

૧૯૯૯માં પણ જ્યારે અગાઉના વર્ષ કરતાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પાસ થયા ત્યારે બી.સી.એ., બી.બી.એ. તેમજ કોમર્સ વિદ્યાશાખા જેવી પંદર જેટલી નવી કૉલેજોની મંજૂરી યુનિવર્સિટીએ તાકિદના ધોરણે આપી હતી. આ કૉલેજોની તાતી જરૂરિયાત હતી એ બાબત એ હકીકતથી સાબિત થાય છે કે સદરહુ પંદર કૉલેજો શરૂ થયા પછી પણ આજે ૨૦૦૧માં વિદ્યાર્થી પ્રવેશની સમસ્યા છે અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની પ્રવેશ માટેની માગ અને નવી સંસ્થાઓની જરૂરિયાત ઉપસ્થિત થઈ છે.

આ માગને જોતાં અને નવી કૉલેજો શરૂ કરવા માગણી કરનાર સંસ્થાઓની મોટી સંખ્યા જોતાં કયા વિસ્તારમાં નવી કૉલેજો માટેની જરૂરિયાત છે તે નક્કી કરવા માટે ભૌગોલિક સ્થાનિક વિસ્તારની વસ્તીલક્ષી માપદંડ યુનિવર્સિટી માટે નિર્ણાયક બની જાય છે.

યુનિવર્સિટી ધારાની જોગવાઈ પ્રમાણે નવી કૉલેજ માટેની દરખાસ્ત પર વિચારણા કરવા અને સ્થાનિક વિસ્તારની જરૂરિયાત (Need in the locality) જે તે વિસ્તારની હાલની સુવિધાઓ અને નવી કૉલેજની આવશ્યકતા ચકાસવાની રહે છે.

આ વિચારણામાં જે તે વિસ્તારની આજુબાજુમાં કે નજીકમાં (in the neighbourhood) આ જ પ્રકારનું શિક્ષણ આપતી અન્ય સંસ્થાઓની સુવિધા અસ્તિત્વમાં છે કે કેમ તે ધ્યાનમાં લઈ, જે તે સ્થાનિક વિસ્તારની નવી કૉલેજ માટેની પાત્રતા (suitability of the locality) વિચારવાની રહે છે.

હાલ સ્થિતિ એવી છે કે અમદાવાદ શહેરના નદીની પશ્ચિમ તરફના વિસ્તારોમાં અને ખાસ કરીને એલિસબ્રિજ, નવરંગપુરા, આશ્રમરોડ, ઉસ્માનપુરા અને યુનિવર્સિટીની આજુબાજુના વસ્ત્રાપુર સહિતના વિસ્તારોમાં ૫૦ જેટલી કૉલેજો આવેલી છે જ્યારે વિશાળ વિસ્તારમાં પથરાયેલ ઘણી મોટી વસ્તી અને સ્કૂલો આવેલી છે તેવા શહેરના પૂર્વ વિસ્તારમાં કૉલેજોનું પ્રમાણ નહિવત્ છે. આ વિસ્તારો જેવાં કે સરદારનગર, બાપુનગર, ઓઢવ, નરોડા, સરસપુર, અસારવા, ગિરધરનગર, શાહીબાગ વગેરેમાં લાખોની વસ્તી અને સેંકડો શાળાઓની સામે કૉલેજો નથી. તે જ રીતે [illegible], ઇસનપુર અને મણિનગર જેવાં વિસ્તારોમાં અપવાદરૂપ ત્રણ કૉલેજો (એક કૉમર્સ, એક આર્ટ્સ, અને એક સાયન્સ) અસ્તિત્વમાં છે.

એ જ રીતે શહેરના પશ્ચિમ વિસ્તારમાં પણ ઘાટલોડિયા, ભૂયંગદેવ, સોલારોડ, નારણપુરા જેવાં વિસ્તારોમાં કૉલેજોની સુવિધાઓ નથી.

આ માટેના ઐતિહાસિક કારણો જણાય છે અને તેથી એક પ્રકારની ભૌગોલિક રીતે શૈક્ષણિક અને સામાજિક અસમતુલા ઊભી થઈ છે. એક બાજુ કૉલેજોની ગીચતા અને તે કૉલેજોમાં વિદ્યાર્થી સંખ્યાની ગીચતાના વિકટ પ્રશ્નો ઊભા થયા છે જ્યારે બીજી તરફ વધુ મોટા અને ઘણી મોટી જનસંખ્યા ધરાવતા વિસ્તારો ઉચ્ચશિક્ષણની સુવિધાઓથી વંચિત છે.

આ જ રીતે અમદાવાદ શહેર સિવાયના અન્ય જિલ્લાઓમાં પણ કેટલાંક કેન્દ્રો પર કૉલેજોના સંકુલોનું અને મોટી વિદ્યાર્થી સંખ્યાનું કેન્દ્રીકરણ થયું છે જ્યારે ગ્રામ વિસ્તારમાં અન્ય સ્થળોએ ઉચ્ચ શિક્ષણના વૈવિધ્યના અભાવને કારણે આવી જ અસમતુલા સર્જાઈ છે.

આ સંજોગોમાં આ સમિતિનો અભિપ્રાય છે કે યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ની જોગવાઈ, તેનું હાર્દ અને તેનો હેતુ જોતાં, જે તે સ્થાનિક વિસ્તારની જરૂરિયાત અને પડોશમાં (nighbourhood) આવેલી વર્તમાન સુવિધાઓના સંદર્ભમાં નવી કૉલેજો માટેની જરૂરિયાત અંગે વિચારણા કરવી જોઈએ અને નિર્ણય કરવો જોઈએ. આ સંદર્ભમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલ અરજીઓ પરત્વે ચર્ચાવિચારણા કરી નીચે પ્રમાણે ઠરાવે છે.

વિવિધ અરજીઓની વિચારણા કરવામાં આવી અને નીચે મુજબ જરૂરિયાત અંગેનો અભિપ્રાય આપવામાં આવે છે :

**૧. એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ સંસ્થાએ બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો ડ્રાઇવ-ઇન-રોડ, સનરાઇઝ પાર્ક વિસ્તારમાં સ્થાપવા માટે અરજીઓ કરી છે.

આ સંસ્થાની નજીકમાં લગભગ એક કિલોમીટર વિસ્તારમાં જ (વસ્ત્રાપુર)માં બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો આવેલી છે અને ત્રણથી પાંચ કિલોમીટરના વિસ્તારમાં બી.બી.એ. અને બી.સી.એ.ની બીજી આઠ કૉલેજો આવેલી છે તે જોતાં, આ સ્થળે બી.બી.એ. કે બી.સી.એ.ની નવી કૉલેજોની જરૂરિયાત નથી.

**૨. સોનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ :**

આ ટ્રસ્ટે ચાંગોદર ખાતે બી.બી.એ. અને બી.સી.એ.ની નવી કૉલેજો શરૂ કરવા અરજીઓ કરી છે. ટ્રસ્ટ જે વિસ્તાર અને સ્થળે કૉલેજ શરૂ કરવા માગણી કરી છે અને તેમની અરજીમાં દર્શાવ્યા પ્રમાણે તેમજ તા. ૩૧-૫-૨૦૦૧ના રોજ કરેલ રૂબરૂ રજૂઆત જોતા ઔદ્યોગિક વિસ્તારમાં કૉલેજ શરૂ કરવા માગે છે તે વિસ્તાર અને તેની આજુબાજુની પરિસ્થિતિ જોતાં કૉલેજ શરૂ કરવા માટે આ સ્થળ યોગ્ય જણાતું નથી એટલે suitability of the localityની દૃષ્ટિએ ત્યાં કૉલેજની જરૂરિયાત સ્વીકારી શકાય તેમ નથી.

**૩. શ્રીમતી સુગનાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટ બી.બી.એ., બી.સી.એ. અને સેલ્ફ ફાઇનાન્સ (Self Finance) કોમર્સ કોલેજ શરૂ કરવા અરજીઓ કરી છે. આ ટ્રસ્ટ ઠક્કરબાપા નગર, નારોલ હાઈવે પર આ કોલેજો શરૂ કરવા માગે છે. નરોડા-નારોલ અને તેની આજુબાજુના વિશાળ વિસ્તારમાં હાલ બી.બી.એ., બી.સી.એ.ની કોલેજો નથી. ઘોડાસરમાં એક કોમર્સ કોલેજ છે. બાપુનગર વિસ્તારમાં એક કોમર્સ કોલેજ શરૂ કરવા યુનિવર્સિટીએ ગત વર્ષે મંજૂરી આપી હતી જે શરૂ થઈ નથી અને ચાલુ વર્ષે તેની અરજી હાલ વિચારણામાં છે. નરોડા રોડ વિસ્તારમાં એ અન્ય સંસ્થાની બી.સી.એ. કોલેજ માટેની અરજી છે જે વિચારણામાં છે.

આ વિગતોના સંદર્ભમાં અને સુગનાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીએ ત્રણમાંથી કોઈપણ એક કોલેજ શરૂ કરવા માટેની યુનિવર્સિટી સમક્ષ રજૂઆત કરેલી છે તે જોતાં અને સમગ્ર પૂર્વ- પટ્ટા વિસ્તારમાં બી.બી.એ.ની એકપણ કોલેજ નથી અને તે અંગેની અન્ય કોઈ અરજી પણ નથી તે જોતાં આ ટ્રસ્ટની બી.બી.એ.ની કોલેજ માટેની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૪. લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, ઉસ્માનપુરા, અમદાવાદ :**

આ ટ્રસ્ટ ઉસ્માનપુરા વિસ્તારમાં બી.સી.એ. અને સેલ્ફ ફાઇનાન્સ કોમર્સ કોલેજો શરૂ કરવા અરજીઓ કરી છે. અમદાવાદના ઉસ્માનપુરા વિસ્તારમાં ત્રણ કોમર્સ કોલેજો અને બી.સી.એ. કોલેજ હાલ અસ્તિત્વમાં છે અને આ ઉસ્માનપુરા વિસ્તારની પાડોશમાં આશ્રમરોડ, નવરંગપુરા અને એલિસબ્રિજ વિસ્તારમાં વીસ ઉપરાંત કોલેજો આવેલી છે તે જોતા, આ વિસ્તારમાં નવી કોમર્સ કે બી.સી.એ. કોલેજની જરૂરિયાત પ્રસ્થાપિત બનતી નથી.

**૫. કે. કે. શાહ જરોદવાલા સાયન્સ કોલેજ, રામબાગ, મણીનગર, અમદાવાદ :**

આ સંસ્થાએ તેમની બી.સી.એ. કોલેજ શરૂ કરવા માટેની અરજીના સંદર્ભમાં યુનિવર્સિટીએ જણાવ્યું છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી બી.સી.એ. કોલેજ શરૂ કરવા માગતા નથી, તેની નોંધ લેવામાં આવે છે.

**૬. શ્રી રામ વિદ્યાવર્ધક ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બી.સી.એ. કોલેજ શરૂ કરવા માટે અરજી કરી હતી. ટ્રસ્ટે યુનિવર્સિટીને તેમની આ અરજી રદ ગણવા જણાવ્યું છે તે બાબતની નોંધ લેવામાં આવે છે.

**૭. મેઘદૂત એજ્યુકેશન ટ્રસ્ટ, ઘોડાસર, અમદાવાદ :**

આ ટ્રસ્ટે ઘોડાસર વિસ્તારમાં બી.સી.એ. કોલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. મણિનગર, ઇસનપુર-ઘોડાસર જેવા વિશાળ વિસ્તારમાં પથરાયેલ લગભગ પાંચ લાખની વસ્તીમાં બી.સી.એ.ની કોઈ કોલેજ નથી. આ સમગ્ર વિસ્તારની વસ્તી, સ્કૂલોની સંખ્યા અને પ્રોફેશનલ કોર્સ માટેની માગને જોતાં આ સ્થળે બી.સી.એ. કોલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૮. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ :**

આ ટ્રસ્ટે સામશ્રયપાર્ક, ગુલાબટાવર નજીક બી.સી.એ. કોલેજ શરૂ કરવા અરજી કરી છે. આ વિસ્તાર પશ્ચિમના વિસ્તારો સોલા, મેમનગર, ઘાટલોડિયા, નારણપુરા સહિતના આ પટ્ટા વિસ્તારમાં બી.સી.એ.ની એક પણ કોલેજ નથી. આશરે ત્રણ લાખ ઉપરાંતની વસ્તીવાળા આ વિસ્તારમાં સ્કૂલોની સંખ્યા વગેરે જોતાં અને ત્યાં એક માત્ર બી.એડ.ની કોલેજ છે તે ધ્યાનમાં લેતાં અને બી.સી.એ. જેવા પ્રોફેશનલ કોર્સ માટેની માગ જોતાં અહીં બી.સી.એ. કોલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૯. શ્રી સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બી.બી.એ. અને બી.સી.એ.ની કોલેજો શરૂ કરવા અરજીઓ કરેલી છે. આ ટ્રસ્ટે યુનિવર્સિટીને જણાવ્યું છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી આ કોલેજો શરૂ કરવા માગતા નથી તેની નોંધ લેવામાં આવે છે.

**૧૦. લોકજાગૃતિ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બોડકદેવ, જજીસ બંગલા પાસે, સરખેજ-ગાંધીનગર હાઈવે પર કોમર્સ કોલેજ સેલ્ફ-ફાઇનાન્સના ધોરણે શરૂ કરવા અરજી કરી છે. કોમર્સ કોલેજોમાં પ્રવેશ માટેની વિદ્યાર્થીઓની માગ જોતા અને સરખેજ-ગાંધીનગર હાઈવે વિસ્તારમાં અમદાવાદ શહેર તરફની બાજુએ મેમનગરથી ઘાટલોડિયા સુધીના વિશાળ વિસ્તારમાં કોઈ કોમર્સ કોલેજ નથી. હાઈવેથી પશ્ચિમ તરફથી વસ્ત્રાપુર, આંબલીરોડ, બોપલ વગેરેનો વિસ્તાર પણ ઘણો વિકાસ પામ્યો છે. આ વિસ્તારની વસ્તી તેમજ આ વિસ્તારમાં આવેલી શાળાઓની સંખ્યા જોતાં, આ વિસ્તારમાં કોલેજની તાતી જરૂરિયાત છે તેથી અહીં કોમર્સ કોલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૧. ન્યુ સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે નરોડા રોડ વિસ્તારમાં બી.સી.એ.ની કોલેજ શરૂ કરવા અરજી કરી છે. નરોડા, કૃષ્ણનગર, નરસિંહપુર જેવા વિસ્તારો આવેલા છે. શહેરના આ વિભાગમાં પાંચ લાખ ઉપરાંતની વસ્તી છે, તે ઉપરાંત સમગ્ર પૂર્વ-પટ્ટા વિસ્તારમાં બી.સી.એ.ની એકપણ કોલેજ નથી. આ વિસ્તારની વસ્તી, સ્કૂલોની મોટી સંખ્યા અને બી.સી.એ. કોલેજની જરૂરિયાતના સંદર્ભમાં આ કોલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૨. શિવમ્ એજ્યુકેશન ટ્રસ્ટ, કાલોલ :**

આ ટ્રસ્ટે કાલોલ શહેરના સીમાડે બી.સી.એ. અને બી.બી.એ.ની કૉલેજો શરૂ કરવા અરજીઓ કરી છે. કાલોલ પંચમહાલ જિલ્લામાં આવેલ છે. આખા પંચમહાલ જિલ્લામાં અને તેની બાજુના દાહોદ જિલ્લામાં બી.સી.એ. અને બી.બી.એ. અભ્યાસક્રમની ક્યાંય પણ સુવિધા નથી. આ જિલ્લાઓના વિશાળ વિસ્તાર, મોટી વસ્તી અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિશાળ સંખ્યા જોતાં તેમને માટે વિનયન-વાણિજ્ય અને વિજ્ઞાનની કૉલેજો છે. પરંતુ પ્રોફેશનલ અભ્યાસક્રમ માટેની માગ જોતાં અને ટ્રસ્ટે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટેની તેની પ્રાથમિકતા દર્શાવી છે તે જોતાં આ સ્થળે બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૩. ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર :**

આ ટ્રસ્ટે બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો ગાંધીનગરમાં શરૂ કરવા અરજીઓ કરી છે. ટ્રસ્ટે યુનિવર્સિટીને જાણ કરી છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી આ કૉલેજો તેઓ શરૂ કરવા માગતા નથી. તેની નોંધ લેવામાં આવી.

**૧૪. સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર :**

આ ટ્રસ્ટે ગાંધીનગરમાં બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. ગાંધીનગરમાં હાલ બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો આવેલી છે. આ ટ્રસ્ટે જે સ્થળે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માગણી કરી છે તેની નજીકમાં-પાટણમાં હાલની બી.બી.એ. અને બી.સી.એ.ની કૉલેજો છે તેમજ ગાંધીનગરમાં બી.બી.એ. બી.સી.એ.ની તેમજ કૉમર્સ વિદ્યાશાખાની વિદ્યાર્થીઓની માગના પ્રમાણમાં પૂરતી સુવિધાઓ સ્નાતક કક્ષાએ હોઈ આ બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

**૧૫. ગાયત્રી કેળવણી મંડળ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે અમદાવાદ ખાતે બી.પી.ઈ. અભ્યાસક્રમ તેમજ યોગના ડિપ્લોમા અભ્યાસક્રમની કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ધોરણ બાર પછીનો ત્રણ વર્ષનો બી.પી.ઈ. અભ્યાસક્રમ તેમજ યોગનો ડિપ્લોમા અભ્યાસક્રમ ચલાવતી એકપણ કૉલેજ ગુજરાત યુનિવર્સિટીના સમગ્ર વિસ્તારમાં નથી. યુનિવર્સિટી સાથે આવી કોઈપણ કૉલેજ સંલગ્ન નથી અને આ અભ્યાસક્રમ કરતાં વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં તેમજ વ્યાયામની રમતગમતની સંસ્થાઓમાં નોકરીની તકો જોતાં, આ અભ્યાસક્રમની કૉલેજ શરૂ કરવાની આવશ્યકતા છે તેથી આ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૬. શ્રી બાલાજી ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, વાસદ :**

આ ટ્રસ્ટે વાસદ ખાતે બી.સી.એ.ની કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. વાસદ, આણંદ જિલ્લામાં આવેલ હાઈ-વે પરનું મથક છે. આખા આણંદ જિલ્લામાં બી.સી.એ.ની ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એક પણ કૉલેજ નથી. આ જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા જોતાં તેમજ બી.સી.એ. સિવાયની અન્ય અભ્યાસક્રમોની કૉલેજોની સુવિધાની સામે બી.સી.એ.ની સુવિધાના અભાવ જોતાં આ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૭. નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ :**

આ ટ્રસ્ટે નડિયાદમાં બી.સી.એ. કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ટ્રસ્ટ જે વિસ્તારમાં કૉલેજ શરૂ કરવા માગે છે તે જ વિસ્તારમાં પાડોશમાં જ બી.સી.એ.ની કૉલેજ આવેલી છે તે જોતાં આ વિસ્તારમાં અથવા તો નડિયાદમાં બી.સી.એ.ની નવી કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

**૧૮. સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પીપલિયા, તા. વાઘોડિયા, જિ. વડોદરા :**

આ ટ્રસ્ટે વડોદરા જિલ્લામાં પીપલિયા ખાતે બી.સી.એ. કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. આખા વડોદરા જિલ્લામાં બી.સી.એ.ની એકપણ કૉલેજ નથી. વડોદરા જિલ્લાની વસ્તી, ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા તેમજ જિલ્લામાં ભાવિના નવતર વિકાસના સંદર્ભમાં બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૧૯. કે. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, પીપલિયા, વડોદરા :**

આ ટ્રસ્ટે પિપલીયા ખાતે ફિઝિયોથેરાપીની કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ફિઝિયોથેરાપી અભ્યાસક્રમની હાલ ઘણી માગ છે. આ અભ્યાસક્રમ કરેલા વિદ્યાર્થીઓને નોકરીની તેમજ સેલ્ફ એમ્પ્લોયમેન્ટની ઘણી તકો છે. યુનિવર્સિટી સંલગ્ન ફિઝિયોથેરાપીની માત્ર બે કૉલેજો છે અને બંને અમદાવાદમાં છે તેથી વડોદરા જિલ્લામાં આ વિસ્તારમાં આ કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૦. કપડવંજ કેળવણી મંડળ, કપડવંજ :**

આ ટ્રસ્ટે ખેડા જિલ્લામાં કપડવંજમાં બી.સી.એ. કૉલેજ શરૂ કરવા અરજી કરી છે. ખેડા જિલ્લામાં યુનિવર્સિટી સંલગ્ન એકપણ બી.સી.એ. કૉલેજ નથી. સમગ્ર જિલ્લાની વસ્તી, સ્કૂલોની સંખ્યા અને અન્ય અભ્યાસક્રમોની અનેક કૉલેજો સુવિધાની સામે બી.સી.એ.ની સવલતના સદંતર અભાવ જોતાં આ બી.સી.એ. કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૧. સાધુ વાસવાણી મિશન, સરદારનગર ટાઉનશીપ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે અમદાવાદમાં સરદારનગર ખાતે કોમર્સ કોલેજ (બહેનો માટેની)ની અરજી કરી છે. તમામ સેલ્ફ-ફાઇનાન્સના ધોરણે કોલેજ ચલાવવા માગણી કરી છે. સરદારનગર ટાઉનશીપ અને તેની આજુબાજુના કુબેરનગરનો સમગ્ર વિસ્તાર વિશાળ વસ્તીને આવરી લેતા હોવા છતાં ત્યાં એકપણ કોલેજ નથી અને ખાસ કરીને આ વિસ્તારની બહેનો માટે ઉચ્ચશિક્ષણની તકો રૂંધાઈ જાય છે તે જોતાં, બહેનો માટેની આ સેલ્ફફાઇનાન્સ કોલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૨. સરદાર પટેલ વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે બહેનોની કોમર્સ કોલેજ, બાપુનગર ખાતે શરૂ કરવા અરજી કરી છે અને સેલ્ફ ફાઇનાન્સના ધોરણે કોલેજ શરૂ કરવા માગણી કરી છે. બાપુનગર એક વિશાળ વિસ્તારમાં છે. અને મોટી જનસંખ્યા ધરાવે છે. ઉપરાંત તેની આજુબાજુના પડોશના વિસ્તારોમાં પણ વિશાળ જનસમુદાય વસે છે. બાપુનગર અને તેની પડોશમાં આ વિસ્તારના નિમ્નવર્ગની વસ્તી, શાળાઓની મોટી સંખ્યા અને તેની સામે ઉચ્ચશિક્ષણની સુવિધાના અભાવ નોંધપાત્ર છે. તેમાં પણ ખાસ કરીને બહેનોની ઉચ્ચશિક્ષણની તકો રૂંધાઈ જાય છે તે જોતાં, બહેનો માટેની આ સેલ્ફ ફાઇનાન્સ કોલેજ માટેની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૩. સેંટ ઝેવિયર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ :**

આ સંસ્થાએ બી.સી.એ.ની કોલેજ અમદાવાદમાં નવરંગપુરામાં શરૂ કરવા અરજી કરી છે. આ સંસ્થા જે વિસ્તારમાં બી.સી.એ.ની કોલેજ શરૂ કરવા માગે છે તે વિસ્તારમાં તદ્દન નજીકમાં-પડોશમાં બી.સી.એ.ની બે સંસ્થાઓ આવેલી છે. ઉપરાંત બેથી ત્રણ કિલોમીટરના વિસ્તારમાં બીજી ત્રણ બી.સી.એ. કોલેજો આવેલી છે. અર્થાત્ નવરંગપુરા, એલિસબ્રિજ વિસ્તારમાં ખૂબ મોટી સંખ્યામાં બી.સી.એ. સહિતની કોલેજો કેન્દ્રીત થયેલી છે. હકીકતમાં આ વિસ્તારમાં નવી કોલેજની જરૂરિયાતના બદલે કોલેજોની ગીચતાના અને તે કોલેજોમાં વિદ્યાર્થીઓની ગીચતાના પ્રશ્નો વિકટ બન્યા છે, તે જોતાં, આ કોલેજની આ વિસ્તારમાં જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.

**૨૪. સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર :**

આ ટ્રસ્ટે ગાંધીનગરમાં એમ.સી.એ. અભ્યાસક્રમ શરૂ કરવા અરજી કરી છે. એમ.સી.એ. અભ્યાસક્રમમાં ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં અને ગાંધીનગરમાં મર્યાદિત સુવિધાઓ છે. અર્થાત્ ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યોની સરખામણીમાં એમ.સી.એ.ની સુવિધા મર્યાદિત છે. આ અભ્યાસક્રમ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હી તરફથી મંજૂરી મળી છે, તે જોતાં એમ.સી.એ.ના આ અભ્યાસક્રમની અને તેની સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૫. સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે એમ.સી.એ.ના અભ્યાસક્રમની સંસ્થા સ્થાપવા અરજી કરી છે. એમ.સી.એ.ના અભ્યાસક્રમની સુવિધા બીજા રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં ઓછી છે અને આ અભ્યાસક્રમ માટેની વિદ્યાર્થીઓની માગ ઘણાં વિપુલ પ્રમાણમાં રહે છે. આ અભ્યાસક્રમ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન તરફથી ટ્રસ્ટને મંજૂરી મળી છે. તે જોતાં, એમ.સી.એ. અભ્યાસક્રમની અને તે માટેની આ સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૬. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ, ગાંધીનગર :**

આ સંસ્થાએ ગાંધીનગર ખાતે એમ.સી.એ. અભ્યાસક્રમ માટેની સંસ્થા શરૂ કરવા અરજી કરી છે. ગુજરાતમાં અને ગાંધીનગરમાં આ અભ્યાસક્રમ માટેની મર્યાદિત સગવડ જોતાં અને અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં આ અભ્યાસક્રમની સુવિધા ઘણી ઓછી છે, તેથી તે માટેની વિદ્યાર્થીઓની વિશેષ માગ રહે છે. આ અભ્યાસક્રમ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હી તરફથી મંજૂરી મળી છે, તે જોતાં, આ અભ્યાસક્રમની અને તેને માટેની આ સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૭. શ્રી અખિલ આંજણા કેળવણી ટ્રસ્ટ મંડળ, ગાંધીનગર :**

આ મંડળે ગાંધીનગરમાં એમ.સી.એ.ના અભ્યાસક્રમ શરૂ કરવા માટેની સંસ્થાની માગણી કરી છે. બીજાં રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં એમ.સી.એ.ના અભ્યાસક્રમની તકો મર્યાદિત છે અને નવી વિદ્યાર્થીઓની આ શાખા માટેની માગ ઘણી તીવ્ર રહે છે. ગુજરાતમાં અને ગાંધીનગરમાં આ અભ્યાસક્રમની અર્થાત્ ઉપલબ્ધ સુવિધાઓ જોતાં, આ અભ્યાસક્રમની અને તેને માટેની સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૮. લોકજાગૃતિ ટ્રસ્ટ, અમદાવાદ :**

આ ટ્રસ્ટે એમ.બી.એ.ના અભ્યાસક્રમ માટેની સંસ્થા શરૂ કરવા અરજી કરી છે. બીજાં રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં એમ.બી.એ.ના અભ્યાસક્રમની સગવડ ખૂબ જ મર્યાદિત છે અને તેની સામે આ અભ્યાસક્રમ માટેની માગ

વિદ્યાર્થીઓમાં ઘણી તીવ્ર છે. ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હીની આ અભ્યાસક્રમ માટેની મંજુરી આ ટ્રસ્ટને મળી છે, તે જોતાં આ અભ્યાસક્રમ માટેની અને તે અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

**૨૯. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ :**

આ કૉલેજ અનુસ્નાતક કક્ષાના ત્રણ અભ્યાસક્રમો : (૧) એમ.ઈ. ટ્રાન્સપૉર્ટેશન એન્જિનિયરિંગ (૨) એમ.ઈ. એન્વાયરમેન્ટલ મેનેજમેન્ટ (૩) એમ.ઈ. ઇલેક્ટ્રૉનિક્સ અને કૉમ્યુનિકેશન સિસ્ટમ શરૂ કરવા માટે અરજી કરી છે. ગુજરાતમાં આ પ્રકારના અભ્યાસક્રમોની સુવિધા નહીંવત છે અને બી.ઈ. પાસ થયેલા વિદ્યાર્થીઓ તથા નોકરીમાં હોય તેવા શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષાના આ અભ્યાસક્રમોની ખુબજ તાતી જરૂરિયાત છે. ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, નવી દિલ્હી તરફથી આ ત્રણે અભ્યાસક્રમો માટે કૉલેજને મંજૂરી મળી છે તે જોતાં આ અભ્યાસક્રમો માટેની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

તા. ૩-૮-૨૦૦૧

સહી
૧. શ્રી ડી. એમ. શીખ
૨. શ્રી દામુભાઈ પંચાસરા
૩. પ્રો. કે. જી. મહેતા
૪. પ્રિ. જે. એન. પંડ્યા
૫. શ્રી જગદીશભાઈ ભાવસાર
૬. શ્રી બી. જે. પંડ્યા
૭. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૮. ડૉ. એચ. એમ. દેસાઈ
સમિતિના સભ્યો

ત્યાર બાદ ચેરમેનશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

**૩૦. ચંપાબહેન ભગત ટ્રસ્ટ :**

આ ટ્રસ્ટે ફાયરના અભ્યાસક્રમ શરૂ કરવા અરજી કરી છે. ભારતભરમાં આવા અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓની એક બાજુએ બહુ જરૂર છે તો બીજી બાજુએ આવી સંસ્થાઓ જુદા જુદા રાજ્યોમાં હોવી જોઈએ એમ અમે માનીએ છીએ. ગુજરાતમાં આવા અભ્યાસક્રમ ચલાવતી એકપણ સંસ્થા નથી તેથી આવો અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

તા. ૩-૮-૨૦૦૧

સહી
૧. શ્રી ડી. એમ. શીખ
૨. શ્રી દામુભાઈ પંચાસરા
૩. પ્રો. કે. જી. મહેતા
૪. પ્રિ. જે. એન. પંડ્યા
૫. શ્રી જગદીશભાઈ ભાવસાર
૬. શ્રી બી. જે. પંડ્યા
૭. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૮. ડૉ. એચ. એમ. દેસાઈ
સમિતિના સભ્યો

## પરિશિષ્ટ

| ક્રમ | સંસ્થાનું નામ | અભ્યાસક્રમ | સ્થળ |
|---|---|---|---|
| ૧. | એશીયા ચેરિટેબલ ટ્રસ્ટ, એશીયા કોમ્પ્લેક્ષ, ડ્રાઇવઇન રોડ, અમદાવાદ | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | અમદાવાદ |
| ૨. | સોનપાલ ચેરિટેબલ ટ્રસ્ટ, સરસ્વતી નગર, આંબાવાડી, અમદાવાદ-૧૫ | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | [illegible] |
| ૩. | શ્રીમતી સુગ્નાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા : પી.ડી.આર.બી. શાસ્ત્રી કોલેજ, ઠક્કરબાપા નગર હાઈ-વે, અમદાવાદ | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ.<br>(૩) વાણિજ્ય વિદ્યાશાખા | અમદાવાદ |
| ૪. | લોખંડવાલા એજ્યુકેશન ટ્રસ્ટ, સોમનાથ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ | (૧) બી.સી.એ.<br>(૨) કોમર્સ | અમદાવાદ |
| ૫. | કે. કે. શાહ જરોદવાલા સાયન્સ કોલેજ, રામબાગ, મણીનગર, અમદાવાદ | (૧) બી.સી.એ. | અમદાવાદ |
| ૬. | શ્રી રામ વિદ્યાવર્ધક ટ્રસ્ટ દ્વારા : એન. સી. બોડીવાલા કોલેજ, કાલુપુર, અમદાવાદ | (૧) બી.સી.એ. | અમદાવાદ |
| ૭. | મેઘદૂત એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા : પી. ડી. પંડ્યા મહિલા કોલેજ, અમદાવાદ | (૧) બી.બી.એ. | અમદાવાદ |
| ૮. | વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, રાયપુર દરવાજા, અમદાવાદ | (૧) બી.સી.એ. | અમદાવાદ |
| ૯. | શ્રી સંસ્કૃતિ પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, અમદાવાદ | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | અમદાવાદ |
| ૧૦. | લોકજાગૃતિ ટ્રસ્ટ, એલ. જે. કોમર્સ કોલેજ બિલ્ડિંગ, વસ્ત્રાપુર, અમદાવાદ | (૧) કોમર્સ | અમદાવાદ |
| ૧૧. | ન્યુ સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ | (૧) બી.સી.એ. | અમદાવાદ |
| ૧૨. | શીવમ્ એજ્યુકેશન ટ્રસ્ટ, કાલોલ | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | કાલોલ |
| ૧૩. | ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર | (૧) બી.બી.એ.<br>(૨) બી.સી.એ. | ગાંધીનગર |
| ૧૪. | સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર, સ્વામીનારાયણ ગુરૂકુળ, સેક્ટર-૨૩, ગાંધીનગર | (૧) બી.સી.એ. | ગાંધીનગર |
| ૧૫. | ગાયત્રી કેળવણી મંડળ, મહેમદાવાદ | (૧) બી.પી.ઈ. | મહેમદાવાદ |
| ૧૬. | શ્રી બાલાજી ખાદી ગ્રામોદ્યોગ ઉદ્યોગ વિકાસ સંઘ, વાસદ | (૧) બી.સી.એ. | વાસદ |
| ૧૭. | નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ | (૧) બી.સી.એ. | નડિયાદ |
| ૧૮. | સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પીપળિયા તા. વાઘોડિયા, જિ. વડોદરા | (૧) બી.સી.એ. | પીપળિયા |
| ૧૯. | કે. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, પીપળિયા ગામ, જિ. વડોદરા | (૧) ફિઝિયોથેરાપી | પીપળિયા |
| ૨૦. | કપડવંજ કેળવણી મંડળ, કપડવંજ | (૧) બી.સી.એ. | કપડવંજ |
| ૨૧. | સાધુ વાસવાણી મિશન, સરદારનગર ટાઉનશીપ, અમદાવાદ | (૧) કોમર્સ (ગર્લ્સ) | અમદાવાદ |
| ૨૨. | સરદાર પટેલ વિદ્યાભવન ટ્રસ્ટ, અમદાવાદ | (૧) કોમર્સ (ગર્લ્સ) | અમદાવાદ |
| ૨૩. | સંટ ઝેવિયર્સ કોલેજ, નવરંગપુરા, અમદાવાદ | (૧) બી.સી.એ. | અમદાવાદ |
| ૨૪. | સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર | (૧) એમ.સી.એ. | ગાંધીનગર |
| ૨૫. | સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ | (૧) એમ.સી.એ. | અમદાવાદ |
| ૨૬. | નેશનલ ઇન્સ્ટિ. ઓફ કો. ઓ. મેનેજમેન્ટ, ગાંધીનગર | (૧) એમ.સી.એ. | ગાંધીનગર |
| ૨૭. | શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર | (૧) એમ.સી.એ. | ગાંધીનગર |
| ૨૮. | લોકજાગૃતિ ટ્રસ્ટ, અમદાવાદ | (૧) એમ.બી.એ. | અમદાવાદ |
| ૨૯. | એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજ, અમદાવાદ | (૧) એમ.ઈ. ટ્રાન્સ. એન્જિ.<br>(૨) એમ.ઈ. એન્વા. મેનેજમેન્ટ<br>(૩) એમ.ઈ. ઇલેક્ટ્રો. અને કોમ્યુ. સીસ્ટમ | અમદાવાદ |

ચેરમેનશ્રીના પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

| ક્રમ | સંસ્થાનું નામ | અભ્યાસક્રમ | સ્થળ |
|---|---|---|---|
| ૩૦. | ચંપાબહેન ભગત ટ્રસ્ટ | (૧) બી.એસસી. (ફાયર) | |

## પરિશિષ્ટ "૪"

કામકાજ ક્રમાંક ૮

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૮-૨૦૦૧ના રોજની સભામાં ગાંધીનગરની એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝને એમ.બી.એ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ સંખ્યા એ.આઈ.સી.ટી.ઈ.એ પ્રવેશ સંખ્યા ૬૦થી વધારી ૯૦ની મંજૂરી આપતા તે અંગે વિગતો તપાસી જઈ, તે અંગે શું થઈ શકે અને અભ્યાસક્રમની શૈક્ષણિક ગુણવત્તા જળવાય તે માટે કયા પગલા લેવા જોઈએ, તે અંગે પોતાનો હેવાલ આપવા નિમાયેલ આ સમિતિની સભા તા. ૩-૯-૨૦૦૧ના રોજ ૧૨-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી.

આ બાબત અંગે સમિતિએ ગંભીરતાપૂર્વક બધાં પાસાની ચર્ચા કરી હતી, અને તે અંગે સમિતિના તારણો નીચે મુજબના છે :

૧. એમ.બી.એ. જેવા પ્રોફેશનલ અભ્યાસક્રમ માટે માન્ય સંખ્યા સામાન્યતઃ ૬૦ની છે. જે વાસ્તવમાં અગાઉ ૪૦ સુધી સિમિત રાખવામાં આવતી હતી. સંખ્યા મર્યાદિત રાખવાના મુખ્ય કારણો નીચે પ્રમાણે છે :

(અ) આ અભ્યાસક્રમ પ્રોફેશનલ અભ્યાસક્રમ છે, જેમાં શિક્ષણ અને પરિક્ષણની વિશિષ્ટ પદ્ધતિઓ પ્રયોજવામાં આવી છે, શિક્ષણ અને પરીક્ષણનું સાતત્ય સમગ્ર સત્ર દરમિયાન જાળવવાનું અને ઉચ્ચસ્તરના શિક્ષણની અપેક્ષાઓ પૂરી થાય તે પ્રકારનું હોવુ જરૂરી છે. એક જ વર્ગમાં ૯૦ની સંખ્યા હોય ત્યારે આવુ સાતત્ય અને સત્ય કોઈપણ સંજોગોમાં જાળવી શકાય નહીં.

આવા અભ્યાસક્રમમાં શિક્ષણની પ્રક્રિયાને સમાનતરે તેનું મૂલ્યાંકન ઘણી વખત તો રોજેરોજ થતુ હોય છે, વળી આ અભ્યાસક્રમમાં જે Padagogical-Techniques જેવી કે, RolePlay group discussion, presentation ઇત્યાદિ અને મુલ્યાંકનના જુદા જુદા ઘટકો જેવા કે Quizzes Project, Class assignment class particilation વગેરેનો ઇષ્ટ વિનિયોગ માત્ર મર્યાદિત સંખ્યામાં જ શક્ય બને પ્રવર્તમાન ૬૦ની સંખ્યા પણ Teaching અને Evaluation Methodsના જુદાં જુદાં સ્વરૂપો માટે વધુ પડતી લાગે છે.

(બ) દરેક વિદ્યાર્થી આ અભ્યાસક્રમમાં જે તે વિષય/પેપર/કોર્સ માટે જુદાં જુદાં ચકાસણીના માધ્યમો દ્વારા સતત ચકાસી તો જાય તેવી હાલની વ્યવસ્થા છે, મર્યાદિત સંખ્યા (હકિકતમાં હાલની ૬૦ની સંખ્યામાં પણ મુશ્કેલી અનુભવાય છે) હોય તો જ આ પ્રકારે સ્તર જાળવી શકાય, ૯૦ની સંખ્યા અમને આ રીતે Uncontrollable અને શૈક્ષણિક/પરિક્ષણના સ્તરની જાળવણી માટે વધુ પડતી લાગે છે.

(ક) સ્નાતક કક્ષા સુધીના વર્ગોમાં જ્યારે યુ.જી.સી. પણ વિદ્યાર્થી સંખ્યા વર્ગદીઠ ૮૦ સુધી સિમિત રાખવાના આગ્રહ રાખે ત્યારે એચ.બી.એ. જેવા પ્રોફેશનલ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં ૯૦ની સંખ્યા અમારી દૃષ્ટિએ કોઈ પણ સંજોગોમાં સ્વીકારી શકાય નહીં.

(ડ) આમ છતાં જો એ.આઈ.સી.ટી.ઈ.એ મંજૂર કરેલ આ ૯૦ની પ્રવેશ સંખ્યા, ખાસ કરીને ગુજરાત રાજ્યમાં કે ગુજરાત યુનિવર્સિટીમાં આ પ્રકારે વધુ પ્રવેશના લાભથી વિદ્યાર્થીઓના વંચિત ન રહે તેવું વલણ સ્વીકારવામાં આવે તો પણ એટલું સ્પષ્ટ કરવું જોઈએ કે ૬૦થી વધુ સંખ્યા એક વર્ગમાં રાખી શકાય નહીં તેથી આવી વધારાની ત્રીસની સંખ્યા માટે વધારાનો વર્ગ શરૂ કરવો પડે અને તેની મંજૂરી નીચની શરત અપાય :

(૧) જો ૩૦નો વધારાનો વર્ગ મંજૂર કરવામાં આવે તો અને તે રીતે કુલ પ્રવેશ સંખ્યા ૯૦ની માન્ય રાખવામાં આવે તો આવા વધારાના વર્ગ માટે તેને વધારાની વ્યવસ્થા તરીકે સ્ટાફની એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ પ્રમાણે આવા વધારાના વર્ગ જ્યારે બને જ વધારાની નિમણૂક કરવામાં આવે.

(૨) વધારાના વર્ગના અનુસંધાને જરૂરી બધીજ વધારાની Infrastructural facilitiesની પણ પર્યાપ્ત વ્યવસ્તા કરવામાં આવે.

તા. ૩-૯-૨૦૦૧

૧. પ્રિ. દર્શનસિંગ શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
શ્રી એ. સી. બ્રહ્મભટ્ટ
સમિતિના સભ્યો

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની અૅકેડેમિક કાઉન્સિલની સભા સોમવાર, તા. ૩૧-૧૨-૨૦૦૧ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. એન. એલ. વેદે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમ | સભ્યનું નામ | તા. ૩૧-૧૨-૨૦૦૧ |
|---|---|---|
| ૧. | ડૉ. એન. એલ. વેદ, કુલપતિશ્રી | હાજર |
| ૨. | પ્રો. ચૈતન્ય ખંભોળજા, ઉપકુલપતિશ્રી | ગેરહાજર |
| ૩. | પ્રો. એન. એમ. પરીખ | ગેરહાજર |
| ૪. | પ્રો. કે. જી. મહેતા | હાજર |
| ૫. | પ્રિ. ડી. એમ. શીખ | હાજર |
| ૬. | ડૉ. જશવંતલાલ એન. પંડ્યા | હાજર |
| ૭. | પ્રિ. એચ. એમ. દેસાઈ | ગેરહાજર |
| ૮. | ડૉ. સી. એ. દેસાઈ | ગેરહાજર |
| ૯. | પ્રો. વાય. ડી. વ્યાસ | ગેરહાજર |
| ૧૦. | ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ | હાજર |
| ૧૧. | પ્રો. વી. પી. ભારદ્વાજ | હાજર |
| ૧૨. | પ્રો. સુરેશચંદ્ર દાણી | હાજર |
| ૧૩. | શ્રી જગદીશભાઈ ભાવસાર | ગેરહાજર |
| ૧૪. | પ્રો. કે. એસ. શાસ્ત્રી | હાજર |
| ૧૫. | આલોક ગુપ્તા | હાજર |
| ૧૬. | શ્રી એ. આર. શુક્લ | હાજર |
| ૧૭. | ડૉ. વાય. એસ. શાસ્ત્રી | હાજર |
| ૧૮. | શ્રીમતી નીતાબહેન એન. શાહ | હાજર |
| ૧૯. | ડૉ. વી. બી. ગોહેલ | હાજર |
| ૨૦. | ડૉ. વાય. કે. અગ્રવાલ | ગેરહાજર |
| ૨૧. | પ્રિ. આર. જી. ભટ્ટ | ગેરહાજર |
| ૨૨. | પ્રિ. એ. એમ. પટેલ | હાજર |
| ૨૩. | ડૉ. સુમન જી. શાહ | ગેરહાજર |
| ૨૪. | પ્રો. એસ. બી. વોરા | ગેરહાજર |
| ૨૫. | શ્રી આર. એચ. વ્યાસ | હાજર |
| ૨૬. | પ્રો. જે. સી. ત્રિવેદી | હાજર |
| ૨૭. | પ્રિ. એમ. એમ. દેસાઈ | ગેરહાજર |
| ૨૮. | ડૉ. કેતન દેસાઈ | ગેરહાજર |
| ૨૯. | પ્રો. આર. એન. શુક્લ | હાજર |
| ૩૦. | ડૉ. અંજનાબહેન દેસાઈ | હાજર |
| ૩૧. | ડૉ. જે. બી. શાહ | હાજર |
| ૩૨. | શ્રીમતી મીરાબહેન ડી. મેનન | ગેરહાજર |
| ૩૩. | પ્રો. એન. કે. પાઠક | હાજર. |

**બાબત ક્રમાંક ૧. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦-૯-૨૦૦૧, તા. ૧૦-૧૦-૨૦૦૧, તા. ૧૮-૧૦-૨૦૦૧ તેમજ તારીખ ૩૦-૧૦-૨૦૦૧ના રોજની સભાઓની નોંધ મંજૂર કરવા બાબત.**

ઠરાવ ૧ : તા. ૧૦-૯-૨૦૦૧, તા. ૧૦-૧૦-૨૦૦૧, તા. ૧૮-૧૦-૨૦૦૧ તેમજ તા. ૩૦-૧૦-૨૦૦૧ના રોજની સભાઓની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

**બાબત ક્રમાંક ૨. કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :**

૨ (૧). તબીબી વિદ્યાશાખાની તા. ૧-૧૧-૨૦૦૧ની સભામાં થયેલ ઠરાવનાં સંદર્ભમાં ICMRના ગવર્નિંગ બોડી પર આ યુનિવર્સિટીની મેડિકલ ફેકલ્ટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. આર. એન. શેતલવાડનું નામ ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (AIU) ન્યૂ દિલ્હીને મોકલી આપ્યાનું;

(તા. ૧-૧૧-૨૦૦૧ની તબીબી વિદ્યાશાખાની મિનિટ્સ **પરિશિષ્ટ "૧"** તરીકે આ સાથે સામેલ છે.)

ઠરાવ ૨ : આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

**બાબત ક્રમાંક ૩. શૈક્ષણિક વર્ષ ૨૦૦૨થી નવાં અભ્યાસક્રમો, હયાત અભ્યાસક્રમોની ઇન્ટેક કેપેસિટી વધારવા અંગે જે તે સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓના સંદર્ભમાં કાઉન્સિલને (એઆઈસીટીઈ, એનસીટીઈ, એમસીઆઈ, ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા) યુનિવર્સિટીનું નાવાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મોકલવા અંગેની સંસ્થાઓની માગણી પરત્વે જોઈતપાસીને હેવાલ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિનો આવેલ હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.**

(નોંધ : સદરહુ સમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૩ : આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત પરત્વે નિયુક્ત થયેલ સમિતિનો હેવાલ સ્વીકારવો.

વધુમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે નીચેની ચાર સંસ્થાઓને અસએનડીટી યુનિવર્સિટી સાથે એફિલિયેશન અંગે માંગેલી એનઓસી (નાવાંધા પ્રમાણપત્ર) તથા ઇન્સ્ટિટ્યૂટ ઑફ જેનોલૉજીને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે માન્ય સંસ્થા તરીકે જોડાણ માટે માગેલ એનઓસી (ના-વાંધા પ્રમાણપત્ર) આપવી નહીં.

| ક્રમ | સંસ્થાનું નામ | અભ્યાસક્રમનું નામ |
|---|---|---|
| ૧. | એશિયા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | બી.ઍડ. તથા નર્સિંગ કૉલેજ ફૉર વિમન |
| ૨. | ગુર્જર ભારતી, દાહોદ, એજ્યુકેશન ટ્રસ્ટ, દાહોદ | આટ્ર્સ કૉમર્સ ફોર વિમેન |
| ૩. | શિવશક્તિ સ્ટડી સર્કલ, ભૂજ (કચ્છ) | બી.ઍડ. (બહેનો માટે) |
| ૪. | સેંટ જોસેફ ટ્રસ્ટ, અમદાવાદ | મહિલા કૉમર્સ/બી.ઍડ. |

વધુમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સર્વવિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરને બી.ઍડ. (એજ્યુકેશન)ની નવી કૉલેજ શરૂ કરવા "ના-વાંધા પ્રમાણપત્ર" આપવાનું રાખવું.

**બાબત ક્રમાંક ૪. યુનિવર્સિટીના એન્જિનિયરની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૫, ૬, ૭, ૮-૧૧-૨૦૦૧ની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.**

ઠરાવ ૪ : આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત મુલત્વી રાખવી.

**બાબત ક્રમાંક ૫. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં સને ૨૦૦૧-૨૦૦૨ના વર્ષથી 'ફંક્શનલ ઈંગ્લિશ' વિષયને વૉકેશનલ વિષય તરીકે તેમજ જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડીયાદને ઇન્ડસ્ટ્રીયલ કેમિસ્ટ્રી વિષયને વૉકેશનલ વિષય તરીકે શીખવવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્ર ક્રમાંક એફ-૪-૧૨૬-૨૦૦૧ (Desk-VE) તથા તા. ૧૧-૯-૨૦૦૧ના પત્રક્રમાંક એફ-૪-૨૦૫-૨૦૦૧ (Desk-VE) અન્વયે મળેલી મંજૂરીનાં સંદર્ભમાં નિયુક્ત કરેલ સમિતિના આવેલ હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.**

(નોંધ : સદરહુ સમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૫ : આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબતના સંદર્ભમાં જોઈતપાસીને હેવાલ આપવા નીચેનાં સભ્યશ્રીઓની સમિતિ નિયુક્ત કરવી :

૧. પ્રિ. ડી. એમ. શીખ
૨. પ્રો. આર. એચ. વ્યાસ
૩. પ્રો. કે. જી. મહેતા.

**બાબત ક્રમાંક ૬. બી. કે. પટેલ આટ્ર્સ ઍન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીની જૂન, ૨૦૦૦થી બી.એ. (મુખ્ય) મનોવિજ્ઞાન વિષય શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો**

હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ : સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૬ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન તા. ૨૦-૨-૨૦૦૨ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને શૈક્ષણિક વર્ષ ૧૫-૬-૨૦૦૦થી મનોવિજ્ઞાન વિષયનું કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૭. શ્રી ઉમિયા ખાખરીયા વઢિયાર ચુંવાળ એજ્યુકેશન ટ્રસ્ટ, સોલા સંચાલિત શ્રી ઉમિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ફોર ગર્લ્સ સમાજશાસ્ત્ર, સંસ્કૃત અંગેની બી.કૉમ.માં અંગ્રેજી-સી.સી.-એડવાન્સ એકાઉન્ટ, ગણિત-આંકડાશાસ્ત્ર વિષયો શિખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.**

(નોંધ : સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૫"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૭ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવા અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન તા. ૨૦-૨-૨૦૦૨ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને ફક્ત ચાલુ વિષયો શીખવવા માટે જ શૈક્ષણિક વર્ષ ૧૫-૬-૨૦૦૧થી તા. ૧૫-૬-૨૦૦૨ સુધીનું ચાલુ જોડાણ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૮. તબીબી વિદ્યાશાખાની તા. ૧-૧૧-૨૦૦૧ની સભાની મિનિટ્સ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.**

(નોંધ : તબીબી વિદ્યાશાખાની તા. ૧-૧૧-૨૦૦૧ની સભાની નોંધ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૮ : આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની ઉપરોક્ત સભાની બાબત ક્રમાંક ૮ મેડિકલ ફેકલ્ટીને રિફર કરવી અને તે સિવાયની અન્ય ભલામણો મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૯. ચેરમેનશ્રી બોર્ડ ઑફ ટ્રસ્ટી બી.એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ, અમદાવાદ ખાતે ડિપ્લોમા ઇન સાઇક્રિફિક સ્ટડીઝ અને ડેવલોપમેન્ટલની હેન્ડિકેપ (ડી. એસ. એસ. ડી. એચ.)ના અભ્યાસક્રમની માન્યતા મેળવવા અંગે ઑર્ડિ. સેક્શન ૬૫ મુજબ આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.**

(**નોંધ :** આ સંસ્થાને અગાઉ આપણે માન્યતા આપેલી હતી પરંતુ કેટલાંક શૈક્ષણિક કારણોસર જેમ કે પ્રોવિડંટ ફંડ તથા રજાના નિયમો જરૂરી શિક્ષકોની આવશ્યક્તા યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર હોવા જોઈએ તે શરતાનું પાલન થયેલ ન હતું આથી સંસ્થાએ કરેલ દરખાસ્ત મુજબ તેઓની અરજી પાછી ખેંચવા માટેની મંજૂરી એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧-૮-૧૯૮૨ની બાબત ક્રમાંક ૧૦થી મંજૂરી આપેલી હતી.)

ઠરાવ ૯ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે જોઈતપાસીને પોતાનો હેવાલ આપવા નીચેનાં સભ્યશ્રીઓની સમિતિ નીમવી :

૧. પ્રિ. ડી. એમ. શીખ
૨. પ્રો. વાય. ડી. વ્યાસ.

**બાબત ક્રમાંક ૧૦. લોકમાન્ય કૉલેજ ઑફ કૉમ્પ્યુટર એપ્લિકેશન, અમદાવાદને જૂન, ૨૦૦૨થી પ્રથમ વર્ષ બી.સી.એ. તથા દ્વિતીય વર્ષ બી.સી.એ.નું તથા તૃતીય વર્ષ બી.સી.એ.ના અભ્યાસક્રમનું વધારાનું જોડાણ મેળવવા નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.**

(નોંધ : સ્થાનિક તપાસસમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

ઠરાવ ૧૦ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકારવો અને તેની નકલ સદરહુ કૉલેજને મોકલી આપવી, જેમાં દર્શાવેલ શરતોનું પરિપાલન તા. ૨૦-૨-૨૦૦૨ સુધીમાં કરવામાં આવે તે શરતે સદરહુ કૉલેજને પ્રથમ વર્ષ બી.સી.એ.નું ચાલુ જોડાણ અને બીજા વર્ષ બી.સી.એ.નું વધારાનું જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૦૦-૨૦૦૧ માટે મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

**બાબત ક્રમાંક ૧૧ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના શૈક્ષણિક સ્ટાફના પગારધોરણો તેમજ નોકરીની શરતો વગેરે સહિતની બાબતો પરત્વે "Regulation 1998" નક્કી થયેલા છે, તેના અનુસંધાનમાં નિયુક્ત ડીનશ્રીઓની સમિતિના હેવાલ પરત્વે સૂચવાયેલા સુધારાઓ ગ્રાહ્ય રાખવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨-૫-૨૦૦૦ની સભામાંની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૫-૬-૨૦૦૦ની સભામાં મંજૂર કરવામાં આવેલી, તેના અનુસંધાને તે પછી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૭-૧૨-૨૦૦૦ની સભામાં યુ.જી.સી.ના "Regulation 1998"ની બાબતો પરત્વે રાજ્ય સરકારશ્રી સાથે વિચારવિમર્શ કરવો આવશ્યક જણાતો હોવાથી નીચેનાં સભ્યશ્રીઓ જોઈતપાસીને હેવાલ આપે તેમ નક્કી થયેલું :**

૧. ડૉ. એમ. એન. દેસાઈ
૨. પ્રિ. ડી. એમ. શીખ
૩. શ્રી દામુભાઈ પંચાસરા
૪. શ્રી જગદીશભાઈ ભાવસાર.

**તે દરમિયાન રાજ્ય સરકારશ્રીના ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર તરફથી સંલગ્ન કૉલેજોને ઉદ્દેશીને લખાયેલાં પત્ર ક્રમાંક કવટ-૧-૨૦૦૧-૨૧૮૩૧-૨૨૧૮૦ તા. ૧૯-૧૨-૨૦૦૧ હેઠળ સને ૨૦૦૧-૨૦૦૨ની ખરેખર વિદ્યાર્થી સંખ્યાને આધારે કાર્યભાર અંગે આપેલી સૂચનાઓ પરત્વે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૧૨-૨૦૦૧ની સભાની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.**

[નોંધ : (૧) યુ.જી.સી.ના "Regulation 1998"ની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.
(૨) ફેકલ્ટીના ડીનશ્રીઓની સમિતિનો હેવાલ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.
(૩) રાજ્ય સરકારશ્રીના પત્ર તા. ૧૯-૧૨-૨૦૦૧ **પરિશિષ્ટ "૧૦"** તરીકે સામેલ છે.]

ઠરાવ ૧૧ : ઉપરોક્ત બાબત પરત્વે આજની સભામાં નીચેનો ઠરાવ પ્રો. કે. એસ. શાસ્ત્રીએ રજૂ કર્યો હતા જેને સભ્યશ્રીઓ પ્રો. કે. જી. મહેતા અને પ્રો. સુરેશભાઈ દાણાએ ટેકો આપ્યો હતો અને સદરહુ ઠરાવ સરકારશ્રીને મોકલી આપવા કુલપતિશ્રીને વિનંતી કરવામાં આવી હતી.

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની નવી ગાઈડ લાઈન્સના અનુસંધાનમાં ગુજરાત યુનિવર્સિટીએ જુદા જુદા ઑર્ડિનન્સ, નીતિનિયમો વગેરેમાં કેટલાંક સુધારાવધારા કરવાના થતા હતા. આ અંગે યુનિવર્સિટીની તારીખ ૧૨-૫-૨૦૦૦ની ઍકેડેમિક કાઉન્સિલની સભાએ સર્વાનુમતે સુધારાવધારા મંજૂર કર્યા હતા. જે તારીખ ૧૫-૬-૨૦૦૦ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાએ સર્વાનુમતે મંજૂર રાખ્યા હતા.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શૈક્ષણિક અને વહીવટી ખાલી જગ્યાઓ ભરવા ઉપર ૧૯૯૮થી રાજ્ય સરકાર દ્વારા સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે તેથી ઘણા વિકટ પ્રશ્નો ઉભા થયા છે અને યુનિવર્સિટી સત્તામંડળો તેમજ સંચાલકમંડળો, આચાર્ય મંડળો, અધ્યાપક મંડળો તથા કર્મચારી મંડળોનાં પ્રતિનિધિઓએ અલગ અલગ રીતે પરસ્પર સાથે મળીને અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. નરેશભાઈ વેદની સાથે રહીને રાજ્ય સરકારનું ખૂબ ભારપૂર્વક અને ગંભીરતાપૂર્વક ધ્યાન દોર્યું છે અને રાજ્ય સરકારે અવારનવાર જુદી જુદી સમયમર્યાદાઓ આપીને આ જગ્યાઓ ભરવા અંગે ચોક્કસ નિર્ણયો લેવામાં આવશે અને તેનો અમલ કરવામાં આવશે તેવી સ્પષ્ટ પ્રતિબદ્ધતા દર્શાવી હતી અને વચન આપ્યું હતું.

જૂન, ૨૦૦૦થી શરૂ થતા શૈક્ષણિક વર્ષના પ્રારંભે તેમજ જૂન, ૨૦૦૧થી શરૂ થતા શૈક્ષણિક વર્ષના પ્રારંભે સંચાલકમંડળો અને આચાર્યમંડળોએ નવા વર્ષમાં વિદ્યાર્થી પ્રવેશ નહીં આપવા ઠરાવો કર્યા હતા અને તેની લેખિત અને મૌખિક જાણ રાજ્ય સરકારને કરી હતી. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. નરેશભાઈ વેદે પણ આ પ્રતિનિધિઓની સાથે રાજ્ય સરકાર સમક્ષ ભારપૂર્વક રજૂઆત કરી હતી અને તેઓશ્રીએ પણ વારંવાર લેખિત અને મૌખિક રીતે ખૂબ આગ્રહપૂર્વક આ બાબત અંગે અને તેની અગત્ય અને તેમાંથી ઉપસ્થિત થતી ગંભીર અને નાજુક પરિસ્થિતિ અંગે પણ રાજ્ય સરકારનું ધ્યાન દોર્યું છે અને હમણાં સુધી દોરી રહ્યા છે.

આમ છતાં, આ પ્રશ્નોનો વિધાયક ઉકેલ લાવવામાં આવ્યો નથી, બલ્કે સમયાંતરે એવા પરિપત્રો અધિકારીઓ દ્વારા કૉલેજોને મોકલ્યા છે કે જેનાથી ગુંચવાડો અને અજંપો ઉભો થાય. મૂળ પ્રશ્નના ઉકેલવાને બદલે નવા પ્રશ્નો ઉભા થાય. તેમાંય પણ ક્રમાંક : કવટ/વ. ૧/૨૦૦૧/૨૧૮૩૧-૨૨૧૮, તા. ૧૯-૧૨-૨૦૦૧ના છેલ્લા પરિપત્રે ઘણો સંક્ષોભ ઉભો કર્યો છે અને આચાર્યશ્રીઓ, સંચાલકો, અધ્યાપકો અને કર્મચારીઓની સતત ચિંતાભરી પૃચ્છપરછ અને તનાવભરી સ્થિતિ અંગે સતત પૃચ્છાઓ અને હેવાલો આવી રહ્યા છે.

ઍકેડેમિક કાઉન્સિલની આ સભા સમગ્ર પરિપ્રેક્ષ્યમાં ખૂબ જ ચિંતિત છે અને સભ્યોને દહેશત છે કે આ ઉચાટ અને તનાવ યુનિવર્સિટીની કાર્યવિધિ, શિક્ષણ-પરિક્ષણની કામગીરી અને વ્યાપક વિદ્યાર્થી હિતમાં અવરોધરૂપ બને તેવા અજંપામાં પરિણમે. આમ ન બનવું જોઈએ અને તે ટાળવા માટે લાગતાવળગતા સૌએ તાકિદના ધોરણે અને પૂરી ગંભીરતાથી વિધાયક ઉકેલ લાવવા માટે કાર્યવાહી કરવી જોઈએ તેવી આ સભાગૃહની લાગણી છે અને આ લાગણી વ્યાપક કરવાની સાથે તેની પાછળની ભૂમિકા અને તીવ્રતાને પ્રગટ કરવા માટે આ સભા પોતાનું કામકાજ દસ મીનિટ માટે મોકૂફ રાખે છે.

ઉપરોક્ત ઠરાવ રાજ્ય સરકારશ્રીને મોકલી આપવા કુલપતિશ્રીને આ સભા વિનંતી કરે છે."

તે પછી સભા ૧૨-૦૦ કલાકે મોકૂફ રહી હતી અને ૧૨-૧૧ મીનીટે ફરી મળી હતી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

**બાબત ક્રમાંક ૧૨. એમ.ઈ. (કેમિકલ એન્જિનિયરિંગ) અભ્યાસક્રમની ટર્મ મોડી શરૂ કરવા અંગે એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૮/૧૯-૧૨-૨૦૦૧ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

(સદરહુ પત્ર **પરિશિષ્ટ "૧૧"** તરીકે સામેલ છે.)

**એકેડેમિક કાઉન્સિલ : તા. ૩૧-૧૨-૨૦૦૧** 

ઠરાવ ૧૨ : આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે જોઈતપાસીને પોતાનો અહેવાલ આપવા નીચેના સભ્યશ્રીઓની સમિતિ નીમવી :

૧. ડીનશ્રી, એન્જિનિયરિંગ ફેકલ્ટી

૨. પ્રિ. ડી. એમ. શીખ

૩. આચાર્યશ્રી, નિરમા કૉલેજ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એક્ઝિ. કાઉ./૩૦૨૨૯/૨૦૦૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯. તા. ૨૫-૨-૨૦૦૨

એમ. પી. જડિયા
કુલસચિવ

## પરિશિષ્ટ "૧ અને ૬"

કામકાજ ક્રમાંક ૨ અને ૮

A meeting of medical faculty was held on 1-11-2001 at 4-00 p.m. at Gujarat University office following members were remained present.

| No. | Name | Dt. 1-11-2001 |
|---|---|---|
| 1. | Dr. C. A. Desai | present |
| 2. | Dr. R. K. Patel | present |
| 3. | Dr. A.R.N. Setalvad | present |
| 4. | Dr. H. P. Bhalodia | present |
| 5. | Dr. Nitin Vora | present |
| 6. | Dr. Mahesh Pat el | present |
| 7. | Dr. Ketan Desai | absent |
| 8. | Dr. S. B. Agrawal | absent |
| 9. | Dr. Kirtibhai Patel | absent |

Dr. C. A. Desai has chaired the meeting and after discussion following decisions were taken unanimously :.

1. It is decided to recommend the name of Dr. A.R.N. Setalvad in governing body of I.C.M.R. from amongst the member of medical faculty of Gujarat University.
2. As per the government resolution regarding reservation policy, following changes should be made in P.G. rules for post graduate Medical & Dental admission : ( a ) Reservation for schedule tribe candidates should be increased to 15% from the existing 14% ( b ) 3% reservation should be made available to physically handicapped candidates in each category.
3. The recommendation of the committee appointed by medical faculty regarding rotation in post graduate medical degree courses are accepted in toto and should be made effective from the next rotation so rule no 9 and 10 of O.M.D. 14 O.M.S. 14 should be modified accordingly.
4. Following rule is to be incorporated in O.M.D. 14 O.M.S. 14 and 0.379 as rule 7.8 ( a ) . If any post graduate student is found absent for more than fifteen days without permission of the concern authority, his/her admission registration in P.G. course will be cancelled without any notice, thereof fees and deposits will be forfeited. Above rule is applicable to P.G. Medical/Dental broad and superspecialities courses.
5. As day by day there are the advancement in the field of medical technology, there is a constant need to update the curriculum/syllabus/rules etc. in the Medical/Dental/Physiotherapy courses at under graduate as well as post graduate leve. Hence acommittee of the following faculty members, principals and teaching staff members to be appointed to study and submit the report of necessary changes, update in rules/curriculumsyllabus. On the report submitted by the said committee, Dean, Medical Faculty is authorised to implement the new syllabus/curriculum/rules from the next academic term.

   Committee members are as following :

   | | | |
   |---|---|---|
   | 1. | Dr. S. B. Agrawal, Director of P. G. Studies & Research B.J.M.C., A'bad. | Chairman |
   | 2. | Dr. A.R.N. Setalvad, Dean N.H.L. Medical College, A'bad. | Member |
   | 3. | Dr. K. V. Bhatt, Dean B. J. Medical College, A'bad. | .. |
   | 4. | Dr. K. H. Shah, Dean Govt. Dental College, A'bad. | .. |
   | 5. | Dr. M. M. Prabhakar, Director, Paraplegia Hospital C. H., A'bad. | .. |
   | 6. | Dr. R. K. Patel | .. |
   | 7. | Dr. Nitin Vora | .. |
   | 8. | Dr. Haresh Bhalodiya | .. |
   | 9. | Dr. Kirti M. Patel | .. |
   | 10. | Dr. V. P. Bhatt | .. |
   | 11. | Dr. M. B. Patel | .. |

6. Original marksheets of candidates should be retained by authorities during P. G. Medical/Dental/ Board and superspeciality admission.

**Dr. C. A. Desai**
Dean, Medical Faculty,
Gujarat University

**O.M.D. 14 O.M.S. 14 :** Rule 9 shall be modified as follows :

A candidate admitted to a Postgraduate degree course for any of the subjects, may subsequently be required to work maximum for six months in another allied subject/Unit/Hospital/Superspeciality related to the disciplines concerned, Provided He/She has kept remaining period of Postgraduate training under his/ her own P. G. Teacher in the original subject. One month training is compulsory in emergency care/ casualty Department.

## પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૩

The committee had met on the following days and attendence of the members shown against each meeting.

| Name of the member. | 9-11 | 13-11 | 20-11 | 1/3-12 | 10-12 | 24-12 | 26-12 | 29-12 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. Prof. K. S. Shastri | P | P | P | P | P | P | P | P |
| 2. Dr. M. N. Desai | A | A | P | P | A | P | P | P |
| 3. Prin. D. M. Shikh | P | P | P | P | P | P | P | P |
| 4. Dr. H. M. Desai | A | A | A | A | A | A | A | A |
| 5. Shri D. N. Panchasara | P | P | P | P | P | P | P | P |
| 6. Prin. Vadibhai Patel | A | P | A | P | A | P | P | P |

Gujarat University has received the applications from various institutions for establishing new courses/increase in intake. The details are mentioned in the statement attached.

It has been resolved that the University should issue No Objection Certificate to the institutions on the basis of the recommendations made in the statement attached, together with the following remarks :

"University has No Objection if the council takes up the proposal for processing and adopting the procedure for recognition/approval. However, University clarifies that it has not taken any decision in the matter of affiliation/recognition/approval at this stage. The University reserves its decision and will decide after satisfying itself in connection with the norms and standards laid down by the council & the University according to the relevant rules & regulations".

**Sd/- Prof. K. S. Shastri**
**Sd/- Dr. M. N. Desai**
**Sd/- Prin. D. M. Shikh**
**Sd/- Shri D. N. Panchasara**
**Sd/- Prin. Vadibhai Patel**

**List of the institutions, who have applied to the respective Council for starting new course/increase intake capacity.**

| Sr. No. | Name and Address of Inst./Trust | Course | Place | Whether the Inst. has asked for New course or to increase the intake capacity | Application from No. of propasal submitted to council by the Insti. | Recommendations of the Committee |
|---|---|---|---|---|---|---|
| 1. | The Memdabad Education Society, Behind Shri Sadan Post Office, Mehmdabad-387 130. | B.Ed. | Mehmdabad | New | — | Proposal will be sent to NCTE |
| 2. | Chandan Education Trust, 157/1880, Pratixa Appt. Sola Road, Naranpura, Ahmedabad-380 013. | B.Ed. | Gandhinagar | New | — | Proposal will be sent to NCTE |
| 3. | Swami Vivekanand Education Trust, At Veda (Pilvai) Ta. Mansa, Dist. Gandhinagar. | B.Ed. | Veda (Pilvai) | New | WRC/ 12/6/2000 | Proposal will be sent to NCTE |
| 4. | Viklang Sarvangi Vikas Trust, 5, Sahyog nagar, Nr. Govindnagar, Dist. Dahod. | B.Ed. | Dahod | New | — | Proposal will be sent to NCTE |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5. Khokhara Mehmdabad Education Trust, C/o. Swami Vivekanand College of Physical Education, Bihend Infocity, Khokhara, Mehmdabad. | B.Ed. | Sargasan, Dist. Gandhinagar | New | — | Proposal will be sent to NCTE |
| 6. Akhil Ahmedabad Vyayayam Mahamandal, C/o. G. B. Patel College of Physical Education, Ahmedabad. | B.P.Ed., B.P.E. & Diploma in Yoga | Hanthijan, Ahmedabad | New | — | Proposal will be sent to NCTE |
| 7. Vivekanand Education Foundation, Raipur Darwaja, Ahmedabad-22 | B.P.Ed., B.P.E. & Diploma in Yoga | Santej, Dist. Gandhinagar | New | — | Proposal will be sent to NCTE |
| 8. Raghuvir Education Trust, Darshan Nivas, Bih'd Mangal Tirth Hospital, Thakkarbapa Nagar Road, Bapunagar, Ahmedabad-380 050. | MBBS | Ahmedabad | New | — | Proposal will be sent to MCI |
| 9. Adarsh Foundation, 5/1, Shriji House, Near M. J. Library, Ashram Road, Ahmedabad-6. | MBBS | Ahmedabad | New | — | Proposal will be sent to MCI |
| 10. Mahadevia Charitable Trust, 104, Supath, Opp. Vijay Cross Rd, Navrangpura, Ahmedabad-9. | Dentistry | Ahmedabad | New | — | Proposal will be sent to DCI |
| 11. Gujarat Law Society, Opp. Law Garden, Elisbridge, Ahmedabad-6. | MCA | Ahmedabad | New | NI-1275 | Proposal will be sent to AICTE |
| 12. Sarvoday Higher Education Society, College Campus, Mansa, Dist. Gandhinagar. | MCA | Mansa | New | NI-1580 | Proposal will be sent to AICTE |
| 13. Shri Charotar Moti Sattavis Patidar Kelvani Mandal, Vidyavihar Marg, Anand Vidyanagar Road, Anand-388 001 | MCA | Changa | New | NI-0780 | Proposal will be sent to AICTE |
| 14. Meghdoot Education Trust, Daxini Society, Maninagar, Ahmedabad-380 008. | MCA | Ahmedabad | New | NI-1589 | Proposal will be sent to AICTE |
| 15. The Xaviar Kelavani Mandal, Newmen Holl, P. O. No. 8002, Navarangpura, Ahmedabad-9. | MCA | Ahmedabad | New | NI-2523 | Proposal will be sent to AICTE |
| 16. Indian Petrocamicals Corporation Limited, P.O. Petrochemicals Township, Vadodara-391 345. | MCA | Vadodara | New | — | Proposal will be sent to AICTE |
| 17. Gujarat Law Society, GLS Institute of Computer Technology, Opp. Law Garden, Ellesbridge, Ahmedabad-380 006. | MCA | Ahmedabad | Increace Intake Capacity | AC-0318 | Proposal will be sent to AICTE |
| 18. S. K. Patel Institute of Management & Computer Studies, Gandhinagar. | MCA | Gandhinagar | Increace Intake Capacity | AC-1322 | Proposal will be sent to AICTE |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 19. | Chaudhari Technical Institute, Mahila College Campus, Opp. Central Bus Stand, Sector-7, Gandhinagar-382 007. | MCA | Gandhinagar | Increace Intake Capacity | AC-0348 | Proposal will be sent to AICTE |
| 20. | Shri Swaminarayan Vividh Sewaniketan Institute of Tech. & Engg., Jetalpur, Ta. Dascroi, Dist. Ahmedabad-382 426. | Degree Engg. | Jetalpur | New | NI-2393 | Proposal will be sent to AICTE |
| 21. | Sarvoday Vidhyalay Kelavani Mandal, Gandhinagar. | Degree Engg. | Gandhinagar | New | NI-0117 | Proposal will be sent to AICTE |
| 22. | Madhu Foundation Trust, 19 Ketan Soc., Nr. Sardar Patel Colony. Ahmedabad-14. | Degree Engg. | Pariage, Ta. Matar, Dist. Anand | New | NI-2304 | Proposal will be sent to AICTE |
| 23. | Sanskar Education Trust, Pipaliya,' Ta. Waghodia, Dist. Vadodara. | Degree Engg. | Pipaliya | New | NI-0900 | Proposal will be sent to AICTE |
| 24. | Shree Krishna Educational and Charitable Trust, 103 Gajanand Complex, Opp. Tube Company Old Padara Road, Vadodara-390 020. | Degree Engg. | Vadodara | New | NI-2264 | Proposal will be sent to AICTE |
| 25. | Gujarat Law Society, Opp. Law Garden, Ellisbridge, Ahmedabad-6. | Degree Engg. | Ahmedabad | New | NI-2220 | Proposal will be sent to AICTE |
| 26. | Bruhad Ahmedabad Umiya Parivar Trust, Shri Umiya Mataji Campus, Nr. Bhagwat Vidhyapith Sharkhej-Gandhinagar Highway, At Sola, Ta. Dascroi, Dist. Ahmedabad. | Degree Engg. | Sargasan | New | NI-0014 | Proposal will be sent to AICTE |
| 27. | Mardia Charitable Trust, 6th Floor, Mardia Plaza, C. G. Road, Panchwati, Ahmedabad-380 006. | Degree Engg. | Gandhinagar-Sarkhej Highway | New | NI-2296 | Proposal will be sent to AICTE |
| 28. | Indian Petrochemicals Corporation Limited, Corporate Office, P.O. Petrochemicals Township, Dist. Vadodara-391 345. | Degree Engg. | Vadodara | New | — | Proposal will be sent to AICTE |
| 29. | Shree Mahalaxmi Public Charitable Trust, 32/B Bhavna Soc., Bhulabhai Char Rasta, Ahmedabad-22. | Degree Engg. | Gandhinagar Highway | New | NI-2259 | Proposal will be sent to AICTE |
| 30. | Ahmedabad Education Society, University Road, Navrangpura, Ahmedabad-9. | Degree Engg. | Ahmedabad | New | NI-2558 | Proposal will be sent to AICTE |
| 31. | Charotar Institute of Technology, Changa., | Degree Engg. | Changa | New & Increace Intake Capacity | AC-0331 | Proposal will be sent to AICTE |
| 32. | Sanskar Education Trust, Pipaliya, Ta. Waghodia, Dist. Vadodara. | Degree Engg. | Pipaliya | New | NI-0955 | Proposal will be sent to AICTE |
| 33. | K. M. Patel Memorial Trust, 14, Vijay Shopping Sector-11, Gandhinagar. | MBA | Gandhinagar | New | NI-0820 | Proposal will be sent to AICTE |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 34. | L. J. Institute of Management Studies, L. J. College Campus, Vastrapur, Ahmedabad-15. | MBA | Ahmedabad | Increace Intake Capacity | AC-1519 | Proposal will be sent to AICTE |
| 35. | Indian Petrochemicals Corporation Limited, Corporate Office, P. O. Petrochemicals Township, Dist. Vadodara-391 345. | MBA | Vadodara | New | — | Proposal will be sent to AICTE |
| 36. | Shri Chimanbhai Patel Institute of Management & Research, Opp. Karnavati Club, Gandhinagar-Sarkhej Highway, Ahmedabad-380 051. | MBA | Ahmedabad | Increace Intake Capacity | AC-1049 | Proposal will be sent to AICTE |
| 37. | GLS Institute of Business Manage., Ellisbridge, Ahmedabad-6. | MBA | Ahmedabad | Increace Intake Capacity | AC-0320 | Proposal will be sent to AICTE |
| 38. | S. K. Patel Institute of Management & Computer Studies, Sarvoday Vidhyalay Campus, Sector-23, Gh-6 Road, Gandhinagar. | MBA | Gandhinagar | Increace Intake Capacity | AC-1323 | Proposal will be sent to AICTE |
| 39. | Shri Khambhat Taluka Kelvani Mandal Trust Society, Siddhnath Mahadev Mandir, Upper Floor Ghas Gawara, Khambhat-388 620. | Pharmacy Degree B.Pharm. | Khambhat | New | NI-0454 | Proposal will be sent to AICTE |
| 40. | Gujarat Law Society, Opp. Law Garden, Elisbridge, Ahmedabad-6. | Pharmacy Degree B.Pharm. | Ahmedabad | New | NI-2210 | Proposal will be sent to AICTE |
| 41. | Gayatri Kelwani Mandal, 8, Saraswati Soc., Bh'd Rly. Station, Nadiad. | Pharmacy Degree B.Pharm. | Nadiad | New | NI-2533 | Proposal will be sent to AICTE |
| 42. | Gujarat Law Society | B.Sc./M.Sc. in Computer Sci. & Informatin Techno. | Ahmedabad | New | | No Question of approval or affiliation. As per Uni. policy to run the course at the Uni. Only. |
| 43. | Parul Arogya Seva Mandal, Ahmedabad | Physiotherapy | Ahmedabad | New | | There is no Council for this type of course |
| 44. | Sarva Vidyalaya Kelavani Mandal, Gandhinagar | B.Ed. | Gandhinagar | New | | Not taken for consideration |
| 45. | Shri Harishchandrasinh Kushansinh Kuswah Education Trust, Saraspur, Ahmedabad | M.B.A. | Ahmedabad | New | | Not taken for consideration |
| 46. | Pramukhswami Institute of Information Technology, Atladra, Vadodara. | M.C.A. | Vadodara | New | | Not taken for consideration |
| 47. | Pramukhswami Institute of Information Technology, Atladra, Vadodara. | U.G. Degree Course in Engg. & Techno. | Vadodara | New | | Not taken for consideration |

## પરિશિષ્ટ "૩"

કામકાજ ક્રમાંક ૫

The meeting was held on 29-9-2001 to discuss about the following B.Sc. Vocational Courses pro p osed by the St. Xaviers College, Ahmedabad.

1. Functional English
2. Communicative English
3. Biological Techniques and Speeman.

This is again to bring to the notice the St. Xaviers directly applied to UGC for Functional English-Under Graduate Vocational Course again without the prior permission from the University, inspite of informing the Principal that he should first take the permission from the University.

On studying the proposal, the committee members suggest that :

1. The courses are not with the existing pattern of the University—where the other vocational courses are prescribed.
2. The job opportunity for such type of the courses are very limited and
3. The students will not have the advantages to do the post-graduation.

Sd/- **Ranjana Harish**

## પરિશિષ્ટ "૪"

કામકાજ ક્રમાંક ૬

**આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

તા. ૨૦-૯-૨૦૦૦ના રોજ ૯-૩૦ કલાકે અમો યુનિવર્સિટી નિયુક્ત સભ્યોએ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાવલીની મુલાકાત લીધી હતી.

મનોવિજ્ઞાન વિષયના (સ્નાતક કક્ષાએ) કાયમી જોડાણ અંગેની તપાસ અમોને સોંપવામાં આવી હતી.

કૉલેજના પ્રિન્સિપાલ પ્રિ. પી. સી. ઉપાધ્યાય સાહેબે આપેલી માહિતી અને અમોએ તપાસેલી માહિતી નીચે મુજબ છે :

**મનોવિજ્ઞાન વિષયની કૉલેજમાં શરૂઆત :** મનોવિજ્ઞાન વિષય શરૂ કરવા માટે કૉલેજને જૂન, ૧૯૯૪થી હંગામી જોડાણ આપવામાં આવ્યું હતું. પ્રતિ વર્ષ હંગામી જોડાણ આપી તેની મુદત લંબાવવામાં આવી હતી.

કૉલેજે જૂન, ૧૯૯૮થી કાયમી જોડાણ માટે અરજી કરેલ છે અને યુનિવર્સિટીએ ૧૯૯૯-૨૦૦૦ સુધી મનોવિજ્ઞાન વિષયને હંગામી જોડાણ આપેલ છે.

વિષયના કાયમી જોડાણ માટે ચાર બાબતો મહત્વપૂર્ણ ગણી શકાય. આથી તે અંગે અમોએ માહિતી પ્રાપ્ત કરી હતી.

(૧) વિભાગમાં વિદ્યાર્થી સ્વાવલંબન ક્ષમતા
(૨) પુસ્તકાલયમાં વિષય સંદર્ભના પુસ્તકોની સમૃદ્ધતા
(૩) મનોવિજ્ઞાન પ્રાયોગિક વિષય હોવાથી પ્રયોગશાળાની સજ્જતા
(૪) અધ્યાપકોની નિમણૂક.

**૧. વિદ્યાર્થી સ્વાવલંબન ક્ષમતા :** મનોવિજ્ઞાન મુખ્ય વિષય તરીકે શીખવાય છે. જૂન, ૨૦૦૦ના વર્ષમાં મનોવિજ્ઞાન વિષયમાં પ્રથમ વર્ષ બી.એ.-૨૮, દ્વિતીય વર્ષ બી.એ.-૧૫ અને તૃતીય વર્ષ બી.એ.-૧૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

યુનિવર્સિટી તથા સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ મુજબ વિભાગમાં વિદ્યાર્થી સ્વાવલંબન ક્ષમતા પૂરતી છે છતાં પ્રાયોગિક વિષય હોવાથી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ વિષય પસંદ કરે તે માટે વિભાગના વડાએ પ્રયત્ન કરવા જોઈએ તેવું અમોએ સૂચન કર્યું હતું.

**૨. પુસ્તકાલયમાં વિષય સંદર્ભના પિસ્તકોની સમૃદ્ધતા :** મનોવિજ્ઞાન વિષયમાં ૧૯૯૬ના વર્ષ સુધી કુલ ૫૪૬ પુસ્તકો (જેની અંદાજિત કિંમત રૂ. ૧૩,૧૭૬-૦૦ થાય છે) ખરીદેલ છે તેમજ નવમી યોજનામાં આ વિષયના ૩૬ પુસ્તકો (જેની કિંમત રૂ. ૯,૦૪૪-૦૦ થાય છે) ખરીદેલ છે.

કૉલેજ દર વર્ષે સંદર્ભ પુસ્તકો ખરીદવા જોઈએ એવું અમારું સૂચન છે.

**૩. પ્રયોગશાળાની સજ્જતા :** મનોવિજ્ઞાન પ્રયોગશાળામાં પ્રયોગ માટે જરૂરી પૂરતા સાધનો છે. ટી. વાય. બી.એ.ની પ્રાયોગિક પરીક્ષાનું કેન્દ્ર પણ યુનિવર્સિટીએ આ કૉલેજને ફાળવેલ છે.

**૪. અધ્યાપકોની નિમણૂક :** ગુજરાત યુનિવર્સિટી તથા સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર મનોવિજ્ઞાન વિભાગમાં હાલ પૂર્ણ સમયના બે વ્યાખ્યાતાઓ નિમાયેલ છે. બાકી રહેતા વ્યાખ્યાનો માટે મુલાકાતી અધ્યાપકની સેવાઓ લેવાય છે. જરૂરી અધ્યાપકની નિમણૂક કરવા કૉલેજે બાંયધરી આપેલ છે.

ઉપરોક્ત બાબતોને આધારે અમો કમિટીના સભ્યો આ કૉલેજમાં મનોવિજ્ઞાન વિષયને કાયમી જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

સહી

**પ્રિ. વાડીભાઈ પટેલ**

**પ્રિ. નીતા બહેન શાહ**

**ડૉ. વસંતભાઈ ભટ્ટ**

## પરિશિષ્ટ "૫"

કામકાજ ક્રમાંક ૭

**શ્રી ઉમીયા વિજય આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સોલા રોડ, ભાગવત વિદ્યાપીઠની બાજુમાં, અમદાવાદની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા સંચાલિત બહેનો માટેની આર્ટ્સ અને કૉમર્સ કૉલેજોના જોડાણ (એફિલિયેશન) અંગે વર્ષ ૨૦૦૧-૨૦૦૨ના માટે આવેલી તા. ૧-૪-૨૦૦૧ની અરજીના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટીએ એક સ્થાનિક તપાસસમિતિ નીમી હતી. સમિતિના સભ્યોએ તા. ૨૩-૬-૨૦૦૧ના રોજ કૉલેજના સ્થળની રૂબરૂ મુલાકાત લીધી હતી અને તેમની જોડાણ અંગે આવેલી અરજીના સંદર્ભમાં કાર્યકારી આચાર્યશ્રી તેમજ ટ્રસ્ટીઓ વગેરે સાથે ચર્ચાવિચારણા કરી હતી. તેના પરિપાકરૂપે નીચેના હેવાલ રજૂ કરીએ છીએ.

(૧) કૉલેજનું મકાન ઘણી સારી હાલતમાં અને જરૂરી તમામ સવલતોવાળું છે. કન્યાઓને રહેવા માટેની છાત્રાલયની પણ સારી સગવડ છે. કૉલેજના વર્ગખંડો ઘણા પૂરતા પ્રમાણમાં અને જરૂરી તમામ સગવડોવાળા છે. પુસ્તકાલય, રમતનું મેદાન વગેરે સગવડો પણ પર્યાપ્ત છે.

(૨) નીચે જણાવ્યા પ્રમાણેના અન્ય કેટલાક પ્રકાશનોનો પણ ઉમેરો કરી શકાય, જે પુસ્તકાલય માટે વિશિષ્ટ સવલતો આપી શકે :

(૧) યોજના (૨) અર્થસંકલન (૩) કૉમર્સ (૪) વ્યાપાર (૫) ઈકોનોમિક ટાઈમ્સ (૬) ફાઈનાન્શિયલ એક્સપ્રેસ (૭) ગુજરાત સ્ટેટિસ્ટિકલ રિવ્યુ (જીએસઆર) વગેરે.

(૩) જો મંજૂરી મળે તો જરૂરી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવા માટેની ટ્રસ્ટની તૈયારી છે.

(૪) કૉલેજની માંગણી અનુસાર એફ.વાય.બી.એ. 'બી' સ્ટ્રીમનો વધારાનો વર્ગ શરૂ કરવાની પરવાનગી તા. ૧૫-૬-૨૦૦૧થી એક વર્ષ માટે આપી શકાય તેમ છે.

(૫) ચાલુ શૈક્ષણિક વર્ષથી જ સ્પેશિયલ અંગ્રેજી, હોમસાયન્સ તેમજ ગૌણ વિષય તરીકે સંસ્કૃત વિષય શરૂ કરવા પરવાનગી આપી શકાય તેમ છે. આ અગાઉ મળેલ મંજૂરીના વિષય પણ પ્રારંભ કરવા.

(૬) હોમસાયન્સનો વિષય શરૂ કરવા માટે જરૂરી લેબોરેટરી તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરાવી જોઈએ.

(૭) પ્રથમ વર્ષ બી.બી.એ.માં એક વર્ગમાં ૨૦૦ વિદ્યાર્થીઓ છે તેમાં વધારાનો એક વર્ગ આપી શકાય તે માટેની મંજૂરી ,આપવી જોઈએ.

(૮) પ્રથમ વર્ષ બી.કૉમ.માં હાલ ૧૬૫ વિદ્યાર્થીઓ છે અને આ સંખ્યા વધતી જાય છે. તે બાબતોને લક્ષમાં રાખીને એક વધારાનો વર્ગ માટે પણ મંજૂરી આપવી જોઈએ.

સહી

**ડૉ. બી. બી. જાની**

**ડૉ. ભૈરવભાઈ દેસાઈ**

**શ્રી જગદીશ ભાવસાર**

## પરિશિષ્ટ "૭"

કામકાજ ક્રમાંક ૧૦

**'લોકમાન્ય કૉલેજ ઑફ કૉમ્પ્યુટર ઍપ્લિકેશન્સ' અમદાવાદ-૧૫નો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ**

આજે તા. ૫-૩-૨૦૦૧ના રોજ સોમવારે ૧૧-૦૦ વાગે અમે લોકમાન્ય કૉલેજ ઑફ કૉમ્પ્યુટર ઍપ્લિકેશન્સ સંસ્થાની મુલાકાત લીધી હતી. સંસ્થાના ટેકનિકલ ડિરેક્ટર અને સંચાલકે અમને બધી માહિતી આપી હતી. અમે બધા વર્ગખંડો, લેબોરેટરી અને ગ્રંથાલય વગેરે રૂબરૂ ચકાસ્યું હતું. મુલાકાતને આધારે અમારાં અવલોકનો નીચે પ્રમાણે છે :

૧. પ્રથમ વર્ષમાં ૧૦૩ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો જેમાં ૯૮ પાસ થતાં હાલમાં બીજા વર્ષમાં ૯૮ વિદ્યાર્થીઓ છે. નિયમ પ્રમાણે સંસ્થામાં અત્યારે પાંચને બદલે ચાર અધ્યાપકો કામ કરી રહ્યા છે અને પાંચમાં અધ્યાપક શ્રી રાકેશ લુણીયા સંસ્થા છોડી ગયા છે જેની વ્યવસ્થા તેઓ તરત કરવાના છે. બે કૉમ્પ્યુટર ઓપરેટર કામ કરે છે. (પરિશિષ્ટ-૧).

૨. સંસ્થા પાસે બે સર્વર અને ૬૨ (બાસઠ) કૉમ્પ્યુટર છે. જેના ઉપર વિદ્યાર્થીઓ લેબોરેટરીમાં કામ કરે છે. (પરિશિષ્ટ-૨).

૩. સંસ્થા પાસે ગ્રંથાલય છે જેમાં અંદાજે રૂ. ૧,૨૬,૦૦૦નાં પુસ્તકો છે અને બાકીનાં ચોવીસેક હજારનાં પુસ્તકો ખરીદી લેવાની તૈયારી છે. (પરિશિષ્ટ-૩).

૪. સામેલ સમયપત્રકો પ્રમાણએ નિયમિત વર્ગો લેવાય છે અને લેબોરેટરીમાં કામગીરી થાય છે.

આમ બધું જોતાં સમિતિ સંસ્થાને પ્રથમ વર્ષ બી.સી.એ.નું ચાલુ જોડાણ ચાલુ રાખવાનું અને બીજા વર્ષ બી.સી.એ.નું વધારાનું જોડાણ ૨૦૦૧-૨૦૦૨ના વર્ષ માટે ચાલુ રાખવા માટે ભલામણ કરીએ છીએ.

જો કે સમિતિએ સંસ્થાનું નવું મકાન વધુ સારી શૈક્ષણિક વાતાવરણવાળી જગ્યાએ વહેલી તકે ખસેડાય તેવી લાગણી પણ વ્યક્ત કરી છે.

સહી

**યોગેન્દ્ર વ્યાસ**

**આર. પી. સોની**

**સરલા અચ્યુતન**

## પરિશિષ્ટ "૮"

કામકાજ ક્રમાંક ૧૧

**University Grants Commission**

No. F.3-1/94 (PS) 24 December, 1998

To,

The Vice-Chancellors of all the Universities

Education Secretaries of all the States/Union Territories.

**Sub :** Minimum qualifications for the appointment of teachers in universities and colleges, and measures for the maintenance of standards.

Sir/Madam,

Kindly find enclosed a copy of the UGC Notification, 1998, on the revision of pay scales, minimum qualifications for the appointment of teachers in the universities and colleges, and other measures for the maintenance of standards. These will be notified as Regulations shortly.

1·0 These shall apply to every University established or incorporated by or under a Central Act, Provincial Act or a State Act, every institution including a constituent or an affiliated college recognized by the Commission, in consultation with the concerned University under Clause (f) of Section 2 of the University Grants Commission Act, 1956 and every institution Deemed to be a University under Section 3 of the said Act.

2·0 These shall come into force with immediate effect.

3·0 Qualifications and other service conditions.

3·1 No person shall be appointed to a teaching post in the university or in any institution including constituent or affiliated college recognized under Clause (f) of Section 2 of the University Grants Commission Act, 1956 or in an institution Deemed to be a university under Section 3 of the said Act, in a subject if he/she does not fulfil the minimum qualifications and other conditions of service as indicated in the notification.

3·2 Provided that any relaxation in the prescribed qualifications can only be made by a University in regard to the posts under it, of any of the institutions including constituent or affiliated colleges recognized under Clause (f) of Section 2 of the aforesaid Act, or by an institution deemed to be a university under Section 3 of the said Act, with the prior approval of the University Grants Commission.

4() Consequences of failure of the Universities to comply with the recommendations of the Commission, as per provision of Section 14 of the University Grants Commission Act, 1956 :

If any University grants affiliation in respect of any course of study to any college referred to in sub-section (5) of Section 12-A in contravention of the provisions of that sub-section, or fails within a reasonable time to comply with any recommendations made by the Commission under Section 12 or Section 13, or contravenes the provisions of any rule made under clause (f) of sub-section (2) of Section 25 or of any regulations made under clause (e) or clause (f) or clause (g) of Sub-Section (1) of Section 26, the Commission after taking into consideration the cause, if any, shown by the University for such failure or contravention, may withhold from the university the grants proposed to be made out of the fund of the Commission.

5() The University Grants Commission expects that the entire scheme of revision of pay scales, together with all the conditions attached to it, would be implemented by the State Governments as a composite scheme without any modifications, except the date of implementation and the scales of pay as indicated in Government of India notification No. F.1-22/97-U1. dated 27-7-98 and 6-11-98. It shall be necessary for the Universities and the management of Colleges to make the necessary changes in their statutes, ordinances, rules, regulations etc. to incorporate the provisions of this scheme.

6() The UGC has sent the following schemes to the Ministry of Human Resource Development for consideration :

1. Scheme for providing incentives to lecturers for professional development.
2. Creation of posts of Professors in colleges.
3. Scheme for rewarding meritorious teachers : ( a ) Super Time Scale to Professors ( b ) Meritorious teachers who do not have M.Phil./Ph.D.

As soon as the required approval is received the schemes would be formally notified.

7() The receipt of this letter may kindly be acknowledged.

Yours faithfully,
**G. D. Sharma**

## <u>પરિશિષ્ટ "૯"</u>

કામકાજ ક્રમાંક ૧૧

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર તા. ૨૪-૧૨-૧૯૯૮ હેઠળના જાહેરનામા અન્વયે યુનિવર્સિટી તેમ જ સંલગ્ન કૉલેજો અંગે "Minimum qualifications for appointment of teachers in Universities and Colleges and other measures for the maintenance of standards 1998" નિયત થયેલા છે તે અંગે જોઈ તપાસીને સુચિંતિત્ હેવાલ આપવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૪-૨૦૦૦થી નક્કી થયા પ્રમાણે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ અને લૉ વિદ્યાશાખાના ડીનશ્રીઓની સંયુક્ત સભા નીચેની તારીખોએ મળેલ હતી અને તેમાં હાજરી નીચે મુજબ હતી :

| | | | તા. ૨૮-૪-૨૦૦૦ | તા. ૪-૫-૨૦૦૦ |
|---|---|---|---|---|
| ૧. | ડીનશ્રી આર્ટ્સ ફેકલ્ટી | પ્રો. એન. એમ. પરીખ | ગેરહાજર | ગેરહાજર |
| ૨. | ડીનશ્રી કૉમર્સ ફેકલ્ટી | પ્રિ. ડી. એમ. શીખ | ગેરહાજર | હાજર |
| ૩. | ડીનશ્રી સાયન્સ ફેકલ્ટી | પ્રો. કે. જી. મહેતા | હાજર | હાજર |
| ૪. | ડીનશ્રી એજ્યુકેશન ફેકલ્ટી | પ્રિ. જે. એમ. પંડ્યા | હાજર | હાજર |
| ૫. | ડીનશ્રી લૉ ફેકલ્ટી | પ્રિ. એમ. આર. જોષી | હાજર | હાજર |

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જાહેરનામાની બાબતો પરત્વે લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર તા. ૨૪-૧૨-૧૯૯૮ હેઠળના જાહેરનામા હેઠળની બાબતો પરત્વે યુનિવર્સિટી તેમ જ સંલગ્ન કૉલેજો માટે **પરિશિષ્ટ "૫-એ"** મુજબના સૂચવેલા સુધારા વધારાઓ સ્વીકારવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**પ્રો. એન. એમ. પરીખ**
**પ્રિ. ડી. એમ. શીખ**
**પ્રો. કે. જી. મહેતા**
**પ્રિ. જે. એમ. પંડ્યા**
**પ્રિ. એમ. આર. જોષી**

## પરિશિષ્ટ "૧૦"

કામકાજ ક્રમાંક ૧૧

ટોચઅગ્રતા
તાત્કાલિક
સમયમર્યાદા

ક્રમાંક : કવટ/ન. ૧/૨૦૦૧/૨૧૮૩૧-૨૨૧૮૬
ઉચ્ચશિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક નં. ૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તા. ૧૯-૧૨-૨૦૦૧

પ્રતિ,

આચાર્યશ્રી,

બિનસરકારી અનુદાનપાત્ર વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય શિક્ષણ અને કાયદાની કૉલેજો તમામ.

**વિષય** : સને ૨૦૦૧-૨૦૦૨ની ખરેખર વિદ્યાર્થી સંખ્યાના આધારે કાર્યભારની માહિતી મોકલવા અંગે.

**સંદર્ભ** : શિ. વિભાગનો તા. ૨૧-૭-૨૦૦૧નો ઠરાવ ક્રમાંક-એનજીસી-૧૫૯૯-૪૦૭૩- ખ.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે શિ. વિભાગના તા. ૨૧-૭-૨૦૦૧ના ઠરાવથી બિનસરકારી કૉલેજોના વ્યાખ્યાતાઓનો કાર્યભાર યુ.જી.સી. નોર્મ્સ મુજબ ગણવાનું નક્કી કરેલ છે. જે સર્વે કૉલેજોના આચાર્યશ્રીઓને આ કચેરીના તા. ૧૩-૮-૨૦૦૧ના શેરા ક્રમાંક : કવટ/વ. ૧-૨૦૦૧-૦૨-૧૩૦૯૦-૧૩૪૫૪થી મોકલી આપવામાં આવેલ છે.

આમ સને ૨૦૦૦-૨૦૦૧ના ખરેખર વિદ્યાર્થી સંખ્યાના આધારે ઘણી કૉલેજોમાં સ્ટાફ ઘટતો હોવાની રજૂઆતો મળેલ છે. સાથોસાથ ઘણી કૉલેજોમાં સ્ટાફ વધવા પામે છે તેની વિગતો પણ મળેલ છે. જે અન્વયે આપની સંસ્થાના ખરેખર વિદ્યાર્થી સંખ્યાના આધારે નીચે જણાવેલ મુદ્દાઓ સહિત માહિતી તમામ આધારો સાથે જાણકાર કર્મચારી સાથે રૂબરૂમાં શ્રેયાન અધિક્ષકશ્રી રઘુસિંહ ગોલને તા. ૨૮-૧૨-૨૦૦૧ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૧) આ સાથે સામેલ પત્રકમાં સંપૂર્ણ વિગતો વિષયવાર અલગઅલગ પત્રકો બનાવી રજૂ કરવાની રહેશે.

(૨) કૉલેજોમાં શિખવવામાં આવતા મુખ્ય/ગૌણ વિષયના સરકારશ્રીના છેલ્લાં જોડાણના જાહેરનામાની પ્રમાણિત સુવાચ્ય નકલ સામેલ રાખવાની રહેશે. (ગુજરાત યુનિ. સંલગ્ન કૉલેજોનાં કિસ્સામાં યુનિ.ના છેલ્લાં જોડાણના પત્રની નકલ રજૂ કરવી.)

(૩) પત્રક-૧માં કાર્યભારની વિગતો પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ગની મુખ્ય, ગૌણ અને ફરજિયાત વિષયોની અલગઅલગ દર્શાવવી.

(૪) સંસ્થામાં જે વિષય સ્વનિર્ભરતાના ધોરણે શીખવવાની મંજૂરી મળેલ હોય તે વિષયનો કાર્યભાર તથા વિદ્યાર્થી સંખ્યા પત્રક-૧માં બતાવવાનો રહેશે નહિ અને આવી સંખ્યા તથા કાર્યભાર ગણતરીમાં લીધેલ નથી તે મતલબનું આચાર્યશ્રીનું અલગ પ્રમાણપત્ર અચૂક રજૂ કરવું.

(૫) ફેકલ્ટી મુજબ વર્ગવાર કેટલા ડિવિઝનની મંજૂરી મળેલ છે તેની સંખ્યા તથા તેનો આધાર સામેલ રાખવા.

(૬) હાલમાં કાર્યરત વ્યાખ્યાતાઓને શિ.વિ.ના તા. ૨૧-૭-૨૦૦૧ના ઠરાવમાં સૂચવ્યા પ્રમાણે (યુ.જી.સી. નોર્મ્સ મુજબનો) મહત્તમ કાર્યભાર સોંપ્યા બાદ જે વિષયમાં પૂર્ણસમયના વ્યાખ્યાતાઓ સંપૂર્ણ કામ વગરના થતા હોય તો તેવા વ્યાખ્યાતાઓની વિગતો આ સાથે સામેલ પત્રક-૨માં જરૂરી આધારો સાથે રજૂ કરવાની રહેશે.

(૭) ખંડસમયના વ્યાખ્યાતા જો કાર્યરત હોય અને તેઓને સોંપવાનો થતો વર્કલોડ "શૂન્ય" થઈ જતા હોય તો આવા ખંડ સમયના વ્યાખ્યાતાઓને રક્ષણ આપવાની જોગવાઈ થયેલ ન હોવાથી તે અંગે સંલગ્ન યુનિ.ના નિયમોની જોગવાઈ મુજબની કાર્યવાહી તાત્કાલિક કરવાની રહેશે. અન્યથા આ જગ્યાના પગારભથ્થાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

(૮) જો પૂર્ણ સમયના વ્યાખ્યાતાઓને જે તે વિષયમાં પૂર્ણ સમયના કાર્યભારને બદલે ઓછો કાર્યભાર જળવાતો હોય તો આવા વ્યાખ્યાતાઓની વિગત આ કચેરીને જાણ અર્થે સામેલ પત્રક-૩માં આપવી.

(૯) જે વિષયમાં હાલ ભરાયેલ વ્યાખ્યાતાઓને યુ.જી.સી. મુજબનો કાર્યભાર સોંપ્યા બાદ પણ જગ્યા મળવાપાત્ર થતી હોય તેવી જગ્યાઓની માહિતી સામેલ પત્રક-૪માં આપવાની રહેશે.

માગેલ માહિતી સમયમર્યાદામાં મોકલી આપવી જરૂરી છે. અન્ય માહિતીના અભાવે ઊભી થનાર સઘળી જવાબદારી સંસ્થાની રહેશે જેની ખાસ નોંધ લેવી.

આપનો વિશ્વાસુ,

**પંકજ એલ. જાની**

સંયુક્ત શિક્ષણ નિયામક, (કૉલેજ)
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**પરિશિષ્ટ "૧૧"**

કામકાજ ક્રમાંક ૧૨

**L. D. College of Engineering, Ahmedabad-380 015**

Prof. J. R. Patel,
Principal

No. LDCE/CHEM/ME/5841
18-12-2001

To,

The Registrar,
Gujarat University,
Ahmedabad-380 009.

**Sub :** Late term for M.E. (Chemical Engineering) course.

**Ref :** AICTE letter F. No. XVI-AIBPG/APP-1579/ET/2001 dated 28-11-2001

Dear Sir,

This college is conducting a P.G. programme of M.E. (Chemical Engineering) since October, 1992 as approved by Gujarat University. A few batches/students were registered and obtained their degree too. Due to AICTE enactment, the admissions were suspended for the time being, pending AICTE approval.

Vide the above-referred letter, now, the approval from AICTE is received only on 11-12-2001 stating to start from the academic year 2001-2002. Under the circumstances we request you to kindly permit to start the term late. The rest of the terms shall be compressed to match the prescribed schedule of the course.

Kindly expedite the matter to enable us to start the first term at the earliest.

Thanking with regard.

Yours faithfully,

**J. R. Patel.**

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯